
આવતી કાલના નાગરિકોનાં જ્ઞાન, સાહિત્ય, કલા અને સંસ્કારઘડતરનું અગ્રણી માસિક



પળ એ પળનું ઝોકું: ફોટો • શરદ વ્યાસ


# કુમાર

વર્ષ તેંતાળીસમું · અંક આઠમો · ઑગસ્ટ '૬૬

સંસ્થાપક • રવિશંકર રાવળ

તંત્રી • બચુભાઈ રાવત

સળંગ અંક ૫૮૯



**મીરાંનો**
**મેવાડ-ત્યાગ**

ચિત્રકાર:
શ્રીમતી
કુમીબેન દાલાલ

ભારતીય પરિપાટીમાં
આછા રંગો અને
વિગતની સાદાઈ
જાળવીને
કલાકારે
ચિત્રપ્રસંગનાં
ગૌરવ અને ચોટ
બંને વધાર્યાં છે.
(બ્લૉકો એમના સૌજન્યથી)





# અનુક્રમ

ઑગસ્ટ ૧૯૬૬ • અંક ૫૧૨

**ચિત્રો**



**કાવ્યો**



**ચરિત્ર**



**વાર્તા**



**લેખો**



**વિભાગો**



**કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.**


કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦

# વાચકો લખે છે

જુલાઈનો અંક જાણે વર્ષાભાવભીનો, ચિત્તને અન્યથા વૃત્તિ કરાવે એવો, એના પૂઠા ઉપરના ફોટો-ચિત્રને લીધે લાગ્યો. ચિત્રની-પૂઠાની ચારુતા આકર્ષક છે. એનું પૃથક્કરણ કરવું મુશ્કેલ છે. વિગતની કસર ને ત્રેવડ એક લક્ષણ છે જેથી વર્ષા પછીની કેવલ શાન્તિનો અનુભવ થાય છે. ચિત્ર ઉપર જ ધ્યાન કેન્દ્રિત થાય છે, ને તરલ પ્રકાશ, હમણાં જ પથરાએલું પાણી (ઊતરી રહેતું) અને કાગડો દેખાય છે. કાગડો ન હોત તો? પ્રકૃતિલીલા જીવનલીલા ન બનત. 'પુરુષાર્થી'ને 'કૌતુકશૉખી' કાક અહીં સહેજે હમણાં જ આવી ગયો છે; એની છટા સુન્દર છે, ઋતુ જોડે સર્વથા ભળી ગયો છે અને પાણી તથા પ્રકાશની ઈયત્તાને તે જાણે ગોચર કરે છે. કાક જમણી બાજુ (દક્ષિણે?) આપણા કરતાં વિશેષ જોતો જણાય છે.

સત્રો સંબંધી ભાઈ આચાર્ય લખે છે તેનાથી જુદો ખયાલ મારો છે. મેં ત્રણ સત્ર ૧૯૧૫-૧૬માં મૅટ્રિકમાં અભ્યાસ કરેલો. ૧૯૧૫નું આખું વર્ષ અને ૧૯૧૬નાં માર્ચ સુધીનો સમય;–૧૯૧૬ના જૂનમાં હું કૉલેજમાં દાખલ થએલો.

ભાઈ ફિરોઝશાહ 'ક્લાન્ત શિવ' અને દ વિંચીના 'ઈશુ' વિષે લખે છે તે સાચું લાગે છે. બંને ચિત્રો ભવ્યતાને મૂર્ત કરે છે. છતાં એમાં ભેદ પણ ચોખ્ખો છે. 'ઈશુ'ને પાશ્ચાત્ય સંસ્કૃતિની વિશિષ્ટ ભૂમિકા છે—આદિ માનવના પાપની અને ઈશુની કરુણાની, સમષ્ટિગત દુ:ખની, સમષ્ટિગત પાપની પશ્ચિમની કલ્પના પૂર્વથી જુદી છે ને તેને અનુરૂપ ઈશુનું ચિત્ર હોય છે. શિવમાં ધ્યાન, સ્થિરતા, દૃઢતા ને પ્રજ્ઞાની મુદ્રા છે. વ્યગ્રતા શમેલી છે ને જરાક જટામાં અવશિષ્ટ છે. મૃદુતા ઓઠ અને પોપચાંમાં છે, બાકી બધું વળાંક વગરની સીધી રેખાઓમાં દૃઢરેખ છે. 'ક્લાન્ત શિવ'નો સર્પ પણ સમાહિત અને પ્રશાન્ત છે.

(સૂરત) —વિષ્ણુપ્રસાદ ર ત્રિવેદી

અંક ૫૧૧, પૃ. ૨૨૫ ઉપર શ્રી રાવળ એમનાં સ્મૃતિચિત્રોમાં 'ગુજરાતમાં ઔદીચ્ય બ્રાહ્મણો વિષે લખે છે: 'ગુજરાતની ઔદીચ્ય જ્ઞાતિનું મથાળું સિહપુર (સિહોર) રહ્યું.'

મને લાગે છે અહીં ગુજરાતની'ના સ્થાને 'સૌરાષ્ટ્રની' જોઇએ. પરતુ શ્રી રાવળ જો 'ગુજરાતની' પદ જ રાખવાના આગ્રહી હોય તો મારે નમ્રતાપૂર્વક જણાવવું જોઇએ કે એમનું આ કથન ભારે પડતું છે. સિદ્ધપુર (એટલે સિદ્ધપુર અને અમદાવાદને આવરી લેતા) સમવાયે સિહોર સમવાયનું મૂર્ધન્ય સ્થાન કદી ય સ્વીકાર્યું નથી; ઊલટું, સિદ્ધપુરના ઉદીચ્યોએ તો પોતાને કન્યા આપનાર ઉદીચ્યોમાંના કતિપય સિવાય, અન્ય ઉદીચ્યોને અ-પઙ્ક્તિપાવન(ભોજનાર્થે: મનુના અર્થમાં નહિ) ગણ્યા છે: એમાં ય સવિશેષ વીરમગામની પશ્ચિમે આવેલા પ્રદેશવાસી ઉદીચ્યોને, જેમાં સિહોર સમવાયનો દેખીતીરીતે જ સમાવેશ થાય છે.

ઉદીચ્યોનો એક ત્રીજો 'સંપ્રદાય' 'ટોળકિયા' પણ છે. જેનો ઉલ્લેખ શ્રી રાવળે કર્યો નથી. જે ઉદીચ્યો રાજાના આમંત્રણને માન આપી ગુજરાતમાં આવ્યા પણ જેમણે રાજાના દાનનો અસ્વીકાર કર્યો અને 'ટોળું' બાંધીને રહ્યા, એ 'ટોળકિયા' કહેવાયા. એમની વસતિ અમદાવાદની દક્ષિણે આવેલા પ્રદેશોમાં— મહેમદાવાદ, નડિયાદ, વડોદરા અને અન્ય સ્થળોએ છે.

(અમદાવાદ) —હરિનારાયણ ગી. આચાર્ય

જુલાઈ અંકમાં શ્રી રવિશંકર રાવળનાં 'સ્મૃતિચિત્રો'ની કંડિકા ૨૫૨માં તેમણે જણાવ્યું છે કે મૂળરાજ સોલંકીએ ચારે વેદોના જ્ઞાતા એક સહસ્ર (હજાર) બ્રાહ્મણોને કનોજ, કાશી, કુરુક્ષેત્ર ગંગાદ્વાર વગેર સ્થળેથી બોલાવ્યા હતા. આમાં ભારે હકીકત દોષ છે. ખરું જોતાં તો મૂળરાજ સોલંકીએ એક હજાર કરતાં પણ વધારે બ્રાહ્મણોને આમંત્ર્યા હતા અને તેમની પ સે ચોક્કસ શરતો રજૂ કરી હતી આમાંથી એક હજાર બ્રાહ્મણોએ રાજાની શરતો કબૂલ કરી, જ્યારે બાકીનાઓ ટોળું વળીને જુદા પડયા. એ ટોળું વળીને જુદા પડેલા બ્રાહ્મણો 'ઔદીચ્ય ટોળકિયા' કહેવાય, અને જે હજાર બ્રાહ્મણોએ રાજાની શરતો કબૂલ કરેલી તેઓ 'ઔદીચ્ય સહસ્ર' કહેવાયા. આજે ઔદીચ્ય ટોળકિયા બ્રાહ્મણોની વસતિ પણ દેશભરમાં પથરાએલી છે. સ્વ. 'બાદરાયણ', ભદ્રકુમાર યાજ્ઞિક, પ્રો. ગોવિંદલાલ ભટ્ટ વગેરે સાહિત્યકારો ઔદીચ્ય ટોળકિયા બ્રાહ્મણો હતા.

(અમદાવાદ) —હરિપ્રસાદ વ્યાસ

[*શ્રી રાવળનો ઉત્તર: 'મૂળરાજ સોલંકીએ બોલાવેલા બ્રાહ્મણો બધા જ 'ઔદીચ્યો' ગણાયા એ હકીકત સર્વમાન્ય છે. તેમને ગુજરાતમાં વસાવવા રાજાએ વિનંતી કરી તે પ્રથમ તો તેમણે સ્વીકારી નહોતી, પણ તેમને વસાવવાથી ગુજરાતમાં સુસંસ્કૃત વેદનિષ્ઠ બ્રાહ્મણોની કાયમની વસતિ થાય તે હેતુથી તેમને સોમનાથ, દ્વારિકા વગેરે તીર્થોની યાત્રાએ મોકલી, રાણી મારફત તેમની પત્નીઓને રીઝવી મનાવી, તેમના પતિઓ પાસે રાજાએ આપેલી જમીનો લેવાનો સ્વીકાર કરાવ્યો. તેમાંથી કેટલાકે પ્રથમ આ દાન સ્વીકાર્યાં નહિ ને જુદા પડયા તેથી ટોળકિયા ઔદીચ્ય કહેવાયા એવી કથા છે; પણ ટોળકિયા એ કોઈ સંસ્કૃતિનો શબ્દ નથી. તેઓ ઔદીચ્ય તો ખરા જ, પણ ટોળકિયા એવું ઉપનામ પાછળથી મળ્યું હશે. આવી ટોળાં કે તડાંની વિગતો ઔદીચ્યોના સામાન્ય ઇતિહાસ માટે જરૂરી ગણવી ન જોઇએ અને વ્યક્તિ નામો કે કુળોનો ઉલ્લેખ અનાવશ્યક ગણાવો જોઇએ.' —ર. મ. રા.]

'કુમાર'ની જોડણી વિશે જે ખુલાસો પ્રગટ થયો છે, તેને અંગે એકબે મુદ્દાઓ વિચાર માટે રજૂ કરવા આ લખું છું.



શિવ (નંદલાલ વસુ)



ઈશુ (લીઓનાર્દો દ વિંચી)

૧) 'જોડણીની બાબતમાં મૂળની બને એટલા નજીક જવાનો આ ગ્રહ રાખ્યો છે.' - એમ કહ્યું છે. અહીં મૂળ એટલે શબ્દનું આજે વપરાતું રૂપ જે મૂળમાંથી ઊતરી આવ્યું હોય તે, એવો અર્થ કરીએ તો મુશ્કેલી આવશે એમ લાગે છે. પણ મૂળ એટલે શબ્દનું વ્યવહારમાં ચાલુ રૂપ એવો અર્થ કરીએ તો જ આ વાત સ્વીકાર્ય બને પણ તમે પહેલા અર્થમાં આ પ્રયોગ કર્યો હોય એવું દાખલા ઉપરથી લાગે છે. તમે કહ્યું છે કે, 'કર્મણિભૂતકૃદન્તમાં મૂળ ધાતુને લાગતો પ્રત્યય 'એલું' છે 'યેલું' નહિ દા.ત., કરવું - 'કર' ધાતુ+ 'એલું'=કરેલું. એ જ રીતે જોવું - 'જો' ધાતુ+'એલું'='જોએલું' એ જ શુદ્ધ ગણાય. 'એ'માંથી 'યે' તો ઉચ્ચારણનો બીજો તબક્કો થયો.'' આ જ ન્યાય જો આગળ ચલાવીએ તો ધાતુનું વર્તમાનકાળ ત્રીજા પુરુષ એકવચનનું રૂપ 'એ' પ્રત્યયથી સધાય છે. જેમ કે, 'કર્' ધાતુ+એ=કરે માટે 'જા' ધાતુ+એ='જાએ' સાચું. 'જાય' નહિ. કારણ, 'ય' તો 'એ'માંથી વિકસેલો ઉચ્ચારણનો બીજો તબક્કો થયો. એ જ રીતે તમારે મતે 'ખાએ', 'ગાએ', 'વખણાએ', 'વંચાએ' વગેરે સાચી જોડણી છે. પણ તમે પણ એ પ્રમાણે લખતા નથી.

આવે સ્થાને 'ય' ઉમેરાય છે તેનું કારણ એ છે કે 'અ', 'આ' કે 'ઓ' પછી તરત સ્વર ઉચ્ચારતાં ફાવતું નથી એટલે વચમાં 'ય' આવીને ઉચ્ચારની સરળતા કરી આપે છે. આથી જ્યારે 'એલું' પ્રત્યય પહેલાંના અંગમાં અંતે 'અ', 'આ' કે 'ઓ' હોય છે ત્યારે 'એલું'ને બદલે 'યેલું' બોલાય છે[1] અને લખાવું પણ જોઇએ. એ જ રીતે 'આ' કે 'ઓ' પછી જ્યારે 'એ' પ્રત્યય લાગે છે ત્યારે પણ 'એ'ને બદલે 'ય' થઇ જાય છે.

ભાષામાં તો તમે જેને પાછળથી આવેલું રૂપ કહો છો તે જ વધુ વિકસિત દશા સૂચવે છે, અને આપણે તો ચાલુ વપરાતી ભાષાની જોડણીની ચર્ચા કરીએ છીએ એટલે અત્યારે કોઇ પણ શબ્દ જે રીતે ઉચ્ચારાતો હોય તેની બને એટલા નજીક જવાનો પ્રયત્ન કરવો જોઇએ જો આટલું ગળે ઊતરે તો તમારો બીજો મુદ્દો પણ ભાગ્યે જ અફર રહી શકે. અરબી ફારસીમાં 'ખયાલ' રૂપ ભલે હોય, પણ ગુજરાતીમાં એ શબ્દ 'ખ્યાલ' રૂપે પ્રચલિત થયો હોય તો એનો તિરસ્કાર કરવાને કારણ નથી. ગુજરાતીમાં અંગ્રેજી શબ્દ Hospital 'હોસ્પિટલ' રૂપે પ્રચલિત થયો હોય તો ગુજરાતીમાં તો એની જોડણી 'હો'થી જ કરવી પડે. અંગ્રેજીમાં તમે એનો ઉચ્ચાર ભલે 'ઑસ્પિટલ' કરો. તમારા મતને અનુસરીએ તો ગુજરાતીમાં 'ટિકિટ'ને બદલે 'ટિકેટ' લખવું જોઈએ. મારા ખ્યાલ પ્રમાણે તમે પણ એમ કરતા નથી.

આપણે દુનિયાના ઘણા બધા દેશોનાં સ્થળોનાં નામો અને વ્યક્તિઓનાં નામો અંગ્રેજી મારફતે શીખ્યા છીએ, એટલે અંગ્રેજીમાં એનો જે ઉચ્ચાર થતો હોય તેને મળતી જોડણી આપણે કરીએ એ સ્વાભાવિક છે. જેમ-જેમ આપણો બીજી ભાષાઓનો અભ્યાસ અને પરિચય વધશે તેમતેમ ધીમેધીમે એ નામોને તે તે ભાષામાં પ્રચલિત ઉચ્ચારોનો આપણને પરિચય થશે અને ત્યાર પછી તે લખાણમાં પ્રતિબિંબિત થશે.[2] વળી સામાન્ય શબ્દની બાબતમાં તો તેનું જે રૂપ આપણી ભાષામાં પ્રચલિત થયું હોય તે જ જોડણીમાં રજૂ થવું જોઇએ. તમારી રીતે વિચારીએ તો તો અંગ્રેજી શબ્દ candle ઉપરથી ફાનસના અર્થમાં ગુજરાતીમાં અને મરાઠીમાં 'કંદીલ' શબ્દ પ્રચલિત થયો છે તે 'કૅન્ડલ' રૂપે રજૂ કરવો જોઈએ. અથવા અંગ્રેજી lantern શબ્દ ઉપરથી બંગાળીમાં 'લંઠન' અને હિંદીમાં 'લાલટીન' એવા શબ્દો પ્રચલિત થયા છે, તે પણ તમારા મતે 'લૅન્ટર્ન' રૂપે લખાવા જોઈએ. ખરું જોતાં, કંદીલ, લંઠન અને લાલટીન એ અનુક્રમે ગુજરાતી-મરાઠી-બંગાળી અને હિન્દી શબ્દો છે અને જે રૂપે વપરાશમાં છે તે રૂપે લખાવા જોઇએ.

સ્થળનામોની બાબતમાં, આપણા પોતાના દેશના બીજા પ્રદેશોનાં સ્થળનામો જેવાં કે, ઠાણેં, પૂણેં, ધૂળેં, સાતારા, ઈલાહાબાદ, કલિકાતા, અજિંઠા વગેરે તે તે પ્રદેશમાં વપરાતાં રૂપ છે એમ જાણવા છતાં આપણે થાણા, પૂના, ધૂળિયા, સતારા, અલાહાબાદ, કલકત્તા અને અજંટા જ લખીએ છીએ અને હજી લાંબા સમય સુધી લખતા રહીશું એમ લાગે છે. તો પછી આપણે ત્યાં દુનિયાના બીજા દેશોનાં સ્થળનામ અંગ્રેજી મારફતે જે રૂપમાં પ્રચલિત થયાં છે, તેનો પણ એકદમ ત્યાગ કરવો શક્ય નથી. એટલું ખરું કે જો આપણો તે તે ભાષાનો પરિચય વધ્યો હોય તો હવે જે નવાં નામ લેવાનાં આવે તેના તે તે દેશના ઉચ્ચારો પ્રચલિત કરવાનો પ્રયત્ન કરીએ, પણ જે નામો અત્યાર પહેલાં અંગ્રેજી મારફતે પ્રચલિત થઇ ગયાં છે તેને તે રૂપે પણ ચાલુ રહેવા દઈએ. જો ફ્રાંસના શાખ પાડોશી ઇંગ્લંડને 'પારી'ને 'પારીસ' કહેતાં શરમ નથી આવતી તો આપણે આટલા આકળા થવાની જરૂર નથી. ભાષામાં આવી ભેળસેળિયા નીતિ જ વ્યવહાર્ય

બનતી હોય છે.

વ્યક્તિનાં નામોમાં પણ એમજ ચાલવાનું. ફ્રૅંચ લોકો જેને 'નાપોલ્યૉં' કહે છે તેને આપણે 'નેપોલિયન' કહેવાના. સ્પૅનિશ લોકો જેને 'હાવિયર' કે 'ખાવિયર' કહે છે તેને આપણે 'ઝેવિયર' કહેવાના. ગ્રીકો જેને 'પ્લાતોન' કહે છે તેને આપણે 'પ્લેટો' કહેવાના. રોમના લોકો જેને 'નેરો' કહે છે તેને આપણે 'નીરો' કહેવાના. ગ્રીકો જેને 'લુકોઉર્ગોસ' કહે છે, લાટીનવાળા જેને 'લિકુર્ગુસ' કહે છે તેને આપણે 'લાઇકરગસ' કહેવાના. ઈટાલિયનો જેને 'માત્સિની' કહે છે તેને આપણે 'મૅઝિની' કહેવાના.

આપણા પોતાના દેશનાં નામો વિશે પણ આપણે હજી પૂરતી ચોકસાઈ જાળવી શકતા નથી. હજી આપણે 'લાજપતરાય'ને 'લજપતરાય', બ્રાહ્મસમાજ'ને 'બ્રહ્મોસમાજ', 'રમેશચંદ્ર'ને 'રોમેશચંદ્ર' અને 'ઉમેશચંદ્ર'ને 'વ્યોમેશચંદ્ર' લખીએ છીએ, અને દક્ષિણનાં નામોની તો કોણ જાણે કેવી ય દુર્દશા કરતા હઇશું. આ બધું થોડી ચીવટથી સુધારી શકાય એવું છે અને સુધારવું જોઈએ. પણ અંગ્રેજી મારફતે પ્રચલિત થએલાં વિદેશી નામોની બાબતમાં એ એટલું સહેલું નથી. કોન્ફ્યુશિયસને 'કુંગ કુત્સે' તરીકે કે 'હ્યુએનસાંગ'ને 'શ્યેન ચાંગ તાસ્સ' તરીકે કેટલા ઓળખી શકશે?

મને એમ લાગે છે કે સ્થળ અને વ્યક્તિનાં નામોનાં રૂપો કેટલીક વાર જુદીજુદી ભાષામાં જુદાંજુદાં પણ રહેવાનાં. તદ્દન એકવાક્યતા નહિ લાવી શકાય. એક ભાષામાં પણ કોઇવાર બે રૂપો વપરાવાનાં: જેમ કે સિકંદર અને એલેક્ઝાંડર, પ્લેટો અને અફલાતૂન વગેરે. એક જ નામનો ઉચ્ચાર ઇંગ્લંડ, ફ્રાંસ અને જર્મનીમાં જુદોજુદો થવાનો. આપણે ત્યાં પણ ગુજરાતીમાં 'વડોદરા' અને મરાઠીમાં 'બડોદે' લખાવાનું. વિદેશી નામોના લિપ્યંતરમાં પણ જુદીજુદી ભાષા જુદીજુદી રીતે વર્તે છે. આપણે 'વિક્ટોરિયા' લખીશું ત્યાં બંગાળીઓ 'ભિક્ટોરિયા' અને મહારાષ્ટ્રીઓ 'વ્હિક્ટોરિયા' લખશે. આપણે 'વોટ' લખીશું ત્યાં બંગાળીઓ 'ભોટ' લખશે અને છતાં આપણે એકબીજાને ભોટ નહિ કહી શકીએ.

સાહિત્યમાં વપરાતાં વિદેશી નામોનો કોશ કરવામાં આવે અને તેમાં તે તે દેશમાં પ્રચલિત સાચા ઉચ્ચાર દર્શાવવામાં આવે તો તે આ બાબતમાં ઘણો ઉપયોગી થાય.[૩] બંગાળીમાં સ્વ. જ્ઞાનેન્દ્રમોહનદાસના 'બાંગાલા ભાષાર અભિધાન'માં એક પરિશિષ્ટ વિદેશી અને પરપ્રાન્તીય નામોનું છે અને તેની શરૂઆતમાં જુદીજુદી ભાષાઓની ઉચ્ચારપદ્ધતિ સમજાવેલી છે અને પછી એવાં હજાર ઉપરાંત નામોનો કોશ મૂળ ઉચ્ચાર દર્શાવી આપેલો છે. એ પરિશિષ્ટ આપણા દેશના વિખ્યાત ભાષાશાસ્ત્રી શ્રી સુનીતિકુમાર ચટ્ટોપાધ્યાયે તૈયાર કરેલું છે. આ લેખમાં પણ મેં એનો ઉપયોગ કર્યો છે. આપણા દેશનાં સ્થળ નામોની યાદી નાગરીમાં મળે તો છાપાંવાળાઓને હાથે થતી વિકૃતિઓમાંથી બચી જવાય અને સૌને સગવડ થાય.

(અમદાવાદ) • —નગીનદાસ પારેખ

[૧ બધા જ એ રીતે નથી બોલતા.

૨ એની રાહ જોવા બેસીશું? આપણે જ પરિચય કરાવવો શરૂ કેમ ન કરીએ?

૩ અમારું એ જ માનવું છે અને શક્ય તેટલો અમલ કરીએ છીએ.]

જોડણી સંબંધી ચર્ચામાં પૂછવાનું કે કરાયું, થયું, જોવાયું, ઉચ્ચારાયો, લખાયા વગેરે કર્મણિ પ્રયોગનાં ભૂતકાળનાં રૂપ ઉપરથી કરાયેલું, થયેલું, જોવાયેલું, ઉચ્ચારાયેલો, લખાયેલા, વગેરે સિદ્ધ ન થઈ શકે?

'Hospital'ના ઉચ્ચાર 'ઑસ્પિટલ'ના પુરાવા રૂપે તેનું તદ્ભવ રૂપ 'ઇસ્પિતાલ' રજૂ કરો છો; પરંતુ મારું માનવું છે કે 'Hospital'નું તદ્ભવ રૂપ 'ઇસ્પિતાલ' થવા છતાં તેનો ઉચ્ચાર 'હૉસ્પિટલ' થવામાં હરકત નથી. 'હિંદ' ઉપરથી 'ઇંડિયા' (એનો વિસ્તાર 'ઇંડોચાયના', 'ઇંડોનેશિયા' વગેરે) થાય છે, તેમ 'હૉસ્પિટલ' ઉપરથી 'ઇસ્પિતાલ' થઈ શકે; 'ઇસ્પિતાલ' થવા માટે 'ઑસ્પિટલ' આવશ્યક નથી. ખરી રીતે તો 'Hospital'નો ઉચ્ચાર માન્ય અંગ્રેજી શબ્દકોશોમાં કર્યો છે, તેમજ અહીં દેશમાં તથા પરદેશોમાં તેનો કયો બહુમાન્ય ઉચ્ચાર થાય છે તે ધ્યાનમાં લઇ તેની જોડણી નક્કી થવી જોઇએ.

(વડોદરા) —શં. સો. પટેલ

ભાષા, બોલી, ઉપશિષ્ટ, પારસી, આ ચાર પ્રકારોમાં ઉપશિષ્ટને અંગ્રેજીમાં Slang (સ્લૅંગ) કહે છે. સ્લૅંગ એટલે કોઈ એક નાના વર્ગમાં વપરાતો, શિષ્ટ ભાષામાં સંપૂર્ણ પ્રચારમાં ન હોય, શિષ્ટ ભાષાને સંપૂર્ણ સ્વીકાર્ય ન હોય એવો શબ્દ. અમેરિકા ને ઑક્સફર્ડના કૉલેજિયનો આવા અનેક ઉપશિષ્ટ બનાવે છે. આજે બનાવેલો શબ્દ વરસ પછી કે મહિના પછી બદલાઈ ગયો હોય. કોઈક વાર એની જગ્યા કોઈ નવો ઉપશિષ્ટ લઇ લે. આ રીતે નવા શબ્દો ઘડવાની વિદ્યાર્થીઓની વૃત્તિ તેમનો યૌવનસુલભ ઉત્સાહ દર્શાવે છે.

ભારતના વિદ્યાર્થીઓમાં પણ આ વલણ છે જ. જોકે યુરોપ-અમેરિકા કરતાં આપણા વિદ્યાર્થીઓનાં ઉત્સાહ અને વય કંઇક ઓછાં, એટલે બનાવવાની ઝડપ ને બનાવેલા શબ્દોની સંખ્યા પણ ત્યાં કરતાં ઓછી.

ગુજરાતમાં વિદ્યાર્થીઓ આવા કોઇ શબ્દો બનાવે છે ખરા? હા; 'દાદો' શબ્દ જ લો. 'દાદા'નો મૂળ અર્થ છે બાપનો બાપ. આપણો સમાજ પિતૃપ્રધાન (પૅટ્રીઆર્કલ) હોવાથી દાદાનો ફલિતાર્થ થયો વર્ચસ્વવાળી વ્યક્તિ.' એમાંથી અર્થ પલટાઇને નવો અર્થ થયો 'લોકોને ખોટી રીતે દબાવનાર (આસુરી) વર્ચસ્વવાળી વ્યક્તિ'. પણ ચરોતરના વિદ્યાર્થીઓ આ શબ્દ કોઈ પણ વાતમાં ચડિયાતા છોકરા માટે વાપરે છે. 'રમણ દાદો છે'ના ઘણા અર્થો થઈ શકે: રમણ ભણવામાં જબરો છે; રમણ પૈસા ખર્ચવામાં એક્કો છે; રમણ લહેરીલાલો છે; રમણ ઘણો કંજૂસ છે ઇત્યાદિ

આમાંથી બનાવેલો નવો શબ્દ (ચોથી અર્થછાયા) 'દાદ્દુ' છે. ધીરુ ડોબરિયા સરું ભાષણ કરે તો છોકરાઓ બોલી ઊઠે કે 'દાદ્દુ બોલ્યા'—એટલે કે ઘણું સરસ બોલ્યા.

'સ્ટૅન્ડર્ડ' શબ્દ પણ અહીંના વિદ્યાર્થીઓ જુદા અર્થમાં વાપરે છે. સ્ટૅન્ડર્ડનો મૂળ અર્થ અમુક ધોરણ પર પહોંચેલો. તેમાંથી અર્થનો વિકાસ કે ગેરસમજ થઇને આપણા વિદ્યાર્થીઓ એનો અર્થ કરે છે ઊંચું, ચડિયાતું, મસ્ત. 'તારી ઘડિયાળ તો સ્ટૅન્ડર્ડ છે' એનો અર્થ થાય: તારી ઘડિયાળ ખૂબ સુંદર છે. આ રીતે સૂરતમાં 'ટૅક્સી' શબ્દનો અર્થ સુંદર સ્ત્રી થાય છે, અને ચરોતરમાં પણ એમ બોલાય છે. ચરોતરમાં 'ખટારો' એટલે ભંગાર સ્ત્રી; પણ 'ફટકો' એટલે સુંદર સ્ત્રી.

આવા બીજા શબ્દો પણ વિદ્યાર્થીઓ વાપરતા જ હશે. તેઓ એવા શબ્દો મને જણાવશે યા એની ચર્ચા કરશે તો ખૂબ આનંદ થશે.

—ડૉ. બિપિનચન્દ્ર ઝવેરી (આચાર્ય, ન્યૂ આર્ટ્સ કૉલેજ, વલ્લભવિદ્યાનગર)

(અનુસંધાન પૃ. ૨૭૪/૧મે)

**એક સુધારો**

જુલાઈ (૫૧૧મા) અંકની 'કલાવાર્તા'માં આપેલા, આંગળાંની છાપ દ્વારા ચિત્રસર્જન કરનાર કલાકાર શ્રી આર. કે. માલવણકરના પરિચયલેખના લેખક શ્રી હરીશ ત્રિવેદી છે. સંપાદન વિભાગની સરતચૂકથી તે ઉલ્લેખ રહી જવા પામ્યો તેની અમને દિલગીરી છે.

તંત્રી બચુભાઈ રાવત
ઑગસ્ટ ઈ. સ. ૧૯૬૬

વ્યક્તિઘડતર ૧૪ · રેવ૦ ફાધર વાલેસ

# ભાઈ-બહેન

રક્ષાબંધનનો પવિત્ર દિવસ હતો. વિદ્યાર્થી ભાઈઓની પ્રાર્થનાસભામાં મારે બોલવાનું હતું, એટલે એમનાં કાંડાંમાંની રાખડીઓ જોઈને મારાથી સહેજે બોલાઈ ગયું: "કેવો સુંદર રિવાજ! કેવી પવિત્ર વિધિ! કેવું મંગળ દૃશ્ય! તમારા હાથે શોભતી એ રાખડી વીરનું આભૂષણ, ચારિત્ર્યની સાક્ષી, આર્ય સંસ્કૃતિનું પ્રતીક છે. પવિત્રતામૂર્તિ બહેન ભાઈને કાંડે રાખડી બાંધે, નમસ્કાર કરે, આશ્રય માગે: 'મારું રક્ષણ તારા હાથમાં!' અને સશક્ત પુરુષ ને પ્રેમાળ ભાઈ હાથ કરતાં દિલમાં એ રાખડીનો સ્પર્શ અનુભવીને, વહાલનો ઉમળકો આણીને એ પ્રિય બહેનનું પ્રાણને ભોગે પણ રક્ષણ કરવાનું મનમાં ને મનમાં વ્રત લે, અને હેતના સંકેત રૂપે એના હાથમાં કંઈક પણ મૂકે. એ ઝીણી રાખડીમાં કેવી પ્રબલ ભાવના વણાએલી છે!

"જેલમાં જઈને જ્યારે પ્રતિષ્ઠિત કુટુંબોનાં બહેનો બળેવને દિવસે રાખડી કેદીઓને બાંધે છે ત્યારે રીઢા ગુનેગારોની આંખમાં પણ આંસુ આવે છે એમાં નવાઈ નથી. જે હાથ ખંજર ઉગામતાં ધ્રૂજતો ન હતો તે ધર્મબહેનના હાથના શીતલ સ્પર્શથી કંપે છે. જેને પોલીસની બેડીઓ દુરાચારથી વેગળા રાખી શકતી નહોતી તેને આ રાખડીની બારીક દોરી નીતિની મર્યાદામાં રાખશે. કેટલો બળવાન છે આ પુણ્ય સંસ્કારોનો પ્રભાવ!

"તમારા હાથ લઈને હું આજે ધીરેથી, પ્રેમથી પૂછતો: 'આ રાખડી કોણે બાંધી?' ત્યારે તમે અવાજમાં વહાલ લાવીને જવાબ આપતા: 'બહેને બાંધી.'—'બહેન એટલે કોણ?'—'મોટાં બહેન કે નાની બહેન…' એવા તમારા જવાબ હું સાંભળતો. પછી મનમાં થતું; હા, બહેન એટલે સગી બહેન. પણ આપણે ત્યાં 'બહેન' શબ્દનો વિશાળ અર્થ થાય છે: બહેન એટલે કોઈ પણ સ્ત્રી, બહેન એટલે તમારા પાડોશમાં કે તમારા ગામમાં રહેનાર બધી છોકરીઓ, બહેન એટલે અહીં કૉલેજમાં તમારી બાજુમાં કે તમારી આગળના બાંકડા ઉપર બેસનાર તમામ વિદ્યાર્થિનીઓ. બધાંને તમે 'બહેન' કહીને સંબોધો છો, 'બહેન' કહીને તેમનો ઉલ્લેખ કરો છો. બોલવાની રીત છે, વ્યાકરણનો પ્રયોગ છે; પણ એ વ્યાકરણના પ્રયોગની પાછળ સંસ્કૃતિના સંસ્કારો ભરેલા છે. જેમને તમે મોંએથી બહેન કહો છો એમને અંતઃકરણથી બહેન તરીકે સ્વીકારો તો જ તમે સાચા ઠરો. તમારી વાણીની સાથે તમારું વર્તન જો મેળ ખાય તો જ તમારું જીવન-વ્યાકરણ શુદ્ધ કહેવાય.

"તમારી ઓળખાણની એ બધી યુવતીઓ તમારી બહેનો છે. આજના પવિત્ર દિવસે એમની રાખડી પણ તમારે કાંડે છે: ભલે ને એમણે કોઈ ક્ષુદ્ર દોરી બાંધી ન હોય, પણ ભાવનાના સૂક્ષ્મ તાર તમારા હૃદયની આસપાસ જરૂર વીંટાળી દીધા છે. હવે વર્ગમાં સાથે બેસો કે રસ્તામાં અકસ્માત (અકસ્માત?) ભેગાં થઈને વાર્તા કરો, કે છોકરાઓના જ ટોળામાં જ છોકરીઓની વાત નીકળે ત્યારે તમારા મનને યાદ દેવડાવો: 'એ મારાં બહેન છે; એમની રાખડી મારા કાંડે છે; એમનું રક્ષણ મારા હાથમાં, એ મારી પ્રતિજ્ઞા છે. હવે મારાથી એમનું અહિત નહિ થાય; મારા હાથે નહિ થાય, મારી વાતે નહિ થાય, મારા વિચારે નહિ થાય'. ને ટોળામાં સહેજ મેશરંગી વાતો નીકળવા લાગી હતી તે અટકાવી દેશો; જીભ પર અઘટિત શબ્દ ચડ્યો હતો તેને પાછો ઠેલી દેશો; મનમાં ઢોળાવ પડતા રસ્તે વિચારો નીચે દોડતા હતા તેને રોકી લેશો. મર્દની ફરજ છે, વીરની પ્રતિજ્ઞા છે રક્ષાબંધનનું વ્રત છે.

"બીજી એક રાખડી તમારે પંડે વીંટાળાએલી છે: ગુપ્ત, અદૃશ્ય, પણ વજ્ર જેવી અતૂટ, સનાતન, મર્મસ્પર્શી: જે જીવનસખીની સાથે ગૃહમંદિરની પુણ્ય આત્મીયતામાં તમે જીવનસાધના સાધવા સર્જાએલા છો એનું મંગળ સૂત્ર. એ સખી કોણ છે તે કદાચ તમે હજી જાણતા ન હો, કદાચ એ હજી નક્કી થયું ન પણ હોય; પણ એનું સૂત્ર તમારા હાથમાં બંધાઈ ચૂક્યું છે અને એ કદી તૂટશે નહિ. તમે કોણ છો એ પણ તે કદાચ હજી જાણતી ન હોય, પણ એના મનમાં તમારી શુભ કલ્પનામૂર્તિ એણે ક્યારની ઊભી કરી દીધી છે, તેની પ્રેમ-આરતી એ રોજ ઉતારે છે, ને ભગવાનની બાધા-આખડી રાખીને પ્રાર્થના કરે છે કે મારો 'એ' સાચો નીવડે, મારો ખરો હૃદયસ્વામી બને, મારા સૂત્રને ઉજાળે. એક મંગળ દિવસે તેના કોમળ હાથનો સ્પર્શ તમારો હાથ કરશે ત્યારે એ અદૃશ્ય સૂત્ર તમારી પ્રેમ-સાધનાની સાક્ષી પૂરશે. એટલામાં,— યાદ રાખો કે જો આંખે કુદૃષ્ટિ કરી, કે મનમાં મલિન ઇચ્છા ઊગી, કે દિલમાં વિકાર જાગ્યો… તો એ સૂત્રનો દ્રોહ થયો! અને ઊલટું, નિષ્ઠાપૂર્વક જો એને વફાદાર રહેવા રોજ પ્રયત્ન કરતા રહેશો તો તમારે કાંડે શોભતું એ સૂક્ષ્મ અદૃશ્ય સૂત્ર તમારી ખરી જીવનદોરી બની રહેશે…!"

પ્રાર્થનાસભામાં આ વાતો થઈ રહી હતી ત્યારે એ યુવાનોનાં એકચિત્ત ધ્યાન, તેમની આંખોની ઝલક તેમના ચહેરાના ભાવથી એક અલૌકિક વાતાવરણ સર્જાયું. જાણે એ વાતોમાં દરેકની, હૃદયના ઊંડાણમાંથી, અનુમતિ હોય એવી મૂક પ્રતિજ્ઞા સૌની મુખમુદ્રા ઉપર અંકાઈ ગઈ હતી. થોડી વાર મૌનનો આશીર્વાદ સભા ઉપર ઊતરવા દીધો. એ યુવાન હૃદયોના ધબકારા જાણે પાવન જીવનસંગીતમાં તાલ આપતાં ન હોય

એવો ભાસ થયો. છેલ્લું ભજન ગવાયું, સભા વિખેરાઈ, અને મને મનમાં થયું: દુનિયા માને કે ન માને, પણ આપણા યુવાનોમાં બ્રહ્મચર્યનું તેજ ઝાંખું થયું નથી.

પછી વિદ્યાર્થિનીબહેનોની સભામાં પણ મારે બોલવાનું હતું. દિલમાં જે વાત હતી એ કર્યા વગર બીજો છૂટકો ન હતો. પણ બહેનોની આગળ એ કરવી શી રીતે? સંકોચ થયો. આનાકાની કરી. છેવટે એક યુક્તિ સૂઝી. મેં કહ્યું:

"રાખડી-ધર્મ તમને સમજાવવાનો મને અધિકાર નથી. તમે જ રાખડી બાંધનારાં છો; તમે શીલની મૂર્તિઓ છો; તમે સમાજની પવિત્રતાનાં રક્ષક છો. કૉલેજમાં છોકરા-છોકરીઓ વચ્ચે કેવો સંબંધ ઘટે, તમારું કેવું વર્તન શોભે, એ હું તમને સીધી રીતે ન કહી શકું. પણ એ જ છોકરાઓની આગળ આજે આ જ બાબતમાં મેં જે ચર્ચા કરી છે, મારા એ વિદ્યાર્થીઓને તમારા વિષે જ મેં જે વાતો કરી છે એ જરૂર તમને કહીશ. એ ઉપરથી તમે અનુમાન કાઢી શકશો કે તેઓ તમારી પાસેથી કેવી અપેક્ષા રાખે છે, કેવી પ્રેરણા માગે છે, કેવાં સ્વપ્ન સેવે છે અને કેવો ભય અનુભવે છે. એમ મારી મૂંઝવણ ટળી જશે અને તમને આડકતરો બોધ મળશે. બે ચક્રો સાથે બેસાડવાનાં હોય તો એકના આકાર ઉપરથી બીજાનો કેવો હોવો જોઈએ એનો ખયાલ આવી શકે ને?"

અને આટલી પ્રસ્તાવના કરીને રાખડીનું આખું આખ્યાન મેં એ આતુર બહેનોને કહી સંભળાવ્યું. પછી મેં ઉમેર્યું:

"આ વાતો હું એ વિદ્યાર્થીઓને કરતો હતો ત્યારે તેઓ એવી એકાગ્રતાથી, ને ઉત્કંઠાથી, ને જાણે આંખો વડે સંમતિ આપીને સાંભળતા હતા કે હવામાં એક જાતની દિવ્યતા આવી ગઈ. હું એ છોકરાઓને ઓળખું છું, એમનાં હૃદય પારખું છું, અને હું તમને કહી શકું છું કે તે સોનાનાં જ છે. પણ યાદ રાખજો કે એ સોનાનાં પાત્રોમાં પ્રબળ લાગણીઓ ભરેલી છે. તમારી લાગણીઓ વધારે કોમળ હોય છે, જ્યારે એમની વધારે તીવ્ર હોય છે. તેથી તમારી એક નિર્દોષ ચેષ્ટા અનિષ્ટ સર્જાવી શકે, તમારી એક લહરી એમનાં દિલમાં ભારે તોફાન મચાવી શકે, તમારી એક નાનીશી ચિનગારી ભયંકર હોળી સળગાવી શકે. રાખડી બાંધનાર હાથ પવિત્ર હોય તો એનામાં ગુનેગારનું પથ્થર-હૃદય પિગળાવવા પણ શક્તિ છે; પણ એ હાથમાં જો સહેજે વાસનાની કપારી હશે તો તેનો સ્પર્શ વિષમય નીવડશે. માટે હું તમને કહું છું કે એ યુવાનોનું ચારિત્ર્ય તમારા હાથમાં જ છે; એમનાં હૃદય તમારે શરણે છે, એમની તલવાર તમારે ચરણે છે. અને તેથી જ કુટુંબની પવિત્રતા અને સમાજનું કલ્યાણ પણ તમારા ઉપર આધાર રાખે છે. ભગવાને તમારો આટલો વિશ્વાસ કર્યો છે, તમારે માથે આટલી જવાબદારી ચડાવી છે, તમારા હાથમાં આટલી શક્તિ મૂકી છે. એ જવાબદારીને, એ વિશ્વાસને જો તમે લાયક નીવડશો તો જ તમે 'બહેન'નું પુણ્ય નામ શોભાવશો. તમને મારો છેલ્લો સંદેશ ને આર્દ્ર અનુરોધ આ છે: તમારું વર્તન, તમારી વાતો, તમારા હાવભાવ હમેશાં એવાં રાખો કે એ યુવાનો તમને જોઈને પૂરા દિલથી તમને 'બહેન' કહેવા પ્રેરાય, કે એ પવિત્ર નામ તેઓ તમારે માટે વાપરે ત્યારે એ ખરેખર સાર્થક લાગે, કે તેમને હાથે બાંધેલી તમારી રાખડી ખરાં ભાઈ-બહેનના શીતળ સ્નેહની અખંડ સાક્ષી પૂરી રહે..."

અને ફરીથી મને વાતો કરતાં કરતાં એ દિવ્ય અનુભવ થયો કે આ બહેનોનાં હૃદયમાં પણ વિશુદ્ધ ભાવના ભરેલી છે, પવિત્રતાનો વારસો સાચવવા ને ખીલવવા ઉત્કંઠા છે, આદર્શ ગૃહ ને સમાજ બાંધવા ગૌરીવ્રતની નિષ્ઠા છે. ખરેખર, આર્ય ભૂમિમાંથી આર્ય સંસ્કૃતિના સંસ્કારો લુપ્ત થયા નથી.

પાછા વળતાં મનમાં થયું: મારે કાંડે રાખડી નથી. બહેનની હૂંફ મારા જીવનમાં મને મળી નથી. પણ મારો આ રક્ષાબંધનનો દિવસ ખરેખર પવિત્ર ગયો આજે. અને હવે આ વાતો—કે આ હૃદયના ભાવ—પ્રેમાળ યુવાન વાચક ભક્તોની આગળ મૂકું તો એમનાં હૃદયમાં પણ એના શુભ પડઘા પડશે... ખરું ને?

---

# પરા વિદ્યા

ઇતિહાસમાં કદી ય ન જોયો હોય એવો કેળવણીનો ફેલાવો આ સમયમાં જોવા મળ્યો છે અને છતાં ભૂતકાળમાં કદી ય ન થયો હોય એવો નૈતિક મૂલ્યોનો હ્રાસ પણ આ સમયમાં જ જોવા મળ્યો છે. વળી એ હ્રાસ કરનાર અભણ માણસો નથી. આપણે કેળવણીનો જે સંકુચિત અર્થ કર્યો છે એને લીધે જ આ સ્થિતિ થઈ છે. કેળવણી એટલે ડિગ્રી રૂપી ચલણી સિક્કા આપનારી વ્યવસ્થા એવો અત્યારે ભાસ થાય છે. આપણે ડિગ્રી પાછળ દોટ મૂકી છે, એ વિદ્યાના પ્રેમને લીધે નહિ, આર્થિક લાભને લીધે. પણ નરી કમાણી કરાવી આપનાર વિદ્યાને આપણી પરંપરા 'અપરા વિદ્યા'—નીચી કક્ષાની વિદ્યા કહે છે; અને બીજી 'પરા વિદ્યા' મેળવ્યા વિના જીવનમાં ઉત્તમ સુખ કે સફળતા ન મળે એમ એ કહે છે. એ 'પરા વિદ્યા' એટલે 'આપણા' વિષેનો સાચો ખયાલ. 'આપણે' એટલે શરીર, મન અને આત્મા. જો હું એકલું શરીર જ હોઉં તો શરીરનું લાલનપાલન એ જ મારા જીવનની ઇતિ છે. એનું લાલનપાલન કરવા ધનની જરૂર પડે છે, માટે ધનોપાર્જન એ જ મારા જીવનનું લક્ષ્ય બને છે. પણ જો 'હું એટલે શરીર મન અને આત્મા' એમ હું સ્વીકારું તો પછી મારું આખું જીવનનું દર્શન વિશાળ, વિશુદ્ધ અને ઉચ્ચ થાય છે, અને તેને અનુરૂપ મારી જીવનરીતિ પણ પુણ્યમયી, શીલમયી સંયમમયી બને છે. પછી હું પ્રામાણિક, સાચો, પવિત્ર થાઉં છું. આજની અધોગતિ તરફ લઈ જતી પરિસ્થિતિને નિવારવાનો આ જ રાજમાર્ગ છે. ભણો, કમાઓ, એની સામે કોઈ વાંધો ન લઈ શકે, પણ એને જ ઇતિ માનીને બેસી ન રહો; એને જ ધ્યેય ન બનાવો. ધ્યેય બનાવો આત્મદર્શનને, શોધો તમારી જાતને, સંશુદ્ધ કરો તમારા વિચારો અને માન્યતાઓને, અને એ રીતે માનવતા શોભે એવું પૂર્ણ વ્યક્તિત્વ વિકસાવો. ફક્ત અર્થલોભી વ્યક્તિત્વ તમને એવા ખાડામાં ધકેલશે જેમાંથી તમે કદી નીકળી નહિ શકો. આવું જીવનદર્શનયુક્ત વ્યક્તિત્વ તમારી માનવતાને ખીલવશે, તમને શીલ અને ચારિત્ર્ય આપશે, તમારા અભ્યાસને તેજસ્વી કરશે અને તમારું જીવન સુખી, સમૃદ્ધ અને સફળ બનાવશે. **દાસુભાઈ શુક્લ**

## ખુલ્લી હોય હથેલી

ચંદ્રકાન્ત શેઠ

ખુલ્લી હોય હથેલી
ખુલ્લા ચારે ગમ અવકાશ;
ખુલ્લા મનને ખૂણેખૂણે
હગ પંખીનો વાસ!

પંખીડાં આ ફરરક્ કરતાં
જાય ઊડયાં...ઓ જાય!
પાછળ કસબી કોર કશી
તડકાની તગતગ થાય!

વાટ મૂકી જ્યાં ચરણ ચલ્યાં
પગલીએ ઠેકી વાડ!
આ ગમથી જો ઝરણ મળ્યાં
તો ઓલી ગમથી પહાડ!

ઝરણાંને હું પગમાં બાંધી નાચું,
માથે મેલી પહાડો રે હું નાચું,
અને ગુંજીને એવી
ફૂલના મનમાં મૂકું વાત,
રાત પડે તે પહેલાં
જોવા લાગી જાય પ્રભાત!

## એકલવાયો મીત

અનિલ જોશી

· ગાન ·

થોરની લીલી વાડમાં
સૂકી ડાળખી ઝરે ગીત
કોઈ તરુની ઓથ માણી'તી
મેં ય લીલેરી પ્રીત—થો૦

દૂર લીલાછમ વનની ફોરમ
સંભળાતી ચકચૂર,
એક ખેતરવા જેટલે છેટે
ઘોરિયે ભીના સૂર
સાંભળું ને મારા તનમાં ફૂટે
કૂંપળ જેમ અતીત—થો૦

ધૂળથી ઝાંખો વાયરો વાતો
પડખે ઊભાં શૂલ,
મન મનાવી લઉં દિલાસો
વગડો મારું ફૂલ,
સાવ સૂકો તો ય લાખનો મારે એકલવાયો મીત!—થો૦

## રમણે / જશવંત લ. દેસાઇ

· વસંતતિલકા ·

આ વાયુની લહર શી રમણે ચડી છે!
એ કાલ તો સરિતને તટ હિમશીત
ઠંડીમહીં થથરતી હતી મૂક, આજે
ઉન્મત્ત શી ધસતી બાગ અને વનોમાં!

એનો લહ્યો સમીપ શ્વાસ તહીં પ્રફુલ્લ
ફૂટયા શિરીષતરુ રેશમી ફૂલગુચ્છ!
એનાં નિહાળી નયનો છલકંત વ્હાલ,
ઊડયો વનેવન ઉમંગતણો ગુલાલ!

આ વૃક્ષની વિટપ કે શહનાઈ મીઠી!
ગાંધર્વવૃંદ પૃથિવીપટ આવ્યું ક્યાંથી!
આ બાગ કે ખીલ્યું મનોહર ઈન્દ્રચાપ!
આ પૃથ્વી કે મધમધંત વિરાટ છાબ!

આ વાયુની લહર શી રમણે ચડી છે!
નિર્બંધ મોજતણી શી ભરતી ચગી છે!

## ઋતુઋતુના શબ્દો / ઉશનસ્

· શિખરિણી ·

અહો, શબ્દો મારા ઋતુઋતુતણા જીવ! કુસુમો
નિરાળાં કૌળી રહે રૂપથી, રસથી સૌરભ થકી!

પ્રભાતેથી સંધ્યા સમય સુધી કો સૂરજમુખી
ફૂલો શાં તાકી રહે રવિમુખ, બપોરે શીતળ કો
લપાઈ છાયામાં સરપ સમ ચાટંત તડકા,
નિશીથે ઊડે યૈ ઉડુ-ભમરીઓનો મધપુડો,
અને નીચે ટીપું મધ ટપકતું ચશ્ચશ ચૂસે.

ખરંતાં પર્ણોમાં કૂદડી ફરતા સ્હેજ ખખડી,
વસંતે તે પાછા શત કુંપળ યૈ ડાળખી ચૂગે,
ઉનાળો બેસે ત્યાં થઈ જ કીડિયારું ખદખદે
અને જ્યાં ચોમાસુ-લહરી અડી કે પાંખ ફૂટતી
તૃણે તીતીઘોડા થઈ પ્લવત, ફૂંખે લટકતા.
પતંગાં, ફૂદાં યૈ ગૃહદીપની જ્યોતે મરણિયા
થઈને ઝંપાવે ઘૂમરી ફરી તેજે તતડતા...

## અવિરત ફરે... / ભાનુપ્રસાદ પંડયા

· હરિણી ·

અકળ વધવું ફૂણાં પર્ણોતણું અવલોકવું,
શ્રવણ કરવા છે ઝંકારો પદે પટુ કીટના!
ધરણીતલમાં પેસી ચાખું નવાં તરુમૂળિયાં,
અલિપદનખે ચોંટેલું સૌ ધસું શ્વસવા મધુ!

તરલ પરશે રોમાંચોને ચહું ખગપિચ્છના,
અબુધ શિશુના હાસ્યે ગ્હોર્યા વિચાર ઉકેલવા!
ક્વચિત રવિ શાં નેત્રે મારે ઝગી જગ ન્યાળવું,
હિમગિરિ ધરું લંબાવેલા કરે સુવિશાલ પે!

ગહન ગરજી ઝાંખો પાડું કદી ઘનનાદને,
સમદર તરું એકી ફાળે બધું જલ વીંધવું!
જનશ્રુતિ વદે: આભે ફેંકયા ગજો ય વૃકોદરે
શબ થઈ ભમે, ખેંચી લાવું ધસી પથ વ્યોમને!

ઘડીક લઘુમાં છે સંતાવું, ઘડી બૃહદે વધી
અવિરત ફરે હૈયાકેરી અહો! અકલા ગતિ!

## રૂપનો ઉઘાડ / હરિકૃષ્ણ પાઠક

· ઈન્દ્રવજ્રા-વસંત-મૃદંગ ·

ભીનીભીની વરસી વાદળી પ્હેલંહેલી,
જંપી જરા ધરતીની મધુગંધ માણવા,
સૂર્યે કુતૂહલભર્યું જરી ડોકિયું કર્યું,
ઢોળી દીધો હરખનો તડકો અહીંતહીં!

આછાંભીનાં વસનમાંહીથી મત્તજોબને
ટૌકો કર્યો; વૃક્ષની ડાળડાળે
ટીપાં ઠર્યાં અગણ્ય, આંખની કીકી જેવાં
ઝૂમી ઊઠયાં—ઝલમલ્યો રૂપનો ઉઘાડ!

## તરંગ જાણે કે ખ્વાબ જાણે / ઉસ્માન પઠાન

· ગઝલ ·

અમારા મનની અસીમતા એક તરંગ જાણે કે ખ્વાબ જાણે,
સ્વરૂપ દિલનાં બધાંય ધડકન, અગર સબરનો નકાબ જાણે!

તિમિરનો વૈભવ ભરેલી ખુશબો નસીબ હોયે ન ચાંદનીને;
સતત નિરીક્ષણ કરે છે તારા, છતાં ય એ ના જવાબ જાણે!

સુગંધ જેઓ સદા સહે છે એ કંટકોને નમન અમારાં,
બહારના બે પ્રહાર છાના સગીર ગુલનો રુઆબ જાણે!

## સ્વાતંત્ર્યની આકાંક્ષાને અવાજ અને આકાર આપનાર અગ્રણી



### નામદાર

# ગોપાલ કૃષ્ણ ગોખલે

'**મા**રી જીવનકથા લખવામાં કે પ્રતિમા ઊભી કરવામાં તમારો સમય નિરર્થક બગાડતા નહિ, પરંતુ ભારતની સેવામાં તમે તમારી તમામ શક્તિઓ વાપરશો તો જ ભારતના સાચા સપૂત બની શકશો.'

પોતાની મૃત્યુશય્યા પાસે એકઠા થએલા મિત્રોને ઉપર્યુક્ત સલાહ આપી પોતાની નમ્રતા ને દેશદાઝ પ્રગટ કરનાર, ૧૯મી સદીના પહેલા બે દાયકા દરમિયાન પોતાનાં તન, મન, ધન દેશને ચરણે સમર્પી દઈ સ્વાતંત્ર્યની આકાંક્ષાને અવાજ ને આકાર આપનાર અગ્રણી નેતાઓમાંના એક શ્રી ગોપાલ કૃષ્ણ ગોખલેની જન્મશતાબ્દી ગયા મેની ૯મી, એ સમગ્ર ભારતમાં ખૂબ કૃતજ્ઞતા, શ્રદ્ધા, શાન અને પ્રેમથી ઊજવાઈ.

'વાચકને મારો દાવો ભલે આશ્ચર્યકારક લાગે, પણ ગોખલેને મેં મારા રાજકીય ગુરુ ગણ્યા છે' એ શબ્દોથી ગાંધીજીએ જેમને પોતાના ગુરુ ગણ્યા હતા એ, મવાળ પક્ષના અગ્રણી કાર્યકર, ચુસ્ત બંધારણવાદી, અંગ્રેજોની ન્યાયવૃત્તિ પર અટલ શ્રદ્ધા રાખનાર અને એમના ભારત પરના આધિપત્યને દૈવી સંકેત માનનાર 'મહાત્મા ગોખલે'નો જન્મ ઈ. ૧૮૬૬ના મેની ૯મીએ રત્નાગિરિ જિલ્લાના ચિપલૂણ તાલુકાના કોટલક ગામે ગરીબ પણ ઉમદા ને પ્રામાણિક ચિત્તપાવન બ્રાહ્મણ દંપતીને ત્યાં થયો હતો. એમના પિતા કૃષ્ણરાવ ઉદાર અને 'વીર શાર્દૂલ' તરીકે પંકાયા એટલા શૂરવીર હતા, અને વત્સલ માતા સત્યભામા નિરક્ષર પણ નમ્ર, માયાળુ ને પવિત્ર આર્ય સન્નારી હતાં.

એમનું બાળપણ પિતા જ્યાં નોકરી કરતા હતા એ કાગલ ગામમાં વીત્યું અને પ્રાથમિક શિક્ષણ પણ ત્યાં જ પૂરું થયું. પિતાથી તદ્દન વિરોધી પ્રકૃતિ ધરાવતા બાળક ગોપાળ મિત્રો સાથે કદી ઝગડતા નહિ કે કોઈના પર ગુસ્સે પણ થતા નહિ. દશ વર્ષની ઉમરે તેઓ મોટા ભાઈ ગોવિંદરાવ સાથે કોલ્હાપુરની શાળામાં દાખલ થયા. વિદ્યાર્થી તરીકે ત્યારથી જ તે અત્યંત ઉદ્યમી, મહેનતુ અને વિદ્યાનુરાગી હતા.

ઈ. ૧૮૭૯માં એમના પિતાનું અવસાન થતાં ગોખલે કુટુંબ પર આફત ઊતરી આવી. આર્થિક રીતે અત્યંત કફોડી સ્થિતિમાં મુકાઇ ગએલા આ કુટુંબને, એક કાકાએ મોટા પુત્ર ગોવિંદરાવને રૂ. ૧૫ના પગારની નોકરી અપાવીને અને અન્ય સૌને પોતાની પાસે રાખીને શક્ય એટલી સહાય ન કરી હોત તો એમની શી દશા થાત એ સવાલ હતો! પોતે જે શિક્ષણથી વંચિત રહ્યા એ ગોપાલને પ્રાપ્ત થાય એ માટે મોટા ભાઈ દર મહિને પોતાના પગારમાંથી ૮ રૂપિયા મોકલતા અને પહેલા સત્રની ફી ભરવા ભાભીએ પોતાનાં ઘરેણાં વેચવા આપેલાં!

કુટુંબની કફોડી સ્થિતિ ને ભાઈ ભાભીની મહાનુભાવતા સમજતા ગોપાલરાવ એક ટંક જમીને અને સુધરાઇના ફાનસે વાંચીને ૮ રૂપિયામાં ખૂબ જ કરકસર કરી પોતાનો ખર્ચ નિભાવતા. એટલે તો એક ધનિક મિત્રે એક વાર આણેલી નાટકની ટિકિટના આઠ આના આપતાં એમને ભારે મુશ્કેલી વેઠવી પડેલી. આવા કપરા કાળમાં પણ તેઓ ચીવટથી ને ખંતથી અભ્યાસ કરતા. એક વખત એક મિત્રે ગણી આપેલા દાખલા માટે પોતાને માન મળતું હતું એ જોઇ સાચી વાત કબૂલવાની પ્રામાણિકતા ને સત્યપ્રિયતા બતાવી એમણે શિક્ષકોની પ્રીતિ સંપાદન કરી હતી. આવો અભ્યાસકાળ વીતાવીને ઈ. ૧૮૮૧માં મૅટ્રિકની પરીક્ષા પાસ કરી તેઓ કોલ્હાપુરની રાજારામ કૉલેજમાં દાખલ થયા. અંગ્રેજી સાહિત્ય, અર્થશાસ્ત્ર, ગણિત અને યુરોપના ઇતિહાસમાં ખૂબ રસ ધરાવતા આ યુવાન કૉલેજિયનને ઇતર બનાવોમાં એ સમયે બિલકુલ રસ નહોતો. કોલ્હાપુર બાદ એક વર્ષ પૂનાની ડેક્કન કૉલેજમાં ગાળી તેઓ ઈ. ૧૮૮૪માં મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજમાંથી ગણિત સાથે બીજા વર્ગમાં બી એ. થયા, જેના પરિણામે એમને રૂ. ૨૦)ની માસિક શિષ્યવૃત્તિ મળી.

આઈ. સી. એસ. થવું કે એન્જિનીઅર, એની થોડા સમય માટે વિમાસણ અનુભવી આખરે તેઓ નોકરી સાથે ભણી શકાય તે માટે પૂનાની ભાવનાપૂત ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં રૂ. ૩૫ના પગારથી શિક્ષક તરીકે જોડાઈ કાયદાનો અભ્યાસ કરવા લાગ્યા. આદર્શ શિક્ષકના ઉત્તમ ગુણો ધરાવતા ગોપાલરાવને એક વાર સાગર અને વહાણવટા વિષેનું પુસ્તક શીખવવાનું આવ્યું, ત્યારે તેના પારિભાષિક શબ્દો જાણવા એમણે સુલભ એવા તમામ શબ્દકોશ તો તપાસી જ લીધા, પણ એટલેથી સંતોષ ન થતાં જાતે મુંબાઈ બંદરે જઈ વહાણો વિષે પ્રત્યક્ષ જ્ઞાન મેળવ્યું અને પછી જ વર્ગમાં ગયા! એડમંડ બર્ક ને જૉન બ્રાઈટનાં પુસ્તકોના પ્રશંસક ગોખલે આ ગાળામાં ટ્યૂશનો કરીને, તેમ જ પાછળથી ખૂબ જાણીતા થએલા એમના ગણિતના પુસ્તકની આવકમાંથી પોતાનાં મા ને ભાઇ-ભાભીને સહાય કરવાનું કદી ચૂકયા નહોતા.

**ટિ**ળક ને આગરકર જેવા એ સમયના રાષ્ટ્રીય નેતાઓની પ્રેરણાથી તેઓ ભૌતિક સમૃદ્ધિની આકાંક્ષા છોડીને, તથા પોતાની ઉપાધિનો પૂરેપૂરો લાભ લેવાની મોટા ભાઈની ઇચ્છાને માનપૂર્વક નકારીને, સેવાના

# ઋષિ ગોખલે

કાકા કાલેલકર

**ન્યા**યમૂર્તિ રાનડેના શિષ્ય ગોખલે, અને ગોખલેના શિષ્ય ગાંધી, એવી શિષ્યપરંપરા મનાય છે...તરુણ ગોખલેએ પોતાના ગુરુ રાનડે સાથે મુસાફરી કરતાં એક વાર એમને પૂછ્યું કે 'આપણે કેટલી યે અરજીઓ ઘડી; સરકાર એને ગણકારતી જ નથી. ત્યારે શા માટે અપમાનભરી રીતે આપણે ફરીફરી એમની પાસે આ અરજીઓ મોકલતા જઈએ છીએ?' સમય જાણનાર ન્યાયમૂર્તિએ જવાબ વાળ્યો : 'આપણી અરજીઓ આપણે લખીએ છીએ અંગ્રેજોને ઉદ્દેશીને, પણ તે ઘડેલી હોય છે પ્રજાની કેળવણી માટે. પ્રજાને ખબર પડવી જોઈએ કે આપણે ક્યાં છીએ? આપણું દર્દ શું છે? આપણે શું ચાહવું જોઈએ અને શું માગવું જોઈએ? આ રીતે જ પ્રજા ઘડાશે.'

ગોખલેએ એક વાર કહ્યું હતું કે 'દેશસેવાની પ્રાથમિક અવસ્થામાં અમે તો છીએ. સેવાને અંતે સફળતા પ્રાપ્ત કરનાર ભાગ્યશાળી લોકો તો હવે પછી આવશે. અમારા ભાગ્યમાં નિષ્ફળતાની પરંપરા દ્વારા જ દેશની સેવા કરવાનું લખેલું છે.'

અનેક કડવા અનુભવ પછી જ ગોખલેએ પોતાના મન સાથે નક્કી કરેલું કે દેશના રાજકારણમાં આધ્યાત્મિક વૃત્તિ ભરી દેવી જોઇએ, રાજકારણને ધર્મકારણ બનાવવું જોઈએ, રાજકીય સેવા સેવકના ચારિત્ર્યના બળે ચલાવવી જોઈએ.

ગાંધીજી આ પાઠ ગોખલે પાસેથી શીખ્યા નથી. પણ પોતાના જીવનમાં ખીલવેલો આ સિદ્ધાંત ગોખલેજીને પણ પસંદ છે, એમ જોઈ ગાંધીજીએ પોતાની નિષ્ઠા ગોખલેજી પ્રત્યે વાળી.

ગોખલેનાં ભાષણોમાં કે દૈનિક કાર્યક્રમમાં 'ધર્મ'ને જવલ્લે જ સ્થાન રહેતું, છતાં દીક્ષામય જીવન ગાળનારા તેઓ અધ્યાત્મને જોરે જ ટકી શક્યા હતા. જે કામ કરવું હોય તેનો પૂરતો અભ્યાસ કરવો, ઝીણામાં ઝીણી વિગતો સમજી લેવી, ન્યાય ખાતર પ્રતિપક્ષી પ્રત્યે પૂરતી ઉદારતા કેળવવી, પરિણામ વિષે અધીરા ન થવું અને દેશવાસીઓ કે પરદેશીઓ જેવા છે તેવા લઇને એમના પ્રત્યે અસંતોષ, ચીડ કે અકળામણ બતાવ્યા વગર કામ કર્યે જવું — એવી ખેલાડી વૃત્તિ બંનેમાં સમાન હતી.

ગોખલેના સ્વભાવ વિષે પરસ્પર વિરોધી લાગતી બે વસ્તુઓ આપણે સાંભળીએ છીએ. ગોખલેના સ્વભાવનો મુખ્ય ગુણ એનાં નિખાલસતા અને માધુર્ય છે. જે રાષ્ટ્રપુરુષે 'ભારત સેવક સમાજ' જેવી આધ્યાત્મિક આદર્શવાળી સંસ્થા સ્થાપી અને દેશસેવા માટે જીવન અર્પણ કરનાર લોકોનો સારો સરખો સંઘ ભેગો કર્યો, તે પુરુષના સ્વભાવમાં મીઠાશ અને અનેક લોકોને એકત્ર રાખવાની ઉદારતા હોવાં જ જોઇએ.

આમ છતાં, કહેવાય છે કે, ગોખલેજી વાતવાતમાં ચિડાઈ જતા. જે માણસને સેવાનાં બધાં કાર્યો ભગવત્પૂજાની ચીવટથી કરવાની ટેવ છે તેને ઉપરછલ્લા કામથી સંતોષ નહિ થાય. સાથીઓ પાસેથી કેવળ કામ લેવાનો આદર્શ નહિ રાખતાં, તેમને પોતાના જેવા જ સેવક તરીકે કેળવવાનો આગ્રહ રાખ્યો હોય તો પ્રેમની ઉત્કટતા કોક વખતે ચીડનું રૂપ ધારણ કરે છે.

મહારાષ્ટ્રમાં શું અને હિંદુસ્તાનમાં શું, જ્યાં મતભેદ કે પક્ષભેદ થયો ત્યાં અંગત અણગમો કેળવવાની ને સામા ધણીને ગમે તેમ ઉતારી પાડવાની પ્રથા આપણે ત્યાં છે જ. ગોખલે નરમ દળના આગેવાન અને મહારાષ્ટ્રની જનતા જહાલ વિચારને તાળીઓથી વધાવનારી. એ સ્થિતિમાં ગોખલેને નિષ્કારણ નિંદાના ભોગ થવાના પ્રસંગો ડગલે ને પગલે આવતા. જનતાએ એમની સેવાથી લાભ તો ઘણો ઉઠાવ્યો, પણ તેઓ જે કરે એની તો નિંદા જ થાય. જ્યાં ત્યાં એમની નબળાઇ, એમનો સરકાર પરનો વિશ્વાસ અને એમનું બીકણપણું ગવાતું. નગુણા લોકો વિષે મરાઠીમાં એક કહેવત છે કે 'માથું ઉતારીને આપીએ તો પણ કહેશે કે, માથું જ આપ્યુંને? ધડ ક્યાં આપ્યું?' ગોખલેજીને અનેક વાર આવો અનુભવ થયો હતો.

ઋષિ શબ્દ ઉચ્ચારતાંની સાથે ઇન્દ્રિયાતીત વસ્તુને ઓળખનારો, ત્રિકાળદર્શી, ધર્મસમર્થ, એવા પૂર્ણ પુરુષનો ખયાલ નજર આગળ આવે છે. પુરાણોમાં જે અનેક ઋષિઓનાં વર્ણનો આવે છે તે ઉપરથી ઋષિ શબ્દ સાથે કોઈ ચોક્કસ આદર્શ અને ચોક્કસ જીવનકાર્ય આપણે નક્કી કરવાં જોઈએ. જેમની જીવન પ્રત્યે કાંઇક વિશિષ્ટ દૃષ્ટિ છે, જેમણે જીવનના તમામ પ્રશ્નોનો કાંઈક ઉકેલ જોયો છે અને જેમણે જીવનના કોઈ પ્રધાન ક્ષેત્રની સેવા કરતી એક પરંપરા અથવા સંસ્થા સ્થાપી છે તે ઋષિ. આ નવી વ્યાખ્યા જો આપણે સ્વીકારીએ તો સ્વામી વિવેકાનંદ, સ્વામી શ્રદ્ધાનંદ, ગોખલેજી, ગાંધીજી, શ્રી અરવિંદ ઘોષ, રવીન્દ્રનાથ ઠાકુર, શ્રીમતી ઍની બેસંટ વગેરે લોકોને ઋષિની કોટિમાં જ મૂકવાં જોઈએ. ઋષિનો સંબંધ ઇહલોક સાથે વધારે હોવો જોઇએ અને તે પરલોકનો વિરોધી ન હોવો જોઇએ.

---

ઉચ્ચાશયથી તે ઈ. ૧૮૮૫માં પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં રૂ. ૭૫ના પગારે અધ્યાપક તરીકે જોડાયા. એમના અંગ્રેજી સાહિત્યના જ્ઞાન પર મુગ્ધ એવા કૉલેજના વિદ્યાર્થીઓને એમણે અર્થશાસ્ત્ર ને ઈતિહાસ ઉપરાંત ટિળકના એ કૉલેજમાંથી છૂટા થયા બાદ ગણિત, અને આગરકરના મૃત્યુ બાદ ફિલૉસૉફી એટલા જ ખંત અને ચીવટથી શીખવીને આશ્ચર્યચકિત અને આભારવશ બનાવી દીધા હતા.

કૉલેજના એક સાંસ્કૃતિક કાર્યક્રમ સમયે ટિકિટ ઘેર ભૂલી આવેલા એ સમયના સુવિખ્યાત અર્થશાસ્ત્રી ને મરાઠીના મહાપંડિત જસ્ટીસ મહાદેવ ગોવિંદ રાનડેને, બારણા આગળ ફરજ બજાવી રહેલા ગોપાલરાવે રોકી પાડેલા! શ્રી સાહેબનું એ તરફ ધ્યાન જતાં એમણે બંનેને પરસ્પરની ઓળખાણ કરાવી. એ પરિચય અંતે ગુરુ-શિષ્યના સંબંધમાં પરિણમ્યો અને ગોખલેએ પોતાના પિતાના આ સહાધ્યાયી પાસે ૧૨ વર્ષ સુધી રાજકીય અર્થશાસ્ત્રનો અભ્યાસ કર્યો, એમના સંસર્ગના પરિણામે જ એમનામાં જ્ઞાનપિપાસા, દેશભક્તિ ને ન્યાયવૃત્તિ આવ્યાં.

ફર્ગ્યુસન કૉલેજ ચલાવતી સમિતિના કોષાધ્યક્ષનું અવસાન થતાં એ સ્થાને ગોખલેને નીમવામાં આવ્યા, કેમ કે એમની ધીરજ, બુદ્ધિ ને લોકો સાથે કામ લેવાની આવડત પર સમિતિના બધા સભ્યોને શ્રદ્ધા હતી; અને પોતાના વૅકેશનનો ભોગ આપીને કૉલેજનું પોતીકું મકાન થઇ શકે એટલો ફાળો ઉઘરાવી એમણે એ શ્રદ્ધા સાચી પાડી.

પોતાના ગુરુ રાનડેના ત્રૈમાસિક 'ક્વાર્ટર્લી જર્નલ'ના સંપાદનકાર્ય

# એક સહપાઠીની સ્મરણાંજલિ

ધોંડો કેશવ કર્વે

**આ**જથી ત્રીસેક વરસ પૂર્વે, ૧૯૩૫માં, ગોખલેજીની જયન્તીને દિવસે એમના સહપાઠી, સહકર્મી અને સ્ત્રીકેળવણીના મહાન જ્યોતિર્ધર ગુરુવર્ય ધોંડો કેશવ કર્વેએ ગોખલેજીની જીવન-સાધના ને અદ્‌ભુત પ્રતિભા વિષે પોતેઅનુભવેલાં સંસ્મરણો પૂનાની એક સભામાં રજૂ કર્યાં હતાં. મહાત્મા ગોખલેની જન્મ-શતાબ્દીના વર્ષના પ્રસંગે એ પ્રેરણાપ્રદ થશે.

બુદ્ધિશાળી અને અનુભવી જૂના અગ્રણીઓની વચ્ચેથી માર્ગ કરીને પોતાના સતત અને પ્રબળ પુરુષાર્થ વડે કીર્તિના સૌથી ઉચ્ચ શિખર પર સ્થિત થનાર ગોખલેજીનાં તેજોદીપ્ત રાજનૈતિક કાર્યો પર પ્રકાશ નાખી એવી કોઈ વ્યક્તિ આજે બોલે એ યોગ્ય હતું. હું તો એમની થોડી ભવ્ય સ્મૃતિઓ રજૂ કરીશ. આમ તો ગોખલેજીને મળવાની અને એમની સાથે વાતચીત કરવાની અસંખ્ય તકો મળતી હતી, પરંતુ મારાં જ કાર્યોમાં વળગી રહેવાના મારા સ્વભાવને કારણે હું એમને ઓછું મળતો, એટલે મારી પાસે માત્ર જૂજ પ્રસંગો જ છે.

ગઇ સદીના નવમા દશકમાં મુંબાઈની એલ્ફિન્સ્ટન કૉલેજ પ્રિં૦ વર્ડ્‌ઝવર્થને કારણે અંગ્રેજી સાહિત્યના વિદ્યાર્થીઓ માટે, તથા પ્રા૦ હૉથર્નવેટને કારણે ગણિતના વિદ્યાર્થીઓ માટે મોટા આકર્ષણનું સ્થળ હતી. એ દિવસોમાં કૉલેજમાં ગોખલે સૌથી નાની ઉંમરના અને હું કદાચ સૌથી મોટી ઉંમરનો વિદ્યાર્થી હતો: અમે કૉલેજ છોડી ત્યારે ગોખલેને પૂરાં અઢાર વર્ષ પણ નહોતાં થયાં અને હું સત્તાવીસમું વર્ષ પૂરું કરી રહ્યો હતો! બેશક, ગોખલે અત્યંત બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા. ઉંમર જો થોડી મોટી હોત તો એ કૉલેજ જીવનમાં પણ દીપ્યમાન નક્ષત્ર થાત, જેવા તે આગળ ઉપર પોતાના સાર્વજનિક જીવનમાં થયા.

પોતાની સ્મરણશક્તિનો એમને ખૂબ ભરોસો. બી.એ.ના પ્રથમ વર્ષના પાઠ્યક્રમમાંનાં એડમંડ બર્કના 'રિફ્લેકશન્સ ઑન ધ ફ્રેંચ રેવોલ્યૂશન'નાં કેટલાંક પ્રકરણ, તથા પાલગ્રેવના કાવ્યસમુચ્ચય 'ગોલ્ડન ટ્રેઝરી'ની ઘણી કવિતાઓ એમને કંઠસ્થ હતી. એમના અસામાન્ય બુદ્ધિકૌશલની પ્રશંસા તો આપણે વારંવાર સાંભળીએ છીએ. ૧૮૮૪ના અંતમાં અમે બંનેએ બીજા વર્ગમાં બી.એ.ની પરીક્ષા પાસ કરી અને પરસ્પરને ઓળખતા હોવા છતાં એકબીજાને માટે કશા ખાસ આકર્ષણ વિના છૂટા પડ્યા.

લગભગ સાત વર્ષ સુધી અમે બંને જુદા જ ક્ષેત્રોમાં કાર્ય કરતા રહ્યા, તે એટલે સુધી કે આપસમાં પત્રવ્યવહાર પણ નહિ થએલો. અને જો દૈવવશાત્ અમે બંને ફર્ગ્યુસન કૉલેજમાં સાથી–પ્રાધ્યાપક ન થયા હોત તો કદાચ આખું જીવન જ એકબીજાના સંપર્કમાં આવ્યા વગર વીતી ગયું હોત. એમનામાં વ્યક્તિ અને પ્રસંગોને પારખવાની અદ્‌ભુત શક્તિ હતી. ભવિષ્યમાં એમણે પોતાના આ ગુણને ચરમ સીમાએ પહોંચાડી દીધો હતો. જ્યારે અમે બંને સહપાઠી હતા ત્યારે એમણે ખાતરી કરી લીધી કે હું ઈધરતિધરની વાતોમાં ન પડતાં મારા પોતાના અભ્યાસમાં જ મગ્ન રહેનાર, તથા વિશેષ પ્રતિભાશાળી ન હોવા છતાં પણ સાધારણ વિદ્યાર્થી કરતાં થોડ વધારે ઉચ્ચ બુદ્ધિનો વિદ્યાર્થી હતો. આગળ જતાં એમને જાણ થઈ કે પારસી પ્રધાનાધ્યાપકે પોતાના વિદ્યાર્થીઓ માટે કાઢેલા પ્રીવિયસ ને બી.એ.ના પ્રથમ વર્ષના ખાનગી વર્ગોમાં હું ભણાવું છું, તેમજ સિવિલ સર્વિસની પરીક્ષામાં બેસનાર એક બી.એ.ના વિદ્યાર્થીને પણ તૈયારી કરાવી રહ્યો છું. ફર્ગ્યુસન કૉલેજમાં ત્યારે બી.એ.ના પ્રથમ વર્ષ સુધીના જ વર્ગો હતા. ગોખલે ત્યાં ગણિતના પ્રાધ્યાપક હતા. પરંતુ બી.એ.ની પરીક્ષાનું વર્ષ આવતાં કૉલેજને સરકારી વિશ્વવિદ્યાલયની માન્યતા પ્રાપ્ત કરવાનો પ્રશ્ન આવ્યો. ગોખલે બી.એ.ના વર્ગોને ગણિતશાસ્ત્ર તો ખૂબ સરળતાથી ભણાવી શકતા જ હતા. પણ તેઓ તો સર્વતોભદ્ર (ઑલરાઉન્ડ મૅન) હતા, એટલે અંગ્રેજી ઇતિહાસ અને રાજનૈતિક અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક તરીકે એમની જરૂર પડતાં ગણિતને માટે એક જુદા પ્રાધ્યાપક રાખવાનું અનિવાર્ય બન્યું. એ દિવસોમાં ફર્ગ્યુસન કૉલેજમાં અપાતા પગારે ગણિતશાસ્ત્ર માટે એમ.એ. થએલો પ્રાધ્યાપક મેળવવાનું કામ સહેલું નહોતું. હું ફક્ત બી.એ. હોવા છતાં એ કાર્ય માટે યોગ્ય ગણાયો અને એક સવારે ગોખલેનો પત્ર મળતાં હું સ્તબ્ધ થઈ ગયો! પત્રમાં એમણે ઉક્ત પદ લેવા વિષે મારો મત જાણવાની ઇચ્છા દર્શાવીને, તે સ્વીકારવાની તૈયારી સાથે પૂના આવીને શરતો નક્કી કરવાનું લખ્યું હતું. તદનુસાર હું પૂના ગયો, જ્યાં કોઈ પણ સંકોચ વગર નિર્ણય થઈ ગયો અને થોડા મહિનાની કસોટી પછી હું પણ નિષ્કામ કર્મવીરોની એ પ્રમુખ મંડળી–ડેક્કન એડ્યુકેશન સોસાએટીનું અંગ બની ગયો.

---

ઉપરાંત તે કૉલેજના કામના બોજા વચ્ચે પણ 'મરાઠા' ને 'કેસરી' પત્રોમાં લેખો લખતા અને 'સુધારક' નામના આંગ્લ-મરાઠી સામયિકનું તેમજ ૧૮૯૫થી 'રાષ્ટ્રસભા સમાચાર'નું તંત્રીપદ પણ સંભાળતા.

**ઈ**. ૧૮૮૯માં પૂનાની રાજકીય શિક્ષણ આપતી એક સંસ્થાના મંત્રી તરીકે એમની નિમણૂક થઈ એ સાથે એમના જાહેર જીવનનો પ્રારંભ થયો. તેમ છતાં તેઓ ઘણા સમય સુધી તો પરદા પાછળ જ કામ કરતા રહ્યા. પૂનામાં એમણે આપેલા 'રાષ્ટ્રીય ઉત્થાન' પરના પહેલા પ્રવચને આખા દેશમાં ખળભળાટ મચાવી મૂકેલો! એના પરિણામે હિન્દી રાષ્ટ્રીય મહાસભા (ઇંડિયન નૅશનલ કૉંગ્રેસ) સાથે એમનો સંબંધ શરૂ થયો. પછી ઇ. ૧૮૯૦માં કલકત્તામાં ભરાએલા કૉંગ્રેસના અધિવેશનમાં મીઠાવેરો ઓછો કરવાના ઠરાવ પર એમણે જે ભાષણ આપ્યું એણે દેશના મહાન નેતાઓનું ધ્યાન લોકસેવાની તમન્ના ધરાવતા આ આશાસ્પદ યુવાન તરફ ખેંચ્યું. પરિણામે આ 'દક્ષિણના ઊગતા તારા'ની એક યુવાન રાજકીય નેતા તરીકે ખ્યાતિ વધવા લાગી, અને કૉંગ્રેસના પૂના અધિવેશનમાં તો એમને સ્વાગતમંત્રી તરીકે ચૂંટવામાં આવ્યા.

જાહેર કાર્યો કરતા હોવા છતાં તેઓ પોતાના કુટુંબ પ્રત્યેની ફરજ ભૂલ્યા નહોતા. ખૂબ કરકસર કરીને એમણે મોટા ભાઇનું દેવું ચૂકવી દીધું હતું. એમનાં પ્રથમ પત્ની કાયમી બીમાર રહેતાં હોવાથી એમના અને અન્ય સગાંઓના આગ્રહથી એમણે, વિરોધીઓની આકરી ટીકાઓ અવગણીને બીજું લગ્ન કર્યું હતું. બીજી વારની આ પત્નીને થએલા પુત્રનું બાલ્યવયે જ અવસાન થતાં એમને સખત આઘાત લાગેલો; પણ એથી યે વધુ આઘાત તો એમને લાગ્યો હતો ૧૮૯૩માં એમની માતાનું અવસાન થતાં.

ઇ. ૧૮૯૬માં તેઓ ભારતની આર્થિક સ્થિતિની તપાસાર્થે નિમાએલા વેલ્બી કમિશન આગળ 'ડેક્કન સભા' તરફથી જુબાની આપવા ઍડબર્ન અને રાનડેની આર્થિક સહાયથી ઇંગ્લંડ ગયા અને ત્યાં નીડર, તર્કબદ્ધ ને સંગીન દલીલોથી દર્શાવ્યું કે ભારતના જમીન મહેસૂલનો ઉપયોગ દેશના રાષ્ટ્રીય ઉત્થાન માટે થતો નથી; તેમ જ સૂચન કર્યું કે બજેટને અમલમાં મૂકતાં પહેલાં તે વડી ધારાસભામાં પસાર થવું જોઈએ. આ સૂચનનો સરકારે પાછળથી અમલ કર્યો હતો.

ફર્ગ્યુસન કૉલેજમાં એ દિવસોમાં કશું જ આધુનિક આકર્ષણ—શાનદાર મંડપવાળું સુંદર ક્રીડાંગણ, કે સુંદર કબાટોમાં સજાવીને રાખેલાં અદ્યતન પુસ્તકોનો સંગ્રહ, કે એવું કશું ન હતું. ગદ્રેવાડાનું એ ખડતલ પણ જૂની ઢબનું મકાન કૉલેજને જરા યે લાયક નહોતું. અમુક ટીખળી લોકો તો તેને 'ટિનપાટિયા કૉલેજ' કહીને ઉપહાસ કરતા. છતાં એ વિદ્યાસંસ્થામાં ઉદ્દામ પ્રગતિનાં બીજ વિદ્યમાન હતાં અને વિદ્યાર્થીઓની સંખ્યા તથા પરીક્ષાનાં પરિણામની દૃષ્ટિથી એ બીજી સારામાં સારી કૉલેજોની બરોબરી કરતી, બલ્કે એનાથી આગળ રહેતી. તેના પરિચાલક ગોખલેએ પોતાનાં રાજનૈતિક તથા શિક્ષણ સંબંધી કાર્યોથી ભારતીયોનાં હૃદયમાં સ્થાન મેળવ્યું હતું અને એ ક્ષેત્રમાં કામ કરનારા ગણ્યાગાંઠ્યા અગ્રેસરોમાં તેઓ એક હતા. એમના પ્રત્યે ભારતીયોની સ્વાભાવિક સ્નેહભાવના ઉપરાંત મારા અંતઃકરણમાં કૃતજ્ઞતાની ભાવના વિશેષ હતી, કારણ કે એમણે જ મને જીવનમાં ઉચ્ચ ભૂમિ પર પહોંચાડ્યો હતો; એમના જ દ્વારા મને સ્ફૂર્તિપ્રદ વાતાવરણ અને ઉચ્ચ આદર્શોને જીવંત કરનારી પરિસ્થિતિ પ્રાપ્ત થઈ; એમણે જ પોતાના પ્રેરણાપ્રદ ઉદાહરણ દ્વારા મારી આંખો સામે નવાં નવાં કાર્યક્ષેત્ર લાવીને રજૂ કર્યાં. જો એમણે મને ખેંચ્યો ન હોત તો હું મુંબાઈમાં કોઇ નજીવા ધંધામાં લાગીને સામાન્ય જીવનયાત્રા કરી રહ્યો હોત. સમાજસેવાના એ નાના કાર્યનું નિમિત્ત બનાવીને ગોખલેએ મને જે સહારો આપ્યો તે માટે હું એમનો કૃતજ્ઞ છું.

મારી નિમણૂક કરીને ગોખલેએ ફક્ત આવી પડેલી તાત્કાલિક વિપત્તિથી છુટકારો મેળવ્યો હતો. પરંતુ તેઓ અજાણતાં એક એવા પુરુષને હસ્તગત કરવાનું બીજારોપણ કરતા હતા, જે આગળ ઉપર ફર્ગ્યુસન કૉલેજ અને ડેક્કન એડ્યુકેશન સોસાએટી બંનેને જનતાની નજરમાં ઊંચે ઉઠાવવાના હતા. તે યુવક હતા રઘુનાથ પુરુષોત્તમ પરાંજપે.* મારા જ મામાનો દીકરો, અને ઉમરમાં મારાથી કેટલો ય નાનો હોવાને કારણે એના શિક્ષણનો ભાર મેં મારા પર લીધો હતો. પરાંજપે એ સમયે તદ્દન કિશોર વયનો હોવા છતાં, એ વર્ષે આખા મુંબાઈ પ્રાંતમાં મૅટ્રિકની પરીક્ષામાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયો. ગોખલેની એવા તરુણો પર હમેશાં દૃષ્ટિ રહેતી, કે જે વિશેષ પ્રતિભાશાળી હોય ને જેને ડેક્કન એડ્યુકેશન સોસાએટીના આજીવન સભ્ય થવા પ્રેરી શકાય.

હું જ્યારે કૉલેજમાં પ્રાધ્યાપક નિમાયો ત્યારે ત્યાં આચાર્ય વામન શિવરામ આપ્ટે, પ્રો. ગોપાલ ગણેશ આગરકર, પ્રો. વાસુદેવ બાલકૃષ્ણ કેળકર અને પ્રો. મહાદેવ શિવરામ ગોળે જેવા ઉત્તમ વિદ્વાનો હતા. છતાં વ્યવહારમાં તો ગોખલે જ સોસાએટીના પ્રેરક આત્મા હતા અને સામાન્યતઃ એમના જ આદેશ અનુસાર બધાં કામ થતાં. તેઓ પરાંજપેની ઉજ્જ્વળ જીવનચર્યા પર દૃષ્ટિ રાખતા ને વખતોવખત એમને પ્રભાવમાં લાવવાનો પ્રયત્ન કરતા. છેવટે, પરાંજપે હિંદી સરકારની છાત્રવૃત્તિ પ્રાપ્ત કરીને ઈંગ્લંડ ગયા એ પહેલાં જ ગોખલેએ એમની પાસે સોસાએટીના આજીવન સ્વયંસેવક-સભ્ય બનવાની પ્રતિજ્ઞા કરાવી લીધેલી. પરંતુ પરાંજપે ભારતના પ્રથમ ગણિત-કેસરી (સીનિયર રૅંગલર)ની અપ્રતિમ

*હમણાં જ દિવંગત થએલા એ મનીષીનું ચરિત્ર થોડા સમયમાં જ 'કુમાર'માં આવશે.



ધોંડો કેશવ કર્વે

કીર્તિ પ્રાપ્ત કરી સ્વદેશ પાછા ફર્યા ત્યારે સોસાએટીના સદસ્યોએ એમના ઉજ્જ્વળ ભવિષ્ય અને સરકારી શિક્ષણ-વિભાગના ઉચ્ચતમ પદ પર પ્રતિષ્ઠિત થવાના માર્ગમાં રુકાવટ ઊભી કરવાનું યોગ્ય ન ગણ્યું અને એમને પૂર્વપ્રતિજ્ઞામાંથી મુક્ત કરવાનો ઠરાવ કર્યો. છતાં પરાંજપે તો પોતાના વચન પર દૃઢ રહ્યા અને પરિણામે એમના જેવા ઉચ્ચ કોટિની યોગ્યતા અને ખ્યાતિવાળા પુરુષ ફર્ગ્યુસન કૉલેજના અધ્યક્ષ રૂપે પ્રાપ્ત થયા.

ફર્ગ્યુસન કૉલેજ અને સર્વન્ટ્સ ઑવ ઇન્ડિયા સોસાએટી એ બે તો, ગોખલે પોતાની પાછળ જે છોડી ગયા છે તે સર્વ સ્મારકોમાં સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. ગોખલેની ગણના હમેશાં રાષ્ટ્રના આગળપડતા નિર્માતાઓમાંના એક તરીકે જ થતી આવી છે.

(અનુવાદિકા : કુ. કમલાબેન જે. પટેલ)

---

આ સમયે ઇંગ્લંડમાં જ એમને મિત્રોના પત્રો દ્વારા સમાચાર મળ્યા કે પૂનામાં ભયાનક પ્લેગ ફાટી નીકળ્યો છે અને મુંબાઈ સરકારની બેદરકારીને લીધે રોગપીડિતો તરફ પૂરતું લક્ષ અપાયું નથી. એના અનુસંધાનમાં ગોખલેએ ઈંગ્લંડમાં સભાઓ ભરી કેટલાક અમલદારોની સખત ટીકાઓ કરી. એ પરથી હિંદી વઝીરે મુંબાઈ સરકારને તપાસ કરવા જણાવતાં સરકારે પૂનાના ૧૦૦ નાગરિકોને એક પ્રશ્નાવલી મોકલી આપી, પણ કોઇએ સાચી માહિતી આપી નહિ. પરિણામે સ્વદેશ પાછા ફર્યા બાદ રાનડે જેવા અંતરંગ મિત્રોની સલાહ લઇને એમણે સરકારની માફી માગી; જોકે એમની આ જાહેર હિંમતને એમના વિરોધીઓએ તો એમની નિર્બળતા ગણાવીને એમની સખત ટીકાઓ કરી એમની પ્રતિષ્ઠા ઘટાડી! બીજી વાર પ્લેગ ચાલતાં એમણે રોગગ્રસ્તોની એવી તો સુંદર સેવા કરી કે એમની ઓસરી ગએલી પ્રતિષ્ઠા પુનઃ સ્થાપિત થઇ ગઈ.

ઈ. ૧૮૯૫માં તેઓ કૉંગ્રેસના સહમંત્રી બન્યા અને ઈ. ૧૮૯૯માં મુંબાઈની ધારાસભામાં સભ્ય તરીકે ચૂંટાયા. મ્યુનિસિપાલિટી માત્ર આરોગ્ય સાચવનાર સંસ્થા જ નથી, પણ લોકોને ઉત્તમ શિક્ષણ આપી સાચા નાગરિકો ઘડવા એ પણ એનું કર્તવ્ય છે એમ ધારાસભામાં પોતાની અદ્‌ભુત વક્તૃત્વશક્તિનો વિનિયોગ કરીને દર્શાવનાર આ લોકસેવકે હમેશાં ગરીબ ખેડૂતોના લાભાર્થે સરકારની કડક ટીકાઓ કરેલી.

આ ગાળામાં એમનાં બીજી વારનાં પત્નીના તેમજ ગુરુ રાનડેના અવસાનથી એમને એટલો મોટો આઘાત લાગ્યો કે એમણે જાહેર જીવનમાંથી નિવૃત્ત થવા સુધીનો વિચાર કરેલો, પણ સ્વ. ગુરુની સલાહનું સ્મરણ થતાં તેનો અમલ ન કર્યો. ઈ. ૧૯૦૨માં ફિરોઝશાહ મહેતા વડી ધારાસભામાંથી નિવૃત્ત થતાં ગોખલેને એ જગ્યા પર નિયુક્ત કરવામાં આવ્યા, અને એ કાર્યભાર સારી રીતે ઉપાડી શકાય તે માટે તેઓ ફર્ગ્યુસન કૉલેજમાંથી ૩૦ રૂ.ના પેન્શન સાથે નિવૃત્ત થયા.

હવે ગોખલે પ્રાંતીય નેતા મટી સમગ્ર ભારતના નેતા ને કર્ણધાર બન્યા. વડી ધારાસભામાં એમણે મીઠા પરનો કર ઘટાડવા કે દૂર કરવા, મફત ફરજિયાત શિક્ષણ આપવા, ટેકનિકલ સ્કૂલ-કૉલેજો ખોલવા, ખેડૂતોની સ્થિતિ સુધારવા અને ભારતવાસીઓને (અનુ. પૃ. ૨૮૨)

# જીવનપંથનાં સ્મૃતિચિત્રો

મણકો-૫૫

લેખક અને ચિત્રકાર · રવિશંકર રાવળ



પરમાનંદને ત્યાં સ્વામી આનંદ

## ૨૫૮
## સાથે બેસી ચા તો પીઓ

બીલખા બ્રહ્મસમાજમાં મહાત્મા શ્રી નથુરામ શર્મા-ની હાજરીથી બ્રાહ્મણોના નૈતિક ધોરણને ઊંચું લાવવા જે થોડા-એક ઠરાવો થયા તેની અસર સૌરાષ્ટ્રની જ્ઞાતિઓ પર સારી થઈ. જુદાંજુદાં જૂથો વચ્ચે હળવા-મળવાના પ્રસંગો ઊભા થયા અને ઘણા જુવાનોનાં મનમાં જ્ઞાતિ-તડોના વાડા નિરર્થક દેખાવા લાગ્યા. છતાં આ સમૂહો વચ્ચે આંતરજ્ઞાતીય લગ્ન-વ્યવહારનો કોઈ ઇશારો પણ નહોતો. નાનાનાના વ્યવહાર-પ્રસંગોમાં એકબીજાને ત્યાં આમંત્રણો અપાવા લાગ્યાં. કેટલાક યુવાનો અને પરદેશમાં નોકરી કરતાં કુટુંબોને અન્ય સજ્ઞાતિ જૂથો સાથે પરિચયો થએલા, પણ વતનમાં તો તેમના વ્યવહારો સગાંવહાલાંની વચ્ચે રિવાજ મુજબ જ થતા. હું નવા વિચારોને આવકારતો થયો હતો, પણ જ્ઞાતિમાં કે બહાર કોઈ સુશિક્ષિત પ્રૌઢા કે યુવાન નારીરત્નોનાં દર્શન દુર્લભ હતાં. મારા કેટલાક વડીલો પણ ખાનદાની અને કુલીનતાની ઝીણવટો તથા પરંપરાને ત્યજી શક્યા નહોતા અને તેનાં પરિણામો (નબળી નિર્માલ્ય સંતતિરૂપે) કુટુંબને વેઠવાં પડતાં તે પછીના અનુભવોએ સિદ્ધ કર્યું.

ભાવનગરમાં મારી ભાવનાઓનો રંગ સાચવે એવું કોઈ સ્થાન હોય તો તે નવું થએલું દક્ષિણામૂર્તિ ભવન હતું. ત્યાં મારા મિત્રો એકઠા થતા. નાનાભાઈ ભટ્ટ અમારી સાથે યુવાનોના પ્રશ્નો છૂટથી ચર્ચતા અને તેમના વિશાળ વાચન તથા વિચારણાનો લાભ અમને મળતો. મારા મિત્ર પરમાનંદ પણ વૅકેશન ગાળવા ભાવનગર આવતા ત્યારે પોતાને ઘેર આઠ-પંદર દિવસે બધા મિત્રોને બોલાવતા અને તે વખતે એકાદ વિદ્વાન પ્રોફેસર કે સાક્ષરને પ્રમુખસ્થાને સ્થાપી સમાજ અને યુગ વિષે ચર્ચાઓ ઊભી કરતા. મને આવી અકાદમિક (વિદ્વદ્‌ભોગ્ય) ચર્ચાઓમાં રસ નહોતો, પણ પરમાનંદના આત્મીય મિત્ર તરીકે હાજરી આપતો અને બધું જોયા કરતો.

એક વાર તે શ્રી રણજિતરામ વાવાભાઇને ખેંચી લાવ્યા ને ગુજરાતી ભાષામાં સુંદર ચર્ચાઓ થઈ. તે પછી રણજિતરામે સમાપન કરતાં કહ્યુ: 'તમે યુવાનો ઠામેઠામ અવિધિસરનાં મિલનો ચાલુ કરો. બીજું કંઈ ન કરી શકો, જ્ઞાતિઓ એક કરી ન શકો, ભોજન સાથે લઈ ન શકો, પણ સાથે બેસી ચા તો પીઓ!' એ જમાનામાં યુવકોમાં ચાનો બહિષ્કાર કરવાની હિલચાલ ચાલતી હતી, પણ રણજિતરામે ભેગા બેસી આનંદ આપનારો ચાનો પ્યાલો ખુલ્લા દિલે આવકાર્યો હતો.

## ૨૫૯ સ્વામી આનંદ

ભાઇશ્રી પરમાનંદે મુંબાઇમાં તેમજ સૌરાષ્ટ્રમાં મિત્રમંડળ વિસ્તારવા માંડયું હતું. જે જે મિત્રોમાં બુદ્ધિ અને ચારિત્ર્યનો ઉત્કર્ષ જોતા તેમને મિત્ર બનાવી લેવાની કળા એમને સુસાધ્ય હતી. મુંબાઇમાં તેમને શ્રી શિવલાલ પાનાચંદ શાહ (જે વર્ષો બાદ આઈ. સી. એસ. થઈ આવી યુ.પી.માં કમિશનર થયા હતા તે)નો પરિચય થયો હતો. શિવલાલના એક શાળા-મિત્રની વાત મને તેમણે એક વાર કરી. એ કાળે યુવાનોમાં દેશભક્તિનો એક અંતરંગ જુવાળ દેખાતો હતો. કેટલાકે પરદેશી ખાંડ છોડી હતી, કેટલાકે પરદેશી કાપડનો ત્યાગ કર્યો હતો, કેટલાકે પરદેશી ઇતિહાસની પોલ જોવા માંડી હતી. તેમાંના એકને એક વાર નિશાળમાં માસ્તર અંગ્રેજોની પ્રશંસા કરતા હતા તેથી ચીડ ચડી. તેણે લાગલા જ ઊભા થઈ માસ્તરને બે શબ્દો સુણાવી શાળાનો ત્યાગ કર્યો. તે પછી તો તેણે રાષ્ટ્ર-પર્યટન કરી અનેક ક્રાંતિવાદીઓનાં ગુપ્ત મંડળો જોઈ નાખ્યાં હતાં અને છેવટે કોઈ સિદ્ધ યોગી મળી જાય અને ભારતના ઉદ્ધારની કૂંચી મળી જાય એવી આકાંક્ષાએ હિમાલયના અગમ માર્ગો ખૂંદી વળ્યા હતા. પરમાનંદ ઉપર એના ૪૦-૫૦ પાનાંના ખૂબ લાંબા પત્રો આવતા તે પરમાનંદ મને વંચાવતા.

એક દિવસ પરમાનંદની મારા પર ચિઠ્ઠી આવી કે જેમના પત્રો પોતે મને વંચાવ્યા હતા તે મિત્ર હિમાલયનો પ્રવાસ અને યોગી-મહાત્માઓનો પરિચય કરી આજે પોતાને ત્યાં આવેલા છે માટે મારે તેને મળવા જવું. હું બપોરે ગયો ત્યારે માળ ઉપર પરમાનંદના ખંડમાં એક યુવાન સાધુ કબાટમાંનાં પુસ્તકો ફીંદતો હતો. માથા પરના કાળા લાંબા વાળનાં ગૂંચળાં તે કાંસકાથી અવારનવાર ઓળતો હતો. શરીરે કુડતા ઉપર ખુલ્લો કોટ હતો અને ધોતિયું લુંગીની જેમ વીંટયું હતું. સ્વામી આનંદ તેમનું નામ. પરમાનંદે મારી ઓળખાણ આપી અને હું ચિત્રકારી કરી રહ્યો છું એવો મારો પરિચય આપ્યો. તેમણે હસીને ઘસાતા ઘેરા અવાજે મને વહાલથી કહ્યુ: 'રવુભાઈ, તમારા જેવા ભાવનાશીલ બંગાળી ચિત્રકારોને હું જાણું છું. તેઓ ભારતીય કલાનો સમુદ્ધાર કરવા પ્રયત્ન કરે છે.' તેમણે રવીન્દ્રનાથના શાન્તિનિકેતનની વાત કરી. નંદલાલ વસુ, અસીત હાલદાર, મુકુલ દે વગેરેનાં નામ લીધાં. આ બધાનાં નામ મેં વાંચ્યાં હતાં, પણ તેમણે તો એ સર્વનો પ્રત્યક્ષ પરિચય કર્યો હતો. બંગાળી ભાષા તેમણે સાધ્ય કરી હતી. રવીન્દ્રનાથ-નાં પદો તેમને કંઠસ્થ હતાં. મેં પહેલી જ વાર બંગાળી પદો તેમના મુખેથી સાંભળ્યાં. 'અયી, ભુવન-મનમોહિની', 'એકટી નમસ્કારે' વગેરે પદોના ભાવ અને લય મને એટલાં ગમ્યાં કે મેં તે જ વખતે તેમની પાસે તે ઉતરાવી લીધાં.

'નૅશનલ આર્ટ' (રાષ્ટ્રીય કળા) એ શબ્દ પણ તેમની જ પાસેથી પહેલી વાર મેં સાંભળ્યો તેના સંગમાં અમે નવું જ વાતાવરણ અનુભવી રહ્યા. રાષ્ટ્રીય વિચારો કદી આવા પ્રબળ ધસારા સાથે અમારા મંડળમાં પ્રવેશ્યા ન હતા. વાતવાતમાં તેમણે કહ્યુ કે 'મારે મારા એક સંબંધીને મળવું છે અને તેમનું નામ મહાશંકર રાવળ છે.' મેં તેમને કહ્યુ: 'અરે! એ તો મારા પિતાશ્રીનું જ નામ. તમે શી રીતે એ નામનો

સંબંધ ધરાવો છો?' તેમણે કહ્યુ: 'મારા બનેવી, શિયાણીવાળા કાનજીભાઈ આચાર્યના તેઓ મશિયાઈ ભાઈ થાય છે, અને એમણે મને ભાવનગરમાં તેમને ખાસ મળવા કહ્યુ છે.' આ વિગતો સાંભળીને મને તરત યાદ આવ્યું કે આ જ સ્વામીના મોટા ભાઈ જયશંકર દવે સીમલા સેક્રેટરિયેટમાં હતા અને તેમના બીજા ભાઇ પ્રભાશંકર અમદાવાદની મેડિકલ હૉસ્પિટલમાં હતા. એ બંનેને મેં જોએલા, પણ સ્વામીને કદી જોએલા નહિ. તેમનો ઉછેર મુંબાઈમાં થએલો. ખરું નામ હિંમતલાલ. હવે તો તે આત્મીય ઠર્યા. તેમને મારી સાથે જ મારા પિતાશ્રી આગળ લઈ ગયો. સ્વામી આનંદે તેમને વડીલ તરીકે પ્રણામ કર્યા ને હિમાલયપ્રવાસની થોડી વાતો કરી. તે વખતે મેં એમને પૂછેલું તે બરાબર યાદ છે કે 'સ્વામી તમે હિમાલયમાં કોઇ સિદ્ધ યોગી જોયા ખરા?' તેમણે તરત કહ્યુ કે 'તમને તમારું ધાર્યું કરાવી આપે એવી સિદ્ધિવાળા તો કોઈ જોયા નહિ, પરંતુ એવા મહાત્માઓ વિરલ પણ છે ખરા કે જેમનું મન આત્મજ્ઞાનમાં લીન હોય. પણ તેઓ કદી આ સસાર વિષે વિચાર જ કરતા નથી. ઇશ્વરની દુનિયામાં કોઈ માણસોના અલ્પ જીવનમાં સિદ્ધિના ચમત્કારો બતાવનારા જાદુગર હોવાનો તેમને ખયાલ પણ હોતો નથી. અનંત કાળમાં સૃષ્ટિઓ સર્જાય છે ને લય પામે છે, એ ઇશ્વરી લીલામાં હસ્તક્ષેપ કરવાની તેમને સ્પૃહા પણ નથી હોતી. પણ એટલું ખરું કે આવા અવાપ્તકામ (કામના રહિત) આત્માઓ જ્યાં વિચરે છે ત્યાં પ્રકૃતિ પોતે કલ્યાણકારી બની જાય છે, વાતાવરણ નિર્મળ બની જાય છે અને તેમના સમાગમમાં આવનારા જીવો આપોઆપ ઊર્ધ્વગામી (ઊંચી ભાવનાવાળા) બની જાય છે.'

એ દિવસથી સ્વામીએ મને પોતાના હૃદયમાં સમાવીને ત્યાર પછીના આજ દિન સુધીના પ્રસંગોમાં કદી વિસારે પાડયો નથી.

## ૨૬૦ લીમડીમાં જૂના મેળાપ

હુ રજામાં સૌને નવરો જણાતો હતો, એટલે સગાંવહાલાંમાં કોઈ સ્થળે કોઇ પ્રસંગ આવે ત્યારે ઘરના માણસ તરીકે મારે હાજરી આપવી એવું ઠર્યું હતું. લીમડીમાં મારા પિતાશ્રીના વર્ષોના પોસ્ટ ખાતાના સાથી અને સ્નેહી-સંબંધી જેવા શિવશંકરભાઈ દવે હતા. તેઓ હાલ ત્યાં નિવૃત્તિ–પેન્શન પર હતા. તેમણે પોતાના મોટા પુત્ર લખુભાઇના પુત્રોની જનોઈના પ્રસંગે મહારુદ્ર યજ્ઞ કર્યો હતો. ઘરના પ્રતિનિધિ તરીકે હું ત્યાં પહોંચ્યો અને મારા બાળપણના નામ 'રવિ'થી સંબોધન કરતા વડીલ લખુભાઈ તથા ડાકટર જટુભાઈ વગેરેએ, પોતે ભાવનગર અમારા ઘરમાં રહી મૅટ્રિકનો અભ્યાસ કરેલો તેની અને મારા પિતાશ્રીનાં માતાપિતાને પણ પોતે જોએલાં તેની વાતો કહી. મારા કાલેજના મિત્ર કૃપાશંકર શુકલના પિતા સુખરામ શુકલ યજ્ઞના મુખ્ય પુરોહિત હતા. તેમનામાં મેં એક પરમ પવિત્ર શ્રોતીય બ્રાહ્મણનું દર્શન કર્યું. કૃપાશંકર તેમના એકના એક પુત્ર નાનપણમાં માતાવિહીન થએલા, પણ પિતાએ એક વિધવા બહેનની સહાયથી તેમને લાડથી મોટા કરી તાજેતરમાં પરણાવી યુવાન કુલવધૂને ઘર ભળાવી દીધેલું. કૃપાશંકર હેતથી મને પોતાને ઘેર લઈ ગએલા, અને સંસ્કૃત શ્લોકોની રસિકતા ભેળવી પોતાના દાંપત્યજીવનનો રસ પ્રકટ કરેલો. એ વખતમાં કોઈ કુલવધૂ મિત્રો આગળ આવી શકતી નહિ, પણ કૃપાશંકરને મારા આદર્શો માટે પૂર્ણ વિશ્વાસ હતો એટલે ખૂબ સમજાવી પોતાનાં પત્નીને મારી હાજરીમાં બોલાવેલાં. કૃપાશંકર શ્યામલ પણ ફૂટડા મનોહર યુવાન હતા અને રાધિકા સમી રૂપસંપન્ન પત્ની તેને મળી હતી એ હું તરત સમજી શકયો. એ ક્ષણમાત્રના પરિચયથી પણ હું જાણી શકયો કે બંને પૂર્ણ સંતુષ્ટ હતાં.

મારા મિત્ર વિજયશંકર જાની પણ મુંબાઈથી લીમડી આવી પહોંચ્યા હતા. શિવશંકર દવેનાં સુપુત્રી ગોદાવરીબહેન સાથે તેમનું લગ્ન થએલું, પણ એક પુત્ર અને પુત્રી મૂકી તે અકાળે અવસાન પામેલાં. આ દવે-ઘરના જમાઇ તરીકે યજ્ઞમાં તેમની હાજરી મને સારી સોબત બની ગઈ. તે મુંબાઇમાં મળેલા ત્યારે તસ[illegible] ટ્રેટ) કરતા ને આગળ અભ્યાસ છોડી વતનમાં ફરીફરીને કામ મેળવતા આ જ વેળા લીમડી ઠાકોરસાહેબને ત્યાં પણ લગ્ન-પ્રસંગ જેવું હતું, એટલે તેમના ચિત્રશિક્ષક જામનગરના શ્રી કેશવરાવ કારખાનીસ પણ ત્યાં આવ્યા હતા. તેમણે ઉદયપુર જઇ રવિવર્માએ કરેલા રાણા પ્રતાપના મોટા આદમ કદના પેઇન્ટિંગની નકલ કરી આણી હતી. સૌરાષ્ટ્રના ચિત્રશિક્ષકોમાં સારું પેઇન્ટિંગ જાણનાર તે એક જ હતા અને રાજસન્માન પણ પામ્યા હતા. એ જ અરસામાં નાનાલાલ જાની પણ લીમડી રાજ્યના દેવાના બદલામાં રાજા રવિવર્માનાં ચિત્રોની નકલો કરતા હતા ને તેમાં ચારચાર સ્થાનિક ચિત્રકારોને કામે લગાડયા હતા. વજુભાઇએ મને લીમડીના જૂના રાજમહેલમાં આંગ્લ ચિત્રકાર ફ્રૅંક બ્રુક્સનાં સૌરાષ્ટ્રી જનતાનાં બે ચિત્ર બતાવેલાં તે પૈકી, 'ધોમ તડકે ભેગાવાની રેતીમાં ચાલ્યું આવતું ગાડું અને સાથે ચાલતો ફાળિયું ઓઢેલો ગ્રામજન' એ ચિત્રે મારા પર જે ચોટ કરી તે હજુ ભુંસાઈ નથી.

લીમડીના પ્રસંગથી મને ખાસ લાભ થયો તે ડૉક્ટર શ્રી જટુભાઈના પુનઃ સમાગમનો. નાનપણમાં હું તેમનો લાડકો હતો અને હાલ પણ તેમના મીઠા તુંકારવાળું 'રવિ' સંબોધન મને મીઠું લાગતું હતું. મેં જાણ્યું કે તેઓ વડોદરા રાજ્યની નોકરીમાં છે અને હાલ વડોદરા રાજમહેલના ખાસ ડૉક્ટર થયા છે, એટલે મેં વડોદરા જઇ રાજા રવિવર્માનાં મૂળ ચિત્રો જોવાની ઘણા સમયની મારી ઇચ્છા તેમને જણાવી. તેમણે તો તરત કહ્યુ કે 'આ જ વૅકેશનમાં મુંબાઇ જતાં વચ્ચે ઊતરીને મારે ત્યાં જ રહીને બધું વડોદરા જોવું. ત્યાંનું મ્યૂઝિયમ અને તેમાંનાં યુરોપીય ચિત્રો પણ જોવા જેવાં છે.' આમ, અચાનક મારા જીવનમાં એક અગત્યનું પ્રકરણ પૂરનાર મેળાપ સંધાઈ ગયો.

અનેક વિવિધ પ્રસંગો–મિલનોથી મારું વૅકેશન ઝપાટાબંધ આનંદમાં વીતતું હતું. ઘરમાં અને બહાર વખતોવખત સારાં ભોજનો મળતાં હતાં અને હજુ તો મે મહિનો અરધો વીત્યો હતો, ત્યાં નવસારીથી મોટા ભાઇના પત્ર આવ્યો કે પોતે બહુ બીમાર અને પથારીવશ છે, ને ભાભી ત્યાં એકલાં મૂંઝાય છે. નાના બાળકને પણ સાચવવાની તેમને ચિંતા હતી. ઘરમાંથી બીજું કોણ ત્યાં જઇ શકે? મારે વહેલું મોડું મુંબાઈ જવાનું જ હતું, એટલે પંદર દિવસ વહેલા નીકળવા મેં તત્પરતા બતાવી, અને બને તો વચ્ચે વડોદરા જોતા જવાનું ઠરાવ્યું. સૌની સંમતિ મેળવી હું નીકળ્યો. આ વખતે વીરમગામના મિત્રોને સ્ટેશન પર જ મળીને સંતોષ માન્યો.

## ૨૬૧ વડોદરા: લક્ષ્મીવિલાસ મહેલ

વડોદરા ડૉ. જટુભાઈને પત્ર લખ્યો હતો, પણ તે જ દિવસે તેમને રાજમહેલની પાળી હતી એટલે ગાડી ભાડે કરી શ્રી રામજીમંદિરના તેમના ઠેકાણા પર પહોંચી ગયો. ત્યાંના મોટા રસ્તા, બે બાજુ વૃક્ષોની હાર ને બગીચાનાં ફૂલોની બહાર જોઇ હું આભો બની ગયો. જટુભાઈનાં પત્ની (બીજી વારનાં) મને સામાન સાથે આવેલો જોઈ જરા ચિંતામાં પડયાં. ઘર નાનું. નવો યુવાન અને મને પૂરો જાણે નહિ. એ જ વખતે રાજમહેલમાંથી એક પટાવાળો જટુભાઈની ચિઠ્ઠી લઇને આવ્યો કે 'રવિભાઈ ભાવનગરથી આવ્યા હોય તો આ માણસ સાથે તેમને રાજમહેલમાં મોકલી આપો, જેથી તેમને પૂરેપૂરું જોવાનું મળે.' એથી એમના મનને નિરાંત થઇ ગઈ.

## માફી વિદ્યાર્થીઓ માટે આવકની એક તક

'કુમાર'ના પ્રચાર તથા ગરીબ વિદ્યાર્થીઓ-ની સહાય અર્થે અમારી પાસે થોડી રકમ આવી છે. તેનો વિનિયોગ નીચેની રીતે કર-વાનો છે: જે કોઈ માફી વિદ્યાર્થી 'કુમાર'ના નવા ગ્રાહક નોંધી મોકલે તેને દરેક નવા ગ્રાહક દીઠ ૩૩ ટકા એટલે કે પાંચ રૂપિયા કમિશન આપવું. શરત એટલી કે તેણે કમિશન કાપીને બાકીના દસ રૂપિયા અમને મોકલતી વખતે તેની સાથે પોતે માફી વિદ્યાર્થી હોવાનું પોતાની શાળા કે કૉલેજના આચાર્યનું પ્રમાણપત્ર મોકલવું. અમને આશા છે કે આ પ્રામાણિક પ્રાપ્તિનો લાભ ઘણા લેશે.

લક્ષ્મીવિલાસના ઉદ્યાનની ઘટા, માર્ગો, નક્શી અને શણગારો-વાળું રાજ્ય-મહાલય મને ચોપડીઓનાં વાર્તા-ચિત્રો જેવાં આકર્ષક લાગ્યાં. કમાનો, સ્તંભો, ઝરૂખાની શોભા જોતો હું તેમાં દાખલ થયો અને એક ખૂણા પર આવેલા મહેલના દવાખાના અને દાક્તરના આ-રામખંડમાં પહોંચ્યો. થોડી વારે જટુભાઇ મહેલના નિવાસીઓની તબિયત તપાસીને આવ્યા અને મને જોઇ ખૂબ રાજી થયા, કારણ કે ઘેર હું એકલો પડત તે મુશ્કેલી ટળી હતી. એટલામાં તો મહેલના હજૂરિયા દાક્તર પાસે આવવા લાગ્યા: 'દાક્તર, આજે પેટ બંધ છે. દાક્તર, આજે પેટમાં બાદી છે.' દાક્તર જરા તતડીને કહે: 'તો પછી રાત્રે ઠાંસ્યું શા માટે? મહેલનો મફતનો માલ એમ પચે નહિ. જાઓ, આ ડોઝ લઈ જાઓ; આજ કંઇ ખાતા નહિ.' વગેરે.

દાક્તર મને કહે: 'આ મહેલની વાતો તો તોબા છે. રસોડામાં ભાતભાતની વાનીઓ થાય ને આ લોકોને ઝપાટવાનો ચસ્કો. મહારાજા તો બહુ જ સ્વલ્પાહાર કરે છે પણ ટેબલ માટે અને મહેમાનો માટે ઘણું થાય છે અને ઘણું બગડે છે. સાલા, આ બધા જ એ ચપાટી જાય છે અને પછી ફરિયાદ કરતા આવે છે. હવે તમે આ માણસ સાથે મહેલનાં ચિત્રો ફરીફરીને જુઓ. રાત્રે પણ મારી સાથે અહીં રહેવાનું છે. કાલ સવારે સાથે ઘેર જઈશું. મકરપુરા મ્યૂઝિયમ કાલ ઉપર રા-ખીશું.' હું તો તેમના સમય સાથે બંધાઈ ગયો. મનમાં નવસારી પહોંચવાની ઉતાવળ હતી, પણ હવે હાથમાં આવેલી આ તકનો પણ બને તેટલો લાભ ટૂંકા વખતમાં લેવાનું ઠરાવ્યું.

મેં મહેલના ભાતભાતના શણગારો, પૂતળાં અને યુરોપિયન ચિત્ર-કારોનાં ઉત્તમોત્તમ ચિત્રો જોયાં અને ભોજનખંડમાં રાજા રવિવર્મા-એ કરેલાં ૧૮ પૌરાણિક ચિત્રો જોયાં. મને સમજાયું કે યુરોપિયન ચિત્રકારોની રંગછટા, આબેહૂબતા અને વિવિધતા રાજા રવિવર્મા પ-કડી શક્યા નહોતા. તેમનાં ચિત્રો ઝાંખાં કે પીળાશવાળાં થઈ ગયાં હતાં. છતાં ભારતમાં નામ લેવા યોગ્ય ચિત્રકાર તેઓ જ હતા.

જટુભાઈએ રસોડે કહેવડાવી ખાસ ભોજન પોતાના રૂમમાં મંગાવ્યું. બપોરે આરામ પણ ત્યાં જ લીધો. સાંજે દાક્તર ફરી બ-ધાંની ખબર કાઢી આવ્યા. આજે નવા અંગ્રેજ રેસિડેન્ટ મહેલના મહેમાન હતા અને તેના રંજન માટે પાછળના ચોગાનમાં બેઠક રચાઈ હતી. જટુભાઇએ એક હજૂરીને કહી મને રંગચોક સામેના ઊંચા પર-થાર પર ગોઠવાએલી ખુરશીઓની પાછલી હારમાં બેસાડી દીધો.

સમય થતાં ખાણું પતાવી મહારાજા, રેસિડેન્ટ અને મુખ્ય મહેલ-વાસીઓ રૂપેરી ખુરશીઓ પર ગોઠવાયા. રોશની બધી સામેના રંગ-ચોક પર ગોઠવાઈ હતી. તેની બે બાજુએ વાજિંત્ર વગાડનારાઓ, ગવૈયાઓ અને નૃત્યકારોનાં વૃંદ બેઠેલાં હતાં. બીજી બાજુ મહેલનાં સાધારણ માણસો જમીન પર બેઠાં હતાં.

સમય થતાં મહારાજાના એક સંબંધી જે આવા જલસાનું નિય-મન કરતા હશે તેણે ફરમાયશ કરી એટલે ઉસ્તાદોએ વારાફરતી આવી તાન-પલટાનાં ગાયનો સંભળાવ્યાં અને થોડી વારે તાંજોરી નૃત્ય કર-નારી બે યુવતીઓ ઊઠી. તેઓ અસલ તાંજોરી પરિધાનમાં સજ્જ હતી. નૃત્ય સમજવાની મારામાં એ કાળે જરા યે સૂઝ નહોતી, પણ તાંજોરી નર્તિકાઓની પ્રશંસા સાંભળેલી અને આજે મેં ખરું નૃત્ય પ્ર-થમ વાર જોયું—સ્વપ્નમાં સરતી મનોહર દેહરચનાઓ નિહાળી. રાજમહેલની એ રાત મને અરેબિયન નાઇટ્સ જેવી લાગી.

મહારાજા ઘણી વાર મધરાતે દાક્તરને બોલાવતા. એમ એક વાર ગયા ત્યારે રાજમહેલની કોઈ ખટપટના ઉશ્કેરાટથી અનિદ્રાના પાશ-માં એમને બેઠેલા જોયા. દાક્તર પણ ચિંતામાં પડ્યા કે શું બોલશે; છતાં નમ્રતાથી કહ્યું: 'યૉર હાઇનેસ આપે આરામ લેવો જોઇએ. જરા ખુલ્લી હવામાં ફરીને સૂઈ જવું જોઇએ. હુકમ કરો તો સાદો ડોઝ લાવું.' પણ મહારાજા બરાડી ઊઠ્યા: 'નો! નો! મારી ગન (બંદૂક) લાવી આપો. આવાં તરકટ હું નહિ ચાલવા દઉં. હું એ......ને શૂટ કરીશ.' કેટલાક કુટુંબક્લેશો મહારાજાને શાંતિ મળવા દેતા નહોતા એમ જટુ-ભાઈની વાતોથી હું સમજ્યો. રાજકુટુંબનાં પાત્રોથી હું સાવ અજાણ હતો, પણ અનુભવી પાસવાનો ઘણું જાણતા હશે.

બીજે દિવસે જટુભાઈ સાથે ઘેર આવ્યો. હવે એમને બે દિવસની છૂટી હતી. એમની ચિકિત્સા અને ઉપચારથી એ કેટલાંક કુટુંબોમાં જા-ણીતા થયા હતા. એવાં ખાનગી દરદીઓની તેમને સારી કમાણી હતી, પણ ઝાલાવાડી સ્વભાવ પ્રમાણે દેખાવ અને ખર્ચ થોડો જ રાખતા. તેમની સાથે મકરપુરા પૅલેસ જોયો. ત્યાં પણ મેં મોટાં દશ્યચિત્રો જોયાં, છેવટે મ્યૂઝિયમમાં લઈ ગયા ત્યાં તેમના મિત્ર ડૉ. અંબારામ હતા. તેમણે વ્હાઈટ બંગલામાં સંઘરેલાં યુરોપિયન ચિત્રો જોવા પટાવાળા પાસે તાળું ખોલાવી આપ્યું. જે મહાન ઈટાલિયન, ફ્રેન્ચ, અંગ્રેજ ને જર્મન ચિત્રકારો વિષે મેં વાંચ્યું હતું તેમનાં અસલ ચિત્રો જોતાં મને તો થયું કે મુંબાઇમાં પણ જે નથી તે અહીં છે. આ ચિત્રોથી સાચે જ ચિત્રકળાનું સાચું સ્વરૂપદર્શન થયું. એમ પણ થયું કે કળા નો અભ્યાસ કરવા મેં વડોદરા પસંદ કર્યું હોત તો કેવું સારું થાત!

વડોદરાની મોહિની ધારણ કરી હું બીજે દિવસે નવસારી ગયો. મોટા ભાઇએ એક પટાવાળાને સૂચના આપી હતી તેની સહાયથી હું નવસારીના ટાવર પાસે એમને ઘેર પહોંચ્યો. પછી એમની ચિઠ્ઠી લઇ પોસ્ટમાસ્તર પાસેથી વધારે રજા લઈ આવ્યો. મારા પિતાશ્રીને પોસ્ટની નોકરીમાં મેં કદી ક્લાર્ક કે તાબેદાર બનેલા જોયા નહોતા, એટલે મારા મોટા ભાઇને ઑફિસના કારકુન તરીકે લાચારી બતાવતા જોઈ મને લાગી આવ્યું પણ ખરું. બહારના પરામાં સરકારી ઑસ્પિટલ હતી ત્યાંથી હું દવા લઈ આવતો. આમ રજા પૂરી થતાં સુધી હું ત્યાં રોકાયો ને તેમને હરતાફરતા થએલા જોઇ મુંબાઈ જવા નીકળ્યો. ભાભીએ બેચાર દિવસ ચાલે એવું મીઠું ભાતું સાથે બંધાવ્યું. (ચાલુ)

# પ્રતિશોધ

**વિભૂત શાહ**

[મુંબાઇનો ફ્લૅટ: ફર્નિચર અને અન્ય સાધન-સામગ્રીથી સુસજ્જ. રહેનારની સુઘડતા, સુરુચિ અને અદ્યતનતા વ્યક્ત કરતી ડ્રૉઇંગ રૂમની ગોઠવણી. ટેબલલૅમ્પનું આછું ભૂરું શાંત અજવાળું થોડે સુધી પથરાઇ અટકી જાય છે. લૅમ્પની પાસે અજવાળામાં સુનીલ વાંચે છે. જયશ્રી આછા અજવાળામાં આરામ-ખુરશીમાં અઢેલીને ગૂંથે છે.]

જયશ્રી : તો પછી મંગળવારે હેમંત-શીલાની પાર્ટીમાં જવા વિષે તમે શું વિચાર્યું?

સુનીલ : ના, આપણને નહિ ફાવે; એના કરતાં તો આપણે ઘેર રહીએ એ જ વધુ સારું. તને શું લાગે છે?

જ : બરાબર છે, આવી જ્યાફતો અને મિજબાનીઓમાં તો મોટે ભાગે બધા પ્રદર્શનની વૃત્તિમાં જ રાચતા હોય છે.

સુ : એના બદલે અહીંનું આ દશ્ય કેટલું સુખદ છે! કેટલી શાંતિ છે! હું વાંચું, તું ગૂંથે, સાથેસાથે નિરાંતની આપણી વાતો ચાલે...

જ : હં...(થોડી વાર સુધી બંનેનું મૌન.)

સુ : જયુ, આ પ્રસન્ન વાતાવરણમાં એક જ વસ્તુની ખોટ સાલે છે—સંગીતની. કલ્પના કર: બૅક ગ્રાઉન્ડમાં આછા સૂરો ગુંજતા હોય ને આપણી વાતો ચાલતી હોય. શી મઝા આવે!

જ : મને તો નીલ, તમારી આ કલ્પનાથી જ મઝા આવે છે.

સુ : જો જયુ, સાંભળ: રસોડામાં રેફ્રિજરેટર, ડ્રૉઈંગ-રૂમમાં રેડિયોગ્રામ અને—

જ : મને લાગે છે કે એકાદ વર્ષમાં તો આપણા ઘરમાં ઘણી બધી વસ્તુઓ ઉમેરાશે.

સુ : અરે ઠીક યાદ આવ્યું. એક વાત તને કહેવાની તો સાવ ભૂલી જ ગયો. ત્રણ-ચાર વર્ષ સંસાર ચલાવ્યા પછી વર્મા અને ડી. કે. છૂટાં પડવા માગે છે.

જ : કારણ?

સુ : કારણ બસ એ જ કે —(કૉલબેલ વાગે છે. જયશ્રી ઊભી થઈ ટેબલ-લૅમ્પ બંધ કરી મોટી લાઇટ કરે છે.) રહેવા દે જયુ, હું બારણું ઊઘાડું છું. (બારણું ખૂલતાં એક યુવાન હાથમાં નાની સૂટ-કેસ લઇ પ્રવેશે છે અને જયશ્રી તરફ છાની ચકોર દષ્ટિ નાખી સસ્મિત વદને સુનીલ તરફ જમણો હાથ લંબાવે છે.)

સુ : (હાથ મિલાવી) ગુડ ઈવનિંગ, આવો અંદર આવો.

યુવક : ગુડ ઈવનિંગ, મને અજાણ્યાને અત્યારે આમ જોઇને તમને આશ્ચર્ય થશે. પણ હાલ મારો પરિચય એટલો જ કે હું રશ્મિકાંતભાઇનો મિત્ર. (કોટના ખિસ્સામાંથી પત્ર કાઢે છે.)

સુ : રશ્મિકાંતના મિત્ર? ખરેખર, તમને મળીને ખૂબ આનંદ થયો. રશ્મિભાઈ તો મારા નિકટના મિત્ર. હા, પણ તમારું નામ...

યુવક : (જયશ્રી તરફ ત્રાંસી નજરે જોઇને) શ્રીનાથ. (જયશ્રી પણ પોપચાં ઊંચાં કરી એ અજાણ્યા યુવાન તરફ વેધક દષ્ટિ ફેંકે છે.) આ લો રશ્મિકાંતભાઇનો પત્ર.

સુ : (પત્ર લેતાં) મને ખૂબ જ અફસોસ છે કે અમે બન્ને નિયમિત પત્રો લખી શકતા નથી. જોકે અમે ગાઢ મિત્રો છીએ એ કુશળ તો છે ને? અરે પણ મારી પત્નીનો તો પરિચય કરાવવાનો રહી ગયો; માફ કરશો. આ મારી પત્ની જયશ્રી; અને જયશ્રી, આ શ્રીનાથભાઈ, આપણા રશ્મિભાઈના મિત્ર (જયશ્રી અને શ્રીનાથ પરસ્પર નમસ્કાર કરે છે.)

સુ : શ્રીનાથભાઈ, તમે બેસોને, please feel at home completely. વાંધો ન હોય તો હું આ પત્ર વાંચી લઉં. અને જયુ, તું એમના જમવાની વ્યવસ્થા—

શ્રી : મેં ટ્રેઈનમાં જમી લીધું છે. પણ હું મારા આમ એકાએક આવવાનું કારણ કહું.

સુ : માફ કરો, એ બધું સાંભળીશું પછી. તમે પડેલાં આરામ કરો.

શ્રી : ઓ. કે. તમે તમારો પત્ર વાંચી લો. હું જરા સ્વસ્થ થાઉં. (ખુરશીમાં ગોઠવાય છે)

જ : તમે મેઈલમાં આવ્યા, કેમ?

શ્રી : હા, અમદાવાદથી.

જ : ત્યાં તો ખૂબ ઠંડી હશે.

શ્રી : સારી એવી.

જ : દક્ષાબેન આ વખતે એમ.એ.ની પરીક્ષા આપવાનાં છે? તમારે રશ્મિભાઈ સાથે ક્યારથી પરિચય થયો?

શ્રી : (કંઈક વિચાર કરીને) ચોક્કસ સમય તો હું ન કહી શકું પરંતુ બહુ જૂની મૈત્રી ન કહેવાય. અમે નવા જ મિત્રો છીએ; પણ ટૂંકા ગાળામાં અમે ઘણા નજીક આવ્યા છીએ.

જ : હશે, હું તો દક્ષાબેન વિષે જાણવા માગતી હતી કે—

સુ : (પત્ર પૂરો કરીને) વાહ, ખૂબ મઝાનું! તમને પણ મૉડર્ન આર્ટમાં રસ છે એ જાણી ઘણો આનંદ થયો.

શ્રી : હા, થોડોઘણો રસ છે ખરો.

સુ : તો તો આપણી કંપની જામવાની. હં, રશ્મિભાઇએ હમણાં કાંઈ લખ્યું? મારા જોવામાં કશું આવ્યું નથી.

શ્રી : જેમને સારી પત્ની મળી જાય છે એ લોકો પછી લખવા ચીતરવાની બહુ ફિકર કરતા નથી. (બધાં હસી પડે છે.)

સુ : કંઈ બાબો-બેબી?

શ્રી : ના, હજુ સુધી કોઈ ચિહ્નો જણાયાં નથી. (જયશ્રીને જતાં જોઇ) અને તમે ક્યાં ચાલ્યાં, જુઓ મારે માટે જમવાની બિલકુલ ચિંતા ન કરશો. હું જમીને જ આવ્યો છું.

જ : ભલે, હું હમણાં આવું છું. (જાય છે.)

સુ : રશ્મિભાઇને પ્રમોશન મળ્યું કે નહિ?

શ્રી : હા. હમણાં જ મૅનેજર બન્યા.

સુ : વાહ, ખૂબ મઝાનું.

શ્રી : હું માનું છું તમે પણ ત્યાં સુધી—

સુ : હા, હું પણ બૅંકમાં મૅનેજરના પદે પહોંચ્યો. પરંતુ આપણી ઇચ્છાઓ ને મહત્ત્વાકાંક્ષાઓ પણ અમુક અમુક ઉંમરના તબક્કે કેવીકેવી બદલાય છે! (જયશ્રી ટ્રેમાં પાણીના બે ગ્લાસ લઈ દાખલ થાય છે.)

શ્રી : હા. હું નાનો હતો ત્યારે મારી મહત્ત્વાકાંક્ષા આખી દુનિયાના રાજા થવાની હતી, અને હવે—

સુ : જયુ, રશ્મિભાઈ મૅનેજર બની ગયા. (જયશ્રી કેવળ સ્મિત કરે છે) હાં, પણ શ્રીનાથભાઈ અત્યારે હવે તમારી કઈ મહત્ત્વાકાંક્ષા છે?

શ્રી : (જયશ્રી પાસેથી પાણીનો ગ્લાસ લેતાં) એક સુંદર પત્નીના પતિ બનવાની.

જ : એનો અર્થ એ કે તમે હજુ પરણ્યા નથી. હાં, પણ તમે શું લેશો? ચા કે કૉફી?

સુ : હા. કંઈક લેવું તો પડશે જ.

શ્રી : ચા પીશ. હું ચા ખૂબ પીઉં છું. એ એક વ્યક્તિને નહોતું ગમતું. તમે તો વાંધો—

જ : ના, હું શું કામ વાંધો લઉં? (જાય છે.)

શ્રી : (કોટ કાઢી સોફા પર ભેરવે છે.) તો હાં, સુનીલભાઈ, તમે તમારી મહત્ત્વાકાંક્ષાની પણ વાત કરતા હતા.

સુ : હા, પહેલાં મારી ઇચ્છા રંગ ને પીંછી લઈ કામ કરવાની હતી, એક પછી એક કૅન્વાસથી ઘર ભરી દેવું હતું. આજે હું બૅંકિંગ કરું છું. પરંતુ આ પરિસ્થિતિ પણ હું એટલી જ માણું છું. નિરાશા કે હતાશા મને સ્પર્શ્યાં નથી. પરિસ્થિતિ પ્રમાણે કાર્યક્ષેત્ર બદલાયું, મહત્ત્વાકાંક્ષા બદલાઈ, બસ એટલું જ.

શ્રી : તમે તો આજે પણ પીછી હાથમાં લઇ શકો. કેમ તદ્દન છોડી દીધું?

સુ : કદાચ સુંદર પત્ની મળી ગઈ એટલે. (ખડખડાટ હસી પડે છે.)

શ્રી : કેટલીક સુંદર વસ્તુઓ અનાયાસે મળી જાય છે, ત્યારે કેટલીક વાર પ્રયત્ન કરી કરી આખો જન્મારો ઘસી નાખો તો યે હાથમાં કશું ય ન આવે.

સુ : હા અને વિચિત્રતા કેવી! હું એમ જ માનતો હતો કે કુટુંબ દ્વારા ગોઠવાએલાં લગ્નો તો સાવ નકામાં, એ તો સ્વીકારાય જ નહિ. એને બદલે બાના આગ્રહથી છોકરી જોઈ, પસંદ પડી, પરણ્યાં. આજે હવે લાગે છે કે જાણે અમે બન્ને એકબીજા માટે જ સર્જાયાં છીએ.

શ્રી : તો તો લગ્ન પહેલાં તમે એકબીજાને બિલકુલ ઓળખતાં નહિ હો? તમે એમના વિષે કશું સાંભળ્યું ય નહિ હોય. (જયશ્રી ટ્રેમાં પ્યાલા રકાબી અને કીટલી લઇ આવે છે અને શ્રીનાથનું છેલ્લું વાક્ય સાંભળી એના સામે શંકિત દૃષ્ટિએ જોઇ લે છે.)

સુ : કેમ જયુ, લગ્ન પહેલાં આપણે એકબીજાથી તદ્દન અજાણ્યાં જ હતાં ને?

જ : (અન્યમનસ્ક ભાવે) હા.

શ્રી : કેટલાંક લોકો લગ્ન પછી તદ્દન અજાણ્યાં બની જાય છે. (શ્રીનાથ કંઈક ડંખથી વાક્ય બોલે છે. ચા તૈયાર કરતી જયશ્રી કોઈ પ્રતિભાવ બતાવતી નથી, ત્યારે સુનીલ સારી ‘જોક’ હોય એમ હસવાનો પ્રયત્ન કરે છે.)

શ્રી : મારામાં સહેજ ખાંડ ઓછી. કેમ તમને મારી ‘જોક’ પસંદ ન પડી?

જ : શું એ ‘જોક’ હતી? મને તો એમ કે તમે કોઈ સત્ય ઉચ્ચારી રહ્યા છો. (ચાનો પ્યાલો શ્રીનાથને આપે છે.)

શ્રી : Good fun; really you have made a good fun of me. (જયશ્રી બીજો પ્યાલો સુનીલને આપે છે.)

સુ : લો, બિસ્કિટ લો. શ્રીનાથભાઈ હવે તમારા વિષે અમને કંઈક વધુ કહો.

જ : હજુ એમને આવ્યે અરધો કલાક પણ નથી થયો ત્યાં તમે એમના વિષે બધું જ જાણી લેવા ચાહો છો?

શ્રી : સાચું કહ્યું તમે, મારા વિષે પછીથી ઘણું જાણી શકાશે. હમણાં તો મારું મુંબાઈ આવવાનું કારણ કહું.

સુ : એ સાંભળવાની કંઈ ઉતાવળ નથી.

જ : પણ એ જે કહેવા માગે છે તે કહેશે જ.

સુ : ભલે.

શ્રી : હું એ કહેવાની છૂટ લઉં, કે તમારી બોલવાની ઢબ ઉપરથી મને એક વ્યક્તિની યાદ આવી જાય છે. પણ અત્યારે જવા દો એ વાત. હં, સુનીલભાઇ, હું મારા અહીં આવવા વિષે કહેતો હતો. તમને જાણીને આશ્ચર્ય થશે કે હું મુંબાઈ પહેલી જ વાર જ આવું છું, અને તે પણ કેવળ આનંદયાત્રા માટે. અહીંના અમુક ચિત્રકારોને હું મળવા માગું છું રશ્મિભાઇએ મને કહ્યું કે તમે મને આમાં સારી મદદ કરી શકશો, કારણ કે તમે એ બધાના સંપર્કમાં હશો જ.

સુ : ચોક્કસ, ચોક્કસ. એ બધા સાથે તમારો પરિચય કરાવીશ.

શ્રી : બીજું એ કે મુંબાઈમાં મારે મિત્ર કે સગુંવહાલું નથી કે જેને ઘેર ઊતરી શકાય. અને રશ્મિભાઈએ કહ્યું કે તમે ખૂબ જ ઉષ્માભર્યાં અને પ્રેમાળ યજમાન છો, એટલે હિંમત કરી ચાલ્યો આવ્યો. અને મને અત્યારે લાગે છે કે મેં કશું જ ખોટું નથી કર્યું.

સુ : અહીં આવવા વિષેની તમારી કેફિયત જો પૂરી થઇ હોય તો હું તમને એક અંગત પ્રશ્ન પૂછી શકું?

શ્રી : હા, હા, જરૂર. આત્મીય બનવાનો પ્રયત્ન ભલે મારા તરફથી શરૂ થતો.

સુ : પ્રશ્ન હું પૂછું છું એટલે એ માન ખરી રીતે મને મળવું જોઈએ. તો, જો જયુ, તેં નોંધ્યું હોય તો અત્યાર સુધીની એમની વાતચીતમાં ‘એક વ્યક્તિ’નો બે વાર ઉલ્લેખ થયો. તો શ્રીનાથભાઈ, એ વ્યક્તિ વિષે કંઈક વધુ જાણવામાં અમને રસ પડશે–જો તમને ખાસ વાંધો ન હોય તો.

શ્રી : (જયશ્રીને) તમે પણ એમની વાતમાં સૂર પુરાવ્યો છે?

જ : આમ તો બીજાના જીવનમાં કોઇએ કુતૂહલ ન બતાવવું જોઇએ. પણ આપણે જ્યારે આત્મીય બનવાની રમત શરૂ કરી જ દીધી છે, તો હું પણ એમાં ભાગ લઈશ.

શ્રી : સુનીલભાઈ, ‘રમત’ શબ્દ નીચે લાલ લીટી દોરો. મારો એની સામે વાંધો છે.

સુ : જયુ, જો તારી સંમતિ હોય તો એ શબ્દ ભૂંસી નાખું. એકેએક શબ્દ આપણે જોઇ વિચારીને બોલવો પડશે.

જ : ના ના, નથી ભૂંસવો. આપણે પણ એમના શબ્દો ધ્યાનથી સાંભળીશું.

શ્રી : અત્યંત ચાલાક છો તમે તો! ગંભીર વાત કહેતાં પહેલાં હળવી વાતોની ભૂમિકા ઠીક બંધાઈ ગઇ. હાં, તો મારે જે કહેવું છે તે હું થોડાં વાક્યોમાં જ કહી દઈશ. બે ત્રણ વર્ષ પહેલાંની વાત છે. કૉલેજમાં અભ્યાસ કરતાં એક છોકરીના પરિચયમાં આવ્યો, અને જેમ બને છે તેમ, અમારો સંબંધ ‘પ્રેમ’માં પરિણમ્યો. એ વ્યક્તિ કેટલી ય રીતે અસામાન્ય હતી. એની બોલવાની અને વાતચીત કરવાની ઢબ વિશિષ્ટ હતી. એની કપડાં પહેરવાની રીતથી માંડી એની નાનીમોટી રજૂઆતમાં તે અત્યંત સુઘડ અને કલાત્મક હતી. (જયશ્રી સામે દૃષ્ટિ સ્થિર કરી) મને આજે પણ લાગે છે કે એનું વ્યક્તિત્વ મોહ પમાડનારું હતું… મારી સમગ્ર ચેતનાના કેન્દ્રમાં તે હતી. મારા પ્રેમમાં ગ્રીષ્મની ઉગ્રતા હતી, દાહકતા હતી… પરંતુ એક દિવસ કોઈ પણ કારણ વિના, મને કશું ય કહ્યા વિના તે અદૃશ્ય થઈ ગઈ; મારી સાથેનો સંબંધ તોડી નાખ્યો; અને પછી મેં સાંભળ્યું કે તે કોઈકને પરણી ગઈ… આ રીતે એણે મારો દ્રોહ કર્યો. હું હતાશ થયો. ઘવાયો, અપમાનિત થયો. (થોડી વાર થંભીને – જયશ્રી તરફ જોઈ) કદાચ તમે પૂછશો કે એ તમને પ્રેમ કરતી હતી એની તમને ખાતરી હતી? તો હું કહીશ કે હા, એવું માનવાને મારી પાસે પૂરતાં કારણો હતાં. બસ, આટલું જ મારે કહેવું છે. (થોડી વાર સુધી મૌન.)

શ્રી : સુનીલભાઈ, હું સિગારેટ પી શકું?

સુ : હા, હા. ચોક્કસ. મને બિલકુલ વાંધો નથી (શ્રીનાથ સિગારેટ સળગાવી ધુમાડા કાઢતો બેસી રહે છે. થોડી વાર સુધી બેચેનીભરી સ્તબ્ધતા પથરાઈ રહે છે.)

જ : આજે તમારું એના પ્રત્યે કેવું વલણ છે?

શ્રી : (જયશ્રીની સામે જોયા વિના ધૂમાડાનું ગૂંચળુ હવામાં ફેંકી) એક દુશ્મન પ્રત્યે બીજા દુશ્મનને હોય એવું.

સુ : (થોડી વારે) મને લાગે છે કે આવી પરિસ્થિતિમાં થોડી ઉદારતા કેળવવાથી સામી વ્યક્તિને સમજીને ન્યાય પણ કરી શકીએ ને મનની કટુતા પણ અમુક અંશે ઓછી થાય.

શ્રી : સુનીલભાઇ, હું તમારી સાથે સંમત થઇ શકતો નથી. અમુક ગુણો તો આપણે ઊભા કરેલા કૃત્રિમ હોય છે. માફ કરજો, એ બધી ભદ્રતા અને સંસ્કારિતા મારામાં નથી. હું તો માનું છું કે આપણે હજુ યે સમગ્ર રીતે નૃસિંહાવતારની ભૂમિકા પર જ જીવીએ છીએ: અરધા પશુ અને અરધા માનવ.

સુ : તમે એમ માનતા હો તો જુદી વાત. તમે જીવનને અમુક દૃષ્ટિકોણથી જ જુઓ છો.

શ્રી : સુનીલભાઇ, આપણી જાત સાથે સહેજ કઠોર બની જોઈશું તો લાગશે કે આપણા જીવનમાં ખરાબ તત્ત્વો જ અડ્ડો જમાવી બેઠાં હોય છે. એક અગ્રણી કવિએ કહ્યું હતું કે આપણને દુરિતનું, (અનુસંધાન પૃ. ૨૮૫)

સાહિત્યસંપર્ક

# ઉમાશંકરનું 'સમસંવેદન'

## વૈજ્ઞાનિકની બુદ્ધિનિષ્ઠા અને કવિની હૃદયનિષ્ઠાનો સમન્વય

અવલોકન: ચન્દ્રકાન્ત શેઠ

શ્રી ઉમાશંકર જોષીના જાણીતા પુસ્તક 'સમસંવેદન'*ની બીજી આવૃત્તિ થઈ છે. એમાં કુલ અગિયાર વિવેચનલેખો છે, જેમાં 'ગુજરાતી ગદ્યની પલટાતી લઢણો' અને 'ખંડકાવ્ય બલકે કથનોર્મિકાવ્ય' એ બે લેખો (ઈ. ૧૯૫૯ અને ૧૯૬૩માં લખેલા) નવા ઉમેરેલા છે. અને પહેલી આવૃત્તિમાંનો 'સૉનેટ' પરનો નિબંધ આમાંથી કાઢીને 'શૈલી અને સ્વરૂપ'માં મૂક્યો છે. જૂના નવ લેખો ઈ.સ ૧૯૩૭ થી '૪૫ના ગાળા દરમ્યાન લખાએલા છે. 'કવિતા અને પ્રાગતિક્તા' ઉપરના લેખમાં એમણે થોડીક કાપકૂપ અને શાબ્દિક ફેરફારો કર્યા છે.

પહેલું 'સમસંવેદન' એ રણજિતરામ સુવર્ણચંદ્રક સ્વીકારતી વેળા આપેલું વ્યાખ્યાન છે. 'કલાકારમાં કોઈ એષણા હોય તો તે એટલી જ કે કોઈ મને સમજે'—આ મુદ્દાને કેન્દ્રમાં રાખીને સર્જકનો સંબંધ સાહિત્યકૃતિ દ્વારા 'ભાવક'–'સામાજિક'–સાથે કઈ રીતે યોજાય છે તે દર્શાવ્યું છે. આમ કરતાં, કાવ્યગત અનુભૂતિની જે વિશેષતા છે તે, અને કાવ્યની ઉપાદાનભેદે જે શક્તિ અને મર્યાદા છે તેનો પણ વિચાર એમણે કર્યો છે. કલાનાં વિવિધ પ્રયોજનોની તારતમ્યબુદ્ધિથી છણાવટ કરીને એમણે કલાકારની પ્રવૃત્તિની સમાજસાપેક્ષતા સ્પષ્ટ કરી છે અને તે પછી, કલાકારની કૃતાર્થતા શામાં છે તે બતાવ્યું છે.

બીજા લેખ 'કવિતા અને પ્રાગતિકતા'માં 'પ્રગતિવાદ એટલે અતીતદ્રોહ કે અતીતદ્વેષ' નથી એ સ્પષ્ટ કરી, કવિતાનો પ્રગતિશીલ વલણ સાથેનો સંબંધ કેવો સ્વાભાવિક, બલકે અનિવાર્ય છે તે બતાવ્યું છે. કવિતાનો જીવનની સાથે વિસંવાદ ચાલી જ ન શકે, એ બતાવીને સામાજિક સંદર્ભ કવિતામાં કઈ રીતે અનિવાર્ય બને છે તે એમણે સમજાવ્યું છે. અને સત્ય, શિવ અને સુંદરનો સુમેળ કવિતામાં કઈ રીતે જરૂરી છે તે પણ ચર્ચ્યું છે. કવિ જીવન અને સત્યનો કલામાં સંદર્ભ અનિવાર્ય માને છે એ ખરું. પણ કલા પર તે આક્રમણ ન કરે એ પણ તેમને જરૂરી લાગે છે. 'કલાને ખાતર કલા'–વાદની પેઠે 'વાસ્તવિકતાને ખાતર વાસ્તવિકતા'નો વાદ પણ એમને અસ્વીકાર્ય છે. છેવટે તો 'કલાકારનું ચિત્તતંત્ર માનવજાતિના વિકાસની રેખાથી પ્રતિલોમ કામ કરતું ન હોય તો બસ' એમ તેઓ કહે છે. કવિતામાં પ્રાગતિક્તાની અપેક્ષાના મૂળમાં પણ આ મુદ્દો જ કેન્દ્રસ્થાને છે.

'વસંતવિલાસનું રસદર્શન'માં એ કાવ્યનું વસ્તુ, તેની સંકલના, તેનું રહસ્ય, ઇતર ફાગુકાવ્યો-ઋતુકાવ્યોથી જુદી તરી આવતી તેની મુદ્રા વગેરેનો વિચાર કર્યો છે. આ ફાગુકાવ્યનો લખનાર જૈન હોવાની સંભાવના પણ લેખક આગળ કરે છે. વળી 'વસંતવિલાસ'ના રહસ્યનું મૂલ્યાંકન તત્કાલીન સામાજિક પરિસ્થિતિના સંદર્ભમાં એમણે કર્યું છે, જેમાં કવિની નગરપરસ્તીનું સૂચન પણ તેઓ કરે છે.

'ગરવો જ્ઞાનનો વડલો'માં મધ્યકાલના સમગ્ર ભારતની સાંસ્કૃતિક ભૂમિકાનો અછડતો ખયાલ આપીને જ્ઞાન-ભક્તિની ધારામાં અખાનું ક્યાં સ્થાન છે તે તેઓ સ્પષ્ટ કરે છે. મધ્યકાલમાં અખાનું સમન્વયદર્શન છેવટનું છે એમ તેઓ નોંધે છે. વળી અખાના જીવન-કવનના કેટલાક પ્રશ્નોની થોડીક છણાવટ પણ અહીં કરી છે. અખાની જ્ઞાતિ, તેના ગુરુ, તેનો ગોકુલનાથ સાથેનો સંબંધ, તેની નિર્ગુણોપાસના વગેરે મુદ્દાઓની સારી ચર્ચા કરી છે. અખાનો સંદેશ 'મૃત્યુસંદેશ' હોય તો તે કયા અર્થમાં, તે મુનશીથી જુદા પડીને તેમણે તાર્કિક રીતે સ્પષ્ટ કર્યું છે. અખાની કાવ્યરચના પ્રત્યેની બેદરકારી જે રીતે ગણાવાય છે તે રીતે નથી એ પણ તેઓ સિદ્ધ કરે છે, અને અખો 'વીર્યવાન કવિ' હોવા પ્રત્યે અંગુલિનિર્દેશ કરે છે.

'રુબાઇયાત'માં હરગોવિંદ પ્રેમશંકર ત્રિવેદીએ ફિટ્ઝ્જેરલ્ડની ૧૮૫૮ની આવૃત્તિની ઉમર ખય્યામની અંગ્રેજીમાં અનૂદિત ૭૫ રુબાઈઓને ગુજરાતીમાં ઉતારવાનો જે પ્રયત્ન કર્યો છે તેની મૂલવણી છે. અહીં 'રુબાઇયાત એટલે શું' ત્યાંથી શરૂ કરીને ખય્યામ, ફિટ્ઝ્જેરલ્ડ વગેરે દ્વારા રુબાઇઓના સર્જન, અનુવાદ, પ્રકાશન આદિ અંગે જે કંઈ બન્યું તેનો રસિક ઇતિહાસ આપ્યો છે. 'મુક્તાનુવાદ' એટલે શું તે પણ ફિટ્ઝ્જેરલ્ડના દૃષ્ટાંતથી સ્પષ્ટ કર્યું છે.

'અર્ધી સદીનો દેશવટો'માં કવિ બાલાશંકરના 'ક્લાન્ત કવિ' નામક કાવ્યસંગ્રહના પ્રકાશનનો ઇતિહાસ આપીને બાલાશંકરની કવિતાનું મૂલ્યાંકન કરી આપ્યું છે. બાલાશંકરના જીવનદર્શનનો ખયાલ આપી, એમની કવિતામાં રહેલી મસ્તીનો મર્મ ખોલી આપી, એમની કાવ્યશૈલીનો પરિચય કરાવ્યો છે, જેમાં કવિના ફારસીના અભ્યાસનો અને એમની ગઝલોનો નિર્દેશ પણ મળે છે.

'નરસિંહરાવ કવિ'માં નરસિંહરાવની કવિતાની મૂલવણી છે. 'નરસિંહરાવ જ અર્વાચીન ઊર્મિકાવ્યના પિતા છે' એમ ભારપૂર્વક સ્થાપિત કરીને તે નરસિંહરાવની કવિતા-સેવાને બિરદાવે છે. એમની શક્તિ ને મર્યાદાઓનું તાટસ્થ્યથી કરેલું નિરૂપણ ધ્યાન ખેંચે છે.

'કાકાસાહેબની કવિતા'માં કાકાસાહેબ કાલેલકરની ગદ્યશૈલીનો પરિચય કરાવવાનો આશય છે. એમના ગદ્યમાં રહેલી રસાત્મક્તા તરફ તેમણે ખાસ ધ્યાન ખેંચ્યું છે.

'લોપામુદ્રા: એક દૃષ્ટિપાત'માં મુનશીના એ નાટકની ચિકિત્સકની ઢબે કરેલી આલોચના છે. નાટકનાં ઉત્તમ તત્ત્વોની ઊંડી સૂઝ છતાં મુનશીના આ નાટકમાં નાટકિયું તત્ત્વ ક્યાં અને કઈ રીતે ઘૂસી ગયું છે તે બતાવ્યું છે.

'ગુજરાતી ગદ્યની પલટાતી લઢણો'માં આપણી ગુજરાતી ભાષાની કેટલીક પરંપરાગત લઢણોને તપાસવાનો એમનો પ્રયત્ન છે.

'ખંડકાવ્ય બલકે કથનોર્મિકાવ્ય'માં 'ખંડકાવ્ય' શબ્દનો ઇતિહાસ તપાસી એ શબ્દ જે કાવ્યોને લગાડાય છે તેનું ઔચિત્ય મૂલવી, 'વસંતવિજય'ના પ્રકારની કૃતિઓને 'ખંડકાવ્ય' નહિ બલકે 'કથનોર્મિકાવ્ય' તરીકે ઓળખાવવી ઘટે એવી પોતાની માન્યતા દર્શાવી છે.

આ વિવેચનસંગ્રહ ઉમાશંકરની રસિકતાનો અને કેટલેક અંશે એમની સર્જકતાનો પણ પરિચય આપી રહે છે. વિવેચનની ભાષા માટેની એમની ચોકસાઈ ઘણી સ્તુત્ય છે. નવા શબ્દપ્રયોગો, અંગ્રેજી શબ્દોના નવા પર્યાયો વગેરે યોજવામાં એમની સર્જકતા પ્રગટ થાય છે. વળી એમના ગદ્યમાં જે સ્વચ્છતા અને દીપ્તિ છે તે આકર્ષક છે. ગુજરાતી ગદ્યની વિવિધ છટાઓ ખીલવવા માટે તેઓ સજાગ છે. અહીં ગદ્યમાં ક્યારેક દેખા દેતી આલંકારિકતા કે ચિત્રાત્મકતા એમના કવિસ્વભાવને છતો કરે છે. અલબત્ત વિવેચનમાં આલંકારિકતા કદીક જોખમરૂપ છે એ અલગ વાત છે. કૃતિનો રસલક્ષી પરિચય આપતી વેળા તેઓ પોતે પણ

---

*સમસંવેદન (બીજી આવૃત્તિ ૧૯૬૫): લે. શ્રી ઉમાશંકર જોશી; પ્ર. વોરા ઍન્ડ કંપની પબ્લિશર્સ પ્રા. લિ., ૩, રાઉન્ડ બિલ્ડિંગ, કાલબાદેવી રોડ, મુંબઈ-૨; પૃ. ૨૪૬, રૂ. ૫.

## શબ્દકથા : 'મગરમચ્છ' · 'ગટુરગચ્છ'

લયનો વ્યાપક અર્થ લઈએ તો ગીતસંગીત કે પદ્યગદ્યમાં જ નહિ, અન્યત્ર પણ તે હોવાનું કળાય છે. ભાષાના શબ્દસ્વરૂપનું એ એક જીવંત તત્ત્વ છે.

'મગરમચ્છ' શબ્દ લઈએ. સંસ્કૃત 'મકર' ઉપરથી 'મગર' અને સંસ્કૃત 'મત્સ્ય', પ્રાકૃત 'મચ્છ' ઉપરથી ગુજરાતી 'મચ્છ'. 'મચ્છ'નું જે રીતે 'માછલું', 'માછી' વગેરેમાં 'માછ' થયું છે, તેમ 'મગરમચ્છ'માં નથી થયું; તે પ્રાકૃતની જેમ જળવાઈ રહ્યો છે. આ માટે શબ્દમાંનું તેનું સ્થાન જવાબદાર છે. શબ્દોમાં જે ફેરફાર આરંભમાં કે મધ્યમાં થાય, તેનાથી જુદું જ કેટલીક વાર અંતમાં થતું હોય છે. પણ ઉચ્ચારણની આ વિશિષ્ટતાનો ભાષાએ બીજી રીતે લાભ લીધો : અંત ભાગમાં જળવાઈ રહેલો સંયુક્ત વ્યંજન ભાર દર્શાવવા માટે ઉપયોગમાં લેવાયો. 'મગરમછ' પણ ઉચ્ચારાય છે, પણ 'મગરમચ્છ' એમ 'મ' ઉપર ભાર દઈને બોલીએ તો જ તેનું જબરાપણું બરાબર વ્યક્ત થાય છે.

'મગરમચ્છ'ના જેવા જ સ્વરૂપવાળા શબ્દો જુઓ : જબરજસ્ત', 'જબરદસ્ત', જબરજટ્ટ', 'જબરજંગ', 'ખખડધજ્જ', 'ગટુરગચ્છ' (ભીમપુત્ર 'ઘટોત્કચ'નો લોકજીભે કરેલો કાયાપલટો), 'અગડબંબ', 'ધીંગડમલ્લ'.

ભાર વગરના, પણ આવા જ ઢાળાના 'કમરબંધ', 'ચમરબંધ', 'સકરકંદ', 'સમરકંદ', 'તિલકચંદ', 'અકલમંદ' વગેરે છે. ઉપાંત્ય સ્થાને સંયુક્ત વ્યંજન નહિ પણ 'ઓ', 'ઊ' વગેરે હોય તેવા, પણ ઉપરના શબ્દોના જ માપના શબ્દો આ જ વર્ગમાં મૂકી શકાય. જેમ કે 'પાપડતોડ', 'લક્કડખોદ', 'તાબડતોબ', 'છાકમછોળ', 'ઝાકમઝોળ', 'ઝામરઝોળ', 'પલંગપોશ', 'હડફહોમ', 'થનકથેઇ', 'કકડભૂસ', 'રખડપાટ', 'જનોઈવઢ', 'અગનઝાળ', 'પીપળપાન'. આમાંના કેટલાક શબ્દોમાં વધતુંઓછું રવાનુકારી તત્ત્વ સહેજે નજરે ચડશે.

ઉપરના શબ્દોની જ નાતના, પણ અંતે સ્વરવાળા શબ્દો પણ નોંધીએ : 'અલેલટપ્પુ', 'કેસરપપ્પુ', 'બજરબટ્ટુ', 'અધડધટ્ટું', 'અગરબત્તી', 'કમરપટ્ટો', 'બગલબચ્ચો', 'રખડપટ્ટી', 'ગોખણપટ્ટી', 'લખ્ખણવંતો', 'રાવણહત્થો', 'સાબડબોચું', 'ગોબડગંડુ', 'મામણમૂંડો', 'ધાબડધીંગો', 'ઓઝડવાયું', 'કોકરવાયું', 'ટાંભરવાયું', 'સાબરશિંગી' વગેરે. આ સૌ શબ્દોમાં પહેલા ત્રણ 'અક્ષર' અને પછી બે 'અક્ષર' એવો વિભાગ પડી શકે છે તે ધ્યાનમાં રહે.

શબ્દલયની દૃષ્ટિએ ગુજરાતી શબ્દોનો વિચાર ખોજનો રસ ઠીકઠીક પોષી શકે તેમ છે.

**હરિવલ્લભ ભાયાણી**

---

એ પરિચય જાણે નવેસરથી પામતા હોય એમ એમનું સ્ફૂર્તિવાળું ગદ્ય જોતાં લાગે છે. એમની શૈલીમાં એકાગ્રતા ને તેને પરિણામે તીક્ષ્ણતા છે. ચિરપરિચિત સત્યનો પણ ક્યારેક અપૂર્વરીતે વાણી દ્વારા તેઓ જાણે સાક્ષાત્કાર કરે છે. એમનું ચિંતન-મનન અને અભ્યાસ તથા સાહિત્ય માટેની ઊંડી પ્રીતિ એ પ્રકારના સાક્ષાત્કારના મૂળમાં હોય છે.

'સમસંવેદન'માં તેઓ સાધારણીકરણના વ્યાપારની ભૂમિકાનો ઉપયોગ કરીને સર્જક અને ભાવકના સંબંધને સમજાવવાનો પ્રયત્ન કરે છે. 'સમસંવેદન'માં સમ શબ્દ બરોબર છે કે કેમ એ મુદ્દો ચર્ચાક્ષમ જરૂર છે, પણ સાધારણીકરણની ભૂમિકા તથા સર્જક-ભાવકની વ્યક્તિ તરીકેની પૃથક્તા 'સમ' શબ્દની પસંદગી પાછળ કારણભૂત હોય એમ લાગે છે. પૃ.૪-૫ પર બીજી લલિતકલાઓ કરતાં કવિત્વકલાની શી વિશેષતા છે એ બતાવવા જતાં એમણે જાણે કવિતા જ કરી છે! 'કવિતા સિવાયની કલાનો અણસારો કોઈ ને કોઈ રૂપમાં કુદરતમાંથી મળી શકે એમ છે' એ વિધાન ચર્ચાસ્પદ લાગે છે. ભવભૂતિની સમાનધર્મા માટેની શ્રદ્ધા એમણે જે રીતે રજૂ કરી છે તે, ખરેખર, એમની બૌદ્ધિક સૂક્ષ્મતા અને સહૃદયતાનો પુરાવો છે. 'કવિતા અને પ્રાગતિકતા'માં અલબત્ત, પ્રગતિની વ્યાખ્યા કરવી મુશ્કેલ છે, પણ કાવ્યની વ્યાખ્યા કરવી જેટલી મુશ્કેલ છે તેટલી તો નથી જ?—આ પ્રકારની કથનરીતિપણ વાંચનારમાં કેટલીક મુશ્કેલીઓ ઊભી કરે. 'કવિતાની વ્યાખ્યા મુશ્કેલ છે' તો સાથેસાથે 'શક્ય છે' એમ પણ માનવું? અલબત્ત, લેખકને એ અભિપ્રેત નથી. સત્યસૌન્દર્ય બે અવિશ્લેષ્ય છે તો પછી 'કવિનું સત્ય સૌન્દર્યમંડિત છે' એ કથનપ્રયોગ બરોબર છે? શ્રી ઉમાશંકરની દૃષ્ટિ ઝીણું અને ઊંડું જોઈ શકે છે એ એમના આ સંગ્રહમાંના કોઈ પણ લેખ પરથી કહી શકાય એમ છે.

'વસંતવિલાસનું રસદર્શન' એમની ઉત્કટ અભ્યાસવૃત્તિનો પરિચય કરાવે છે. તેઓ પોતે સર્જક છે. સર્જકની મુશ્કેલીઓનો કેટલેક અંશે એમને ખયાલ હોય જ. તેઓ સાહિત્યનામધારી કૃતિમાં ઊંડેઊંડે ય સર્જકતા જો છુપાએલી હોય તો તેને પકડી પાડવામાં ચપળ છે. સર્જકતાનો સમાદર કરવા તેઓ કેવા સજાગ હોય છે તે આ સંગ્રહમાંનાં કૃતિનિષ્ઠ વિવેચનોમાં જોઈ શકાશે. ક્યારેક તો એ સમાદર કરવા કંઈક વધુ ઉદાર બની જતા હોય એવું 'રુબાઇયાત'ના અનુવાદમાંનાં એમણે ટાંકેલાં કેટલાંક દૃષ્ટાંતો બતાવે છે. તેમની હંસદૃષ્ટિને જો કોઈ કૃતિમાંથી મોતી મળે છે તો તે ઉલ્લાસપૂર્વક બતાવ્યા વિના રહી શકતા નથી. એમનાં કૃતિનિષ્ઠ વિવેચનોની આસ્વાદ્યતા પાછળનું એક કારણ આ એમનું વલણ પણ છે. એ વિવેચનો વાચકને જે તે વિવેચ્યકૃતિ તરફ પ્રેરનારાં બની રહે છે, ને એ રીતે સર્જકના સાચા સુહૃદ પણ તે બને છે. તેમનો સાહિત્યવ્યાસંગ વિવેચનલેખોને ખૂબ ઉપકારક થયો છે. પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન ગુજરાતીસાહિત્ય જ નહિ, અન્ય ભાષાઓમાં લખાએલું પ્રશિષ્ટ સાહિત્ય પણ એમના રસનો વિષય રહ્યું છે. અખાના મૃત્યુસંદેશની વાત કરતાં ગ્રીક ફિલસૂફીના સંદર્ભને એ યાદ કર્યા વિના રહેતા નથી. 'વસંતવિલાસ'ની વાત કરતાં અન્ય ફાગુકાવ્યો કે સંસ્કૃત ને અંગ્રેજીમાં લખાએલી ઋતુવિષયક કવિતાનો સંદર્ભ પણ તેઓ આપે છે. એમની રસિકતા કેટલી ઊંડી અને વિકાસોન્મુખ છે તે આ બધા સંદર્ભોમાંથી સ્પષ્ટ થાય છે. તેઓ એક બાજુ અખાને બિરદાવે પણ છે, અને બીજી બાજુ 'અર્ધી સદીનો દેશવટો' ભોગવનાર બાલાશંકરની વહારે પણ ધાય છે. જુદાજુદા દેશકાળના સાહિત્ય તરફનું એમનું વલણ કેવું સૌન્દર્યપ્રેરિત અને પૂર્વગ્રહમુક્ત છે તે અહીં જોવા મળે છે. તુલનાત્મક અભ્યાસનું બળ એમના લખાણને માત્ર પ્રભાવક જ નહિ, પણ સંગીન બનાવે છે. એમના અભિપ્રાયમાં તેથી વજન આવે છે.

આ સંગ્રહમાં એમણે સાહિત્યતત્ત્વની અને સાહિત્યકૃતિઓની ચર્ચા ઉપરાંત સાહિત્યપ્રકારની તેમજ ભાષાની પણ ચર્ચા કરી છે. સાહિત્યકાર ભાષાની શક્તિનો સાધક હોવો જોઇએ. 'ગુજરાતી ગદ્યની પલટાતી લઢણો' એ સાધનાનો નિર્દેશ કરે છે. એ લેખ ભાષાવિજ્ઞાનની દૃષ્ટિએ તપાસવો પણ જરૂરી ગણાય. 'ખંડકાવ્ય બલકે કથનોર્મિકાવ્ય' એમની શુદ્ધ સાહિત્યજિજ્ઞાસાનું પરિણામ છે. વિવેચનની સાથે સંશોધન પણ જરૂરી છે અને એનો સમન્વય ઇષ્ટ ફળની પરિણતિ માટે અનિવાર્ય છે એ વસ્તુ અહીં જોઈ શકાશે. આ

લેખ ગતાનુગતિક ન્યાયે ચાલનાર આપણા કેટલાક વિદ્વાનો (!) ને બોધક નીવડશે.

આમ, શ્રી ઉમાશંકરનું 'સમસંવેદન' એમની ઊંચી વિવેચનપ્રણાલિનું દર્શન કરાવે છે. 'તત્ત્વનું તૂંપણું' તુચ્છ ન બને એ માટેનો પ્રયત્ન એમનાં વિવેચનોમાં કેન્દ્રસ્થાને હોય છે. 'રસ'ની વાત પણ રસથી કરવી એમાં વડાઈ છે. એમની ઊંડી રસવૃત્તિ, સંગીન અભ્યાસ, સ્પષ્ટભાષિતા અને સચોટ ભાષાભિવ્યક્તિ અહીં સ્પષ્ટ દેખાય છે. એમના લેખોમાં પૂર્વ અને પશ્ચિમની વિવેચનપ્રણાલિનો સમુચિત સમન્વય જોવા મળે છે. જે કંઈ એ કહે છે તે એમનું પોતાનું છે અને એ અર્થમાં તે અપૂર્વ અને અભ્યાસપાત્ર છે. એમની દષ્ટિ સાહિત્યના કોઈ મુદ્દા વિષે વાત કરતી વખતે જીવનનો–સંસ્કૃતિનો સંદર્ભ પણ સાચવી શકે છે; પરિણામે એમની વાતમાં એકાંગિતા કે પક્ષિલતા જોવા મળતી નથી. બીજી રીતે કહીએ તો એથી એમનાં વિવેચનમાં તાટસ્થ્યપૂર્ણ તાદાત્મ્ય વાંચનાર અનુભવે છે. એમનામાં વૈજ્ઞાનિકની બુદ્ધિનિષ્ઠા અને કવિની હૃદયનિષ્ઠાનો સમન્વય છે. એથી જ એમનાં વિવેચનો ગુજરાતી વિવેચનસાહિત્યનો એક સીમાસૂચક સ્તંભ બની રહે છે.

## થોડા વિશેષાંકો

**'અભ્યાસ'** (દાદાસાહેબ માવળંકર વિશેષાંક) ગુજરાતનાં શિષ્ટ, સંસ્કારપ્રેરક અને પ્રાણવાન સામયિકોમાં પ્રતિષ્ઠા પામેલા 'અભ્યાસ' માસિકનો આ વિશેષાંક વૈવિધ્ય, વિપુલતા ને લેખોની ગુણવત્તા, એ ત્રણે દષ્ટિએ નોંધપાત્ર અને પ્રશંસનીય બન્યો છે.

દાદાસાહેબ (સ્વ. ગ. વા. માવળંકર)ના વ્યક્તિત્વનાં વિવિધ પાસાં પર પ્રકાશ ફેંકતી, જુદાજુદા ક્ષેત્રની એમના પરિચયમાં આવેલી ૧૦૧ નામી વ્યક્તિઓની અંજલિઓ, 'મારા પિતા' નામે સંપાદકે પોતે દાદાસાહેબના નિધન પછી ત્રણેક વર્ષે લખેલો લેખ અને દાદાસાહેબની કલમ-પ્રસાદીરૂપે મુકાએલા તેમના કેટલાક લેખો તેમ જ એમની ક્રમશઃ પ્રગટ થતી રોજનીશીનો ૪૩મો હપ્તો — એવી, એમના વ્યક્તિત્વની મધુર સુવાસ પ્રસરાવતી ઉલ્લેખનીય સામગ્રી એમાં છે. એ ઉપરાંત, ૧૯૬૫ના જૂનથી '૬૬ના ફેબ્રુઆરી સુધીમાં અવસાન પામેલી આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય અને પ્રાદેશિક ખ્યાતિ ધરાવતી વિભૂતિઓને અપાએલી અંજલિઓ આ અંકનાં ૭૦-૭૨ પાનાં ભરીને પડેલી અત્યંત નોંધપાત્ર સામગ્રી છે. એમાં માત્ર ઔપચારિક શોકપ્રદર્શન નથી, પણ સંબંધિત વ્યક્તિના જીવન અને કાર્ય વિષે અત્યંત ચોકસાઈથી, વિવેકપૂર્વક, મિતાક્ષરી રીતે માહિતી અપાઈ છે, જે આ અંકને ગ્રંથની જેમ સાચવી રાખવા લલચાવી શકે એમ છે.

લેખોની પસંદગી, ગોઠવણી, ભાષાશુદ્ધિ વગેરે આવા વિશેષાંકોની ઉપયોગિતા વધારતી સર્વ બાબતોમાં રખાએલી ચીવટ એના સંપાદકને અભિનંદનના યોગ્ય અધિકારી ઠરાવે છે. (સંપાદક અને પ્રકાશક: પુરુષોત્તમ ગણેશ માવળંકર, 'અભ્યાસ' કાર્યાલય, ભદ્ર, અમદાવાદ-૧, પાનાં ૪૩૬, રૂ. ૬)

**'ગુજરાત'** (વ્યાવસાયિક માર્ગદર્શન વિશેષાંક) ગુજરાત રાજ્યના માહિતીખાતા તરફથી પ્રસિદ્ધ થતા 'ગુજરાત' સાપ્તાહિકનો આ વિશેષાંક પાછલાં બે વર્ષની જેમ આ વર્ષે પણ એસ. એસ. સી. પાસ થએલા વિદ્યાર્થીઓ માટે સાચા રાહબરની ગરજ સારે એવો બન્યો છે. એમાં મૅટ્રિક પાસ થએલાં તેમ જ નાપાસ થએલાં વિદ્યાર્થીઓ લઈ શકે એવા અભ્યાસક્રમો, એ શીખવતી સંસ્થાઓ, અભ્યાસક્રમનાં વર્ષો, જુદાજુદા ટેકનિકલ વ્યવસાયો, બહેનો માટેના વિશિષ્ટ વ્યવસાયો વગેરે વિષે માતબર, વિસ્તૃત અને સ્પષ્ટ માહિતી આપી છે. એકંદરે મૅટ્રિક પાસ થઇને 'હવે શું?' કહીને મૂંઝવણમાં પડી જતા વિદ્યાર્થી (અને એના વાલી)ને આ અંક સારું માર્ગદર્શન આપીને ગુજરાતના યુવાન આગળ પડેલી અનેક તકોનું આશાસ્પદ ચિત્ર ખડું કરી શકે એમ છે અને ભવિષ્યમાં પણ ખપ લાગે એવો એ સંઘરવા યોગ્ય છે. માત્ર એક વાતનું આશ્ચર્ય થાય છે કે ગાઇડો, ટ્યૂશન વર્ગો અને ટ્યૂશન પત્રિકાઓનો વિરોધ કરતી સરકારના સાપ્તાહિકમાં 'મૅટ્રિક મૅગૅઝીન'નાં લવાજમ ભરવા અંગેની જાહેરખબર શાને? (પ્ર૦ માહિતીખાતું, ગુજરાત રાજ્ય, પાનાં ૨૭, કિં. ૫૦ પૈ.)

**'અભિલાષ'**: અમરેલી (જિ. સૂરત)ના 'કેસુરભાઈ ઍન્ડ મંછારામ પુરુષોત્તમભાઈ પટેલ સાર્વજનિક વિદ્યાલય'ના વિદ્યાર્થીઓએ શિક્ષકોની સહાયથી તૈયાર કરેલો 'ગુજરાતીભાષા સાહિત્ય' અંગેનો આ પ્રોજેક્ટ અંક એની એ વિશિષ્ટતાને લીધે દર્શનીય બન્યો છે. સૂરતમાં ભરાએલા ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન સમયે આવેલા સાહિત્યકારોની મુલાકાતો યોજીને વિદ્યાર્થીઓએ મેળવેલી માહિતી આ અંકમાં વ્યવસ્થિત રીતે રજૂ કરવામાં આવી છે. ગોવર્ધન જૂથ, ગાંધી જૂથ અને મુનશી જૂથ એવા ત્રણ વિભાગમાં સોળેક સાહિત્યકારોનો પરિચય આપવામાં આવ્યો છે. એકંદરે પ્રોજેક્ટ પ્રશંસનીય બન્યો છે, પણ હજી સહેજ વધુ ચોકસાઈ રાખવામાં આવી હોત તો લેખકોનાં જીવન ઉપરાંત એમનાં સર્જન વિષે પણ વધારે માહિતી આપી શકાત. (પૃ. ૮૦, કિં. છાપી નથી.)

**અમૃતમહોત્સવ સ્મૃતિ અંક**: પાટણના ફતેહસિંહરાવ સાર્વજનિક પુસ્તકાલયની સ્થાપનાને ૭૫ વર્ષ પૂરાં થતાં ઉજવાએલા અમૃત મહોત્સવની સ્મૃતિને શબ્દસ્થ કરતા આ અંકમાં મહોત્સવ અંગે આવેલા સંદેશા, પુસ્તકાલયનો વિગતપૂર્ણ પરિચય, પાટણનો સાંસ્કૃતિક ઈતિહાસ, ત્યાંની અન્ય સંસ્થાઓ, સાહિત્યમાં પટ્ટણી પાત્રો વગેરેનું સુંદર રીતે સંપાદન કરવામાં આવ્યું છે. (પ્ર. અનંતરાય વ્યાસ, મંત્રી, પૃ. આશરે ૨૦૦)

**નલિની**: 'નલિની ઍન્ડ અરવિંદ આર્ટ્સ કૉલેજ, વિદ્યાનગર'ના મુખપત્રનો ૭મા વર્ષનો આ ૭મો અંક કૉલેજની શૈક્ષણિક અને બાહ્ય પ્રવૃત્તિઓનો દ્યોતક હોવા ઉપરાંત એના દશ વિભાગોમાં વહેંચાએલા વૈવિધ્યપૂર્ણ અભ્યાસલેખો (જેવા કે 'ગુજરાતની લોકબોલીઓ', 'સાહિત્યકાર કી ઉપાસના', 'હિન્દી કી આંચલિક કહાનિયાં', 'કાલિદાસસ્ય અલંકારયોજના', 'Pot-pourri', 'ધૂમકેતુની શ્રેષ્ઠ વાર્તાઓ આદિ)ને લીધે એટલો જ એની સ્વચ્છતા, સાદાઈ ને વ્યવસ્થિત ગોઠવણીને લીધે આકર્ષક અને મનભર બન્યો છે, જે માટે એના સંપાદકો અભિનંદનને પાત્ર બને છે. પાનાંના નંબર આપવામાં એક ધોરણ સાચવવા જેટલી ચોકસાઇ રાખી શકાઈ નથી એવી થોડી વસ્તુઓ ખૂંચે છે. (પ્ર૦ આચાર્ય શ્રી બી. એમ. પટેલ, વલ્લભવિદ્યાનગર)

## વિવિધ પ્રકાશનો

**શ્રીમદ્ ભગવદ્ગીતા**: ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ વર્ષ બી. એ.ના સંસ્કૃત વિષયના વિદ્યાર્થીઓને ધ્યાનમાં રાખીને કરેલો ગીતાનો આ અનુવાદ એના અનુભવી અને વિદ્વાન પ્રાધ્યાપકો શ્રી સી. એસ. શાસ્ત્રી અને શ્રી પી. સી. દવેની અભ્યાસપૂર્ણ પ્રસ્તાવના અને સુસ્પષ્ટ વિવરણને લીધે શિષ્યેતર વાચકને પણ ગીતા સમજવામાં ઉત્તમ માર્ગદર્શક થઈ પડે એવો છે. પ્ર૦ અખિલ હિન્દ પ્રકાશન, અમદાવાદ; પૃ. ૪૫૪, રૂ. ૭.૫૦.

**ખીલતી કળીઓ**: બાળકેળવણી, યુવકધનનો વેડફાટ, અનૈતિક વ્યવહાર, આજની નેતાગીરી, લોકોના દંભ ને જડતા, ગાડરિયા વૃત્તિ, સ્વાર્થાંધતા, ધનલાલસા, કૃપણતા

વગેરેનું નિરીક્ષણ કરી ચૂકેલા એક આજન્મ શિક્ષકના, આપણા જીવનના સમગ્ર વ્યાપને આવરી લેતા વિષયો પરના વિચારો દર્શાવતું અને મર્યાદાઓ દૂર કરવાની શીખ આપતું ચિંતનપ્રદ છતાં વાંચવું ગમે એવું પુસ્તક: લે. જમુભાઇ વ. દાણી મુંબાઇ; પૃ. ૧૨૦, રૂ. ૨.

**પંચાયતી રાજના કેટલાક અનુભવો:** પંચાયતોના તંત્રને કાર્યક્ષમ, ઝડપી અને લોકોના પ્રશ્નો સમજીને નિકાલ કરતું કરવામાં ક્યાં કેવા પ્રકારની મુશ્કેલીઓ આવે છે અને તે નિવારવા શું કરવું જોઈએ તેનો ખયાલ આપતા, પંચાયતી રાજના તંત્ર સાથે સંકળાએલા શ્રી રિખવદાસ જેસીંગલાલના અનુભવ-પ્રસંગો વર્ણવતી પુસ્તિકા. પ્ર. જિલ્લા વિકાસ અધિકારી, મહેસાણા; પૃ. ૩૮. કિં. છાપી નથી.

**ટેલિથેરપી:** રોગીના ફોટોગ્રાફ ઉપર પ્રયોગો કરીને દૂરથી જ તેને સારવાર આપતી ચિકિત્સાપદ્ધતિ વિષે એના સંશોધક સ્વ. ડૉ. વિનયતોષ ભટ્ટાચાર્ય વિષે, તથા ટેલિથેરપી વિષે માહિતી આપતી પુસ્તિકા: પ્રયોજક ડૉ. ગોપાલ એલ. આઝાદ, પ્ર. ટેલિથેરપી સેન્ટર, સૂરત; પૃ. ૩૨, કિં. ૨૫ પૈસા.

**Tbree General Elections in Gujarat**: સ્વરાજ્ય પછી ૧૯૫૨, '૫૭ ને '૬૨માં ગુજરાતમાં થએલી વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓનું, આંકડાઓ અને હકીકતો સાથે રાજકીય દૃષ્ટિકોણથી વિહંગાવલોકન કરતું અધિકૃત પુસ્તક: લે. દેવવ્રત ના. પાઠક, એમ. જી. પારેખ, કીર્તિદેવ ડી. દેસાઈ; પ્ર૦ ગુજરાત યુનિવર્સિટી; પૃ. ૨૯૭, રૂ. ૧૦.

**રાજ્યવહીવટ**: આપણા રાજ્યવહીવટનું સ્વરૂપ, એની ખામીઓ ને મર્યાદાઓ તથા એમાં રહેલી સુધારાની શક્યતાઓ વિષે તાત્ત્વિક આલોચના કરતા શ્રી નારાયણ ગોવિંદ ચાપેકરના પુસ્તકનો શ્રી પુરુષોત્તમ માવળંકરે કરેલો સરળ ને સુવાચ્ય અનુવાદ; પ્ર૦ બી. એસ. શાહ, અમદાવાદ; પૃ. ૫૦, રૂ. ૧.

**સ્પીકરનું પદ:** પાર્લમેન્ટરી લોકશાહીમાં અત્યંત માનમોભાભર્યું સ્થાન ધરાવતા 'સ્પીકર'ની સત્તાઓ ને ફરજો વિષે આમૂલ માહિતી આપતી પુસ્તિકા: પ્ર૦ અભ્યાસ કાર્યાલય, ભદ્ર, અમદાવાદ; પૃ. ૧૨, ૫૦ પૈસા.

**વ્યાપાર ને એને ખીલવવાની રીતો:** એક સાચા વેપારી તરીકે વેપાર કેમ ખીલવી શકાય એ વિષે માર્ગદર્શન આપતી પુસ્તિકા. લે. વિસનજી ચત્રભુજ ગોકાણી, પ્ર૦ અનુપ ઝવેરચંદ વસા, મુંબાઈ; પૃ. ૨૮, ૫૦ પૈસા.

# મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર: **ચંપકલાલ મહેતા**



શ્રી ક. મા. મુનશી

**૧) 'અસ્મિતા' આપનો પ્રિય શબ્દ છે. આપ અસ્મિતા કોને કહો છો?**

અસ્મિતા એટલે 'હું છું તેનું ભાન'. સમુદાયની અસ્મિતા જાગે ક્યારે, કે અમે સમુદાય છીએ, અમારું સાંસ્કારિક વ્યક્તિત્વ પ્રાણવાન છે, અમારી લાક્ષણિક રીતે અમારું ભાવિ અમે જ ઘડીએ, એવી શ્રદ્ધા પ્રગટે ત્યારે.

**૨) નવલકથાની આપની અંગત વ્યાખ્યા?**

રસપ્રદ, સુગ્રથિત કલ્પનાપ્રધાન કહાણી, જેનાં પાત્રો આપણી કલ્પના ઉત્તેજે, તેને નવલકથા કહી શકાય.

**૩) પ્રબળ વ્યક્તિત્વ ખીલવવા કયા કયા ગુણોની આવશ્યકતા છે?**

આત્મશ્રદ્ધા જ્યારે વિશિષ્ટ ભાવના ને કર્તવ્યમાં પરિણમે ત્યારે વ્યક્તિત્વ ખીલે.

**૪) આપને મન 'ધર્મ' એટલે?**

ઈશ્વરમાં શ્રદ્ધા, ભોગવિલાસને કાબૂમાં રાખે એવો સંયમ, અને મન બુદ્ધિ તથા કર્તવ્યને ઈશ્વરને સમર્પણ કરવાની વૃત્તિ,—આ ત્રણે લક્ષણો કેળવાય એવી પ્રેરણા તે ધર્મ.



**૫) આજે ગુજરાત અને ગુજરાતીને ખાસ જરૂર શાની છે?**

સામુદાયિક શક્તિની.

---

**આંખનું આરોગ્ય ને સંભાળ:** આંખના રોગો, એ દૂર કરવાના ઉપાયો અને આંખ સાચવવાની અનેક રીતો બતાવતી આરોગ્ય વિષયક પુસ્તિકા. લે. હરિલાલ નારાયણદાસ ગાંધી; પ્ર. માંડવીની પોળ સેવાસંઘ, અમદાવાદ; પૃ. ૧૮, કિં. બાર પૈસા.

**સમતોલ ખોરાક ને લાંબું જીવો:** ખોરાકમાં મળતા જુદાજુદા પ્રજીવકો વિષે માહિતી આપતી પ્રશ્નોત્તરી રૂપે લખાએલી આરોગ્યવિષયક પુસ્તિકા. લે. અને પ્ર. ઉપર મુજબ; પૃ. ૨૮, કિં. ૧૨ પૈસા.

**ચંડીપાઠ:** સંસ્કૃત દુર્ગા સપ્તશતીનું શ્લોકબદ્ધ ગુજરાતી ભાષાંતર—કરનાર ઠાકર મણિલાલ શંકરલાલ, પ્ર. ઠાકર નિરંજન મણિલાલ, જમશેદપુર; પૃ. ૭૨, કિં. માઇ નામસ્મરણ.

**યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય:** સ્કંદપુરાણ, 'યોગીશ્વર યાજ્ઞવલ્ક્ય' નામના મરાઠી ગ્રંથ ઉપરથી અને કાકાસાહેબના મુખે સાંભળેલી કથાના આધારે ઋષિ યાજ્ઞવલ્ક્ય વિષેની એક ઘટનાનું કાવ્યમાં નિરૂપણ કરતી પુસ્તિકા. પ્ર. મંત્રી, શ્રી ગોરવાળ વિદ્યોત્તેજક મંડળ, મુંબાઈ; પૃ. ૮, કિં. દશ પૈસા.

**સ્વાધ્યાય-અવબોધિકા:** આપણા જાણીતા વયોવૃદ્ધ ઇતિહાસવિદ્ શ્રી કેશવલાલ હિંમતરામ કામદારે આકાશવાણી પરથી આપેલાં પ્રવચનો અને જુદેજુદે સ્થળે પ્રસિદ્ધ થએલા એમના લેખોની યાદી. લેખક-પ્રકાશક, પોતે, વડોદરા; પૃ. ૫૦, રૂ. ૩.

**વિજ્ઞાનપ્રયોગ-પુસ્તિકા:** ધો. ૫ થી ૭માં અભ્યાસ કરતાં બાળકોને વિજ્ઞાનના પ્રયોગો સરળ ભાષામાં આકૃતિ સાથે સમજાવતું ઉપયોગી પુસ્તક: પ્ર. સંચાલક રાજ્ય શિક્ષણ ભવન, ગુજ. રાજ્ય; પૃ. ૧૩૫, રૂ. ૧-૨૦.

**દક્ષિણ ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની સગવડો:** લે૦ ડૉ. હરકાંત ધી. બદામી અને શ્રીમતી ચારુલતા બદામી. દક્ષિણ ગુજરાતમાં મૅટ્રિક પછીનું શિક્ષણ આપતી આર્ટ્સ, સાયન્સ તથા કૉમર્સ કૉલેજો, ટ્રેઈનિંગ ઇન્સ્ટિટ્યૂટ, કૉમર્શિયલ ઇન્સ્ટિટ્યૂટ, ટેકનિકલ સંસ્થાઓ વગેરે વિષે વિગતપૂર્ણ માહિતી આપતી, વિદ્યાર્થીઓને માર્ગદર્શક થઈ પડે એવી ઉપયોગી પુસ્તિકા. પ્ર. ધી સુરત સાયન્સ ક્લબ, સૂરત; પૃ. ૫૨, કિં. ૯૦ પૈસા.

---

**લિપિકા:** કવિવર શ્રી રવીન્દ્રનાથની કવિતાના રણકાવાળી કથનિકાઓ. કિં. રૂ. ૨.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૫૮થી

૫૦૭મા અંકને ૧૦૪મે પાને રાશિઓ ને ક્ષારોનાં નામો વિ૦ આપ્યાં છે તેમાં થોડી છાપખાનાની ભૂલ લાગે છે. એ ઉપરાંત એ નોંધની શરૂઆતમાં થોડો ખુલાસો અપાયો હોત કે આ શાની, શાને માટેની નોંધ છે તો વધુ રસ પડત. એ બાર ક્ષારો, દવા તરીકે, દરેક રાશિ મુજબ વપરાય છે એટલું જો બધા જાણે તો ખુલાસો થ ય એમ મને લાગે છે. એ નોંધમાં નીચે મુજબ સુધારા હું સૂચવું છું; ને તે ઉપરાંત, બીજી યાદી, દવાઓનાં નામ મુજબ પણ છૂટી મોકલું છું.

૧) કર્ક ને મકર રાશિના ક્ષારો એક લખાઇ ગયા છે. કર્કમાં કૅલ્શ્યમ ફ્લ્યુઓરાઈડ જોઇએ; મકરમાં કૅલ્શ્યમ ફૉસ્ફેટ બરાબર છે.

૨) કોઈકોઈ પશ્ચિમી સમયમાં એક એક દિવસ ખેંચવડાઈ ગયો છે. દા.ત. મેષ ૨૧ માર્ચથી ૨૧ એપ્રિલ, વરખ-૨૧ એપ્રિલથી ૨૧ મે. આમ દરેકમાં પહેલી રાશિનો છેલ્લો ને એના પછીની રાશિનો બીજે દિવસ એક જ છે–તે વિષેની માહિતી નીચેની યાદીમાં છે.

૩) રાશિનાં નામ હિન્દુસ્તાની છે તો સમય પશ્ચિમી છે! તેના કરતાં પહેલાં અંગ્રેજી નામ, પછી પશ્ચિમી સમય, પછી હિન્દી નામ, તેના અક્ષરો ને પછી તેને મળતા માસ એમ આપી શકાય? આપણી રાશિઓ ચન્દ્રની ગતિ પર છે ને પશ્ચિમની સૂર્યની ગતિ પરથી છે એમ મારું ધારવું છે.

૪) ક્ષારોનાં નામ યાદીમાં રસાયણ-શાસ્ત્રનાં નામ છે. જો ક્ષાર-ચિકિત્સાશાસ્ત્ર પ્રમાણે લખો તો એના એ જ ક્ષારો સહેજ જુદાં નામથી ઓળખાય છે. તે આ સાથેની યાદીમાં છે. તે નામ વધુ અગત્યનાં છે, કેમ કે ક્ષાર-ચિકિત્સાશાસ્ત્ર પ્રમાણે અમુક રાશિવાળામાં અમુક ક્ષારની ક્ષતિ હોય તેથી અમુક જ રોગો થાય, ને પરિણામે તે જ ક્ષાર લેવાથી એ રાશિવાળો નીરોગી થાય. આમ, રાશિ પરથી જે ક્ષાર-ઓષધિ લેવાય તે અચૂક તે વ્યક્તિની જ દવા–સફળ દવા–છે એમ માન્યતા છે. Biochemic Tissue Saltsની વિદ્યા (Biochemistry)માં એનો ઉલ્લેખ છે. આ વિદ્યા હૉમિયોપથીથી જરાક જુદી છે.

(ખાર, મુંબઈ) —(કુ.) રજની પંડ્યા

| Stars* | Days | Biochemic Tissul Salt-Medicine |
|---|---|---|
| Aries | March 22–April 20 | Kali Phosphoricum |
| Taurus | Apr. 21–May 21 | Natrum Sulphuricum |
| Gemini | May 22–Jun 21 | Kali Muriaticum |
| Cancer | June 22–July 23 | Calcarea Fluorica |
| Leo | July 24–Aug. 23 | Magnesia Phosphoricum |
| Virgo | Aug. 24–Sept. 23 | Kali Sulphuricum |
| Libra | Sept. 24–Oct. 23 | Natrum Phosphoricum |
| Scorpio | Sept. 24–Nov. 22 | Calcarea Sulphuricum |
| Sagittarus | Nov. 23–Dec. 22 | Silicea |
| Capricorn | Dec. 23–Jan. 20 | Calcarea Phosphoricum |
| Aquarius | Jan. 21–Feb. 19 | Natrum Muriaticum |
| Pisces | Feb. 20–Mar. 21 | Ferrum Phosphoricum |

*રાશિઓનાં ભારતીય નામ મથાળેથી અનુક્રમે નીચે મુજબ: મેષ, વૃષભ, મિથુન, કર્ક, સિંહ કન્યા, તુલા, વૃશ્ચિક, ધન, મકર, કુંભ, મીન, (તારીખોમાં એક એક દિવસ વત્તો-ઓછો ઘણી વાર હોય છે.)

નંદબાબુ માટે આપેલી સ્મરણીય અને સંગ્રહણીય સામગ્રી માટે જુલાઈ અંકમાં ઉચિત અભિનંદનો મળ્યાં. મારો સૂર તમારી રૂબરૂ પુરાવ્યો જ હતો.

એ જ અંકમાં 'દિનવિશેષ' વિભાગ પર ધ્યાન ગયું. એમાં "તા. ૨૯-પહેલવહેલું ગુજરાતી દૈનિક પત્ર 'સમાચાર દર્પણ' શરૂ થયું, ૧૮૪૯" એવો ઉલ્લેખ છે, તેમા હકીકતદોષ છે. ગુજરાતી ભાષાનું સૌથી પહેલું અખબાર 'શ્રી મુમબઇનાં શમાચાર' ૧૮૨૨ના જુલાઇની તા. ૧લીએ પ્રકટયું. એ દર સોમવારે પ્રકટ થતું. ૧૮૩૨ના જાન્યુઆરીની બીજી સુધી એ એવી રીતે પ્રકટ થતું રહ્યું. એ પછી ૧૮૩૨ના જાન્યુઆરીની ત્રીજી તારીખથી એ દૈનિક થયું. વર્ષ દિવસ એમ ચાલ્યું, પણ ઉત્તેજનના અભાવે દૈનિક તરીકે ઝાઝો વખત એ ચાલી શક્યું નહિ. આથી વરસેક પછી પાછું એ સાપ્તાહિક બન્યું. વળી થોડાક સમય સુધી તો અઠવાડિયામાં બે વખત પ્રકટ થતું. ૧૮૪૯માં મુંબઈમાં 'સમાચાર દર્પણ' નામનું નવું અખબાર નીકળવા માંડ્યું—દૈનિક તરીકે. ૧૮૫૫થી 'મુંબઇ સમાચાર' પાછું દૈનિક રૂપે પ્રકટ થવા લાગ્યું. આમ, ઇતિહાસદૃષ્ટિએ પણ પહેલવહેલું ગુજરાતી દૈનિક પત્ર 'સમાચાર દર્પણ' નહિ પણ 'મુંબઈ સમાચાર'.

(મુંબાઇ) — યજ્ઞેશ હ. શુક્લ

જૂન અંકમાં તો ખરેખર તમે હદ કરી છે! આટલી શક્તિ અને ચીવટ તમે ક્યાંથી મેળવો છો તે સમજાતું નથી! આમ આ ઉંમરે તમે આટલું ખેંચો છો તે આજના યુવાનોએ ખરેખર ધડો લેવા જેવું છે. મારો ૨૦ વર્ષનો શાળાનો અનુભવ કહે છે કે આ શક્તિ આવતી પેઢીમાં ઊતરવી કઠણ છે. 'કુમાર' માટે તમારે એનો વારસો ન ચૂકે એવી પેઢી તૈયાર કરવી રહેશે. એ તમારા ઉપર જવાબદારી છે જ, એનો ખયાલ તમને ન હોય એવું હું માનતો નથી.

'કલા અંક'માં આથી પણ વિશેષ પીરસશો એવી અપેક્ષા સૌકોઈ કરે તે નિર્વિવાદ છે.

જુલાઈ અંકના કાવ્ય વિભાગમાં 'ડહોળાએલી રાત'માં 'શિયાળની સૂની લાળીમાં સીમ બધી સોરાય' ને 'અસંખ્ય રાત્રિઓને અંતે' એ કાવ્યની પહેલી પંક્તિ 'શિયાળની લાળીમાં સરકે સીમ' આવું સામ્ય અનાયાસે આવી જતું હશે? કે આવી પંક્તિઓ સાથે થતી ચર્ચાનું ફળ હશે? મને કાવ્યો વાંચવામાં ઘણી વાર અનેરો આનંદ આવે છે અને તેનું ફળ 'સુધાંશુ'ને ફાળે જાય છે.

(પોરબંદર) —દેવજીભાઈ વાજા

અંક ૫૦૯માંના 'બારી'ના કાવ્ય વિષે: બારી શેરીની જમીનથી ફક્ત એટલી ઊંચાઈએ છે કે ઓરડી વચ્ચે ઊંચે (ખૂણેખાંચરે નહિ) દીવો મૂકતાં તેના પ્રકાશનું ચોકઠું શેરીની જમીન પર પથરાય છે, પણ પવનના સપાટા તો રાતદિવસ ચાલ્યા કરે છે, તેથી દીવો બુઝાઈ ન જાય? પવન ૯૦ પશ્ચિમ કે ઉ૦ પશ્ચિમનો હોય, પૂર્વનો નહિ.

પ્રકાશ શેરીમાં પડે છે: શેરી તો જ કહેવાય જો સામે મકાનોની હાર હોય. પણ અહીં તો બારીમાંથી ક્ષિતિજ પણ દેખી શકાય છે. તેવા ખુલ્લા મેદાનને શેરી કેમ કહી શકાય?

શહેર ન હોય તેવા નાનકડા ગામના નાના એવા ઘરની એ રડી (નહિ કે ઓરડો)ની તેના પ્રમાણની નાની બારી; આ બધું તો સાધારણ કારીગરનું કામ હોઈ શકે, સ્થપતિ (architect)ની રચના ન હોય.

–પણ કાવ્યનાં આત્મા અને અંગ ખરેખર સુંદર છે; અભિનંદન.

(જામખંભાળિયા) —બી. રામપ્રસાદ

# કલાવાતો

## જાપાની વૂડકટ્સ (કાષ્ઠમુદ્રાઓ) અને એશિયા તથા પશ્ચિમની કલા પર મનન

વિશ્વના વિવિધ ખંડોમાં માનવસર્જિત



કલાનિર્માણો સુમારે ૨૦૦૦ વર્ષ કે તે પહેલાંથી થયાં છે અને એમાંનાં કેટલાંક તો આજ સુધીમાં માનવ માટે સન્માન ને વંદનાપાત્ર બની રહ્યાં છે. તે બધાંને એકસપાટે ખંડિયેરોની ખાડમાં ધકેલી ધરબી દેવાની આકાંક્ષા સેવતી અર્વાચીન નવતર કલા (મૉડર્ન આર્ટ) કીભાંડોનું જે તાંડવ મચાવી રહી છે તેનો ભંડો ફોડી યોગ્ય મર્યાદામાં મૂકવાની વ્યવસ્થિત વિચારસરણી શ્રી અભય ખટાઉએ આ નાનકડી પુસ્તિકામાં કરી છે.*

સુપ્રસિદ્ધ દૃષ્ટાંતચિત્રોની સુંદર છાપો અને પ્રકાંડ વિદ્વાનોના સચોટ ઉલ્લેખો સાથે આવી પુસ્તિકા લખવાની અધિકારપૂર્ણ કલમ પ્રાપ્ત કરવા માટે શ્રી ખટાઉની અખૂટ ધૈર્યયુક્ત સાધના અને કલાદૃષ્ટિ અભિનંદનને પાત્ર છે.

શ્રી અભય ખટાઉની જીવનકથા અસામાન્ય સંજોગોમાં સર્જાઇ છે. મુંબાઈના ગર્ભશ્રીમંત ખટાઉ કુટુંબમાં તેમનો જન્મ થયો ત્યારથી જ તેમની શ્રુતિ ને વાણી કુંઠિત હતી, પણ તેમના નેત્રમાં બુદ્ધિની પ્રતિભા અને તેજસ્વિતા ચમકતાં હતાં. સાત વર્ષની વયે દાક્તરી ઉપચાર માટે તેમને વિયેના મોકલવામાં આવ્યા ત્યાં સંગીત અને કલાયુક્ત વાતાવરણમાં એક વિલક્ષણ શિક્ષાગુરુએ તેમનો કલાપ્રેમ પારખી લીધો અને તેમની ૨૧ સનામાં અભિમુખતા આપી. મુંબાઈ આવ્યા પછી ઘરની સ્વતંત્ર શિક્ષણયોજના દ્વારા તેમણે અંગ્રેજી ભાષાનો સારો અભ્યાસ કર્યો તેમજ શ્રી પુલિનબિહારી દત્ત જેવા દક્ષ ચિત્રગુરુ પાસે તેમની ચિત્રકળાની સાધના મૌલિક સ્વરૂપ પામી. શ્રીમંત વડીલોએ તેમના વિકાસ માટે સર્વ પ્રકારની સગવડ આપી ને તેમણે પૂર્વ તેમજ પશ્ચિમની કલાકૃતિઓ જોઈ તેમાંથી પોતાની આગવી કલાપ્રવૃત્તિ દ્વારા અનેક કૃતિઓ સર્જી અને દેશપરદેશમાં વ્યક્તિગત કલાપ્રદર્શનો પણ રજૂ કર્યાં. લોકો તેમજ વર્તમાનપત્રોએ તેનો ખૂબ જ આદર કર્યો. જાપાનના પ્રવાસ પછી તેમણે ત્યાંની સુંદર કૃતિઓનો સંગ્રહ કરી આ પુસ્તકના લેખક તરીકે પ્રસ્થાન કર્યું છે.

ઘણી સરળ ભાષામાં જાપાનની કળાના કાળક્રમ અને પ્રમુખ શૈલીઓને તેમણે સુગત કરી સમજાવી છે જાપાનને કળાસંસ્કૃતિ ચીન પાસેથી મળી છે, પણ પોતાની લાક્ષણિક રસિકતા અને પ્રકૃતિપ્રેમથી તે પેઢી દર પેઢી નવીનવી શૈલીથી આગળ વધતી રહી છે. આ સર્વનું વિહંગાવલોકન કરી આપતાં અભયે કલાકૃતિઓનાં વર્ણનમાં જે પ્રેરક અને સૂચક શબ્દોના પ્રયોગો કર્યા છે તેથી તેમને એક મૌલિક કલાવિવેચક કે ગુણદર્શક તરીકે બિરદાવી શકાય. કળાકાર હારૂનોબુનાં સ્ત્રી-પાત્રો વિષે તે લખે છે: 'તેમાં શિષ્ટ શૈલીનું ચિત્રકામ છે. આકારનું આલેખન અને રંગકામ ગંભીર છે, પણ નારીપાત્રોની મોહિની નજર પકડી રાખે એવી છે. જાપાની કુમારી ચીતરતાં તે જરા સંકોચ રાખતો લાગે છે. ગર્વીલી, પુષ્ટ શરીરવાળી, ચાપચીપભરી, કામદેવની છાયામાં વિહરતી ઉતામારૂની પ્રસિદ્ધ રમણીઓ હજુ બહારમાં આવી નથી. આ તો પુરુષોને પસંદ એવી, મમતાળુ, વિનમ્ર અને શરમાળ લાગે છે. પણ હારૂનોબુએ જાપાનની પ્રણાલીનું પ્રતિષ્ઠિત સ્ત્રી રૂપ દાખવ્યું છે. સંયત રંગોથી તેણે કુમારિકાનું દિવ્ય સૌન્દર્ય આલેખ્યું છે. સ્ત્રીની તીખી નજરથી નહિ પણ મૌનસૂચક મુદ્રામાં તેનું ગૌરવ તેણે દાખવ્યું છે.

રંગમંચના નટોના ચિત્રકાર તોરી કુજાનાં ચિત્રોમાં તેનાં વીર વચનનો પડકાર સાંભળતા હોઇએ એવું લાગે. નટના મોં પર દેખાતી દુષ્ટતા, દ્વેષ, ધિક્કાર કે ધુત્કાર, તે આબેહૂબ અભિનય પ્રમાણે આલેખી શકે છે. તેનાં ઘાટદાર આયોજન, ભારેખમ દળ, ઉચિત રંગાવટ અને વેગીલી ને કસરભરી રેખાઓ આગળ તો બ્રાક અને પિકાસો પાછા પડે.

હોકુસાઇ તો આલેખનશક્તિનો સ્વામી છે. એક જ પ્રકારની ચોક્કસ કલમથી તે અનેકવિધ વિષયોનું આલેખન કરે છે. જીવનના અનુભવોને હમેશાં ભંડારતો તે લખી ગયો છે: 'પણ હું જ્યારે ૮૦ વર્ષનો થઈશ ત્યારે દુનિયાને કંઈક વધારે જાણીશ, ૯૦મે વર્ષે વસ્તુઓનું રહસ્ય પામીશ અને ૧૦૦મે વર્ષે મારી એકેએક રેખા, મારી પીંછીનો એકેએક ઝટકો સજીવન બનશે.' – આ હોકુસાઈની ચિત્રમુદ્રાઓ યુરોપમાં ચારેકોર પસરી હતી. જાપાનીઝ ચિત્રમુદ્રાઓ તેની કલાસંસ્કૃતિનો છેવટનો તબક્કો હતો. પણ તે યે પશ્ચિમનો ઉદ્યોગયુગ આવતાં અસ્તપ્રાય બન્યો; અને



ઈસુ ખ્રિસ્ત (ચિત્રકાર • જ્યૉર્જ રાઓલ્ટ)



બુદ્ધ (જાવાનું એક પ્રાચીન શિલ્પ)

ફૂટતા પ્રભાતના તેજ નીચે સ્થિર પ્રશાન્ત સરોવર જેવી મુદિત ગંભીરતા ધરાવતા ધ્યાનસ્થ બુદ્ધના આ મુખની પ્રગાઢ સુંદરતા જેમજેમ જોતા જઈએ તેમતેમ એની પાવનકારી અસર આપણા અન્ય સર્વ વિચારોને શમાવી દઈ એને અંતર્મુખ કરતી લાગે છે. બોરોબુદુર જાવાના આઠમી સદીના આ શિલ્પમાં કલા પ્રત્યેનો પૂર્વનો અભિગમ જોવા મળે છે. બુદ્ધના જેવી જ કરુણા ક્રાઈસ્ટમાં હતી. સાથે આપેલા 'ક્રાઈસ્ટ'ના આલેખન પરથી પશ્ચિમની કળા એ કરુણાને કઈ રીતે વ્યક્ત કરી શકે છે તે સમજાશે. (શ્રી અભય ખટાઉના પુસ્તકમાંથી)

* Japanese Wood-cuts and some Thoughts on Asian & Western Art by Abhay Khatau, Western Printers, 19/21 Hamam Street, Bombay-1.





સ્નાન: ચિત્રકાર • મેરી કૅસૅટ

માતા અને બાળક (ડાબી બાજુ)
ચિત્રકાર • ઉતામારૂ

ઉપરના બંને ચિત્રોનાં વસ્તુ સ્પષ્ટ છે. આલેખનની સાદગી અને ચિત્રવિષયને પ્રકટ કરતી ઓછામાં ઓછી રેખાઓનો માર્દવતાભર્યો ઉપયોગ પૂર્વ પાસેથી પશ્ચિમે અપનાવવાનો જે પ્રયત્ન કર્યો છે એ અહીં સ્પષ્ટ વરતાય છે.

પૂર્વની સંસ્કૃતિનું પણ હવે શું થશે, કોણ જાણે!

ઉદ્યોગયુગ ને તેની સંસ્કૃતિથી આજે પૂર્વના સમાજના પાયા હચમચી ઊઠયા છે. એશિયાના ચિત્રકારો આત્મવિશ્વાસ ખોઈ બેઠા છે ને પૂર્વના પોતાના ભવ્ય સંસ્કાર-વારસા અને કળાઓનો સંજીવક સંપર્ક પણ ગુમાવ્યો છે.

જાપાન તો કેવળ એક દૃષ્ટાંત છે. ભારત તેથી યે નીચે ઊતરી ગયું છે. હવે અંકોરવાટ, બોરોબુદુર કે અજંટાના ભવ્ય ચિત્રાગારોનો યુગ ખલાસ થઇ ગયો છે, એટલું જ નહિ પણ આજના એશિયાઈ ચિત્રકારોની કલ્પનામાં તેની ભવ્યતા સમાઇ પણ શકે તેમ નથી. એમણે તો યુરોપની જીવનભાવના અને ટેવો ધીરેથી અપનાવી લીધી છે અને ચિત્રોમાં પણ ઈમ્પ્રેશનિસ્ટોથી આગળ વધી, મૉડર્ન યુરોપી કળાનું મૂળ તથા તેની પાછળની હકીકત સમજ્યા વિના પિકાસો, માતીસ આદિનાં આંધળાં અનુકરણ કરવા માંડયાં છે. પ્રથમ તો પશ્ચિમ અને પૂર્વની સૌંદર્યદૃષ્ટિના ભેદ અને ભાવનાઓની પૂરી સમજ મેળવવી જોઇએ. ઈમ્પ્રેશનિસ્ટો અને 'મૉડર્ન' કલાકારો પ્રતીકવાદ શીખ્યા પૂર્વ પાસેથી. એક જણે કબૂલ કર્યું છે કે 'મારા શિક્ષણમાં મને જાપાની પ્રિન્ટ મળ્યા ન હોત તો હું ક્યાં ને ક્યાં નીકળી જાત. અણખપતી વસ્તુઓ કૃતિમાંથી દૂર રાખવાનો મંત્ર મને જાપાની પ્રિન્ટમાંથી મળ્યો છે. પણ આ મૉડર્નિઝમમાં ખપતા પ્રકારોના મૂળમાં એ (જાપાનીઝ) પ્રિન્ટની અસરો છે તે વાત કોઈની નજરમાં આવતી નથી, કોઈ તેનો સ્વીકાર કરતું નથી એ નવાઈ છે.'

એ ય વૈચિત્ર્ય છે કે મૉડર્ન યુરોપીઅન ચિત્રકારો હજી યે પૂર્વના નમૂનામાંથી પ્રેરણા લેવા મંન કરે છે, જ્યારે પૂર્વના મૉડર્નિસ્ટ પશ્ચિમને પૂછડે ખેંચાય છે! 'ડિસ્કવરી ઑવ આર્ટ'ના પ્રમાણિત ગ્રંથનો લેખક પ્રખ્યાત કલાવિવેચક કરેને હુઇગે 'ચિત્ર ક્યારે શ્રેષ્ઠ કૃતિ ગણાય' તે વિષે આમ વ્યાખ્યા આપે છે: 'Imitation (અનુકરણ), Construction (રચના), Expression (અભિવ્યક્તિ) આ ત્રણ રીતિપ્રકારો ચિત્રકારને પ્રાપ્ત હોય છે. Reality (વાસ્તવતા), Beauty (સુંદરતા) અને Poetry (કવિતા) આ ત્રણ દેવાઓની ત્રિમૂર્તિ તેનાં અર્ઘ્યપાત્ર છે. મહાન કલાકાર આમાંની એકની આરાધના કરે છે, પણ એ ત્રણે વિના તેને ચાલતું નથી અને તેથી જ તેની કૃતિ મહત્તા પ્રાપ્ત કરે છે.'

એ જ વિવેચક અરધી સદીની મૉડર્ન આર્ટની પ્રવૃત્તિ જોઈ ને તેના કલાકારોને હદબહાર જવાનું જોખમ ખેડતા જુએ છે ત્યારે બોલી ઊઠે છે: 'મૉડર્ન આર્ટિસ્ટે મગજની સમતુલા ગુમાવી છે. તેણે ઉપર કહેલાં ત્રણે તત્ત્વોનો મેળ કરી જાણવું જોઈએ તો જ તેની કૃતિ સંપૂર્ણતા પામે.' આ વિદ્વાનની ચેતવણી એશિયાના ચિત્રકારોને આ નવી જાળમાં પડતાં રોકશે ખરી? તેણે આગળ કહ્યુ છે: 'આ લોકોની કૃતિઓ વિખંડિત, ગૂંચવણભરી અને એકબીજી શૈલી વચ્ચે ખેંચતાણમાં પડેલી હોય છે. દરેકને પોતાની શોધનો ધખારો હોય છે, અને જે ખાડમાં તે પડ્યો છે તેનો વાડો બનાવી તેને જ માને છે. જરા ધીરજ રાખી કોઈ આકારસ્વરૂપ (ઇમેઈજ)ની તાકાત પર ધ્યાન આપે તો સારું. છેલ્લાં સો વર્ષમાં અનેક તત્ત્વો મળી ગયાં છે. તે સૌ વ્યવસ્થિત થઈ એકબીજાનો વિઘાત ન કરે પણ પૂરક બને તો સમગ્રમાં યોગ્ય ભાગ ભજવી શકે.

પ્રતીકોનું નિર્માણ પણ પૂર્વની જ પેદાશ છે. એશિયાએ વળી પશ્ચિમને પગોઠેથી શી ફિલસૂફી શીખવાની હતી? આપણે ત્યાં હજારો વર્ષ પહેલાં સૌંદર્યતત્ત્વ ને માનસચિકિત્સામાં મહાન ને સંગીન ગ્રંથો લખાઈ ચૂક્યા છે. વિવેચકોમાં પણ હવે મતભેદ દેખાય છે. મૉડર્ન આર્ટિસ્ટ કોઈ નિશ્ચિત માર્ગે આવી ગયા હોય એવું દેખાતું નથી. તેમના છૂટકછૂટક અનુભવપ્રયોગોને એક વ્યવસ્થિત અભિવ્યક્તિ કે શૈલીનું રૂપ મળ્યું નથી.

મૉડર્ન આર્ટના કેટલાક સારા અંશો પણ છે. તેણે અકાદમિક—એટલે કે પાઠ્ય શિક્ષણનાં બંધનોમાંથી કળાને મુક્તિ અપાવી છે. પહેલી જ વાર ધૂસર રંગોને મેળવ્યા વિનાના શુદ્ધ રંગોમાં ચિત્રો વાન ગૉઘે આપ્યાં. હવે ચિત્રકારને પદાર્થની વાસ્તવિકતાનું બંધન નથી, કલાને સાહિત્યિક પ્રસંગો કે વર્ણનોને અધીન રહેવું પડતું નથી. કલાકાર સર્જક બની સહજ રીતે પોતાના મનોમંથન કે અનુભવને વ્યક્ત કરવા મુક્ત થયો છે, તેની કૃતિ ચોક્કસ પ્રકારની ભાવસપાટી કે આનંદપ્રદાન કરી શકે તેમાં તેની પર્યાપ્તિ ગણાય છે.

પણ માણસનું વ્યક્તિત્વ અટપટી સામગ્રીથી બનેલું છે. તેમાંની કોઇ બાજુ ખાંડી રહે તે ચલાવી લેવાય નહિ. તેના સંજોગો, સમાજ અને સંસ્કારની ભૂમિકામાં જ તે ઊભો રહી શકે છે. વળી રાજકીય તેમજ આર્થિક વલણોથી પણ તે મુક્ત હોતો નથી. જાપાન કે ભારત પોતાના સંજોગોના આધારે વિકસે. જાપાન તેના ભૂતકાળના વૈભવ માટે જેટલું સજાગ છે તેટલું ભારત નથી.

આ બે દેશોની સારી સરખામણી કરી જાપાનની કળા વિષેની આંતરચેતના ભારત માટે કેટલી અનુકરણીય છે તે આ નાની પુસ્તિકામાં બતાવ્યું છે. એમાં લેખકે ભારતીય કલા પ્રતિનો પોતાનો ભાવ ખૂબ સ્પષ્ટરીતે વ્યક્ત કર્યો છે. પુસ્તકની બીજી આવૃત્તિ જ તેની યોગ્યતા સિદ્ધ કરે છે. —ર. મ. રાવળ

---

# ઝયાં આર્પ

## Jean Arp

પહેલા મહાયુદ્ધ વખતે સામ્રાજ્યવાદી મનોદશા ને ચુસ્ત પ્રણાલિકાઓ સામે જ્યારે યુરોપના બુદ્ધિશાળી વર્ગની જીવન પ્રત્યેની શ્રદ્ધા ખળભળી ઊઠી તે કાળે, વ્યાખ્યાબદ્ધ મૂલ્યોથી વાજ આવી ગએલા કેટલાક તીખા તરુણોએ મુક્ત વિચારની લેહથી કલા, સાહિત્ય, જીવનરીતિ આદિમાં નવા જ ચાસ પાડવા માંડયા; અને એ લેહ ઉગ્ર બની ત્યાં ચાલુ જીવનરીતિઓ સામે અનાદર, ઉપહાસ અને તિરસ્કારયુક્ત ભાંગફોડિયો બળવો પણ પોકારાયો.

એ નવા ચાસ અને બળવાને પરિણામે જે તીવ્ર પ્રત્યાઘાતોવાળા અભિનવ કલાપ્રકારો જન્મ્યા અને જેમણે તે પછીની આ અરધી સદીમાં અનેક અપ્તરંગી કલાપ્રણાલિઓ માટે છુટ્ટી દોર પકડાવી દીધો તેમાંનો એક પ્રકાર તે 'ડાડા'ઈઝમ—'દાદા'ઈઝમ.

ગયા જૂનમાં, સ્વિટ્ઝર્લૅન્ડમાં એ દાદાઈઝમના આદ્ય સ્થાપકો પૈકીના એક અગ્રણી ને કૈંક અંશે સ્વસ્થ વિચારસરણીવાળા કવિ-ચિત્રકાર-શિલ્પી ઝયાં આર્પના, ૭૯ની વયે હૃદય બંધ પડીને થએલા અવસાનથી કલાજગતના એક નામી અગ્રચારીનો વિલય થયો.

સ્વિટ્ઝર્લૅન્ડ તટસ્થ દેશ હોઈ યુદ્ધત્રસ્ત સર્જકો સૌ ત્યાં જ ભેગા થઈ જાય એ સ્વાભાવિક હતું. ત્યાં ઝૂરિખમાં સ્થપાએલા આ પ્રણાલિકાભંજક સંઘના નામકરણ માટે પણ ફ્રૅંચ શબ્દકોશ ઉઘાડતાંવેંત જે શબ્દ (દાદા) નજરે પડયો તે જ અપનાવેલો. ચીલાચાલુ બધી જ ઢબછબ પ્રત્યેનો એમનો વિરોધ આમાં પ્રગટ થાય છે.

આર્પનું મૂળ નામ તો હાન્સ હતું. દાદાઇઝમમાં તેના સાથીદાર હાન્સ રિશીના નામ સાથે ગોટાળો થતો અટકાવવા કદાચ તેણે ઝયાં નામ ધારણ કરેલું. ઇ. ૧૮૮૭માં ઑસ્ટ્રિયાના એક ફ્રૅંચ પરિવારમાં એનો જન્મ. ફ્રૅંચ અને જર્મન બંને સંસ્કારોની એના પર અસર. ૧૯૦૪માં પારી(સ) જવાનું થતાં નવા કલાપ્રવ હોથી પ્રભાવિત થઇ પહેલાં જર્મનીમાં ને પછી પારી(સ)ની અકાદમીમાં કલાનો અભ્યાસ કર્યો. ઈ. ૧૯૦૮માં સ્વિટ્ઝર્લૅન્ડમાં એને વિખ્યાત અપ્તરંગી કલાકાર પૉલ ક્લીનો, અને ૧૯૧૨માં મ્યૂનિખમાં એવી જ બીજી અપ્તરંગી પ્રણાલીના જાણીતા કલાકાર કૅન્ડિન્સ્કીનો પરિચય થયો. પણ એવા કોઈ ચીલા કરતાં એને તો પોતાની આગવી જ પરિપાટી શોધવી હતી એ તક 'દાદા' સમૂહથી લાધી. એ સંઘની એક સાથીદાર સોફી તૉબેર સાથે લગ્ન કર્યું. પતિપત્ની બંનેએ માત્ર દાદાવાદના જ ખયાલોમાં બંધાઈ ન રહેતાં ભૌમિતિક આકારોવાળી કેટલીક કૃતિઓ રચી. આવી મુક્ત કલાની સાથોસાથ એની એવી જ કાવ્યપ્રવૃત્તિ પણ ચાલતી હતી—ફ્રૅંચ અને જર્મન બંને ભાષામાં. ૧૯૨૦માં કોલોન (જર્મની)માં એને કર્ટ શ્વિટર્સ જેવા સાહિત્ય-સંપાદકનો પરિચય થયો. ૧૯૨૫માં એક નવા





પત્ની સોફી તૉબેર સાથે ઝયાં આર્પ

સહયોગી સાથે 'કલાનો વાદ' નામે પુસ્તક લખ્યું, અને ૧૯૨૬માં પારી(સ) નજીકના એક નાના ગામમાં જઈ વસ્યો. ફાટેલા કાગળો, દોરીના ટૂકડા, કટાએલાં તાર-પતરાં જેવી ભંગાર વસ્તુઓને કલાભિવ્યક્તિના માધ્યમ તરીકે વાપરવાનો જે નવો પ્રવાહ ત્યારે ખેડાવા લાગ્યો તેમાં પણ આર્પ સૌને પાછા પાડી દીધા. ૧૯૩૦માં જેને પોતે 'ટૉર્ન પેપર ટૅકનિક' કહેતો એ કાગળ-ફાડ પદ્ધતિની કૃતિઓ પણ સર્જી.

બીજું વિશ્વયુદ્ધ આવ્યું. આર્પ શરણાર્થી બની રહ્યો. ૧૯૪૩માં એક અકસ્માતમાં પત્નીનું અવસાન થયું અને જીવનમાં ખિન્નતા વ્યાપી ગઇ. પણ નવાં ખેડાણોના અગ્રચારી તરીકે તેનો હવે ઉત્તરોત્તર આદર થતો રહ્યો.

યુદ્ધ પૂરું થયું. અમેરિકામાં પણ એમની કલાને આવકાર મળવાથી ત્યાં પણ કેટલીક







ઝયાં આર્પની ત્રણ લાક્ષણિક કલાકૃતિઓ–અનુક્રમે: 'અનિયમિત આકારોનું સંયોજન' (પેઇન્ટિંગ); 'સંજોગોના નિયમાનુસાર' રંગીન કાગળના વિવિધ ટુકડાઓ ચોડીને બનાવેલું 'ચિત્ર', અને 'પાણીની પેટીમાં પક્ષીઓ.' (કાષ્ઠ શિલ્પ). એની રેખાઓ લયયુક્ત અને સંયોજન અસમાન છતાં સમતોલ છે. શિલ્પના વળાંકો વાદળ, પાણી કે પછી 'અમીબા' જેવા, કોઇ પણ નૈસર્ગિક આકારને મળતા છે. દાદાઇઝમમાં કૃતિ અને એના શીર્ષકને કંઈ સંબંધ હોવો આવશ્યક નથી. આજથી અર્ધી સદી પહેલાં વ્યાખ્યાબદ્ધ જીવનરીતિઓના પ્રત્યાઘાત રૂપે યુદ્ધત્રસ્ત સર્જકો દ્વારા આજની 'મૉડર્ન આર્ટ'નો આવો આરંભ થયો હતો.




છાપકામની ગોઠવણીમાં ફૂલવેલની કિનારીઓ બાંધવાનો ચીલો વટાવીને દાદાવાદીઓએ પોતાના મુખપત્ર 'દર દાદા'માં હિંમતભર્યા નવા જ પ્રયોગો કરવા માંડ્યા. એના બીજા જ અંકના પૂઠાનો નમૂનો ઉપર આપ્યો છે.

---

વાર ગયો, પણ ત્યાં રહેવાનું બહુ જચ્યું નહિ. ૧૯૫૩ દરમિયાન ફ્રેંચ અને જર્મન ભાષામાં એના કાવ્યસંગ્રહો પ્રકટ થયા, ને અમેરિકામાં કારાકાસ યુનિવર્સિટી માટે એક શિલ્પ બનાવ્યું; હાર્વર્ડ વિશ્વવિદ્યાલયે પણ એની પાસે શિલ્પ બનાવડાવ્યું. આંતરરાષ્ટ્રીય પુરસ્કારોની તો જાણે વર્ષા થઈ: સાઓ પોલો પુરસ્કાર, વેનિસ દ્વિવાર્ષિક પારિતોષિક, માદોએ મૂર્તિકલા પુરસ્કાર, કાર્નેગી પારિતોષિક, ઉત્તર વેસ્ટફાલી પુરસ્કાર વગેરે ઉપરાંત એની સમગ્ર કલાપ્રવૃત્તિ માટે એને ગ્રઅટે પુરસ્કાર મળ્યો. પારી(સ)માં 'યુનેસ્કો'ના નવા મકાનમાં પણ એની કલાને સ્થાન મળ્યું.

પણ આર્પે પોતે તો આ સમ્માનો અને સમૃદ્ધિથી દૂર જ રહેવાનું પસંદ કર્યું. જીવનનાં અંતિમ વર્ષો એણે સ્વિટ્ઝર્લૅન્ડના દૂર ઊંડાણમાં નાનાં ગામોમાં વિતાવ્યાં. પોતાના સદા પ્રામાણિક સ્વભાવથી તે સૌના આદરપાત્ર થઈ રહ્યા હતા, કારણ કે દાદાઈઝમ, અ-વાં ગાર્દ, સર-રીઆલિઝમ આદિ કલાનાં બધાં અભિનવ આંદોલનો સાથે તે જોડાએલા હોવા છતાં એ આંદોલનોમાંની અન્ય ખયાલો પ્રત્યેની અસહિષ્ણુતા અને કટુતાથી વેગળા રહી અંણે પોતાની રીતે જ કલાની સાધના કરી હતી.

દાદાઈઝમની સ્થાપના પણ નહોતી થઈ એ પહેલાંથી કલા વિશેના એના વિચારોએ આગવો રાહ અખત્યાર કરી લીધો હતો અને કદાચ એથી જ દાદાસંઘમાં બહુ સરળતાથી અગ્રણી થયા. કવિતા, ચિત્રકળા ને મૂર્તિકળાનાં પોતાનાં સર્જનોમાં રૂઢ રીતિઓથી અલગ પડ્યા છતાં તેમણે સાદગી, શાંતિ અને માર્દવભરી રીતિ અખત્યાર કરી હતી. એમની અરૂપરંગી કળામાં પણ આડંબર કે દુરાગ્રહને બદલે એક મધુર લય જણાતો. નૈતિક અને રાજનૈતિક, કલાત્મક અને પ્રતિકલાત્મક આંદોલનોમાં અગ્રણી રહેવા છતાં એમની પોતાની કળા એક સ્થિર ગતિએ વિકસતી રહી હતી. છેલ્લે છેલ્લે એમણે પોતાના વિચારો વ્યક્ત કરતાં કહેલું: 'વૃક્ષ પર જેમ ફળ પ્રકટ થાય છે, તેમ કલાકૃતિ પણ રહસ્યમયી સહજતાથી પ્રકટ થવી જોઇએ. ધરતીમાં પડેલા બીજની પેઠે કળાએ પણ ગંભીર મૌનમાં રૂપ ધરવું જોઇએ.' વયના વધવા સાથે એમની કળામાં ગૂઢતા ઘટતી ગઇ. કલાકૃતિના સર્જન માટે અટપટી પટ્ટાબાજી ખેલતા માણસ માટે એમણે કહ્યું કે 'તર્કશક્તિએ માણસને ઘમંડી બનાવી દીધો છે. એ પોતાને પ્રકૃતિનો સ્વામી અને સૃષ્ટિનો અચૂક માનદંડ સમજી બેઠો છે. જ્ઞાનથી એને મૂર્ખતા મળી છે.'


આજે આ કેટલું બધું સાચું પડતું આપણે જોઇએ છીએ!

## સામેના પૃષ્ઠ પરની
## સ્પેઇનની ટિકિટો પર કલાકૃતિઓ

પૂર્વકાલીન ખ્યાતનામ કલાકારોની વિખ્યાત ચિત્રકૃતિઓને સુંદર રીતે પોતાની ટપાલટિકિટો પર પ્રકટ કરીને સ્પેઇને ઉત્કૃષ્ટ કલારત્નોને છેક અદના આદમી સુધી પહોંચાડવાનું એક પ્રશંસનીય કાર્ય કર્યું છે, એમાં ચિત્રકાર મુરીઓની કલાકૃતિની ટિકિટો: ડાબી બાજુથી અનુક્રમે (૧) ભલો ભરવાડ બાળક (૨) રેબેકા અને એલિઝર (૩) રોઝરીની કુમારી (૪) ગર્ભવતી (૫) છીપલે રમતાં બાળકો (૬) ચિત્રકાર મુરીઓ (નિજી છબિ) (૭) પવિત્ર કુટુંબ (૮) દાતરત બાળકો (૯) દ્રાક્ષની મોજ અને (૧૦) પૈસા ગણતાં બાળકો. આ પછીની ચિત્રકાર વેલાસ્કેથની કૃતિઓ છે અનુક્રમે: (૧) મદ્યપાન, (૨) સીવતી સ્ત્રીઓ (૩) બ્રેડા(નગર)ની શરણાગતિ (૪) દરબારના વામનજી (૫) ડૉન કાર્લોસ (૬) વેલાસ્કેથ (નિજી છબિ) (૭) કુમારીને મુકુટઅર્પણ (૮) વલ્કનની એરણ (૯) જોની પસ અને (૧૦) રાજકુંવરી માર્ગેરેટ.




વડોદરા યુનિવર્સિટીના કલા મહાવિદ્યાલય (ફાઈન આર્ટ ફેકલ્ટી)ના 'રીડર' પદે નિમાએલા આપણા પરિચિત કલાકાર શ્રી જ્યોતિ ભટ્ટ થોડા સમય પર અમેરિકામાં હતા ત્યારે એમનાં એચિંગ તથા એમનાં પત્ની જ્યોત્સ્ના બહેનનાં સિરૅમિક્સ (માટીકામ)નું પ્રદર્શન ન્યૂયૉર્કની 'ગૅલેરી ઑાવ ગ્રાફિક આર્ટ્સ'માં ભરાયું હતું તેના નિમંત્રણપત્ર ઉપરનું એચિંગ અહીં આપ્યું છે. એમાં આપણા ગ્રામ-ભરતકામની ભાત ને મોર, ગ્રામ કન્યાના મીંદલા ગૂંથેલા વાળ ને છૂંદણાં છૂંદેલા ગાલ, દેવનાગરીના અક્ષરો આદિ ત્યાંના લોકોને અપરિચિત ને અવનવી એવી વસ્તુઓની ગૂંથણી કરી છે.




---

સ્વ. ડૉ. હોમી ભાભાની યાદમાં આ ૪થી ઑગસ્ટે બહાર પડેલી ભારતની ખાસ ટપાલટિકિટ. પાછળ ટ્રૉમ્બેના અણુ સંશોધન કેન્દ્રનું ચિત્ર છે જેને ડૉ. ભાભાના માનમાં હવે 'ભાભા અણુસંશોધન કેન્દ્ર' તરીકે ઓળખાય છે.




**સ્પેઈનની ટપાલટિકિટો પર ખ્યાતનામ કલાકૃતિઓ.** (વિગત અન્યત્ર આપી છે.) પ્રેષક: સદાનંદ વ. જાપા, અમદાવાદ

રંગગઠરિયાં–૭૧

# ઈસ્ટ બર્લિનમાં

ચન્દ્રવદન ચી. મહેતા

આમ બર્લિનની આસપાસ ફેરફુદરડી ફરી આપણે પૂર્વ બર્લિનમાં દાખલ થઈ ગયા. અને બ્રેખ્ટની નાટકશાળામાંનાં બીજાં એકબે નાટકો જોયાં, પણ તે ઉપરાંત ગોર્કીનું જાણીતું 'લોઅર ડેપ્થ્સ' જોયું. પણ હમણાં તો વિક્ટર રોસોવનું 'અન્ટરવેગ્સ' ને હિમેલનું '૯ વાગ્યે કાર્નિવલમાં' એ બે નાટકો ચર્ચીશું.

'અન્ટરવેગ્સ' એટલે 'રસ્તે', ટેકનિકની દૃષ્ટિએ અતિ સુંદર રજૂઆતવાળું નાટક. ફક્ત બે જ પાત્રો : એક અરધો ધૂની, કે અસામાન્ય, યા જરાજરામાં આડાઈ કરનારો છોકરો; અને એની પાછળ પ્રેમમાં પડેલી છોકરી; બસ આટલી જ વસ્તુ. વાતમાં કંઈ દમ દેખાય છે? પણ ભાષા ન સમજાય તો યે હું એ જોવા ફરીફરીને જાઉં, જરૂર જાઉં. છોકરાનાં માબાપ, બેત્રણ મિત્રો, ટ્રામ-બસ-કન્ડક્ટરો એવાં દસ-પંદર પાત્રો બે-પાંચ મિનિટને માટે આવ્યા જાય. ઘર, રસ્તો, સ્ટેશન, પબ્લિક બાથ, મેળો, એવાએવા સંખ્યાબંધ પ્રવેશો આવતા રહે. પડદો ન પડે; અંધારું થાય અને એકાદ સૂચક ગોઠવણીથી દૃશ્ય સમજાતું રહે. એમાં ભારે કુનેહ. પણ મૂળ વાતે આ એક મોટા શહેરથી બીજા મોટા શહેરમાં જવા નીકળેલો છોકરો ક્યાંક આડો ચાલે, ક્યાંક રસ્તે ગૂંચવાઈ જાય. પૈસા? પૈસા તો છે જ નહિ; એટલે ક્યાંક ભૂખે પણ મરે; ક્યાંક મેળામાં બે-પાંચ રખડેલ લાલચુ પોટ્ટીઓ એને બનાવી જાય; ક્યાંક ટ્રેઈનવાળા ઉતારી મૂકે; ક્યાંક કંઈ ને કંઈ અડચણ ઊભી થઈ જાય; અને એની પાછળ પાછળ જનારી પેલી છોકરી એની મદદે ધાય ને એને ઉગારી લે તેમતેમ પેલો એની ઉપર વધારે અને વધારે ખિજાતો રહે; તું શા માટે મારી પાછળ પાછળ આવ્યા કરે છે?

—'અમસ્થી.'—'પાછી જા.'

'જઈશ, મન થશે ત્યારે.' અને આખરે રસ્તે આખડતાં-પડતાં-થાકતાં પહોંચે છે બીજા શહેરમાં, ત્યારે છોકરો અસામાન્યમાંથી સામાન્ય વ્યક્તિ થઇ રહે છે, અને પેલી પાછી જવા તત્પર થાય છે ત્યારે હવે એ જવા દેતો નથી! જો ઘટના બની છે! આટલા માટે ત્રણ અંક! રમૂજી તો નહિ, પણ ભારે રમતિયાળ નાટક, ફરીફરીને જોવા જેવું.

થોડા દિવસ બાદ હું મારી હોટેલમાં જમવાને બદલે સામેના મોસ્કો નામે રેસ્ટોરાંમાં દહીં-ટામેટાંનો સૂપ પીવાની લાલચે જમવા ગયો. રવિવારની બપોર હતી. એક ટેબલ પર જઇને બેઠો, ઓર્ડર આપ્યો, ત્યાં સામે એક બાઈ આવીને મારી રજા લઇને બેઠી. રજા લઇને એટલે? મારા બાપદાદાનું આ ટેબલ હતું? ના, પણ આપણે ત્યાં જેમ સામે ખાલી જગ્યા દેખતાં ગમે તે, ગમે તે રીતે ગોઠવાઈ જાય, એમ એ બાજુ નથી બનતું. સામે આવી હસીને પૂછે, અને સામો માણસ હા પાડે, (અને તરત હા પાડે જ) પછી બેસે. એમ એ સન્નારી બેઠી. ન એણે કશા ખાવા-પીવાનો ઑર્ડર આપ્યો, ન કંઈ બોલે. મૂંગીમંતર બેઠી રહી, અને હું એને ટીકી ટીકીને જોયા કરું. દેખાવડી? અલબત્ત. હું એના વાળ જોયા કરું; આવા સફેદ રંગના વાળ મેં ક્યાંક બીજે જોયા છે. ક્યાં જોયા હશે એની મથામણ કર્યા કરું, ને મારા સૂપના ઘૂંટડા ભર્યા કરું. મનમાં થયું કે કંઇ બોલું, કશું પૂછું. પણ થયું કે શું પૂછું? થોડાં જર્મન વાક્યોથી શો અર્થ સરે? એટલામાં એક દેખાવડો પુરુષ એની બાજુમાં આવીને બેઠો; મને 'થૅંક્યૂ' પણ કહ્યું; ને તરત પેલી છોકરીને પોતે ખાવાનાનો ઑર્ડર વગેરે આપીને આવ્યો છે તે બધું ટૂંકમાં



અન્ટરવેગ્સ

મૃચ્છકટિક

નવ વાગ્યે કાર્નિવલમાં

અને એક દોજખ

શુનેમાનની વસંતસેના

સમજાવી સ્વસ્થ થયો. વાર્તાલાપ જર્મનમાં; ને વચ્ચે વચ્ચે પેલી છોકરી જરા હસી, મલકી કંઈ પૂછે એટલે મારા કાન વધારે સતેજ થઈ જાય, મન સજાગ થઈ જાય, પણ સ્મૃતિ કશી દાદ ન દે. મેં ગૂંચવણમાં ને ગૂંચવણમાં મારો સૂપ પૂરો કર્યો, અને બીજી વાનીની રાહ જોતો બેઠો. અરધે કલાકે મારી યાદશક્તિએ યારી આપી, તેવો જ હું ચમકી કંઈ ગણગણી બેઠો : 'ઓહો' જેવું. અને બંને જણાંએ આશ્ચર્યયુક્ત ચહેરે મારી તરફ જોયું. હવે તો મારે કંઇ વાત કર્યે જ છૂટકો, એટલે 'એક્સક્યૂઝ મી' કરીને મેં અંગ્રેજીમાં ચલાવ્યું. સુભાગ્યે પેલો પુરુષ, પેલીનો વર, અંગ્રેજીનો જાણકાર નીકળ્યો, એટલે નિરાંત થઈ.

'હા એ જ, તમારી ધારણા ખરી છે. 'અન્ટરવેગ્સ'માં તખ્તા ઉપર પેલાની પાછળ પાછળ ભમે છે,—પણ તખ્તા બહાર તો હમેશાં મારી સાથે જ ફરે છે.'

પછી તો મેં અભિનંદનોનો વરસાદ વર્ષાવ્યો. આખા નાટકની રૂપરેખા પાછી વિચારી ગયો. પેલીએ સુંદર જર્મનમાં હસતાંહસતાં કહ્યું : 'મારાં બહુ વખાણ ન કરો. તમે ન જોયો હોય તો '૯ વાગ્યે કાર્નિવલ'માં જજો.'—'કાર્નિવલ? ક્યાં?'—'નાટકનું નામ છે. નવે ન જતા, નાટક આઠે શરૂ થાય છે, પણ નામ 'નવ વાગ્યે' છે. રખે ભૂલ કરતા; ત્યાં—'

એના વરે એને આગળ બોલતી અટકાવી : 'નાઇન! એમને જ નક્કી કરવા દો કે કોણ સરસ.' મને સમજણ તો પડી, પણ વરે મને કહ્યું કે, "મારી વહુનાં તમે વખાણ તો કરો છો, પણ 'નવ વાગ્યે કાર્નિવલ'નું નાટક જોઈ પછી મને તમારો અભિપ્રાય જણાવજો." મેં મારા ગજવામાંથી ટાઇપ કરેલો કાર્યક્રમ કાઢ્યો, અને જોયું તો ત્રીજે દિવસે એ નાટકમાં જવાનું તો હતું જ. વચ્ચે વાગનરનો 'માસ્ટર સિંગર' જોવાનો હતો. પેલા વરે તો પાંચમા દિવસની લંચની એ જ ટેબલ પર ઍપૉઈન્ટમેન્ટ કરી દીધી, અને પૂછવા લાગ્યો કે 'તમને શું ભાવે છે? હું અત્યારથી જ ઑર્ડર આપી દઉં...'

બીજે દિવસે ત્યાંના પીપલ્સ થીએટરમાં એક અચ્છા નાટક પ્રોડ્યુસરને મળવાનું હતું. હોર્સ્ટ શુનેમાન, એનું નામ. જુવાન અને એ હસમુખો ઈલ્મી હતો એ. એ મને કંઇ પૂછવા માગતો હતો, અને અમે પહોંચ્યા ત્યારે એણે 'મૃચ્છકટિક' (એટલે કે ત્યાં પ્રકીર્તિત 'વસંતસેના')-ના સ્કેચો, ફોટો ને શરૂઆતના રીહર્સલ માટે તૈયાર કરેલાં નટનટીઓ હાજર હતાં. એ બીચારાઓને ધોતિયાં-અબોટિયાં પહેરતાં ન આવડે. વેષભૂષામાં ત્યાંના આપણા દેશના સરકારીખાતાના ભારતની સંસ્કૃતિ-





શુનેમાનની
'મૃચ્છકટિક'નાં બે દૃશ્યો
ડાબી બાજુ: વસંતસેના
અને ચારુદત્ત
જમણી બાજુ: શકાર
અને એનો રથ

ના અક્ષરથી અજાણ એવા એમને જે દોરવણી આપે તે ઉપર આધાર રાખે. શુનેમાને તો જાતે થોડાંક પુસ્તકો એકઠાં કર્યાં હતાં, ને હૉલૅન્ડના 'શાકુન્તલ'ના ધબડકા કરતાં એણે 'વસંતસેના' કંઇક સારી શણગારી હતી. હૉલૅન્ડમાંની શકુન્તલાને તો નરી નૂરજહાં જ બનાવી મૂકી હતી! એમાં પણ આપણી ઍમ્બૅસીનો ફાળો હતો! દુષ્યંત જુઓ તો જહાંગીર! (એની છબીઓ જોવી હોય તો પાછલા અંકો ઉથલાવી જજો.) હજી તો વસંતસેનાની શુનેમાન તૈયારી કરે છે, ફોટો લે છે, સ્કેચ દોરે છે, સુધારે છે: બીજાં બેત્રણ વર્ષ થશે! દરમ્યાન એ અભ્યાસ કરશે, પછી રજૂ કરશે. બહુ વાતો કરી અમે; ઘણા મુદ્દાઓ છણ્યા; અને પછી પ્રોફેસર હેમરલીનને મળ્યા. એમનો મેળાપ મને દિલ્હીમાં થએલો. એ જાદુગર વ્યક્તિ ગમે તેવા ખંડિયેર ભૂખડીબારસ દેખાતા હૉલને નાટકશાળામાં ફેરવી આપે. પોતે થીએટર આર્કિટેક્ટનું દફ્તર ચલાવે, એની નિશાળ ચલાવે, અને અવનવા થીએટર બાંધનારા અભ્યાસી શિષ્યોનું એક જૂથ ખડું કરે. બહુ શાંત, ઠરેલ, હોશિયાર બુઝર્ગ વ્યક્તિ. વાત કરે એમાંથી વિનય અને જ્ઞાન બંને ભારોભાર નીતરે.

બરાબર આઠ વાગ્યે અમે 'નવ વાગ્યે કાર્નિવલ'નું નાટક જોવા ગયા. ઈસ્ટ બર્લિનની એક છોકરી; કોઈના પ્રેમમાં; એને છોડી વેસ્ટ જર્મની જઇને રહી; આખરે ત્યાંથી કંટાળીને અહીં પાછી આવી. આ આટલી અમથી વાત. ઍપૉઈન્ટમેન્ટ કાર્નિવલમાં; પ્રેમીઓ મળે ત્યાં; બીચ ઉપર પણ મળે; અને એ બધાં દૃશ્યો અત્યંત સાદાઈથી સસ્તામાં સૂચનાત્મક ગોઠવણીથી રજૂ કરેલાં. પણ રંગભૂમિને સજીવન કરી દેતી હોય, પળેપળે અભિનય-ચાંચલ્યથી પ્રેક્ષકોનાં હૈયાં જીતી લેતી હોય, તો ફૂલર્ટ-સામ્રાજ્ઞી યુટા હૉફમાન. ખબર નથી કે જીવતર એ કેવું માણે છે, જાણતો નથી કે એનો સ્વભાવ કેટલો ચંચળ છે, પરંતુ તખ્તા ઉપર તો આ કિશોરી એના મોઢા ઉપરનાં મરકલડાં-માત્રથી જ જંગ જીતી જાય છે. એનું હસવું-બોલવું-ચાલવું, છણકો-રણકો એ બધાનો અભિનય સહજ તરલ તરંગલોલા જેવો ચંચળ હોવા છતાં પ્રેક્ષકોનાં દિલમાં એ વસી-રમી જાય છે એના મુગ્ધત્વથી. એવી એ મુગ્ધા. ઈશ્વરે એનું વદન જ સરળતાથી ભરપૂર બનાવ્યું છે. જે કંઈ કરે, બોલે, તે સહજ સરળ અને નિર્મળનિર્દોષ જ લાગે. વાહ કુદરત વાહ, એમ કહેવું જ પડે!

પાછાં પેલાં બે વરવહુ અમને જમવામાં મળ્યાં, અને અમે આ યુટા હૉફમાનના અભિનયની વાતે વળ્યાં. પેલી બેઠી છે એની સામે મારે યુટાનો અભિનય સારો એમ કહેવું? વળી તાગડો તો એવો હતો કે વર મારા મોંમાં આંગળાં નાખી બોલાવવા બનતું કરે. જરા છટકવા ફાંફાં મારું, તો દૃશ્યેદૃશ્યના અભિનયોની ચર્ચા કરે, બંનેના અભિનયો સરખાવવા માંડે. હું મનમાં માનું. પણ બહાર કેમ કહું? એક કલાક વાત જામી. અહીં નહિ તો બીજે દિવસે પ્રેસ-કૉન્ફરન્સમાં તો હું કહેવાનો જ હતો. પેલા સજ્જને નમતું ન જ આપ્યું, અને આખરે મને એક વિચિત્ર, પણ ગજગ્રાહમાંથી મુક્ત કરે એવો પ્રશ્ન કર્યો: 'ધારો મિ. મહેતા, કે તમારે આ બેમાંથી ગમે તે એક જણ સાથે પ્રેમમાં પડવાનું હોય તો તમે કોને પસંદ કરો?' મનમાં 'હાશ' કહી મોટેથી હું બોલ્યો: 'સાહેબ! તો તો યુટા હૉફમાન જ, કારણ આ સન્નારી તો તમારી પ્રિયતમા બની જ બેઠાં છે!' છેવટે એ વરવહુએ પણ એ જ ખુલાસો કર્યો કે 'અમે બંને પણ માનીએ છીએ કે યુટા હૉફમાન ઘણી કુશળતાથી પાઠ કરે છે, ને એનો પાઠ બીજાને સોંપવો એ મુશ્કેલ છે.'

ઘણાં નાટકો જોયાં. ફરી પંડિત વોલ્તેર રૂબેનને મળ્યો, સંસ્કૃત નાટકો પર ચર્ચા કરી, હમ્બોલ્ટ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કર્યો, ફરીફરીને બર્લિન જોયું. પછી એક દિવસ સવારે ચાળીસેક માઇલ દૂર, બર્લિનથી બહાર થોડે પૂર્વમાં એક કૅમ્પ જોવા ગયો. એ જોવા ન ગયો હોત એ ઠીક હતું, યા ગયો તે ઠીક થયું, એનો નિર્ણય હજી સુધી હું જાતે નથી કરી શક્યો.

ત્યાં નજીકના ગામડામાંથી ફરતી ચણેલી, લોખંડના વીજળી પરોવ્યા સળિયે મઢેલી દીવાલોમાં દાખલ થઈ ગયા બાદ બહારની દુનિયામાં શું બને છે એની કશી ખબર ન પડે; અંદર કેવું દોજખ રચાય છે, એની બાજુનાં ગામલોકને પણ ખબર ન પડે. આજે જોકે એ વાડમાંથી વીજળી પસાર કરવામાં નથી આવતી, પણ આવી એક એક માઈલ લાંબી ત્રિકોણ જગ્યાના દરવાજામાં દાખલ થયા કે તરત હાંજા ગગડવા માંડે, અને થોડુંક આગળ ચાલો કે બીજી એવી જ તોતિંગ દીવાલ આવે, એના દરવાજામાં દાખલ થયા કે હાડકાં ઓગળવા માંડે, અને આસપાસની હારબંધ બરાકોમાં ડોકિયાં કરી ડાબે હાથે બાંધેલા છાપરા નીચે ઊભા રહો તો લોહીનું ટીપેટીપું ઊડી જાય!

હિટલરના દોઢસોમાંનો એ એક કોન્સૅન્ટ્રેશન કૅમ્પ આજે તો એ જૂની દુ:ખદ સ્મૃતિઓ તાજી કરવા એક પ્રદર્શનસ્થાન તરીકે રાખવામાં આવ્યો છે, છતાં અંદર જતાં જ એક પ્રકારની મનહુસ હવા અને વાતાવરણ. અસંખ્યોની આહ, ચીસ, અરેરાટી, નિસાસાથી ભરપૂર લાગે. યહૂદી નામે, કુટુંબકબીલા સાથે, આબાલવૃદ્ધ ઉપરાંત દુશ્મનો કેદીઓ અહીં સંખ્યાબંધ—નહિ ઢગલેબંધ ગોંધાયા, રીબાયા, ભૂખે મર્યા, જીવતા બળ્યા, કંઈક દટાયા, રાખની ભૂકીમાં પલટાવાયા અને ધૂળમાં રગદોળાયા. હજી રહ્યાંસહ્યાં હાડકાંની કરચો જોવા મળે. હજી એ મુડદાં બાળવાની ભઠ્ઠીઓ મોજૂદ છે. ભઠ્ઠી? ના ભઠ્ઠો, ઈંટો પકાવવાનો મોટો ભઠ્ઠો હોય છે એવો, સામટાં પચ્ચીસ-પચાસ મુડદાં બાળવાનો, હજી મોજૂદ છે. કોઈને પ્રશ્ન પૂછવાનું મન થશે કે નટનાટકની આ રંગગઠરિયામાં આ સ્થાનનું વર્ણન શા માટે? ક્યાંક જમવા, ક્યાંક ફરવા, ક્યાંક બાગમાં ટહેલવા ગયા એ વિષે તો કંઈ ખાસ કહેતા નથી, અને આ બયાન? એને નાટક સાથે શો સંબંધ? કરો સવાલ; એનો આ છે જવાબ, કે ભરતાચાર્યે શૃંગાર રસ કરુણરસની જેમ બીભત્સરસને પણ એક પ્રધાનરસ ગણ્યો છે. ઘૃણા ઊપજે, ચીતરી ચડે, ક્ષોભ થાય, એવાં દશ્યોને પણ અસલ મહત્ત્વનું સ્થાન હશે? હશે જ. ગ્રીક સીઝરો સરદારોથી માંડી નીરો નાદીરખાન ચંગીઝખાન, આજે પણ ધર્મને નામે કોઇ યાકુબખાન અફઝલખાન સિતમની ચક્કી ચલાવવામાં ક્યાં પાછી પાની કરે એમ છે? ત્યાં હિટલરે પણ ધર્મને નામે ગુજરાતની વસ્તીના અરધા ભાગ જેટલા લોકોનાં, મનુષ્યની કલ્પના ન પહોંચે એ થકી પણ આગળ શરીર અને પ્રાણને છૂટા કરવામાં પોતાની કલ્પના દોડાવી! પછી તો મનુષ્ય જ્યારે પાશવી બને છે ત્યારે દયાકૃપાનો અંશ એનામાં રહેતો નથી. હિટલરના યુરોપ સર કરવાના અભિલાષ તો બર ન આવ્યા, પણ એમ કરવા જતાં એણે કૉન્સેન્ટ્રેશન કૅમ્પનું એક શાસ્ત્ર તો રચ્યું! ભૂખમરો વેઠતા માનવીઓએ પોતાના સાથીદાર માનવીઓને કાપી એમનું માંસ પણ ખાધું. માનવ રીબાઈ રીબાઇને કેમ મરે છે, પાણી વિના, ખોરાક વિના, હવા પર કેમ જીવે એ જોઈ શકાય, એ જોનારાઓની જિજ્ઞાસા પોષી શકાય, એ માટે કાચનાં નાનાં બાકોરાંવાળાં ચેમ્બર્સ બનાવ્યાં, હિટલરથી માંડી એના જેવા, વિકૃત કલુષિત અવળી મનોદશાવાળા અને ઊંધી ખોપરીના સાથીદારોએ જોવામાં આનંદ પણ માણ્યો, એવાં હાડપિંજરોના ઢગને જોઈ જોઈ એ નરપશુઓ રાચતા રહ્યા, અમે જે જુલ્મ કરીએ છીએ, એક જાતને પૃથ્વી ઉપરથી સદંતર નાબૂદ કરીએ છીએ એ કરતૂકો અમારા સિવાય બીજા કોઇ જોતા નથી એની ચારેકોરની તકેદારી રાખવા છતાં કંઈક નીડર બહાદુરોએ છાનાંછપનાં, મરતાંમરતાં પણ, જાલીમ ફટકા ખાતાંખાતાં પણ ચોરીછૂપીથી આ જુલમોના ફોટો લીધા, કોઇકે ફિલ્મો પણ લીધી, એ સામગ્રી સંતાડી, દાટી, અંધારામાંથી અજવાળામાં સેરવી આપી. એ બધા ઉપરથી ઉતારેલી ડૉક્યુમેન્ટરી અમે આ દોજખખાનામાં જોઈ. ચિત્રો-છબીઓ તો બેશુમાર છે. સ્ત્રીઓની લાજ કેમ લુંટાય છે, કેમ સ્ત્રીઓના કુમળા વાળ ચૂંટી નાખી કાપી લેવાય છે, કેમ સ્ત્રીઓનાં કોમળ અંગાંગ ઉપર ડામ દેવાય છે, ધગધગતા અંગારા ચંપાય છે, આંખો ખેંચી કઢાય છે, કાન નાક સ્તન જંગ કાપી નાખવામાં આવે છે અને, એવી કદરૂપી બનાવાએલી કાયાને કેમ સાથીદારોને બતાવવામાં આવે છે! કુલ્લે લગભગ સવા કરોડ માનવીઓની ખોપરીઓના ઢગ ઉપરથી ગીધડાં જેમ બેપાંચ કર્મચારીઓ એમાંનાં જડબાં કાપી એકઠાં કરી આપે, એમાંથી બીજા સોને મઢેલા દાંત ખોતરી સોનું એકઠું કરી, બાકીનું અંગાર ભઠ્ઠીમાં નાખે, આવાં બે કલાકભર દશ્યો જોઈ હું તો થીજી ગયો! સારા પ્રમાણમાં પરદેશી પ્રવાસીઓ સાથે હતા, તે બધા પણ જોઈ જોઈ સમસમી ગયા. બહાર નીકળી ન કોઈ બોલ્યા, ન કોઈ વાતે ચડ્યા, બાજુમાંના નાના રેસ્ટોરાંમાં કોઈ ઘૂટડો પીણું પીવા પણ ન રોકાયા.

આવાં દોઢસો દોજખખાનાં—નરહત્યાના અખાડા જર્મનીમાં ઠેરઠેર ઊભા કરનારો હિટલર ક્યાં કેમ ગુજર્યો એની માનવીને ખબર નથી. બર્લિનની મધ્યના ભોંયરામાં દટાઈ એને સકુટુંબ આપઘાત કરવો પડ્યો એવી લોકવાયકા છે. એ જે હોય તે, પણ દશ વર્ષના ગાળામાં એણે કાળને હથેલી ઉપર નચાવી માનવસંહારનું જે મહાતાંડવ રચ્યું, એ આવાં દશ્યો જોઈ ભૂલ્યું ભુલાશે નહિ.

અહીંથી કોઈ નાસી ન શકે. બસોત્રણસો ફીટ ઊંચા ચોકી મિનારા ફરતી નજર રાખે. બરાકોની આસપાસ વીજળી-પરોવ્યા તાર. નાસવા ગયો તે મર્યો જ સમજો. ૨૪ કલાકમાં ગમે ત્યારે, જેટલી વાર વ્હિસલ વાગે તેટલી વાર જે કંઇ કરતાં હો તે છોડી દોડતાં બહાર સલામ બજાવવા ખડા થઈ જવાનું, એક-બે-ત્રણ દીવાલની અંદર પરોવાએલો ઇસમ બહાર નીકળ્યો કદી જાણ્યો નથી. આ બધું નવલકથાઓમાં, ફિલ્મોમાં જોએલું, અહીં એ નજરોનજર જોતાં હડી હચમચી ઊઠી, લોહી થીજી ગયું, મગજ બહેર મારી ગયું! ભારે પગે, ભારે હૈયે અમે ત્યાંથી વિદાય લીધી. નસેનસમાં ઘૃણા વ્યાપી ગઇ. આ તે બીભત્સ રસ! મહાકાળી, રુદ્રકાળી, કાળકા, નૃસિંહ અવતારનાં ચિત્રો જોયાં છે, પણ મહાકાળનું રૌદ્રસ્વરૂપ, મૃત્યુની બીભત્સ રસલીલા અહીં પ્રમાણી.

તે દિવસે બપોરે ખાવાપીવાનું કશું ભાવ્યું નહિ. પછી તો મેં એ સમયના ત્રાસ, કેદીઓ ઉપર ગુજારાતા જુલમ વિષે ઠીક પુસ્તકો વાંચ્યાં. જાતહકીકતો, આત્મવૃત્તાન્તો, ડાયરીઓ, એ બધું વાંચતાં, અને આ જોયા પછી મનમાં વારંવાર સવાલ ઊઠે છે કે ખરેખર મનુષ્ય મનુષ્ય પર આટલાં પાશવી જુલમો ગુજારતો હશે! અને તે એનાં ધનદોલત લેવા નહિ, કીર્તિ કમાવા નહિ, પણ પોતાના મતસંપ્રદાયમાં ન માને એટલા માટે! બને? બન્યું જ છે, હજી પણ ક્યાંક ક્યાંક તો બને જ છે.

ફરી વાર, અનેક મિત્રોની વ્હાલસોઈ વિદાય લઈ, જતી વખતે સુંદર આલ્બમો, ચિત્રો ને પુષ્પના ગુચ્છોની ભેટ લઈ, ભીની આંખોએ ઈસ્ટમાંથી વેસ્ટમાં જવા નીકળ્યો. દીવાલ ચોકી ઉપર પોલીસ મને રોજિંદા વ્યવહારુ પૂછવા જોઈએ એટલા જ સવાલ પૂછતા હતા. ત્યાં મને વ્યગ્ર આંખમાં સજળનેત્રે જોતાં, એમાંનો એક પિંજરામાંથી બહાર આવ્યો. મારે ખભે હાથ મૂકી પૂછે છે: 'વૉટ્સ રોંગ?' મેં કહ્યુ: 'નથિંગ. એ લોકો મારા તરફ એટલા બધા માયાભાવથી વર્ત્યા હતા ને મીઠી દોસ્તી બાંધી હતી કે એની લાગણીથી હું ઉભરાઈ ગયો છું. એમનો સત્સંગ—પંડિત રૂબેન જેવાના સત્સંગો યાદ આવે છે.'

એ અફસર મારો હાથ પકડી મારી સાથે રસ્તા ઉપર આવ્યો, મોટર આગળ ઊભો રહ્યો, ભાવભીના શેકહેન્ડ કર્યા, અને બોલ્યો: 'અમારે ત્યાંથી તમે અમારે માટે આટલી લાગણી લઈ છૂટા પડો છો, એ જાણી મને આનંદ થાય છે. હું તમને ઓળખું છું, એટલે કે તમારા અહીંના નિવાસ માટે હું જાણું છું. તમારો હવે પછીનો પ્રવાસ ઘણો સુખરૂપ નીવડો એમ ઇચ્છું છું.' મારા ફૂલના ગોટામાંથી એક હું આપવા જતો હતો તે એણે ન લીધો. 'એ તમારાં છે, અમારી સંસ્મૃતિ છે, લઈ જાઓ.' એમાંથી એક ફૂલ ચૂંટી મેં એને ધર્યું. એણે થૅંક્સ કહી તે લીધું ત્યારે હું માનું છું કે એ પણ થોડોઘણો મારી માફક લાગણીવશ થઇ ગયો હતો. મને ગાડીમાં અંદર બેસાડતાં બોલ્યો: 'જરૂર ફરીથી અમારે વતન આવજો.' ને એણે શૉફરને મને વેસ્ટના હોટેલમાં સુખરૂપ પહોંચાડવા સૂચના કરી. ત્રણ સેકન્ડમાં નાકાબંધી ઓળંગી દીવાલની આ બાજુ અમારી મોટર આવી.

(ચાલુ)

ગુનાશોધન-૧૭

# ઑટોપ્સી

લેખક - પુષ્કરભાઈ ગોકાણી

શેઠ ચિમનલાલ રાત્રે અગિયાર વાગ્યે મૃત્યુ પામ્યા. એમનો ભત્રીજો કિસનલાલ ત્યારે એમની પાસે હતો. અંત સમયે ડૉ. શિરીષને બોલાવવામાં આવેલા પણ એની કારી ફાવેલી નહિ.

બીજી બાજુ શેઠની પુત્રીના પુત્ર ચંદ્રકાન્તનું પણ એ જ રીતે અવસાન થયું. રોજની ટેવ મુજબ રાત્રે જમીને સાડા નવ વાગ્યે એ લટાર મારવા નીકળ્યો. પોણા અગિયાર વાગ્યે રસ્તા પર મરેલી હાલતમાં એ મળી આવ્યો. એની બાજુમાં જ પડેલાં મોટરનાં ટાયરનાં નિશાન અને કાચના ટુકડા જોતાં લાગતું હતું કે એ મોટરની સાથે જોરથી અથડાયો હશે. પેલા કાચના ટુકડા મોટરની હેડલાઈટના લાગતા હતા. મોટરગાડીનો પત્તો નહોતો. મૃત્યુનું કારણ દેખીતું જ હોઇ પોલીસ-કેસ સ્પષ્ટ હતો, છતાં ઈન્સ્પેક્ટર દવેએ એના શબને પોસ્ટમૉર્ટમ માટે મોકલવાનું વિચાર્યું. પતિના શબને ન ચૂંથવાની ચંદ્રકાન્તની પત્ની કમળાએ ઘણી કાકલૂદી કરી. કંઇ 'નજરાણું' ન મળ્યું એટલે ઇન્સ્પેક્ટરે લાશને તુરત સોંપી નહિ એવો ઉતાવળો અભિપ્રાય પણ કેટલાકે આપવા માંડ્યો. પણ લોકોના બોલવા પર ધ્યાન ન આપતાં બીજી બધી રીતે ઈન્સ્પેક્ટરે કમળાને સહાયભૂત થવા પ્રયત્ન કર્યો.

ચંદ્રકાન્ત અને નાનાજીનાં મૃત્યુ એકસાથે થવાથી કમળાની સ્થિતિ ઘણી કફોડી બની ગઇ હતી એ ઇન્સ્પેક્ટરે જોયું. કમળા પાસેથી એને એ પણ જાણવા મળ્યું કે ચિમનલાલ શેઠને ચંદ્રકાન્ત પ્રત્યે ઊંડી લાગણી હતી અને અવારનવાર તેઓ ચંદ્રકાન્તને એક યા બીજી રીતે સહાય કરતા રહેતા હતા. એમના જતાં હવે કોઈ કમળાને પડખે ઊભું રહે એવું રહ્યુ નહોતું. શેઠના ભત્રીજા ને કમળાના મામાજી કિસનલાલ પાસેથી તો કોઇ પણ આશા રાખવી વ્યર્થ હતી. શેઠની ચંદ્રકાન્ત પ્રત્યેની લાગણીની વાત સાંભળી ઇન્સ્પેક્ટરે, શેઠે ચંદ્રકાન્ત માટે પોતાના મરણોત્તર કંઇ વ્યવસ્થા કરી છે કે નહિ તેની તપાસ કરી જોઈ.

શેઠ અપુત્ર અને એકલા જ હતા. પોતાના મરણ પછી જો ચંદ્રકાન્ત જીવતો હોય તો પોતાની બધી મિલકત એને જ આપવાનું અને જીવતો ન હોય તો પછી કિસનલાલને અમુક હપતે એ વારસો મળે એવું વસિયતનામું એમણે કરી રાખ્યું હતું. દવેએ આ મુદ્દાને મનમાં નોંધી લીધો અને ચંદ્રકાન્તના અકસ્માતની તપાસ આગળ ચલાવી.

ટાયરનાં નિશાન અને હેડલાઈટના કાચના ટુકડાને આધારે નાસી ગએલી મોટર માટે તેણે ચાંપતી તપાસ કરી. દરેક ગરાજ, સર્વિસ સ્ટેશન અને મોટરના સ્પેર પાર્ટ્સ વેચનારાને ત્યાં પુછાવી જોયું, પણ એવી કોઈ મોટરગાડીનો પત્તો લાગ્યો નહિ. એવામાં એક વિચાર આવતાં એણે શેઠની પોતાની જ ગાડીની ખાનગીમાં તપાસ કરી. એને જાણવા મળ્યું કે કિસનલાલે વડોદરાના એક મોટર દલાલને એ ગાડી વેચી દીધી હતી. દવેએ એ દલાલનું નામ-ઠામ મેળવી લીધું ને વડોદરા તપાસ કરી. નસીબજોગે ગાડી મળી આવી એટલું જ નહિ, હજી એ રિપેરિંગમાં પણ ગઇ નહોતી અને એની એક હેડ લાઇટનો કાચ તૂટેલો હતો. ટાયરનાં નિશાન પણ મળતાં જ હતાં. મૅજિસ્ટ્રેટનો સંપર્ક સાધી દવેએ એ ગાડીનો કબજો મેળવ્યો અને દલાલને પણ અટકમાં લીધો.

શું થયું હશે? શેઠની જ મોટર નીચે ચંદ્રકાન્ત કેમ કરતાં કચરાયો? ગાડી એ બાજુ શા માટે ગઈ હશે? કોઇ નિષ્ણાત ડૉક્ટર તો એ તરફ નહોતા રહેતા. ડૉ. શિરીષ પણ સામાન્ય ડૉક્ટર હતા. શેઠ જેવા મોટા માણસને ત્યાં કોઈ નિષ્ણાતને બદલે એને કેમ બોલાવવામાં આવ્યો? વગેરે અનેક પ્રશ્નો ઈન્સ્પેક્ટરના મનમાં ઊઠવા લાગ્યા. એમણે ડૉ. શિરીષને બોલાવ્યો ને થોડો દમ બિડાવીને પૂછપરછ કરવા માંડી. ડૉક્ટરે કહ્યુ કે રાત્રે દસેક વાગ્યે એને બોલાવવામાં આવ્યો હતો. કિસનલાલ ત્યારે શેઠ પાસે જ હતો અને પોતે ત્યાં પહોંચ્યો એ પહેલાં શેઠ મૃત્યુ પામ્યા હતા. કિસનલાલને એમણે એ કહ્યુ. થોડી વાર વિચાર કરી પોતે પાછો ન ફરે ત્યાં સુધી શેઠ પાસે જ રહેવાનું કહી કિસનલાલ ઉતાવળે બહાર ગયો અને અગિયારેક વાગ્યે પાછો ફર્યો. પાછા આવી એણે ડૉક્ટરને શેઠનું મૃત્યુ અગિયાર વાગ્યે જ થયું છે એવો અભિપ્રાય આપવાનો ભારપૂર્વક આગ્રહ કર્યો અને મોટી રકમની ફી આપી ને બાકીની બધી બાબત અંગે ચૂપ રહેવાની સૂચના કરી. આથી વિશેષ વિગત ડૉક્ટર પાસેથી મળી શકી નહિ.

ચંદ્રકાન્તના પોસ્ટમૉર્ટમનો રિપોર્ટ આવી ગયો હતો. પોસ્ટમૉર્ટમ લિવિડિટી, બૉડી ટેમ્પરેચર, રિગર મૉર્ટિસનો અભાવ અને હોજરીમાંના ખોરાકની સ્થિતિ, એ બધાં પરથી પોલીસ-ડૉક્ટરનો અભિપ્રાય હતો કે ચંદ્રકાન્તનું મોત સાડા દસથી પોણા અગિયાર વાગ્યા વચ્ચે જ થયું હોવું જોઈએ. આ બધા મુદ્દા અને પુરાવાઓને આધારે કિસનલાલ પર કેસ ચાલ્યો. એણે ખૂન કર્યાનું તો સાબિત ન થઈ શક્યું, પણ અકસ્માત માટે તો એ જવાબદાર ઠર્યો જ. એનો બચાવ હતો કે ડૉ. શિરીષના નિદાન પર પોતાને શ્રદ્ધા ન બેસતાં એ બીજા ડૉક્ટરને બોલાવી લાવવા નીકળેલો અને શેઠની તબિયતની ગંભીરતાની ચિંતામાં અસ્વસ્થ મનથી એ અકસ્માત કરી બેઠેલો.

જીવલેણ અકસ્માત બદલ કિસનલાલને સજા થઈ. ડૉ. શિરીષની જુબાની અને પોસ્ટમૉર્ટમના રિપોર્ટ પરથી નક્કી થયું કે શેઠ મૃત્યુ પામ્યા ત્યારે ચંદ્રકાન્ત જીવતો હોઇ શેઠના વારસાનો હકદાર ઠરતો હતો. એ પછી તુરત એનું પણ મૃત્યુ થતાં એ બધી મિલકત એની વિધવા કમળાને મળી. જો ચંદ્રકાન્તનું પોસ્ટમૉર્ટમ ન થયું હોત ને એથી શેઠના અવસાન પછી એ જીવતો હતો એમ સાબિત ન થઈ શક્યું હોત તો? બધી મિલકત કિસનલાલ જ હજમ કરી જાત ને?

આમ, તદ્દન સ્વાભાવિક લાગતાં ઘણાં મૃત્યુ અકસ્માત કે ખૂન હોઇ શકે. પોસ્ટમૉર્ટમ દ્વારા એનો નિર્ણય કરવો સરળ બને છે. અલબત્ત, સ્વજનની લાશ ચુંથાય એ કોઇને ન ગમે, અથવા એ લાગણીના બહાના હેઠળ ઘણાં ગુનાહિત મૃત્યુને ઢાંકી દેવાનો પ્રયત્ન પણ થાય; પરંતુ ગુનાશોધનમાં પોસ્ટમૉર્ટમનું સ્થાન ઘણું જ અગત્યનું છે. સાચા ન્યાયના આગ્રહીએ એમાં સહકાર આપતાં અચકાવું જોઇએ નહિ.

પોસ્ટમૉર્ટમ અથવા ઑટૉપ્સી એ અવસાન પામેલા માણસના મૃત્યુનું ખરું કારણ અને મરવાનો સમય નક્કી કરવા માટે કરવામાં આવતી મરણોત્તર શારીરિક તપાસ જ છે. પણ એ બીજી ઘણી બાબતો પ્રત્યે ખયાલ, ખંત અને ચીવટ માગે તેવું કામ છે. મરનારનો બાંધો, હવામાન, એણે લીધેલો ખોરાક, એના રોજિંદા જીવન વિષેની માહિતી વગેરે બીજી અનેક બાબતોને ધ્યાનમાં લઈને પછી જ નિર્ણય પર આવવાનું હોઇ એમાં હોશિયાર ડૉક્ટરની જરૂર રહે છે. પોલીસ ડૉક્ટર અથવા પોલીસ ખાતાના અધિકૃત અમલદારની લેખિત પરવાનગી પછી અને બને તો દિવસના ભાગમાં જ કોઇ પણ નિષ્ણાત ડૉક્ટર પોસ્ટમૉર્ટમ કરે છે.

ઑટૉપ્સી માટે શબ આવે ત્યારે પ્રથમ તો ડૉક્ટર પોસ્ટમૉર્ટમ માટેની પરવાનગીના કાગળો મેળવી લે છે. પછી તારીખ સાથે શબ-

ની ઓળખ, એ ઓળખ આપનાર પોલીસના માણસનું નામ નંબર ને સહી, ઓળખ આપનાર અન્ય વ્યક્તિઓનાં નામ-સરનામાં ને સહી, મરનારની અંદાજે ઉમર, શરીરનું ઉષ્ણુતામાન, પ્રથમ દષ્ટિએ મૃત્યુ પછી કેટલા સમયે અને કેટલા વાગ્યે પોસ્ટમૉર્ટમ કર્યું તેની નોંધ લઇ લે છે. એ પછી ડર્મલ નાઇટ્રેટ ટેસ્ટ (જો લેવાનો હોય તો) અને મરનારનાં આંગળાંની છાપ લેવાય છે તથા મરનારનો ફોટોગ્રાફ પાડવામાં આવે છે. ડૉક્ટરે ઑટૉપ્સી માટે હજી હથિયાર લીધાં નથી. હજી બાહ્ય તપાસ બાકી છે. એમાં શબની સ્થિતિ, સ્નાયુઓની સ્થિતિ, બાંધો, જાતિ, દેખાવ, ઓળખમાં કામ લાગે તેવાં તલ મસા ત્રાજવાં વગેરે જેવાં શારીરિક ચિહ્નો, શબ કેટલું સડવા માંડયું છે તે તથા રિગર મોર્ટિસ ને પોસ્ટમૉર્ટમ લિવિડિટી તપાસાય છે. સાથોસાથ, શબ ઉપરનાં પહેરેલાં વસ્ત્રોને, એના પરના કાદવ કે લોહીના ડાઘને સાચવીને કાપી કાઢી પોલીસને સોંપવામાં આવે છે.

આ પછી ડૉક્ટર શરીર પર જો કોઇ ઘા હોય તો તે તપાસે છે. મરનારનાં આંખ–કાન–નાક વગેરે શરીરની દસે ઇન્દ્રિયોમાંથી લોહી વહ્યું છે કે નહિ તે જોઈ લે છે. આ ઉપરાંત. હાડકાં ને સાંધા બરાબર છે કે નહિ તે પણ જુએ છે. ઘણી વાર આટલાંમાંથી યે સારો નિર્દેશ મળી જાય છે. સારો ગુનાશોધક પોતે આમાંની ઘણી વિગતો જોઈ લે છે. આટલી જ તપાસમાંથી પણ ઘણી વાર મૃત્યુનું કારણ જાણી શકાય છે.

સામાન્ય રીતે મૃત્યુ પછી શરીર ઢીલું પડી જાય છે. જડબાં ખૂલી જાય છે. આંખનાં પોપચાં અને શરીરના સાંધા તેની પકડ ગુમાવી દે છે પણ સ્નાયુઓ હજુ સંકોચાએલા રહે છે, અને બહારની યાંત્રિક અને વિદ્યુત ઉત્તેજનાનો પ્રત્યાઘાત આપે છે; કારણ કે મનુષ્યનું મૃત્યુ થતાં તુરત જ તેના કોષોનું વિભાજન થવા માંડતું નથી. એટલે જ કેટલીક વાર સાચવી રાખેલા શબનાં દાઢી અને નખ વધી જાય છે. સ્નાયુઓ પોતાની તાકાત લગલગ ત્રણથી છ કલાક સાચવી રાખે છે જોકે ભારતમાં ગરમ વાતાવરણને કારણે તે ગાળો બે કલાકનો જ ગણાય છે. આને પોસ્ટમૉર્ટમ લિવિડિટી કહે છે. મૃત્યુનો સમય નક્કી કરવા માટે આ માહિતી ઉપયોગી થઈ પડે છે.

મૃત્યુ પછી લગભગ બે કલાક બાદ (ઠંડા મુલકમાં ત્રણથી છ કલાક બાદ) શરીરના સ્નાયુઓ સંકોચાઇને જડ અને કઠણ બની જાય છે. જો કે તેને કારણે શરીરના અંગનો ઘાટ બદલાતો નથી. સ્નાયુઓની આ સ્થિતિને 'રિગર મોર્ટિસ' કહે છે. આ સ્થિતિ પ્રથમ અનૈચ્છિક સ્નાયુઓમાં જોવા મળે છે. ખાસ કરીને હૃદયમાં મૃત્યુ પછી એકાદ કલાકમાં જ, અને ત્યાર પછી ફેફસાં વગેરેમાં અક્કડપણું આવે છે. ઐચ્છિક સ્નાયુઓમાં આ ક્રિયા નિયમબદ્ધ હોય છે. સૌથી પહેલાં આંખનાં પોપચાં, પછી ગરદન અને પીઠના સ્નાયુઓ તથા જડબાં, પછી મુખ છાતી હાથ વગેરે, અને ત્યાર બાદ પેઢુ અને પગમાં અક્કડતા આવે છે, અને એ જ અનુક્રમે તેનો સમય પૂરો થયા પછી તે અક્કડપણું ચાલ્યું જાય છે. ઉષ્ણ પ્રદેશોમાં 'રિગર મોર્ટિસ'ની સ્થિતિ બેથી ત્રણ દિવસ સુધી રહે છે. મૃત્યુ પછી રિગર મોર્ટિસ જેટલું જલદી આવે તેટલું તે વહેલું ચાલ્યું જાય છે ભારતમાં શિયાળામાં આ સમય ચોવીસથી અડતાળીસ કલાકનો ને ઉનાળામાં અઢારથી છત્રીસ કલાકનો રહે છે અલબત્ત, માંદગીને કારણે મૃત્યુ થયું હોય તો મૃત્યુ પછી તુરત પાંચેક મિનિટમાં આ ક્રિયા શરૂ થાય છે અને એકાદ કલાકમાં તે અક્કડપણું ચાલ્યું જાય છે. જો મૃત્યુ પહેલાં ઝપાઝપી કે એવા કોઈ કારણે સ્નાયુઓને ખેંચ ન પડી હોય, તો આ ક્રિયા મોડી શરૂ થાય છે અને લાંબી ચાલે છે. જો મૃત્યુ થયા પછી શબને પાણીમાં રાખ્યું હોય તો આ ક્રિયા ઝડપથી આવે છે પણ લાંબી ચાલે છે.

સ્નાયુઓનાં પ્રોટીનનું વિભાજન થતાં લૅક્ટિક ઍસિડ બનવાને કારણે સ્નાયુઓ અક્કડ બને છે. સામાન્ય ડૉક્ટર અને અનુભવી ગુનાશોધક મૃત્યુ પછી થોડા સમયે થતી કોષવિભાજન ક્રિયા (પોસ્ટ મૉર્ટમ લિવિડિટી) અને રિગર મોર્ટિસ (સ્નાયુઓનું અક્કડપણું) જોઇને મૃત્યુનો સમય અંદાજી શકે છે

મૃત્યુ પછી શબનું ઉષ્ણુતામાન ભારતમાં સામાન્ય રીતે ૯૭·૪° F (ઠંડા મુલકમાં ૯૮·૪° F) ઉપરથી ધીમે ધીમે વાતાવરણના ઉષ્ણુતામાનની સપાટીએ (૮૫° F) આવી જાય છે. સામાન્યતઃ ઠંડા પડવાની આ ક્રિયા કલાકે ૧°F જેટલી હોય છે. શિયાળામાં તે કયારેક ઝડપી—સવાથી દોઢ ડિગ્રી જેટલી થાય છે. આમ, શબનું ઉષ્ણુતામાન પણ મૃત્યુસમય નક્કી કરવામાં મદદરૂપ બને છે.

ડૉક્ટર હથિયાર હાથમાં લે તે પહેલાં મૃત્યુનો સમય જાણવા માટેની આ ત્રણ સાદી પણ સચોટ ચાવીઓ છે. એવી જ રીતે મરનારે ખોરાક ક્યારે લીધો છે એ જાણ્યું હોય તો મરનારની હોજરી અને આંતરડાં તપાસી તે ખોરાક પેટમાં કેટલે સુધી આગળ વધ્યો છે તે જોઇને પણ મૃત્યુનો સમય અંદાજી શકાય છે.

આમિષ ખોરાક પાંચ કલાકમાં સંપૂર્ણ રીતે પચીને હોજરીમાંથી પસાર થઇ જાય છે, જ્યારે નિરામિષ ખોરાકને છથી સાત કલાક લાગે છે. પણ આઘાતથી જો મૃત્યુ થયું હોય તો આમ બનતું નથી. જમ્યા પછી તરત માથામાં વાગે તો ચોવીસ કલાક સુધી મરનારની હોજરીમાં ખોરાક જેમનો તેમ રહ્યો હોય એવું યે બને છે. આવી જ રીતે આંતરડાં અને મૂત્રાશયની અંદર રહેલાં તત્ત્વો ઉપરથી પણ મૃત્યુના સમયનું અનુમાન થઈ શકે છે. રાત્રે મૃત્યુ પામેલા માણસનું મૂત્રાશય ખાલી હોય તો કહી શકાય કે તે મધરાત પહેલાં મૃત્યુ પામ્યો હશે, કારણ કે સામાન્ય રીતે દરેક માણસ આ કાર્ય પતાવીને પછી જ સૂએ છે. તેવી જ રીતે જો મોટું આંતરડું ખાલી હોય તો સમજાય કે તે માણસ કદાચ વહેલી સવારે શૌચ બાદ મૃત્યુ પામ્યો હશે.

મૃત્યુ પછી ઘણો વધારે સમય વીત્યો હોય એવા કિસ્સામાં શરીરના સડવાની ક્રિયા મૃત્યુનો સમય જાણવામાં સહાયરૂપ થાય છે.

મૂઢ માર ખોપરીમાં પડેલી તરડ ઉપરથી જાણી શકાય છે, જ્યારે મગજ તપાસી દર્દનું કારણ જાણી શકાય છે. શ્વાસનળીની સ્થિતિ ઉપરથી રૂંધામણ, ઝેરી ગૅસ વગેરેની અસરો જાણી શકાય છે. તેવી જ રીતે હૃદયનાં અને ફેફસાંનાં દર્દો વગેરે છાતીની તપાસ પરથી જાણી શકાય છે. ખોરાકમાં ઝેર આપવામાં આવ્યું હોય તો તે હોજરી અને આંતરડાંમાં રહેલા ખોરાકની રાસાયણિક તપાસ કરીને જાણી શકાયછે.

શરીર ઉપર પડેલો ઘા મૃત્યુનું કારણ ન પણ હોઈ શકે, કારણ કે એકાદ માણસને કોઈ ઘા પડયો હોય તે ઘાના નિશાનનો લાભ લઇ કોઇ દુશ્મને બીજી રીતે મૃત્યુ નીપજાવ્યું હોય તેમ બની શકે. તેથી તેવા કિસ્સામાં પણ ઑટૉપ્સી જરૂરી બને છે.

આમ, પોસ્ટમૉર્ટમને 'શબ ચૂંથવા' જેવા શબ્દોથી ઓળખાવવાને બદલે શંકાસ્પદ મૃત્યુમાં એ અંગે વૈજ્ઞાનિકરીતે ખરી તપાસના રૂપે સમજવાથી એના પ્રત્યેની સૂગ ઘટી શકશે. માત્ર સ્વજન પ્રત્યેની લાગણીને ખાતર યેનકેન પ્રકારે ઑટૉપ્સીમાંથી શબને બચાવી લેવું એ તો ગુનેગારને સમાજમાં છૂટો રાખવામાં સહાયરૂપ થવા બરાબર થયું. ખરો ન્યાય મેળવવામાં એ વલણ બાધારૂપ છે. પોસ્ટમૉર્ટમ રોકવાની સલાહ આપનારા બધા જ કંઈ મરનાર પ્રત્યે સાચી લાગણી ધરાવતા નથી હોતા. મોટી મિલકત હાથ કરવા કે અંગત હિત સાધવા કેટલીક વાર અત્યંત નિકટનાં સ્વજનો જ ન કરવાનું કરવા પ્રેરાયાં હોવાનાં તો અનેક દષ્ટાંત મળી આવે છે.

# અમેરિકા અને આપણે

☆ ☆ ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

## ૧૯

૨૪ એપ્રિલ ૧૯૬૫

વહાલાં બાળકો,

અમારો પાછા ફરવાનો કાર્યક્રમ નક્કી થઇ ગયો છે. તેની વિગત તો મેં અન્યત્ર લખી છે. એ કાર્યક્રમની એક વિશેષતા તરફ તમારું ધ્યાન ગયું હતું? અમે સીએટલથી શનિવારે રાત્રે ૭-૩૦ વાગ્યે નીકળવાનાં છીએ અને તોક્યો રવિવારે રાત્રે ૧૦-૩૦ વાગ્યે પહોંચવાનાં છીએ. શું વિમાનને સીએટલથી તોક્યો જતાં ૨૭ કલાક લાગે છે? અને સીએટલ તથા તોક્યો વચ્ચે તો પૅસિફિક મહાસાગર છે, તો પછી ક્યાં યે ઊતર્યા વગર સતત ૨૭ કલાક સુધી ઊડયા કરવાનું? ના, એવું નથી. અમે રાત્રે નીકળીશું અને ઊડતાંઊડતાં તોક્યો પહોંચીશું ત્યાં સુધી રાત જ રહેવાની છે. વચ્ચે સૂર્યોદય થવાનો જ નથી. તો પછી શનિવારને બદલે રવિવાર કેવી રીતે થશે? તમારામાંના એક જણના પાઠયપુસ્તકમાં 'રાઉન્ડ ધ વર્લ્ડ ઈન એઈટી ડેઈઝ'વાળી વાર્તા આવતી હતી તે યાદ છે ને? અમે પણ ભારતથી પશ્ચિમ તરફ નીકળ્યાં હતાં અને પૂર્વ તરફથી ભારતમાં પ્રવેશીશું, એટલે પૃથ્વીની પૂરી પ્રદક્ષિણા કરીશું. અને તેમ કરીએ તો સમયમાં પૂરા ચોવીસ કલાકનો એટલે કે એક દિવસનો ફેર પડી જાય. સીએટલનું રેખાંશ ૧૨૦° છે. ઊડતાંઊડતાં અમારું રેખાંશ જ્યારે ૧૮૦° થશે ત્યારે અમે શનિવારને બદલે રવિવાર કરી નાખીશું!

અથવા આ સમજવાની એક બીજી રીત છે: અમે સીએટલથી એરોપ્લેનમાં બેસીશું ત્યારે સીએટલમાં તો શનિવારની રાતના ૭-૩૦ વાગ્યા હશે, પણ તે વખતે તોક્યોમાં તો રવિવાર થઈ ગયો હશે અને રવિવારના બપોરના ૨-૩૦ વાગ્યા હશે. હવે એરોપ્લેનને ઊડતાં ૮ કલાક લાગે, એટલે તે તોક્યોના રવિવારની રાત્રે ૧૦-૩૦ વાગ્યે ત્યાં પહોંચી જશે. પણ અમારો એક વાર કપાઈ જશે, કારણ કે અમને રવિવારનો સૂર્યોદય જોવા મળશે નહિ. આની એક બીજી અસર થશે. હું રોજ દાઢી કરું છું. શનિવારે સવારે પુલમનથી દાઢી કરીને નીકળીશ. શનિવારે સાંજે ૭-૩૦ વાગ્યે સીએટલથી એરોપ્લેનમાં બેસીશ. અને પછી રાતના ને રાતના તોક્યો પહોંચીશ. તોક્યોમાં ઊંઘીને સવારે ઊઠીને દાઢી કરીશ ત્યારે તો સોમવાર હશે! રવિવારની દાઢી ગુમ! એટલે કે આ મુસાફરી દરમિયાન વરસમાં ૩૬૫ વખત નહિ પણ ૩૬૪ વખત દાઢી થશે!

આ સમય વિષે લખવાનું સૂઝયું કારણ કે આજથી અમારો ટાઈમ બદલાયો છે. આજથી અહીં 'ડે લાઈટ સેવિંગ ટાઇમ' શરૂ થાય છે. લગભગ આખા અમેરિકામાં એપ્રિલથી ઑક્ટોબરના ગાળામાં દિવસ ખૂબ લાંબો હોય છે. એટલે સૂર્યોદય સવારે ૫-૦ વાગ્યે થાય અને સૂર્યાસ્ત સાંજે ૭-૩૦ વાગ્યે થાય. અહીં તો બધા રાતના રાજા! મીટિંગો, કૉલેજોનાં ઇતર પ્રવૃત્તિનાં ભાષણો, હળવુંમળવું, બધું રાતના. એટલે રાતના ૧૧-૦ વાગ્યા સુધી તો કોઈ પથારીમાં પડવાના નહિ, અને તેથી સવારના ૭-૦ સુધી તો કોઇ ઊઠવાના નહિ! સૂર્યોદય પાંચ વાગ્યે થાય અને સાત વાગ્યા સુધી પથારીમાં પડયા રહે તો દિવસના પ્રકાશના બે કલાક એળે જાય. પ્રકાશને એળે જતો રોકવા માટે એપ્રિલના છેલ્લા રવિવારથી ઑક્ટોબરના છેલ્લા રવિવાર સુધી ઘડિયાળ એક કલાક આગળ મૂકવામાં આવે છે. આમ, હવે સૂર્યોદય થાય ત્યારે ઘડિયાળમાં પાંચ વાગતા નથી પણ ૭ વાગે છે! અને સૂર્યનો પ્રકાશ એક કલાક વધુ ભોગવવા મળે છે.

લિ. કાકાના આશિષ

## ૨૦

૨ મે ૧૯૬૫

વહાલાં બાળકો,

અત્યારે અહીં યુનિવર્સિટીમાં 'મધર્સ વીકએન્ડ' (માતૃ-સપ્તાહાન્ત) ચાલે છે. શુક્રવારના બપોરથી આ સપ્તાહાન્ત શરૂ થાય; એટલે ત્યારથી વિદ્યાર્થીઓની માતાઓ અહીં પુલમનમાં આવવા લાગી છે. કુલ લગભગ ૩૦૦૦ મધર, મૉમ, મમ્માઓ કે મમ્મીઓ આવશે. આપણે ત્યાં ઘરમાં જેમ માતાને બા, બેન, મા, માડી, મમ્મી, એમ જુદીજુદી રીતે બોલાવે છે તેમ અહીં ઉપર લખેલા શબ્દો માતાને સંબોધવા માટે વપરાય છે. દરેક દેશની માતાઓની એક ખાસિયત છે. ગંદું ગમે નહિ. અને તેથી મા આવવાની હોય ત્યારે (તમારાં ભાભી જ્યારે બહારગામથી આવવાનાં હોય ત્યારે તમે જેમ બધું ઠીકઠીક ગોઠવી દો છો તેમ) અહીં પણ છોકરા-છોકરીઓ પોતાની રૂમની સફાઈ અને વ્યવસ્થામાં લાગી ગયાં છે. 'મધર્સ ડે'ની તૈયારી વિષે અહીંના વિદ્યાર્થી અખબારમાં જે અહેવાલ છપાયો છે તેની શરૂઆત આવી રીતે થાય છે: 'આજે પુલમન ગામમાં ધૂળની ડમરીઓ ઊડશે કારણ કે ૩૦૦૦ માતાઓના આગમનની તૈયારીમાં વિદ્યાર્થીઓ પોતાની રૂમો વાળીઝૂડીને સાફ કરી રહ્યાં છે.'

બધી હોસ્ટેલો તથા 'નાતની બોર્ડિંગો' ઉપર માતાઓને આવકારતાં સૂત્રો દર્શાવતાં પાટિયાં મૂકેલાં છે. આ છોકરા-છોકરીઓ પોતાની માતાની પણ હળવી મશ્કરી કરી લે છે. એક પાટિયા ઉપર સૂત્ર લખ્યું છે: 'Welcome Mom, Money and Car-key.' આ સૂત્રનો બરાબર ભાવ દર્શાવીને ગુજરાતીમાં લખવું હોય તો આમ લખી શકાય: 'મમ્મી આવી, મમ્મી આવી; સાથે રૂપિયા લેતી આવી; મોટરની ચાવી પણ લાવી—ભલે પધારી મમ્મી અમારી.' છે ને જબરાં, આ છોકરા-છોકરીઓ!

પણ આ માતૃસપ્તાહાન્તની કેટલીક મુશ્કેલીઓ પણ છે. શુક્રવાર સાંજથી રવિવાર સાંજ સુધી કુલ ૨૫ જુદાજુદા કાર્યક્રમો મમ્મીઓ માટે ગોઠવાયા છે. અને તેમાં કાચબાની દોડવાની શરતથી માંડીને શેક્સપીઅરનાં નાટકો સુધીના વિવિધ કાર્યક્રમ હોય છે. પણ ૩૦૦૦ થી ૪૦૦૦ માણસ બેસી શકે તેવો એક હૉલ આ યુનિવર્સિટીમાં નથી. અને અહીં આપણા જેવાં ઓપન એર થીએટર તો થઈ શકે નહિ, કારણ કે બારે માસ અને ચોવીસે કલાકમાંથી ગમે ત્યારે વરસાદ આવે! આને લીધે કેટલાક કાર્યક્રમો નાના હૉલમાં રાખવા પડે અને તેથી તેની ટિકિટ રાખવી પડે. આમ મમ્મી તો પૈસા લાવતી લાવે, પણ દીકરા-દીકરીને તો પૈસા ખર્ચવા પડે છે. વળી આ વર્ષે તો આ કાર્યક્રમોની ટિકિટો માટે લાંબીલાંબી (આપણે ત્યાં સિનેમાગૃહો પાસે ૯ આનાની ટિકિટ માટે લાગે છે તેવી લાંબી) લાઇનો લાગી હતી. કેટલા યે છોકરા-છોકરીઓને એક મોટો પ્રશ્ન મૂંઝવી રહ્યો છે — 'મમ્મી આવશે ત્યારે તેને શું દેખાડીશું અને ક્યાં લઈ જઈશું?'

સઘળી માતાઓ શનિવારે સવારે એક જગ્યાએ ભેગી મળે અને તેમાંથી એકનો 'ક્વીન-મધર' (રાણીમાતા) તરીકે રાજ્યાભિષેક થાય. આવેલી માતાઓમાંથી જે માતા આ યુનિવર્સિટીની જૂની વિદ્યાર્થિની હોય અને ત્યારે ઇતર પ્રવૃત્તિઓમાં જેણે ખૂબ ભાગ લીધો હોય તેવી માતાને માતાસપ્તાહાન્ત-સમિતિ રાણીમાતા તરીકે પસંદ કરે.

અહીં યુનિવર્સિટીમાં વિદ્યાર્થી અને તેના કુટુમ્બ સાથે સંપર્ક વધારવાના અનેક આવા કાર્યક્રમો હોય છે અને તેને લીધે વિદ્યાર્થીને,

તેનાં માતાપિતાને, ભાઇભાંડુને યુનિવર્સિટી પ્રત્યે એક જાતની માયા-મમતા કેળવાય છે. કૉલેજ કે યુનિવર્સિટી અને કુટુમ્બ બે એકબીજાથી વિમુખ નથી પરંતુ એકબીજાનાં પૂરક છે તે અહીં ઠેરઠેર જોવા મળે છે. આપણે ત્યાં કૉલેજમાં ભણતા છોકરા કે છોકરીનાં સગપણ (વિવાહ) થાય તો તે છોકરો કે છોકરી પોતાના વર્ગમાં તે વાત કરતાં સંકોચ અનુભવે. જ્યારે અહીંના વિદ્યાર્થીઓના દૈનિક પત્ર 'ડેઈલી એવર-ગ્રીન'માં તો સગપણ ને જન્મનાં ખાસ કૉલમ છે. સગપણના કૉલમમાં નીચેના સમાચાર ગયે અઠવાડિયે હતા: 'નેલ્સન હોસ્ટેલની બાબરા કેનું ગોલ્ડવર્ધી હોસ્ટેલના માર્લીન કૅવગ્ન સાથે.' 'ડેલ્ટા, ડેલ્ટા, ડેલ્ટાની વેન્ડી વ્હાઇટનું થીટા, ખાઇના બિલ હૅમ સાથે.' આ ડેલ્ટા, ડેલ્ટા, ડેલ્ટા અને થીટા ખાઈ તે પેલી 'નાતની બોર્ડિંગો'. સામાન્ય-રીતે નાતની બોર્ડિંગોવાળાં નાતમાં જ પરણે.

જન્મની નોંધ પણ એવી જ રીતે આવે: 'લિન્ડા બિગ્લેને પુત્ર જન્મ: બાપ ફાર્મસીના જુનિયરમાં છે.' 'પૅટ્રિશિયા ફાર્મનને પુત્રી જન્મ: બાપ જીઑલૉજીના સિનિયર વર્ષમાં છે.'

અહીં વિવાહ, લગ્ન, બાળકનો જન્મ, એ બધી યુવા-સંસારની ઘટમાળ યુનિવર્સિટીના ભણતર દરમિયાન થયા જ કરે છે અને તે માં કોઇને કશું સંતાડવાપણું નથી કે શરમાવાપણું નથી.

તમારામાંના એકનું સગપણ તાજેતરમાં જ જાહેર થવા વકી છે ત્યારે અહીં પોતાની મેળે સગપણ ગોઠવી લેતાં બાળકો અને તે મુજબની સગવડો આપતો આ સમાજ સરખામણી માગી લે છે!

લિ. કાકાના આશિ'

---

**ગોપાલ કૃષ્ણ ગોખલે** (અનુસંધાન પૃષ્ઠ ૨૬૫થી) ઊંચા હોદ્દાઓ પર નોકરીઓ આપવા અંગેના ઠરાવો પર આંકડા-સભર અને સંગીન દલીલો કરી એ સમયના અત્યત કડક વાઈસરૉય લૉર્ડ કર્ઝનને પણ પ્રભાવિત કરેલા! લોકોમાં અવિશ્વાસ દર્શાવતા અને એમનું અહિત કરતા ઠરાવોનો વિરોધ કરવો, ને લોકકલ્યાણ માટેના ઠરાવોને ટેકો આપવો એ એમનો સામાન્ય સિદ્ધાંત હતો. એથી તો એમણે ક્રેડિટ કો-ઑપરેટિવ સોસાએટી અંગેના ઠરાવને સંગીન ટેકો આપ્યો.

ઈ. ૧૯૦૩માં તેઓએ સોશિયલ કૉન્ફરન્સના પ્રમુખસ્થાનેથી હરિજનો, ગરીબો ને શોષિતોને સવર્ણોની સમાન કક્ષાએ આણવા અનુરોધ કરતું પ્રવચન આપ્યું અને એ જ વર્ષે સ્વ. રાનડેના સ્મરણાર્થે પૂનામાં 'રાનડે ઇકોનોમી ઇન્સ્ટિટ્યૂટ'ની સ્થાપના કરી.

ઈ. ૧૯૦૫માં ગોખલેએ ત્રણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી: એક તો તેઓ બનારસમાં ભરાએલા કાંગ્રેસ અધિવેશનના પ્રમુખપદે ચૂંટાયા અને ત્યાંથી તેમણે તત્કાલીન રાજકીય સ્થિતિની છણાવટ કરીને કૉંગ્રેસના ધ્યેય વિષે સ્પષ્ટ અંગુલિનિર્દેશ કર્યો; બીજું તેઓ પૂના મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરીકે ચૂંટાયા; પણ ત્રીજી અને સૌથી મહત્ત્વની સિદ્ધિ તો આ વર્ષે એમણે એમના ચિરંજીવ સ્મારક સમી 'સર્વન્ટ્સ ઑવ ઇંડિયા સોસાએટી' (ભારત સેવક સમાજ) નામક કેવળ દેશસેવા ખાતર જ આજીવન નિઃસ્વાર્થ સેવકો ઘડતી સસ્થાની સ્થાપના કરી તે હતી. એનો આદર્શ હતો 'સેવા અને ઉચ્ચ ચારિત્ર્ય'. ઓછામાં ઓછું વેતન લઇને, સાત વ્રત પાળવાની શરતે, પાંચ વર્ષની તાલીમ પછી જ એના સભ્યપદે અવાતું. સરકાર પાસે સાંસ્થાનિક સ્વરાજ્યની સતત માગણી કરતી આ સંસ્થાએ ઘણા દેશસેવકો ઘડ્યા છે.

ઈ. ૧૯૦૫ના ઉનાળામાં તેઓ લાલા લજપતરાય સાથે બંગ-ભંગ અંગે જનતાનો અભિપ્રાય રજૂ કરવા ઇંગ્લંડ ગયા અને ત્યાં ઘણી સભાઓમાં ભાષણો કરી ભારત માટે ખૂબ કામ કર્યું. પણ અતિ શ્રમને લીધે એમને ગળાની તકલીફ ઊભી થઈ અને પાછા ફરતાં ગળાનું ઑપરેશન કરાવવું પડ્યું. એ પછી ફરી વાર ઇંગ્લંડ જઇ સ્વરાજ્યના બીજા હપ્તાની માગણી કરતાં, 'મોર્લે-મિન્ટો સુધારા'નામથી જાણીતા રાજકીય સુધારા મળ્યા; પણ તેના પરિણામે અલગ મુસ્લિમ બેઠકની વ્યવસ્થા થઈ અને હિન્દુ-મુસ્લિમ એકતાનું એમનું સ્વપ્ન સદાને માટે લુપ્ત થઈ ગયું! આ સુધારા પછીની ધારાસભામાં પણ એમણે સરકારની ખર્ચાળ નીતિની કડક ટીકા કરી અને રેલવે કરતાં આરોગ્ય ને શિક્ષણ પાછળ વધારે ખર્ચ કરવા સૂચન કર્યું. દક્ષિણ આફ્રિકા ખાતે નાતાલ મોકલાતા ગિરમિટ મજૂરો અંગેની પ્રથા એમના પ્રયાસથી બંધ થઈ ને મીઠાનો કર ઘટ્યો, પણ અન્ય ધારાસભ્યોના ટેકાના અભાવે મફત ને ફરજિયાત પ્રાથમિક શિક્ષણનું કાર્ય સફળ ન થયું.

આમ તો ગોખલે ગાંધીજીના સંપર્કમાં છેક ઈ. ૧૮૯૬થી આવેલા, પણ ઈ. ૧૯૦૩માં કલકત્તામાં ગાંધીજી એક માસ એમની પાસે રહ્યા ત્યારે જ એમનો પરિચય ગાઢ થયો. એને જ પરિણામે, ઈ. ૧૯૧૨માં તેઓ દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીની સરદારી નીચે ચાલતા હિન્દીઓના સત્યાગ્રહને ટેકો આપવા ત્યાં ગયા અને સરકારનો આગ્રહ ન કારી પ્રજાના મહેમાન બન્યા. એમની દલીલોથી પ્રભાવિત થઇ દ. આફ્રિકાની સરકારે હિન્દીઓને વેપાર કરવા દેવા અંગેની, તેમજ એમનાં બાળકોને શિક્ષણ આપવા તથા રંગભેદની નીતિ દૂર કરવા અંગેની બાબતોનું પાલન કરવાનું વચન આપ્યું, પણ એમના સ્વદેશાગમન બાદ સરકારે એ વચનો પાળ્યાં નહિ.

ભારત પાછા ફર્યા પછી તેઓ દ૦ આફ્રિકાના સત્યાગ્રહ વિષેના સમાચાર વર્તમાનપત્રોને અને એ સમયના વાઇસરૉય લૉર્ડ હાર્ડિજને આપ્યા કરતા અને એ અંગે એટલા ચિંતાતુર રહેતા કે એમને અનિદ્રાનો રોગ લાગુ પડી ગયો. એ જ અરસામાં ઈ. ૧૯૧૪માં તેઓ રૉયલ કમિશનના સભ્ય તરીકે ઇંગ્લંડ ગયા અને હિન્દીઓને ઉચ્ચ હોદ્દાઓ પર લેવા માટે તેમની લાયકાત સાબિત કરવા એટલી બધી જહેમત ઉઠાવી કે એમની તબિયત લથડી ગઈ અને ડૉક્ટરોએ એમને સ્વદેશ પાછા ફરવાની સલાહ આપી. ભારત આવતાં એમણે અહીંના નેતાઓમાં ફાટફૂટ પડેલી જોઇ અને એમનામાં એકતા આણવા પ્રચાર કરવા જતાં એમનું સ્વાસ્થ્ય વધારે કથળ્યું.

ઈ. ૧૯૧૫માં ગાંધીજી આફ્રિકાથી ભારત આવ્યા ત્યારે 'ભારત સેવક સમાજે' એમનું સન્માન કરવા યોજેલી એક સભામાં ડૉક્ટરોની મનાઈ છતાં જવાનો પ્રયત્ન કરતાં ગોખલેને હૃદયરોગનો હુમલો થયો, અને ત્યાર પછી ખૂબ કાળજી રાખવા છતાં એ જ વર્ષના ફેબ્રુઆરીની ૧૯મીએ આ 'મહાન આત્મા'એ મિત્રો, સેવકો અને એક બહેનની હાજરીમાં એક મિત્રને નીચેના શબ્દો સંભળાવી દેહ છોડ્યો: 'ઘણી વાર મેં તને કડવાં વેણ કહ્યાં છે; મને માફ કરજે.'

અદ્ભુત સ્મરણશક્તિ ધરાવતા, શ્રદ્ધા સંયમ ને સમર્પણ જેવા આર્ય સંસ્કારના ઉદાત્ત ગુણોવાળા, વિનમ્ર માયાળુ ને દયાવાન, પ્રખર અર્થશાસ્ત્રી આજન્મ શિક્ષક, વિદ્વાન વક્તા ને નિષ્ઠાવાન સમાજસેવક ગોપાલ કૃષ્ણ ગોખલે જાહેર જીવનને તપશ્ચર્યા માનતા. 'જહાલ' (ઉદ્દામ) અને 'મવાળ' (નરમ) પક્ષોને એકઠા કરવાના એમના પ્રયાસો તથા સ્વદેશીની ચળવળની એમણે કરેલી ટીકાઓ અંગે એમના વિરોધીઓએ એમને ખૂબ અન્યાય કરેલો. પરિણામે એમનો જમાનો એમની મહત્તાને સાચી રીતે મૂલવી શક્યો નહોતો. બંધારણવાદના પૂજારી ગોખલેને એ જમાનાએ ભલે અવગણ્યા; પણ આજના સ્વાતંત્ર્યોત્તર સમયમાં એમના જેવા માણસોની ઘણી મોટી જરૂર હોઇને, ધર્મકથા જેવી એમની જીવનકથા વાંચી સૌ એમના જેવા બનવાનો પ્રયાસ કરે એ જ એમની શતાબ્દી ઊજવવાનો ઉત્તમ માર્ગ છે.

# પચાસ પછીનો આહાર :

- વધુ વજન એટલે સારું આરોગ્ય નહિ.
- સારો બાંધો એટલે સારું પોષણ નહિ.
- વધુ ખાવાથી વધુ પોષણ મળે નહિ.
- વધુ વાનગીઓ એટલે સારો ખોરાક નહિ.

આહાર અને આરોગ્ય-૭૩

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પૌઢ વય અને પછી વૃદ્ધાવસ્થામાં પ્રવેશતા માનવીના દેખાવ, શારીરિક શક્તિ અને માનસિક દૃષ્ટિમાં જે ફેરફારો થાય છે એથી તો સૌ માહિતગાર છે. ઉમરના વધવા સાથે શરીરમાં થતા આ દેખીતા ફેરફારો સાથે શારીરિક વ્યાપારોમાં પણ તફાવત પડી જાય છે. એમાંના કેટલાક અનિષ્ટ ફેરફારો ઉમર વધવાથી નહિ, પણ શરીરના કોષોનું પોષણ ઘટવાથી તેમની કાર્યશક્તિ મંદ પડી જવામાંથી ઉદ્ભવે છે.

પુખ્ત વયના માણસના પોષણનો વિચાર ભૂત, વર્તમાન ને ભવિષ્યની દૃષ્ટિથી કરવાનો છે. કોઈ પણ ઉમરે તેની પોષણીય સ્થિતિ, તેના ચાલુ ખોરાક ને ગત વર્ષોના ખોરાકનો ઈતિહાસ રજૂ કરે છે. આગલાં વરસોની ખાવાની કંગાલ ટેવોમાંની કેટલીક સુધરી શકે ને કેટલીક ન સુધરી શકે એવી છાપ પડે છે. આથી ઊલટું આજની પોષણીય સ્થિતિના આધારે કોઇ પણ વ્યક્તિ દસ વીસ કે ચાલીસ વરસ પછી કેવી પોષણીય સ્થિતિમાં હશે તેનો અંદાજ પણ મેળવી શકાય છે.

જિંદગીભરના સારા આહારના ઘણા લાભ છે. બચપણના સુપોષણથી બલિષ્ઠ પુખ્ત વય પ્રાપ્ત થાય છે ને તે ઉમરે પણ સારી પોષણીય સ્થિતિ ચાલુ રહે તે આપણી કામગરી જિંદગી લંબાય છે. સુપોષણથી ઘડપણ આઘું ઠેલાવા સાથે ગૌરવવન્તુ દીર્ઘાયુ પ્રાપ્ત થાય છે.

ઉમરના વધવા સાથે માણસે માણસે ખાવાની જરૂરતોમાં ફેર પડવા માંડે છે, પણ ત્યારે યે શરીરનું બંધારણ નિભાવવા અને તેને કામગરું રાખવા બધાં પોષણદ્રવ્યો તો જોઇએ જ. ફેર માત્ર એટલો રહે છે કે કેટલીક જીવનક્રિયાઓ ધીમી પડવાથી ખોરાકની જરૂરતો ઘટે છે; છતાં ય એ આહાર શક્તિદાતા, પ્રોટીનસમૃદ્ધ અને વિટામિન તથા ખનિજદ્રવ્યોવાળો તો હોવો જ જોઈએ.

શરીરનું ઇષ્ટ વજન જળવાતું રહે એ આહારનું ઉષ્માંક મૂલ્ય પૂરતું હોવાનું દર્શક છે. વ્યક્તિનાં વજન, કદ, જાતિ, શારીરિક કામગીરી ને ખાધેલા ખોરાકની ગતિક્રિયા અનુસાર માણસેમાણસે ઉષ્માંકમૂલ્ય જુદું રહે છે. પુખ્ત વયની શરૂઆતમાં કામકાજના પ્રમાણમાં ઉષ્માંક મેળવવા વ્યક્તિ ખાવાની રસમ ગોઠવે છે, પણ પચાસની ઉમર પછી કામકાજ ઘટવા સાથે જીવનક્રિયાની જરૂરતો પણ ઓછી થવાથી ઉષ્માંકની જરૂરત પણ ઘટે છે. આમ જરૂરતો ઘટેલી હોવા છતાં ય જો માણસ અગાઉની જેમ ખાવાની ટેવ ચાલુ રાખે તો તેના ખોરાકના વધારાના ઉષ્માંક ચરબી રૂપે શરીરમાં જમા થાય છે. આથી પ્રૌઢાવસ્થા બાદ તેનું વજન વધે છે. એક ગણતરી એવી છે કે રોજના માત્ર વીસ વધારાના ઉષ્માંકથી એક વર્ષમાં બે રતલ વજન વધે છે.

શરીરનું વધારે વજન એ સારા આરોગ્યનું નહિ, પણ અમિતાહારનું દર્શક છે. વધારે વજનવાળા શારીરિક ને માનસિક રીતે પીડાય છે. પ્રૌઢાવસ્થામાં તેમને ડાયાબિટિસ, લોહીનું ઊંચું દબાણ કે હૃદયરોગ દેખા દે છે. તેઓ અકસ્માતના ભોગ બને છે. તેમના માટે શસ્ત્રક્રિયા જોખમી નીવડે છે. જેટલું વજન વધારે એટલી હૃદય અને ગુરદાના રોગોથી વહેલા મરણની ધમકી વધારે.

અપૂર્ણ પોષણના કારણે પાતળું શરીર સંભવી શકે છે, પણ સારો બાંધો એ સારા પોષણની નિશાની નથી. અપૂર્ણ પોષણની સ્થિતિમાં પણ સારો બાંધો હોઇ શકે છે. એવા બાંધામાં પણ પ્રોટીન, ખનિજ દ્રવ્યો ને વિટામિનોની ઊણપ હોઈ શકે છે. એટલે કમપોષણની સ્થિતિ વધારે કે ઓછા બંને ખોરાકથી પ્રાપ્ત થાય છે.

વજન વધતું અટકાવવા ઓછા ઉષ્માંકવાળો ખોરાક લેવો જોઈએ, પણ તે સાથે પ્રોટીનનું પ્રમાણ ઘટવું ન જોઈએ. દૂધ, માંસ ને ઇંડાં પ્રોટીનોમાં સમૃદ્ધ હોવા સાથે કેટલાંક ખનિજ દ્રવ્યો ને વિટામિનોથી પણ તે સઘન છે. ચાલીસ-પચાસની વય બાદ ઓછા ઉષ્માંક છતાં પોષણમૂલ્ય જળવાય એવા આહારની આયોજના જરૂરી છે. નાસ્તામાં પૂરી કે તળેલા મમરા-પૌંઆને બદલે નારંગીનો રસ કે ફળ લેવાં વધારે સારાં. એમાંથી ઓછા ઉષ્માંક મળવા સાથે બીજાં પોષણદ્રવ્યો પણ મળે છે. વજન ઘટાડવાનો આહાર પણ ઉષ્માંક ઘટવા સામે બીજાં પોષણદ્રવ્યો મળે એવો જોઈએ. આ માટે વગર વિચારે ખોરાક ગોઠવવાને બદલે દાક્તર કે આહારશાસ્ત્રીની સલાહ લેવી.

આપણા દેશમાં મોટા ભાગના લોકો એક કે બીજી રીતે કમપોષણની સ્થિતિમાં છે. ઘણા માણસો સત્ત્વવિહીન ખોરાક ખાય છે. વધુપડતું ખાવું એ પણ ખોટું છે. એમાં ખાવા અંગે ખોટી માહિતી યા બેદરકારી, કે બન્ને સમાએલાં છે. આમાં પોષણવિજ્ઞાનનું પૂરતું જ્ઞાન ન આપવાનો દોષ આપણી શિક્ષણસંસ્થાઓનો છે. અજ્ઞાન ગૃહિણીઓ પણ કારણભૂત છે. કુટુંબનાં માણસોને સારો ને હિતકારી ખોરાક ખાવાની કળા ને વિજ્ઞાન શીખવવાનો એમનો ધર્મ છે, ને એ ગૃહિણીઓને આનું જ્ઞાન આપવું એ શિક્ષણસંસ્થાઓની ફરજ છે.

ચરબી એ ખોરાકનું અગત્યનું ઘટક છે. તેનાથી ખોરાકમાં સોડમ ને વિવિધતા ઉમેરાઈ ને પુષ્કળ શક્તિ મળે છે. તે વિટામિન 'એ' અને 'ડી'ની ધારક હોઈ તેમાંથી વૃદ્ધિ ને આરોગ્ય માટે જરૂરી સ્નેહામ્લો મળે છે. સ્નેહામ્લોમાં લિનોલિક ઍસિડનું ખાસ મહત્ત્વ છે. મકાઈ કપાસિયા ને સોયાબીનમાં પુષ્કળ પ્રમાણમાં છે. મગફળીના તેલમાં થોડો છે. દૂધ ને કોપરેલમાં એથી પણ ઓછા પ્રમાણમાં છે.

આજે આપણા દેશમાં પ્રૌઢ ને વૃદ્ધાવસ્થાની શરૂઆતમાં કૉરોનરી (હૃદયના) રોગોથી ઘણાં મરણ થાય છે. જે દેશોમાં ચરબી ઓછી ખવાય છે ત્યાં આ રોગનું પ્રમાણ ઓછું છે.

કૉલેસ્ટેરૉલ કુદરતી ખાદ્યોની ચરબી સાથે સંકળાએલો પદાર્થ છે. શરીરમાં પણ તે ચરબી, કાર્બોહાઇડ્રેટ અને પ્રોટીનમાંથી સતત બનતો રહે છે. લોહીનું તે એક ઘટક છે. જ્યારે લોહીમાં તેનું પ્રમાણ અધિક હોય ત્યારે લોહીની નળીઓની દીવાલની અંદર ચરબીદ્રવ્યો જમા થાય છે. આની સાથે દીવાલમાં કેટલાક ક્ષીણકારી ફેરફારો પેદા થઈ એ દીવાલ જાડી બને છે. પરિણામે એની સ્થિતિસ્થાપકતા ને સંકોચનશીલતા ઘટી જઈ ને કઠણાઈની સ્થિતિ આવે છે.

ખોરાકમાં ચરબીની જાત ને પ્રમાણ અનુસાર લોહીમાં કૉલેસ્ટેરૉલનું પ્રમાણ રહે છે. એના આધારે કૉરોનરી હાર્ટ ડિઝીઝ થવાની શક્યતા છે. પણ જો ચરબીમાં લિનોલિક ઍસિડ વધારે હોય તો તેનાથી લોહીમાં કૉલેસ્ટેરૉલનું પ્રમાણ ઘટે છે. આથી પ્રૌઢાવસ્થાના આરંભથી એવા પ્રકારની ચરબી ખાવી જોઈએ કે જેમાં લિનોલિક

ઍસિડનું પ્રમાણ વધારે હોય. જોકે પ્રૌઢ ને વૃદ્ધાવસ્થામાં ચરબીના ઈષ્ટ પ્રમાણનું કોઈ ધોરણ હજુ સુધી નક્કી થયું નથી, એટલે જેને લોહીનું ઊંચું દબાણ કે હૃદયના અન્ય બગાડ ન હોય તેને ચરબીની જાત ને પ્રમાણમાં આકરા ફેરફારો કરવાની કોઇ જરૂર નથી.

પ્રૌઢ ને વૃદ્ધાવસ્થામાં પોષણનું સારું ધોરણ જાળવવામાં ખોરાકનાં પ્રોટીનોનો મોટો હિસ્સો છે. પ્રોટીન એ આપણી માંસપેશીઓ અને ગ્રંથિઓનું મુખ્ય સેન્દ્રિય ઘટક છે. ખોરાકનાં પ્રોટીનોમાંથી, વિશિષ્ટ કામગીરીવાળાં શરીરનાં પ્રોટીનો જેવાં કે હેમોગ્લોબિન, રક્તજલ પ્રોટીન, પ્રતિકણો, હૉરમોન અને આથવણો બને છે. આ પ્રોટીનોથી જ શરીરનું આરોગ્ય જળવાઈ ને તેની યથાયોગ્ય કામગીરી ચાલુ રહે છે.

ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં પ્રોટીનો મળી રહે તો શરીરમાં તે થોડાંક સંઘરાય પણ છે અને અછત વખતે શરીરની જરૂરતો પૂરી પાડવા એ અનામત જથ્થો કામ લાગે છે. પણ લાંબા વખત સુધી ખોરાકમાં પ્રોટીનોની અછત રહે તો એ સંઘરો પણ વપરાઈ જાય છે. રોજિંદા જીવનનો બોજ સારી રીતે જળવાય એ માટે શરીરમાં પ્રોટીનનો પૂરતો જથ્થો હોવો જરૂરી છે. એથી રોગના ચેપનો સામનો થાય છે; અકસ્માત, લોહીસ્રાવ, ઘાની ઇજા, હાડકું ભાંગવું, દાઝવું ને શસ્ત્રક્રિયાના આઘાતો સામે ટક્કર ઝીલાય છે.

વિટામિનો ને ખનિજ-દ્રવ્યોની ઊણપ પૂરવા તેની ઔષધીય ગોળી કે કૅપ્સ્યુલનો આધાર લેવાના બદલે ખોરાક સુધારવો વધુ યોગ્ય છે. સારા ખોરાકની તોલે આવી શકે એવી વિટામિન–ખનિજદ્રવ્યોની કોઈ ઔષધીય બનાવટ નથી. વળી આ ઔષધીય બનાવટો તેમની ન્યૂનતા અટકાવવા કે મટાડવા સિવાય વધારે કશું કરતી નથી. આવાં ઔષધો લેવાથી સમતોલ આહાર લેવાનાં વિચાર ઇચ્છા ને ધ્યાન વિચલિત થાય છે. જો વ્યક્તિને સારું પોષણ મળતું હોય તો તેને વધારાનાં વિટામિનોની જરૂર નથી.

તરુણાવસ્થાની જેમ ૬૦ થી ૭૦ની વય પણ જિંદગીનો કટોકટીનો કાળ છે. આ ઉમરે આવકમાં ફેરફાર થવાથી, કે કૌટુમ્બિક રચના બદલાવાથી ખાવાની રસમ બદલાય છે. ખોરાકના ગમા-અણગમા સારા પોષણની આડે આવનારાં નીવડે છે. કદીક એકલવાયાપણાથી કે કામકાજ વિના કે કોઈ ચિંતાના કારણે ખાવામાંથી રસ ઊડી જાય છે. ઘણાંને બાળપણમાં મળેલા માતાના હાથના સ્વાદિષ્ટ ખોરાકની વાનીઓ યાદ આવે છે. ઉમર વધવા સાથે તાળવાની સંવેદનશીલતા ઘટવાથી, યા વધારે ધ્રૂમ્રપાન કે મદ્યપાનને લીધે જીભની સ્વાદકલિકાઓ મંદ પડવાથી ખોરાકનો ખરો સ્વાદ આવતો નથી.

પુખ્ત વયે પૂરતો લાગતો ખોરાક ઘડપણમાં શ્રેષ્ઠ ન પણ હોઈ શકે. હાલતા કે પડેલા દાંતથી ખોરાક ચાવવાની મુશ્કેલી, પાચનની કે શોષણની અશક્તિ વગેરે શારીરિક ફેરફારો અનુસાર ખોરાકની જરૂરિયાત નક્કી થાય છે. હાલતા કે પડી ગએલા દાંતવાળા લોકોએ દાંતનું ચોકઠું કરાવી લેવું જરૂરી છે. દાંતનું ચોકઠું ચશ્માંની જેમ વપરાય તો જ ઉપયોગી છે. અવાળાં ઘસાઇ જતાં હોવાથી થોડાં થોડાં વરસે એ ચોકઠાં બદલવાની જરૂરત ઊભી થાય છે. હાલતાં કે બંધબેસતાં ન થાય એવાં ચોકઠાં તો તે ન હોય તે કરતાં પણ વધારે ખરાબ છે. આખી જિંદગી દરમિયાનની માંદગીની ઈજાઓ, ચેપ, થાક ને લાગણીના ઉછાળા ધ્યાનમાં લઈ કોઇ પણ ઘરડા માણસના આહારનું આયોજન થવું જોઇએ.

પણ ઘરડી ઉમર શરૂ થઈ ક્યારે ગણવી? આંખે વાંચવાની મુશ્કેલી ઊભી થાય ત્યારથી કે સ્ત્રીઓમાં ઋતુસમાપ્તિથી વૃદ્ધાવસ્થા આવી ગણાય. આ કંઈ એકાએક આવી પડતી સ્થિતિ નથી. માણસે માણસે શરીરના અવયવો જુદીજુદી રીતે ઘરડા બને છે.

બાળપણ કરતાં ઘડપણની ખોરાકની જરૂરતો તદ્દન ઊલટી હોય છે. કોષોની શોષણશક્તિ ને શારીરિક કામગીરીઓ ઘટે છે એટલે જુવાનીના જેટલા ઉષ્માંકની હવે જરૂર નથી, પણ આહારમાં પ્રોટીન, ખનિજદ્રવ્યો ને વિટામિનોનો સમાવેશ થાય તેનું ખાસ ધ્યાન રાખવાનું છે.

આપણે ત્યાં કોઈ પણ ઉમરે મોટા ભાગે શુષ્કધાન્યોમાંથી પોષણ મેળવાય છે. રોજના આહારમાં દાળ, ભાત, રોટલા-રોટલી, શાકપાન કે ક્વચિત્ ફળ હોય છે. આમાંથી શક્તિ, પ્રોટીન, લોહ ને 'બી' વિ૦ મળે છે, પણ તેમાં કૅલ્સ્યમ, વિ૦ 'એ' અને 'સી' ઓછાં હોવા સંભવ છે. કૅલ્સ્યમની જરૂરત એકલાં મજબૂત હાડકાં માટે નથી પણ હૃદયની ગતિ જાળવવા ને લોહીના જમાવ માટે પણ છે. એટલે આપણા ચાલુ આહારને દૂધ ને દૂધની નીપજો, શાક ને ફળો, લીલીછમ ભાજી, ખાટાં ફળ વગેરેના રોજિંદા વપરાશથી સંપૂર્ણ બનાવવો જોઈએ.

માંસાહારીઓએ પાંઉરોટી ને શુષ્ક ધાન્યોના બદલે તાજા રોટલા-રોટલી, માંસ, મચ્છી, ઇંડાં ને પનીર ઉમેરવાં. આહારની આયોજના એવી કરવી કે જેથી દરેક ખાણામાં બધાં આવશ્યક ખાદ્યોનો ને શક્તિદાતા ખોરાકનો પણ સમાવેશ થાય. સાંજનું વાળુ બંધ કરી છ-સાત વાગ્યાના સુમારે હળવો નાસ્તો લેવો અગર કોઈ ફળ ને દૂધ લેવાં જેથી પેટમાં વાયુ, અપચો ને અનિદ્રાની પીડા ટળે. દૂધથી પેટમાં ગડગડાટ કે આફરો થવાની વકી છે; તો દૂધમાં થોડી ચા કે તુલસીનાં પાન નાખવાં અગર તો દૂધની કાંજી કે કસ્ટાર્ડ-દૂધ લેવું. વધારેપડતાં શાકથી પણ પેટની મુશ્કેલી ઊભી થવા સંભવ છે. પૂરતું ચાવ્યા વિના કે ઉતાવળા ખાવાથી તથા ખાતી વખતે અણગમતી વાતોથી પેટમાં વાયુ ને ગડગડાટ થવા સંભવ છે.

સવારમાં ચા-નાસ્તો એવાં જોઇએ કે જેમાંથી શક્તિ ઉપરાંત પ્રોટીન, વિટામિનો ને ખનિજદ્રવ્યો પણ મળે. નિરામિષાહારી માટે નાસ્તામાં ભાખરી ને દૂધ તથા મિષાહારી માટે ઇંડાં છે, અગર તો મઠિયાં, ઈડલી, ફળનો રસ ને કૉફી છે. કાચાકોરા ખોરાકને બદલે ફળરસ કે દૂધનું રક્ષણાત્મક મૂલ્ય વધારે છે.

કોઇ પણ ઉમરે, તેમાં યે ખાસ કરીને જિંદગીના બે છેડા—બાળપણ ને ઘડપણમાં પોષણનું મહત્ત્વ છે. ઉમર વધતાં શારીરિક કામગીરી ને કોષોની શોષણશક્તિ ઘટવાથી ખોરાકની કુલ જરૂરત ઘટે છે, એટલે ખોરાકનું પ્રમાણ ઘટાડવું જોઇશે. આ ઘટાડો ૬૦થી૭૦ વર્ષની ઉમરે દસથી પંદર ટકા, ૭૦ થી ૮૦ની ઉમરે વીસ ટકા ને ત્યાર બાદ ત્રીસ ટકા હોવો જોઈએ. એકવડા શરીરને દીર્ઘાયુ વરે છે. ગોળમટોળ શરીરવાળો 'જિંદગીની ટેકરીની ટોચ પરથી સડસડાટ સરી પડતો હોવાનું' હચિન્સનનું કથન છે. ખોરાક ઘટાડતી વખતે કાર્બોહાઇડ્રેટ ઓછાં કરી તેના બદલે પ્રોટીન લેવાનાં છે. આનો મોટો ભાગ પ્રાણિજ પ્રકારનો, એટલે કે દૂધ અને પનીર તથા માંસાહારીને ઇંડાંમાંસ ને મચ્છી જોઇએ. વિટામિનો ને ખનિજદ્રવ્યો માટે ફળો અને શાકપાન. સુદૃઢ આરોગ્યની ખેવનાવાળા દરેક જણે આની અગત્ય સમજીને અમલમાં મૂકવાની જરૂર છે. આપણે સુધારો કરીશું તો આપણા મિત્રો ને પડોશીઓ પણ તે અપનાવશે, જેથી જિંદગીમાં માત્ર વર્ષો નહિ ઉમેરાય પણ વરસોમાં પ્રાણ પૂરાશે.

(હવે પછી 'માંદગીમાં ખોરાક')

અનુસંધાન] પ્રતિશોધ [પૃ. ૨૭૦થી
દુષ્ટતાનું એક જાતનું વિચિત્ર આકર્ષણ હોય છે. શું આપણ સૌમાં યુદ્ધખોરીના અંશ નથી?

સુ : મને લાગે છે કે આપણે વધારેપડતા ઊંડા ઊતરી પડ્યા. આખરે તો આ તમારો અંગત જ પ્રશ્ન છે.

જ : મને પણ લાગે છે કે આપણે આ ચર્ચા બંધ કરવી જોઇએ. તમે પણ થોડા ઘણા ઉત્તેજિત થઈ ગયા લાગો છો.

શ્રી : આવેશમાં આવી મેં બેહૂદી વાતો કરી હોય તો માફ કરશો.

સુ : ના ના એવું કશું નથી. તમે હવે કપડાં બદલો. અરે જયુ, હજી એમને આપણું ઘર તો પૂરું બતાવ્યું જ નથી. અહીં જ બેસી રહ્યાં.

શ્રી : સુનીલભાઇ, મને એમ જ લાગે છે કે જાણે મારે ઘેર જ આવ્યો હોઉં અને... (જયશ્રી ટ્રે લઈ પહેલી અંદર જાય છે. સુનીલ ને શ્રીનાથ વાતો કરતા પાછળ જાય છે. શ્રીનાથના પછીના શબ્દો સ્પષ્ટ સંભળાતા નથી.)

* * *

[એ જ ડ્રૉઇંગ-રૂમમાં એક બપોરે.]

જ : આવું કરવાની તમે હિંમત કઈ રીતે કરી શકયા? આટલું બધું અસત્ય!

શ્રી : આ ઘરમાં હું જે કાંઇ બોલ્યો છું તે બધું જ સાચું છે. શું તમને જૂઠાણું લાગ્યું?

જ : પહેલા તો તમે પોતે જ. હું જાણવા માગું છું કે તમે છો કોણ?

શ્રી : કેમ, તમે શ્રીનાથને નથી ઓળખતાં?

જ : હું તમને પૂછું છું કે 'તમે' કોણ છો?

શ્રી : શ્રીનાથ.

જ : ના, તમે શ્રીનાથ નથી. તમે—

શ્રી : પરંતુ તમે માનતાં કેમ નથી કે હું—

જ. કારણ કે હું શ્રીનાથને ઓળખું છું.

શ્રી : કોણ છે એ શ્રીનાથ?

જ : જેને તમે આવ્યા છો ત્યારથી રજૂ કરી રહ્યા છો.

શ્રી : ઓળખી શક્યાં એ શ્રીનાથને? ઘણી નવાઈ કહેવાય! મને તો એમ જ હતું કે—

જ : જુઓ, આ તંગ મનોદશાથી હું ત્રાસી ગઈ છું. હવે મારાથી સહન નથી થતું. મારી સાથે નિખાલસ થવાની હું તમને વિનંતી કરું છું. મને સીધેસીધું કહી દો કે તમે કોણ છો?

શ્રી : હું? (વિષાદભર્યું સ્મિત કરીને) હું છું શ્રીનાથનું ભૂત—શ્રીનાથ. મારા સ્વતંત્ર અસ્તિત્વની સભાનતા મેં ખોઈ નાખી છે.

જ : પરંતુ અહીં આવવાનો આશય શો છે?

શ્રી : એક માણસના મનમાં કેટકેટલા દુષ્ટ આશયો હોઈ શકે એ કલ્પી લોને. દાખલા તરીકે ધમકીઓ આપી પૈસા પડાવવાનો, કોઈ પણ રીતે તમારો લાભ લેવાનો—

જ : તમે અહીં જ અટકો તો સારું. તમે કોઈ હલકો આશય લઇને આવ્યા હો એમ હું નથી માનતી.

શ્રી : કેમ, હું પૂરેપૂરો દુષ્ટ નથી લાગતો?

જ : ના.

શ્રી : તો પછી આટલાં બધાં અસ્વસ્થ અને ઉત્તેજિત કેમ થઈ ગયાં છો? મારાથી આટલાં બધાં બીઓ છો શા માટે?

જ : (એકદમ ઉશ્કેરાઇને) તમે શા માટે મને આટલી બધી સતાવો છો? શા માટે મારો પીછો પકડ્યો છે?

શ્રી : (ઠંડા અને કઠોર અવાજે) આવી જ રીતે મેં શ્રીનાથને તરફડતો જોયો છે; એને તમે આવી જ રીતે પજવ્યો છે, પીડ્યો છે; અને હું એનું વેર લેવા, બદલો લેવા આવ્યો છું, સમજ્યાં. અત્યારે હું કિન્નાખોર હિંસક પ્રાણીના સ્વરૂપમાં આવ્યો છું...(જયશ્રી કોઇ પણ પ્રકારનો પ્રતિભાવ બતાવ્યા વિના સૂનમૂન બેસી રહે છે. શ્રીનાથ બારી પાસે જઈ બહાર અવકાશમાં તાકી રહે છે ને સિગારેટ કાઢી પીવા માંડે છે. પછી રેડિયો પર મૂકેલી મહેશ-મૂર્તિની પાસે જઇ ઊભો રહે છે અને જયશ્રીની સામે જોયા વિના જ—)

...ત્રિમૂર્તિની માફક પ્રેમનાં પણ ત્રણ સ્વરૂપો છે: એ સર્જન કરે છે, રક્ષા કરે છે અને સંહાર પણ કરે છે.

જ: મોટા ભાગનાં આપણાં દુ:ખો આપણી વિચારવાની ગફલતથી, અધૂરી વિગતો પર આધાર રાખવાથી કે નિર્ણયો બાંધવામાં ક્યાંક ભૂલ કરી બેસીએ એને લીધે જ જન્મતાં હોય છે. માણસ જ માણસને કેટલી પીડા ઊભી કરે છે! અને કેટલીક વાર તો ન્યાય તોળવાના આગ્રહમાં કોઇકના જીવન સાથે કેવી રમત રમાતી હોય છે!

શ્રી : મેં ધાર્યું જ હતું કે તમે મારી પાસે આવી બધી ઊંચી ઊંચી સુફિયાણી વાતો કરીને તમારો બચાવ કરશો. પણ જુઓ, આ બાબતમાં હું શું શું જાણું છું અને શું શું કરવા માગું છું એ તમને કહી દઉં.

જ : એ બધું સાંભળવાની મારી ઇચ્છા નથી. હું તો તમને એટલું જ—

શ્રી : પરંતુ હું તો તમને કહેવા માગું જ જ છું. મહેરબાની કરીને મને બેત્રણ મિનિટ શાંતિથી સાંભળશો?

જ : ભલે, કહો.

શ્રી : લગભગ બે વર્ષ પહેલાં તમે શ્રીનાથના જીવનમાંથી જ્યારે અદૃશ્ય થયાં, કશું ય કહ્યા વિના ચાલ્યાં ગયાં, એ જ દિવસોમાં મેં એના જીવનમાં પ્રવેશ કર્યો અને અમે આત્મીય મિત્રો બન્યા. તમારું જવું એને માટે કપરો આઘાત હતો. એણે મને બધી વાત કરી. એને હતું કે તમે ક્યારેક તો આવશો જ. તમારા પત્રની એ રોજ રાહ જોતો હતો... કોઈના પત્રની રોજ રાહ જોયા કરવી એ કેટલું વ્યથાભર્યું છે! આ એક જ વસ્તુ એના મનમાં ઊંડે ને ઊંડે ઊતરતી ગઈ. એણે જીવનની સમતુલા ગુમાવી, ભાન ગુમાવ્યું, અને એ વેદનામાં સબડવા માંડ્યો. અત્યાર સુધી હું એનું દુ:ખ મૂક સાક્ષી બની જોયા કરતો હતો, પરંતુ મને થયું કે જે વ્યક્તિ આ દુ:ખનું કારણ છે એને સુખચેનમાં રહેવાનો શો અધિકાર છે? એણે પણ સહન કરવું જ જોઇએ. અને બદલો લેવાની લાગણી મારામાં જાગી. હું કિન્નાખોર બન્યો અને મેં વ્યૂહ રચ્યો. તમે ક્યાં અને કોને પરણ્યાં છો એની ભાળ મેળવી, તમારા પતિના નિકટના મિત્ર કોણ છે એ પણ જાણી લીધું, અને એમની સાથે મૈત્રી કેળવી—એટલા જ માટે કે તમારા ઘરમાં એક સજ્જન તરીકે હું પ્રવેશ કરી શકું. પછી શ્રીનાથનું મ્હોરું પહેરીને તમને માનસિક ત્રાસ આપું, પજવું, અને એક દિવસ તમારો આ સુંદર સંસાર છિન્નભિન્ન કરી નાખું. અને તમારું અસ્તિત્વ તમારી પાસેથી ઊઝરડી લઉં. (તે જયશ્રી સામે ઝનૂની, સળગતી આંખોએ તાકી રહે છે. જયશ્રી શાંત બેસી રહે છે.)

શ્રી : આની સામે તમારે કંઈ કહેવું છે?

જ : તમારું ઝનૂન જોઈ મને એમ જ થાય છે કે કંઈ ન બોલું તે જ સારું. તમને શ્રીનાથ પ્રત્યે ખૂબ લાગણી છે એટલે તમે આટલા ઉશ્કેરાઇ ગયા છો, અને હું પણ માનું છું કે જો હું અપરાધી હોઉં તો મને શિક્ષા થવી જ જોઇએ.

શ્રી : હજુ ય તમને પ્રશ્ન થાય છે કે 'જો હું અપરાધી હોઉં તો'?

જ : મારે તમને ઝાઝું કહેવું નથી, બચાવ પણ કરવો નથી. હું તમને જે કાંઇ કહું તે તમારે ગળે ઊતરે તો તમે શ્રીનાથને કહેજો. એને થોડીઘણી શાંતિ મળે એટલી જ મારી ઇચ્છા છે. તમને મારી વાતો ફરેબી લાગે તો તમે જે મુનાસિબ સમજો એ રીતે પછી વર્તી શકો છો. એટલી જ વિનંતી કરું છું કે મહેરબાની કરીને મારા પતિને વચ્ચે ન સંડોવતા. શિક્ષા મને જ કરજો.

શ્રી : અત્યારે તો હું કશી બાંહેધરી નથી આપી શકતો. તમે જે કાંઇ કહેવા માગો છો તે સાંભળવા હું તૈયાર છું.

જ : આજથી ચારેક વર્ષ પહેલાં હું શ્રીનાથને મળી ત્યારે હું કૉલેજમાં અભ્યાસ કરતી હતી. એના વ્યક્તિત્વથી હું અંજાઈ હતી; એની બોલવાની છટા, એના વિચારોની સૂક્ષ્મતા અને એની કવિતા – આ બધું મને ગમતું હતું; in a way he was interesting end inspiring અમે મિત્રો બન્યાં. આનાથી કોઇ વિશેષ ભૂમિકા અમારી બે વચ્ચે ઊભી થઈ જ નહોતી. એટલે તમે જે માન્યતા લઈને અહીં આવ્યા છો એ મૂળભૂત રીતે જ ખોટી છે.

શ્રી : એટલે તમે એમ કહેવા માગો છો કે તમારી બે વચ્ચે અરસપરસ 'પ્રેમ' નહોતો?

જ : હા, પ્રેમનો જે સામાન્ય અર્થ થાય છે એ નહોતો. અમે એ સમજૂતી પર પહોંચ્યાં જ નહોતાં.

શ્રી : જુઓ, હવે તમે મારી સાથે રમત રમો છો. એક બાજુ તમે સ્વીકારો છો શ્રીનાથ તમને ગમતો હતો, જ્યારે બીજી બાજુ એમ કહો છો કે અમારી વચ્ચે પ્રેમ નહોતો. કેવી વાહિયાત વાત કરો છો!

જ : હું તમારી સાથે દલીલમાં ઊતરવા નથી માગતી. મારા મનમાં જે હતું અને જે છે એ જ મેં તમને કહ્યું છે. શ્રીનાથને મેં મારું સમગ્ર અસ્તિત્વ ક્યારે ય આપ્યું નહોતું.

શ્રી : તો પછી છૂટા પડતી વખતે તમે આ બધું એને કેમ કહ્યું નહિ?

જ : શ્રીનાથ ખૂબ લાગણીશીલ છે એ તો તમે જાણો જ છો. મને એમ હતું કે આ બધું સાંભળીને એને ખૂબ દુઃખ થશે. અને તેમ છતાં ય મનોમન મેં કેટલીયે વાર નક્કી કર્યું હતું કે એને કહી દઉં. પરંતુ શી ખબર શાથી, મારી જીભ જ ઊપડતી નહોતી.

શ્રી : એમ? પણ જો તમને શ્રીનાથ ગમતો હતો તો તમે એની સાથે લગ્ન કેમ ન કર્યું? ફક્ત તમારી બે વચ્ચે તમારા અર્થમાં 'પ્રેમ' નહોતો એટલા માટે? તો તો સુનીલભાઈ અને...

જ : તમે કદાચ નહિ માનો, પરંતુ સાચું કારણ એ હતું કે મને એમ જ લાગતું હતું કે મને પરણીને 'શ્રીનાથ' સુખી નહિ થાય; એમાં 'મારાં' સુખદુઃખને મેં નહોતાં ગણ્યાં.

શ્રી : વાહ વાહ, ખૂબ કરી! શ્રીનાથ સુખી ન થાય તમારી સાથે લગ્ન કરીને? અને એટલે જ તમે એની સાથે લગ્ન ન કર્યું!

જ : તમને કદાચ મારી આ વાત ખોટી લાગશે, પરંતુ એના સુખને લક્ષમાં રાખીને જ એની સાથે લગ્ન નહિ કરવાનો મેં નિર્ણય કર્યો હતો. શ્રીનાથે મને કદી મારા વાસ્તવિક સ્વરૂપમાં જોઈ જ નહોતી. એણે એની જ કલ્પના દ્વારા મારું સ્વપ્નિલ, કાવ્યમય, કોઈ અમૂર્ત અને અશારીરિક સ્વરૂપ ઊભું કર્યું હતું. તે એને જ ઓળખતો હતો, એને જ ચાહતો હતો, એને જ ઇચ્છતો હતો. મને લાગ્યું કે જો હું તેની પત્ની બનીને એની પાસે જઈશ તો રાગદ્વેષથી ભરેલું મારું મન અને મારો સ્થૂલ દેહ એના હાથમાં આવશે, સંસારની ઘણી ક્ષુદ્રતામાં અમારે રાચવું પડશે. કહો શું આ બધું શ્રીનાથ સહન કરી શકત?

શ્રી : આ બધું તો તમે ઉપજાવી કાઢ્યું હોય એમ લાગે છે. શ્રીનાથ કવિનો જીવ છે એ હું સ્વીકારું છું, પણ આ બધું માન્યામાં નથી આવતું. જો તમને એનો આટલો બધો ખયાલ હતો તો તમે અત્યાર સુધી મૌન કેમ સેવ્યું? તમે પરણી ગયાં છો એ તો તમે એને જણાવી શક્યાં હોત. કોઈને અનિશ્ચિતતામાં કે અસ્પષ્ટતામાં રાખવાનો શો અર્થ?

જ : મને હતું કે લાંબા સમયે તે મને ભૂલી જશે. એ અનુમાન કરવામાં મેં ભૂલ કરી. પરિસ્થિતિ આટલી હદ સુધી પહોંચશે એ તો મેં કલ્પ્યું જ નહોતું. ખરેખર શ્રીનાથની સ્થિતિ જાણી મને અત્યારે ખૂબ દુઃખ થાય છે. પરંતુ હું શું કરું? અત્યારે તો હવે હું અસહાય છું.

શ્રી : તો પછી તમારી આ નિર્દોષ વાત તમે તમારા પતિથી છુપાવી છે શા માટે? એ તો બીચારા શ્રીનાથ કોણ છે એ ય જાણતા નથી.

જ : જેમ હું શ્રીનાથને નિખાલસપણે ન કહી શકી, એમ હું એમને પણ આ વાત કહી શકી નથી—ઇચ્છા હોવા છતાંય. કેટલીયે વાર હોઠ પર વાત આવી, પણ જીભ ચાલી જ નહિ. મને ભય હતો કે જો આ વાત એમને ન ગમે અને એમને મનમાં ઊંડેઊંડે પણ સહેજ શંકા રહી જાય તો? એ મને ખૂબ ચાહે છે. કદાચ આ વાત સહન જ ન કરી શકે અને અમારા શાંત અને સુખી જીવનમાં નાહકની ગૂંચવણ ઊભી થાય. (થોડીવાર થંભીને) અને એમે ય હતું કે જે પ્રશ્ન પતી ગયો છે એને હવે શા માટે નાહકનો ઊભો કરવો.

શ્રી : (થોડીવાર શાંત રહી) હવે કંઈ કહેવું છે?

જ : ના બસ, જે કહેવું હતું તે કહી દીધું.

શ્રી : જુઓ, તમારી વાતોએ મારા મન પર ખાસ છાપ પાડી નથી. કશું જ ગળે ઊતર્યું નથી. આ તકે મારે તમને એ પણ કહેવું જોઈએ કે છૂટા પડ્યા પહેલાં તમે શ્રીનાથને લખેલા તમારા પત્રો મેં વાંચ્યા છે, અને અત્યારે હું સાથે પણ લેતો આવ્યો છું.

જ : (સ્વસ્થતાથી) એમાં એવું કશું જ નથી જે એમ સાબિત કરે કે હું શ્રીનાથના પ્રેમમાં હતી કે એને પરણવાની હતી.

શ્રી : ભલે એમ તો એમ; પરંતુ એ બધા પત્રો આજે સાંજે જતી વખતે હું તમારા નીલને ભેટ આપવા ઈરાદો ધરાવું છું.

જ : તમારો અંતરાત્મા તમને કહે એમ કરો.

શ્રી : તો મારો અંતરાત્મા શું કહે છે તે સાંભળો : અત્યારે ત્રણ વાગ્યે મારે સુનીલને બૅંકમાં એમની ઑફિસે મળવાનું છે. ત્યાંથી અમે સાથે આર્ટ ગૅલેરીમાં જવાના છીએ. ત્યારે હું તમારા અને શ્રીનાથના સંબંધો વિષે એમને કહેવાની તક લઈશ અને પછી સાંજે જતી વખતે તમને બન્નેને પેલા પત્રોની ભેટ આપતો જઈશ, અને તમારા સુખી સંસારની હોળી સળગાવતો જઇશ. અરે! તમે આટલાં બધાં ઠંડાં કેમ પડી ગયાં? હું તો મારો અંતરાત્મા કહે એમ જ વર્તું છું. તમે મારા મિત્રને તમારી માયાજાળમાં ફસાવ્યો, રીબાવ્યો અને આજે હવે કોઇના અંતરાત્માને ઢંઢોળવા નીકળ્યાં છો? તમારાં સુખનાં ફાંફાં અને વલખાં પૂરાં થઇ જાય ત્યારે તમે જ તમારા અંતરાત્માને ઢંઢોળજો. ચાલો, હવે હું જાઉં. મને મોડું થાય છે. (જયશ્રી શાંતિથી બેસી રહે છે.)

શ્રી : હાં, એક વાત તમને યાદ કરાવવાની, કે હું તથા સુનીલભાઈ બહાર રેસ્ટોરાંમાં જમીને આવવાના છીએ. સુનીલભાઇએ તમને કહ્યું જ હશે. આજે સાંજે મેઇલમાં જવાનો છું એ પણ ચોક્કસ. (જયશ્રી જવાબ નથી આપતી એટલે કશીક હિચકિચાટ સાથે શ્રીનાથ થોડોક વખત ઊભો રહે છે અને પછી કોટ લઈ ધીરેધીરે બારણા તરફ જાય છે અને પછી બારણામાંથી —) જાઉં છું — સાંજે મળીશું. (જયશ્રી ક્યાંય સુધી ખુરશી પર બેસી રહે છે.)

* * *

[દૃષ્ટિને બહાર સ્થિર કરી જયશ્રી બારી પાસે ઊભી છે. સૂર્ય આથમી ગયો છે અને અંધારું થવા માંડ્યું છે. જયશ્રી બત્તી કરી દ્વિધા, વ્યગ્રતા અને મૂંઝવણના ભાવ સાથે થોડો વખત ઊભી રહે છે. પછી ટેબલનું ખાનું ખોલી કશુંક ફંફોસે છે. પછી ખાનું બંધ કરી થોડી વાર બેસી રહે છે અને પછી એકાએક અંદર ચાલી જાય છે. થોડી વાર રહી બહાર આવે છે અને એકાદ પુસ્તક લઈ વાંચવા બેસે છે. થોડી વાર પછી ઘંટડી વાગે છે. જયશ્રી બારણું ઉઘાડે છે અને સુનીલ તથા શ્રીનાથ હસતા હસતા દાખલ થાય છે.]

સુ : જયુ, આજ તો ખૂબ વાતો કરી. તું હોત તો તને ખૂબ મઝા આવત.

જ : એમ?

સુ : પૂછને શ્રીનાથભાઈને જ?

શ્રી : હા, વાતોનો પણ જબરો નશો હોય છે.

સુ : શ્રીનાથભાઈ પાસેથી ઘણું જાણવા મળ્યું. રેસ્ટોરાંમાં અમે ખાસ્સા બે કલાક વાતો કરી. અરે હા, શ્રીનાથભાઈ આપણે માટે કશીક વસ્તુ ભેટ લેતા આવ્યા છે. (શ્રીનાથના હાથમાંથી બૉક્સ લઈ લે છે.)

જ : શું છે?

સુ : એ તો ખબર નથી. મને પણ અંધારામાં જ રાખ્યો છે. વચ્ચે મારે થોડો સમય રોકાણ થયું. એટલામાં તો એ અલોપ થઇ ગયા અને ઉપાડી લાવ્યા આ બૉક્સ. લે તું જ ખોલને. (જયશ્રીને બૉક્સ આપે છે.)

શ્રી : રહેવા દો; મારી ઇચ્છા એવી છે કે મારા ગયા પછી જ તમે ખોલજો.

સુ : તમે અમને આશ્ચર્યચકિત કરી દેવા માગતા હશો.

શ્રી : હા, એવું કંઈક ખરું.

જ : (ટેબલ પરથી ટપાલ સુનીલને આપતાં) લો, આ ત્રણ પત્રો આવ્યા છે.

સુ : વાંધો ન હોય તો હું જરા જોઈ લઉં?

શ્રી : તમે તમારે નિરાંતે વાંચી લો.

[સુનીલ કોટ કાઢી ખુરશી પર ભેરવે છે અને જયશ્રી ટેબલ પર બૉક્સ મૂકી સુનીલની ડાબી બાજુએ બેસી રહે છે; જ્યારે શ્રીનાથ જમણી બાજુ બેસી સિગારેટ પીવા માંડે છે. જયશ્રી અને શ્રીનાથ એકબીજાં સામે આંખો માંડીને જોતાં નથી. જયશ્રી વ્યગ્ર છે જ્યારે શ્રીનાથ સ્વસ્થ. થોડીક ક્ષણો સુધી વાતાવરણમાં તદ્દન શાંતિ છવાઇ જાય છે. એ દરમિયાન સુનીલ તૂટક તૂટક બોલ્યે જાય છે.]

સુ : 'આ પત્ર તો વીમા-પોલીસીનો છે... હું આ છે રમેશનો... અમેરિકા જાય છે... સરસ... અને આ ત્રીજો પત્ર ઘેરથી છે... બધાં મઝામાં છે... કશું જ નવીન નથી... અરે, પણ તમે બન્ને આમ મૂંગાંમૂંગાં બેસી કેમ રહ્યાં છો? જયુ, હજુ સુધી તેં આ બૉક્સ ખોલ્યું નથી? બાકી છે તારી ધીરજ! તું પણ શ્રીનાથભાઈના પક્ષમાં બેસી ગઈ? લાવ હું જ ખોલું. (શ્રીનાથ કશું ય બોલ્યા વિના એમ ને એમ જ બેસી રહે છે—શાંત.)

જ : મને એમ, કે એમની ઇચ્છા પ્રમાણે જ ભલે થતું.

સુ : એમ તે ચાલતું હશે? એમની ભેટ બદલ આપણો આનંદ એમની હાજરીમાં જ આપણે વ્યક્ત કરવો જોઇએ ને? (બૉક્સ હાથમાં લે છે) ચલ બોલ, આમાં શું હશે?

જ : એ તો હું કેવી રીતે કહી શકું?

સુ : (બૉક્સ ખોલતાં) અરે ભાઈ, અનુમાન કર, ગપ્પાં માર,... અરે વાહ! અદ્‌ભુત! શી કલ્પના દોડાવી છે! આ તો આપણા બેમાંથી એકે ય માટે નથી. બોલ, હજુ ય કહી દેવું છે? (જયશ્રી જવાબ આપ્યા વગર સામે જોઇ રહે છે.)

સુ : નથી સૂઝતું ને? ઢીંગલી છે ઢીંગલી! અસલ ગરવી ગુજરાતણ! લે જો.

જ : (પાસે જઈ હાથમાં લઈ) સરસ છે. (શ્રીનાથ સામે મૂંઝવણથી જોઈ રહે છે.)

સુ : શ્રીનાથભાઈ અમારા ઘરમાં નવી આવનાર વ્યક્તિની સાથે અત્યારથી જ રાજદ્વારી સંબંધો સ્થાપી તમે જે સ્વીકૃતિ આપી છે તે બદલ અમે તમારો આભાર માનીએ છીએ. (ખડખડાટ હસે છે. જયશ્રી મરકે છે. શ્રીનાથ શાંત જ રહે છે.)

શ્રી : (જયશ્રી તરફ જોઇને) તમે કદાચ બીજી કોઈ વસ્તુ માની લીધી હશે—

સુ : મને જરા માફ કરશો, હું હાથમોં ધોઈ કપડાં બદલી લઉં. તમારે પણ...

શ્રી : ના ના, મારે જરૂર નથી. તમે તમારે જઈ આવો. હું અહીં બેઠો છું.

સુ : તો જયુ, તું જરા શ્રીનાથભાઇને કંપની આપ. તમે પણ શ્રીનાથભાઈ આ આરામ-ખુરશીમાં થોડો થાક ઉતારો. તમારે પાછી ટ્રેઈનની મુસાફરી ખેડવાની છે.

શ્રી : તમે મારી ચિંતા બિલકુલ કરશો નહિ. નિરાંતે જઇ આવો. મારી સૂટ-કેસ પણ મેં પહેલેથી જ તૈયાર કરી રાખી છે.

સુ : સારું ત્યારે, હું હમણાં જ આવ્યો. (જાય છે. થોડી વાર મૌન)

જ : નક્કી કર્યા મુજબ તમે એમને વાત કરી લાગતી નથી.

શ્રી : ના, નથી કરી.

જ : કેમ, વિચાર બદલ્યો?

શ્રી : હા.

જ : કારણ?

શ્રી : કારણ?... કોઇ સ્પષ્ટ અને ચોક્કસ કારણ તો હું પોતે જ જાણતો નથી; એટલું ચોક્કસ કે જ્યારેજ્યારે મેં વાત કહેવાનો પ્રયત્ન કર્યો ત્યારે મારી જીભ જ ઊપડી નહિ... મારા માટે આ ખૂબ જ વિચિત્ર કહેવાય... એનું કારણ કદાચ એ પણ હોય કે સુનીલભાઇ અત્યંત ઉમદા અને સંસ્કારી વ્યક્તિ હોવાથી એમની પાસે આવી વેરઝેરની વાતો ન કરી શક્યો હોઉં... એનું કારણ કદાચ એ પણ હોય કે સુનીલભાઇએ મને રેસ્ટોરાંમાં એમના સુખી જીવનની, એમના મીઠા સંસારની, એમનાં ઊંચાં સ્વપ્નોની વાતો કરી. ને એ પણ કહ્યું કે તમે તમારા ઘરમાં એક નવી વ્યક્તિની અપેક્ષા રાખો છો, એટલે મને થયું હોય કે એ નાનકડા નિર્દોષ બાળકને શા માટે મારા ધિક્કારનો ભોગ બનાવવું?... એનું કારણ કદાચ એ પણ હોય કે તમારી આંખોમાં એક એવો ભાવ છે કે જેણે મને તમારી પ્રત્યે કઠોર બનતાં અટકાવ્યો હોય. શ્રીનાથ મને તમારા વિષે ઘણીવાર કહેતો કે 'there was a depth of a temple in her eyes'. એ વખતે તો હું કશું જ સમજતો નહિ, પણ એ શાની વાત કરતો હતો એ અત્યારે અનુભવી શકું છું... અને કદાચ એ પણ કારણ હોય કે મેં મને પોતાને જેટલો દુષ્ટ માન્યો હતો એટલો ન પણ હોઉં, અહીં આવ્યો તે પહેલાં મેં તમને એકલાંને જ લક્ષમાં રાખ્યાં હતાં; અહીં આવ્યા પછી લાગે છે કે તમને આ ઘર ને એના વાતાવરણથી છૂટાં પાડવાં અત્યંત મુશ્કેલ છે. આ ઘરમાં બીજાં ઘણાં તત્ત્વો છે જેની હું અવગણના ન કરી શક્યો. પરિણામે હું જે કરવા આવ્યો હતો, એ હું કરી ન શક્યો... અત્યારે મને એ પણ યાદ આવે છે કે તમે પણ એમ જ કહ્યું હતું કે શ્રીનાથ અને સુનીલભાઈ પાસે તમારી જીભ ઊપડી નહોતી. હું માનું છું કે એ સાચું હોય.

જ : તમને મેં જે કાંઇ કહ્યું એમાં વિશ્વાસ બેસે કે નહિ, છતાં ય એ બધું તમે શ્રીનાથને કહેજો, ને કહેજો કે હું જે દુ:ખનું કારણ બની છું એ બદલ મને માફ કરે. આપણે—

શ્રી : એ તો હજુ ય એક જ આશા પર જીવે છે કે ક્યારેક તો તમારો પત્ર આવશે. કેટલી કરુણ ઘટના છે!

જ : રશ્મિભાઈ શ્રીનાથને ઓળખે છે? તે આ બધું જાણે છે?

શ્રી : રશ્મિભાઈ મને જ શ્રીનાથ તરીકે ઓળખે છે. અસલ શ્રીનાથને તો એમણે જોયો યે નથી, તો પછી એના વિષે જાણે ક્યાંથી?

જ : પરંતુ હવે તમે જાઓ છો ત્યારે તો તમારું સાચુ નામ મને કહો.

શ્રી : એનું મહત્ત્વ છે? શ્રીનાથનું નકલી સ્વરૂપ લઇને હું આ ઘરમાં આવ્યો હતો અને હવે એ અંચળો કાઢીને જાઉં છું. એટલે હું તો કશું જ રહેતો નથી, સાવ ખાલી, શૂન્ય. આપણા નામનું ત્યારે જ મહત્ત્વ છે કે જ્યારે આપણે કંઇક કરીએ—સારું કે ખરાબ.

જ : તમને નથી લાગતું કે સારા કે નરસા જેવી કોઈ વસ્તુ જ નથી પરંતુ આપણી પોતાની જ ભાવના છે? અમુક પરિસ્થિતિ કે હકીકતો પ્રત્યે આપણી લાગણીનું સ્વરૂપ કાં તો અનુકૂળ હોય કે પ્રતિકૂળ.

શ્રી : આ રીતે તો આપણે દરેક વસ્તુને—

(અનુસંધાન પૃ ૨૮૯ મે)

**આપણા આંગણાના જ અવશેષો ઉપર પુરાતત્ત્વના પ્રાથમિક પાઠ પઢાવતી જે રસભરી લેખમાળા 'ભૂતકાળની શોધમાં' આજથી પચ્ચીસ વર્ષ પર આવતી હતી તેનું રસમય તારણ :**




"પાએક કલાક વિસામો ખાઈ હું ઊભો થયો ને પેટ-પૂજાની આશાએ લોટેશ્વર ભણી મીટ માંડી, ફરી બેચરાજીના રણનો પંથ કાપવા લાગ્યો. હવે મારી આડખેપડખે દૂર રણને બંને કાંઠે ઊભેલાં ગામડાં દેખાવા લાગ્યાં હતાં. વળી, સામે આવી રહેલા મુંજપરની મસ્જિદોના મિનારા અને તેનાથી બે'ક માઇલ દૂર આવેલા લોટેશ્વરનો ગઢ પણ નજીક સરકતાં આવતાં હતાં. નજર સામે દેખાતાં ગામોના સમૂહમાં દૂરથી જ જોઇને પ્રત્યેક ગામની પુરાતનતા માપવામાં મારું મન પરોવાઈ ગયું. લોટેશ્વરના પાદરમાં પ્રવેશ કર્યો તેટલી વારમાં તો સમી, કુકરાણા, રવદ, વાગોસણ, કાડી, તારવડું, નાયકા વગેરે બધાં ગામોની પ્રાચીનતાનો મેં અંદાજ કાઢી લીધો.

'તમે કોઇ ડુંગર વગરના, સપાટ તથા જેની માટીમાં પથરા ન હોય એવા (જેમાં કુદરતી ટેકરીઓ ન હોય તેવા) પ્રદેશમાં સફર કરતા હો તો તેમાં દૂરથી જોતાં જે ગામના ટેકરા જેટલા વધુ ઊંચા દેખાય તે ગામ, તે વિસ્તારમાં સૌથી નીચી સપાટીવાળાં ગામ કરતાં, પ્રમાણમાં તેટલાં વધુ પ્રાચીન હોય છે. ટૂંકામાં જેમ ટેકરા ઊંચા તેમ ગામોની પ્રાચીનતા વધારે.' ક્ષેત્ર પુરાતત્ત્વનો આ એક મુખ્ય સિદ્ધાંત છે. આશરે ચાર વાગ્યે લોટેશ્વર આવ્યું. પાદરમાં પેસતાં જ પાળિયા અને દહેરીઓનાં જૂથનાં જૂથ દેખાયાં. જૂનામાં જૂનો પાળિયો સંવત ૧૭૯૨નો હતો. નજીકમાં જ એક કૂવો હતો ત્યાં જઈ પાણી પીધું. તેના સ્વાદ ઉપરથી લોટેશ્વરનું ભૂસ્તર પરખાઈ આવતું હતું. મને લાગ્યું કે તેનાં પડોમાં દરિયાઈ ક્ષાર ભરેલા હોવા જોઇએ અને પુરાતન કાળમાં જરૂર આ ધરતી ઉપર સાગર ઘૂઘવતો હશે. ખારા રણની ઉપસ્થિતિના સૂચનને આ વધુ ટેકો મળ્યો.

અનેક ઉકરડા વટાવી હું ગામમાં પેઠો. માંડ સાઠ પોણોસો ખોરડાંનું ગામ હશે. લોટેશ્વરનું મંદિર તથા બીજી બધી ધાર્મિક ઈમારતો ગઢમાં જ હતી. હજારેક માણસને ઉતારો આપી શકાય એટલી બધી ઓરડીઓ મંદિરના અતિથિગૃહમાં હતી. મજૂરને ગાઉ દીઢ આના લેખે મજૂરી ચૂકવી વિદાય કર્યો અને ઓરડીના એક ખૂણામાં થાક્યોપાક્યો પડ્યો. ક્ષિતિજને ગોખલે આવી બેઠેલી સંધ્યા સોનેરી રંગ રેલવા લાગી ગોવાળિયા ઢોર લઇને પાછા વળતા દેખાયા. થોડીક ઊંઘે મારામાં નવું ચેતન રેડ્યું હતું. ઊઠીને હું બહાર મંદિરની સામેના કુંડ ઉપર આવ્યો. કોઈ કુશળ શિલ્પીએ ભારે કળા વાપરી આ કુંડની રચના કરી છે. આટઆટલું ફર્યો છું, પણ એવો કળાભર્યો કુંડ જોયો નથી. બીજા કશા માટે નહિ તો તેની કારીગરી જોવા પણ કળાવિદોએ આ સ્થળ અવશ્ય જોવું જોઇએ. ત્યાં એક ઠેકાણે ચતુર્ભુજ વિષ્ણુની પૂર્ણ માનવકદની આરસની એક અખંડ પ્રતિમા ક્યાંકથી લાવીને ઊભી કરી દીધેલી જણાઈ. કોઈ પણ મ્યૂઝિયમની પ્રતિષ્ઠા વધારે તેવી તેની કારીગરી હતી. એવી તો કેટલી યે પ્રતિમાઓ વઢિયારની ભૂમિમાં રગદોળાતી મેં જોઈ છે.

લોટેશ્વર એ વઢિયારનાં મુખ્ય તીર્થોમાંનું એક ગણાય છે. ખરું નામ લોહેશ્વર છે. પૂર્વ કાળે ધર્મારણ્ય (વઢિયાર અને પાટણવાડો આ બંને પ્રદેશો પુરાતન કાળમાં ધર્મારણ્ય કહેવાતા)માં લોહાસુર નામનો દૈત્ય રહેતો હતો. તે આ વનમાં તપસ્યા કરતા ઋષિઓ ઉપર ઘણો ત્રાસ વર્તાવતો, એટલે મહાદેવે તેનો નાશ કર્યો અને એથી તેઓ લોહેશ્વર કહેવાયા અને આ સ્થળે સ્થાપિત થયા. સ્કન્દ પુરાણાન્તર્ગત ધર્મારણ્ય ખંડમાં આ તીર્થની વિગત મળે છે. લોહાસુરનું આખ્યાન ભસ્માસૂરના ખૂબ જાણીતા આખ્યાન સાથે મળતું આવે છે. સરસ્વતીપુરાણ એટલું તો અવશ્ય જણાવે છે કે વઢિયારના વિસ્તારમાં 'લોટી'ના નામથી ઓળખાતું આ સ્થળ આજથી આઠસો વર્ષ પૂર્વે સિદ્ધરાજના સમયમાં તીર્થ તરીકે સારું મહત્ત્વ ધરાવતું હતું.

કુંડને મૂકી હું મંદિરને ફરતા વિશાળ અને મજબૂત ગઢની રાંગેરાંગે ચાલવા લાગ્યો. પૂર્વ દિશાએ આવતાં એક પાળિયો જોયો. તેના ઉપર વિક્રમ સંવત ૧૬૯૯નું વર્ષ વંચાતું હતું. આ સ્થળની નજીક બીજા પણ પાળિયા હતા. એ બધામાં જૂનામાં જૂના પાળિયા ઉપર સં. ૧૬૯૭નું વર્ષ લખેલું હતું. ગઢની પ્રદક્ષિણા પૂરી કરી હવે હું લોટેશ્વરમાં જે વોંકળો આવેલો છે તેને કાંઠેકાંઠે કદાચ કોઈ પ્રાચીન સ્થળ કે વસ્તુ મળી આવે એ હેતુથી ચાલવા લાગ્યો. મારે એ પણ તપાસવું હતું કે સરસ્વતીપુરાણમાં જણાવ્યા પ્રમાણે લોટેશ્વર ખરેખર સરસ્વતી નદીને કાંઠે હતું કે કેમ. ખૂબ ચીવટપૂર્વક અવલોકન કરતોકરતો હું વોંકળાને કાંઠેકાંઠે ગામથી દોઢેક માઈલ દૂર પહોંચી ગયો અને અંતે મારા નિરીક્ષણ ઉપરથી હું એ નિર્ણય ઉપર આવ્યો કે સરસ્વતીનો પ્રવાહ કદી લોટેશ્વરને સ્પર્શીને વહ્યો નથી. અતિ પ્રાચીન કાળમાં તો લોટેશ્વર તથા હારીજ–ત્રાંઘેલ–દેલમાળ વિસ્તાર કે જેમાં થઈ સરસ્વતી વહે છે તેની વચ્ચે બેચરાજી સુધી જતી એક સાગરપટ્ટી આવેલી હતી. એટલે દેખીતીરીતે સરસ્વતી તેને વટાવીને લોટેશ્વર આવી શકે તેમ નહોતું. તે પછીના કા-




લોટેશ્વરના કુંડનો નકશો. આટઆટલું ફર્યો છું પણ આવો કળાભર્યો કુંડ જવલ્લે જ જોયો છે. વચ્ચે કુંડ છે. ત્રણ બાજુ નાની દહેરીઓ છે. નીચેથી મુખ્ય મંદિરમાંથી કુંડ તરફ જવાનો દ્વારમંડપ છે. ઉપર નાના વોંકળા જેવી નદી વહે છે, જેનાં પાણી બંને પડખાંનાં પગથિયાં સુધી પણ ઘણી વાર આવે છે.




જામાં એને પુરાણો ત્રિલ્લાણથી શ્રીસ્થલ (સિદ્ધપુર) તીર્થ તરફ વહેતી વર્ણવે છે. આ ત્રિલ્લાણ હાલ ઝીલાણંદ કહેવાય છે. ઝિંઝુવાડાની સામે કચ્છના રણમાં આવેલો એ એક બેટ છે. ત્યાં જે સ્થળે સરસ્વતી વહેતી તે હજી પણ દેખાય છે. આ વસ્તુ તથા જમીનના ઊંચાણ-નીચાણનો વિચારકરતાં મને એ શક્ય જણાયું નહિ કે કદી યે સરસ્વતીનો પ્રવાહ આટલો આઘો આવ્યો હોય. હાલ લોટેશ્વરની વાયવ્યે હારીજની પેલી બાજુ બાર માઈલ દૂર સરસ્વતીનો પ્રવાહ વહે છે અને ત્રિલ્લાણ તીર્થને બદલે તેની બાર માઇલ ઉત્તરે કચ્છના રણને કાંઠે આવેલ કુંવર ગામ કે જેને પુરાણોમાં 'કોલ્લાદેવી' કહ્યુ છે ત્યાં રણને મળી જાય છે.

અંધારું થયે હું મંદિરમાં આવ્યો અને મહંત પાસેથી લોટેશ્વર વિષે માહિતી મેળવવા માંડી. તેમણે જે કંઈ જણાવ્યું તેનો સાર એ હતો કે આ સ્થળ પિંડદાન માટે આખા વઢિયારમાં મોટું તીર્થ ગણાય છે. ફાગણ વદ દશમથી તે અમાસ સુધી અને ભાદરવા વદ દશમથી તે અમાસ સુધી એમ વર્ષમાં બેવાર અહીં મોટી જાત્રા ભરાય છે. પિંડદાન ઉપરાંત અહીં ભૂતપ્રેત વગેરેનો ઉદ્ધાર થાય છે, એટલે આખા ઉત્તરગુજરાતમાંથી તાંત્રિકો અને ભૂવાઓ આવી અહીં એકઠા થાય છે અને લોકોના ભૂતપ્રેતના વળગાડનું નિવારણ કરે છે. મંદિરનો ગઢ હનુમાનગઢી તથા કુંડમાંનો મુખ્ય કૂવો ગગકૂપ કે ગંગવો કહેવાય છે.''



ટિકિટસંગ્રહ : ઈઝરાએલની ટિકિટો પર વિવિધ માછલીઓ. મૂળ બહુરંગી ટિકિટોની અસલ સુંદરતા તો આ એક રંગી છાપમાં નથી જણાતી છતાં એની આકર્ષકતાનો ખયાલ આપી શકે તેમ છે. ટપાલ-ટિકિટોમાં રંગ, આલેખન, આકાર ને ચિત્રવિષયના વૈવિધ્યમાં ઈઝરાએલ કદાચ ઘણો આગળ આવી ગએલ દેશ છે. (પ્રેષક : કિરણચંદ્ર જોષી, અમદાવાદ)

અનુસંધાન] પ્રતિશોધ [પૃ. ૨૮૭થી

(સુનીલ અંદરથી બહાર આવે છે અને એના અવાજથી શ્રીનાથ બોલતો અટકી જાય છે.)

સુ : અરે જયુ, હજુ સુધી તું જમી નથી? ચલ, જલ્દી જમી લે અને તૈયાર થઇ જા. આપણે શ્રીનાથભાઇને સ્ટેશન પર મૂકી આવીએ.

શ્રી : સુનીલભાઈ, તમને એક વાત નિખાલસપણે કહી દઉં : જુઓ, આમે ય ખૂબ મોડું થઈ ગયું છે. ટ્રેઈનનો સમય થવા આવ્યો છે અને મને કોઈ સ્ટેશને મૂકવા આવે એવું હું બિલકુલ ઇચ્છતો નથી.

જ : મને બહુ વાર નહિ લાગે.

શ્રી : ના ના, મારું કહ્યુ માનો. હું વિવેક નથી કરતો, સાચા હૃદયથી જ કહું છું. તમારે સ્ટેશને આવવાની બિલકુલ જરૂર નથી.

સુ : સારું જયુ, ત્યારે હું એકલો જઈ આવું.

શ્રી : અરે, હું તો તમને પણ ના પાડું છું. તમે હવે આરામ કરો. જયશ્રીબેન સવારનાં એકલાં જ છે. સ્ટેશન પર વાતો કરવાનો આપણને ભાગ્યે જ સમય મળશે. તો મને હવે જવાની રજા આપો.

સુ : તમે તો ભારે વિચિત્ર વાત કરો છો!

શ્રી : હું ખરું જ કહું છું. તમે બંનેએ મને ખૂબ સારી રીતે રાખ્યો છે—તદ્દન અજાણ્યો હોવા છતાં ય. હવે તમને વધુ તકલીફ આપવા નથી માગતો, હું મારી મેળે ચાલ્યો જઈશ. તમે ઘેર જ રહો. જયશ્રીબેન, મારી સૂટ-કેસ ક્યાં મૂકી છે? (જયશ્રી અંદર જાય છે.)

સુ : શ્રીનાથભાઈ, અનુકૂળતાએ હવે બીજી વાર આવશો અને પત્ર પણ લખશો. અમે તમારા પત્રની રાહ જોઇશું.

શ્રી : કોણ જાણે, પણ પત્ર ન લખવાની મારામાં મોટી કુટેવ છે.

સુ : એમ કેમ ચાલે? જરૂર લખશો. રશ્મિભાઈને મારી યાદ આપજો અને કહેજો કે થોડાક જ સમયમાં હું એમને પત્ર લખીશ. (જયશ્રી સૂટ-કેસ લાવીને શ્રીનાથને આપે છે.)

શ્રી : સુનીલભાઇ, તમારા પ્રસન્ન મધુર દાંપત્યની સ્મૃતિઓ લઇને જાઉં છું. ફરી એક વખત મારી આનંદની અને આભારની લાગણી વ્યક્ત કરું છું—આવજો.

જ : આવજો.

સુ : (બારણા સુધી સાથે જઈ હેતપૂર્વક હાથ મિલાવી) આવજો શ્રીનાથભાઈ.

[શ્રીનાથ જાય છે. સુનીલ બારણું બંધ કરે છે. જયશ્રી મોટી લાઈટ બંધ કરી ટેબલ-લૅમ્પ પેટાવે છે અને આછું મૂરું અજવાળું થોડે સુધી પથરાય છે. અંધારાં-અજવાળાંમાં જયશ્રી ખુરશી પર બેસી જાય છે અને સુનીલ એને મુગ્ધભાવે જોઈ રહે છે.]



આંગણે આવી મેઘરાજાની ધમક ધૂઘરવેલ.
માવા જેવી માટી ફૂણી, ધરતી આખી થઈ સલૂણી,
આભથી વરસે રસની ધારા કરતી રેલમછેલ—
રગેરગ રસની રેલમછેલ : આંગણે૦
નદીઉનાં કૈં નીર ડોળાયાં, દશ-દિશાનાં ચીર ચોળાયાં,
દરિયાનો અસવાર દુલારો, કોઈ નથી ટંડેલ—
અડીખમ કોઈ નથી ટંડેલ : આંગણે૦

## બહુમુખી પ્રતિભાવંત પ્રકાંડ પંડિત સ્વ. દામોદર ધર્માનંદ કોસમ્બી

દૈનિક છાપાંઓએ એની ખાસ નોંધ લીધી નથી, કે ઑલ ઇંડિયા રેડિયોએ એની જાહેરાત કરવા જેટલું પણ એને મહત્ત્વ નથી આપ્યું; એટલે બહુ ઓછા જાણતા હશે કે ગયા જૂનની ૨૯મી તારીખે પૂનામાં જેમનું અવસાન થયું એ દામોદર ધર્માનન્દ કોસમ્બીના જવાથી આપણે એક કેવી બહુમુખી પ્રતિભા ગુમાવી છે.

બૌદ્ધ ધર્મના ઊંડા અભ્યાસી અને સંશોધક ધર્માનંદ કોસમ્બીના તેઓ એકના એક પુત્ર. ૧૯૦૭ની ૩૧મી જુલાઈએ એમનો જન્મ. નાનપણમાં જ્યારે એ 'બાબા'ના નામે ઓળખાતા ત્યારે—અગિયાર વર્ષની વયે તો એ અભ્યાસ માટે અમેરિકા ગયા. ત્યાં કૅમ્બ્રિજ લૅટિન સ્કૂલ અને પછી હાર્વર્ડ યુનિવર્સિટીમાં શિક્ષણ લીધું. ગણિતશાસ્ત્ર એ એમનો પ્રિય વિષય હોઈ એનો અઘરો ને લાંબો ચાર વર્ષનો અભ્યાસક્રમ એમણે બે વર્ષમાં પૂરો કરી નાખ્યો. બાકીનાં બે વર્ષ બીજા વિષયોનું જ્ઞાન મેળવ્યું અને ૧૯૨૯માં તેઓ સ્વદેશ આવ્યા. અમેરિકાના એમના અભ્યાસકાળની એમની કેટલીક વાતો આજથી ૪૨ વર્ષ પહેલાં 'કુમાર'ના છેક બીજા વર્ષમાં (સળંગ ૧૯મા અંકમાં) પ્રકટ થઈ હતી. (જુઓ ત્યારની છબિ.)


હિંદ આવી પ્રથમ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં, પછી અલીગઢ યુનિ.માં ને ત્યાર બાદ પૂનાની ફર્ગ્યુસન કૉલેજમાં પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૪૬ સુધી આમ અધ્યાપનકાર્ય કર્યા પછી 'તાતા ઈન્સ્ટિટ્યૂટ ઑવ ફન્ડામેન્ટલ રીસર્ચ'માં અંકશાસ્ત્રના વડા તરીકે ગયા. હાર્વર્ડ યુનિવર્સિટીમાં વિઝિટિંગ પ્રોફેસર તરીકે એમણે ગણિત અને અંકશાસ્ત્રના ક્ષેત્રમાં જે વિશિષ્ટ કાર્ય કર્યું હતું એ પર વ્યાખ્યાનો આપ્યાં હતાં. બ્રિટિશ કાઉન્સિલના ખાસ આમંત્રણથી એમણે ઇંગ્લંડ જઈ એક તદ્દન નવા જ વિષય—'પ્રાગૈતિહાસિક સંપ્રદાયો' પર ભાષણો આપેલાં, જેમાં જાતે એકઠી કરેલી માહિતીઓ ઉપરથી નવા જ નિષ્કર્ષો તારવી આપીને ઈતિહાસલેખનમાં એમણે એક નવું જ ખેડાણ કર્યું હતું.



(બ્લૉક : ગુજરાત સમાચારના સૌજન્યથી)

આ જ એમના વ્યક્તિત્વની વિશિષ્ટતા હતી. ગણિત તો એમનો પ્રિય વિષય હતો જ, અને એમાં ખાસ કરીને અંકશાસ્ત્રમાં એમણે ઘણી નવી દેણગી પણ કરી હતી, વળી એ અંગે પરદેશમાં એમની સારી પ્રતિષ્ઠા પણ હતી જ; પરંતુ ગણિતશાસ્ત્ર ઉપરાંત અન્ય અનેક ક્ષેત્રોમાં પણ એમની કુશાગ્ર બુદ્ધિ ચમકારા બતાવતી રહી હતી: (૧) 'કોસામ્બીઝ થીઅરમ' નામે ઉત્પત્તિશાસ્ત્ર (genetics) વિષયક એમનો એક સિદ્ધાંત જાણીતો છે; (૨) લગભગ ૪૦૦ જેટલી હસ્તપ્રતોનો અભ્યાસ કરી ભર્તૃહરિના ત્રણે શતકોનું પ્રામાણિત

## તારા-પરિચય-૮




કિરીટના કોહીનૂર અને શૌરિના તારાઓને ઓળખ્યા પછી તેની નીચે દક્ષિણ તરફ વિશાળ પટમાં સર્પ ને સર્પધરના ઝાંખા તારાઓ પથરાએલા દેખાશે. ઉપરના નકશાના આધારે એમને ઓળખવા સરળ પડશે. સર્પ (Serpens)ને પકડીને ઊભેલા સર્પધર (Ophiuchus)—ગારુડીની આકૃતિ આ તારામંડળના આકારમાં કલ્પવામાં આવે છે. આ સર્પની પૂછડી છેક આકાશગંગામાં પહોંચી છે.

આ સર્પપુચ્છની બાજુમાં આકાશગંગાના પૂર્વ કિનારે એક તેજસ્વી તારા સાથે ત્રણ તારાની હાર દેખાય છે. (મૃગના પેટમાં જેવું બાણ દેખાય છે તેવી.) એ ચળકતો તારો તે શ્રવણ (Altair). બાજુના બે તારા રૂપી માતાપિતાને કાવડમાં બેસારી એ આકાશગંગાને કિનારે આવ્યો છે. (નદીકિનારે શ્રવણને દશરથે અંધારામાં ભૂલથી બાણ મારેલું એ વાત તો જાણતા હશો. દશરથનું એક નામ અભિજિત હતું. આકાશમાં અભિજિતને તો હવે ઓળખો છો.) આ ત્રણે તારા મળી શ્રવણ નક્ષત્ર કહેવાય છે. શ્રવણ આપણાથી ૧૬ પ્રકાશવર્ષ દૂર છે અને સૂર્ય કરતાં એ દસ ગણો તેજસ્વી તારો છે. શ્રવણ નક્ષત્રના તારાઓ સાથે બીજા તારાઓ ઉમેરી ઉપરના નકશા પ્રમાણે જે મંડળ રચાય છે તે ગરુડ (Aquila) તરીકે ઓળખાય છે.

હવે જરા દક્ષિણ તરફ જુઓ. ત્યાં આકાશગંગાના તેજસ્વી પટ પર એક વિશાળ તારામંડળ છે. નકશાના આધારે એના તારાઓ ઓળખીને જોશો તો જણાશે કે એ મંડળનો આકાર વીંછી જેવો છે. એ વૃશ્ચિક (Scorpius) રાશિના તારાઓ છે. એના પેટમાં ચળકતા લાલ તારાનું નામ છે પારિજાત (Antares). આજુબાજુના બે તારા મળી એ ત્રણ તારા જ્યેષ્ઠા નક્ષત્ર તરીકે ઓળખાય છે.



'બાબા' અમેરિકાથી ભણીને આવ્યા ત્યારે

સંસ્કરણ અને (૩) ચાણક્યના 'અર્થશાસ્ત્ર'નો મૂળ પાઠ પણ એમણે સંશોધીને પ્રકટ કર્યો હતો; (૪) આર્યોનું ભારતમાં આગમન, મોંહે જો-દડોની સંસ્કૃતિ સાથે એમનો સંઘર્ષ, (૫) આર્ય સંસ્કૃતિનાં પ્રસરણ ને વિકાસ તથા એમાં પાષાણયુગનું પ્રદાન, (૬) આપણી સંસ્કૃતિના ઉત્થાન ને વિકાસમાં નાગજાતિનું મહત્ત્વ તેમજ શ્રી કૃષ્ણનું સ્થાન વગેરે અનેક વિષયો પર એમણે લખ્યું છે—અને એ સર્વ તદ્દન નવા જ દૃષ્ટિકોણથી! એમાં આપણી ઘણી રૂઢિગત માન્યતાઓ ઉપર કરેલાં એમનાં આગવાં વિધાનો કદાચ આપણને ન પણ ગમે; પરંતુ એમના તર્કોનું ખંડન પણ સરળ તો નથી જ. નિર્ભીક વિચારસ્વાતંત્ર્ય એ એમની એક ખાસિયત હતી. આથી એ ઘણી વાર અળખામણા ને અપ્રિય પણ થઈ પડતા. પણ એનું એમને દુઃખ નહોતું. રંજ તો એમને એ વાતનો હતો, કે પોતાનાં લખાણોને વાંચવા-વિચારવાની પણ પોતાના જ દેશમાં બહુ તમા નહોતી. અને આ રંજને પણ તેઓ પોતાના આનંદી સ્વભાવ વડે ઢાંકી દેતા.

પિતાની માફક સંસ્કૃત, પાલી, અર્ધમાગધી વગેરે ભારતીય ભાષાઓ ઉપરાંત ઈટાલિયન, જર્મન, ફ્રેંચ તથા લૅટિન વગેરે ભાષાઓના પણ તે સારા જ્ઞાતા હતા. દર્શનશાસ્ત્રમાં યે એમની વેધક દૃષ્ટિ ખૂંપી શકતી. બૌદ્ધ ધર્મના કેટલાક અગમ્ય લેખો ઉકેલવા એમને છેક ચીન તરફથી આમંત્રણ મળેલું. તિબેટ અને લડાખ પરના ચીની દાવા સામે એમણે એ બંને પ્રદેશો ભારતના જ ભાગ હોવાનું સાબિત કરતા અનેક પુરાવા ચીની રાજકર્તાઓ સામે રજૂ કરેલા. બે વખત તેઓ ચીન ગયા હતા, પાંચ વખત રશિયા; ઉપરાંત પૂર્વ યુરોપનાં કેટલાંક રાજ્યોમાં પણ એમણે વ્યાખ્યાનો આપેલાં.

આમ, ગણિત અને સંખ્યાશાસ્ત્ર, ઇતિહાસ, પુરાતત્ત્વ અને વિદ્વત્તાનાં અન્ય ક્ષેત્રોમાં એમનો વિહાર હોવા છતાં તેઓ રાજકારણમાં પણ એટલો જ રસ લેતા. એમની વિચારસરણી માર્ક્સવાદ તરફ ઢળતી હોવાનું મનાતું, પણ એમણે એ વાદની પણ કડક ટીકાઓ કરી હતી.


૧૯૪૯માં 'યુનેસ્કો'એ એમને વિદ્યુત સંગણક (ઇલેક્ટ્રૉનિક કૉમ્પ્યુટર) પરના કાર્યમાં સાથ આપવા નિમંત્રેલા. એમના કેટલાક ખયાલોને પ્રો. આઈન્સ્ટાઈને પણ વખાણેલા. ઉષ્ણ કટિબંધમાં સૂર્યની ઉર્જા વિષયક એમનો નિબંધ મહત્ત્વપૂર્ણ ગણાય છે. એમનાં ગાણિતિક સંશોધનોની પણ પરદેશોમાં સારી પ્રતિષ્ઠા છે. આવા તો એમણે બસો જેટલા સંશોધન લેખો લખ્યા છે. 'મિથ ઍન્ડ રીઆલિટી', 'ઇન્ટ્રોડક્શન ટુ ધ સ્ટડી ઑવ ધી ઇન્ડિયન હિસ્ટરી', 'કલ્ચર ઍન્ડ સિવિલિઝેશન ઑવ એન્શ્યન્ટ ઇંડિયા' વગેરે એમનાં પુસ્તકો ખૂબ પ્રતિષ્ઠા પામ્યાં છે,—પણ વિદેશમાં. વધુ સ્ફુટ લઈને કહીએ તો પોતાના દેશ કરતાં પરદેશમાં જ એમની પ્રતિભાની કદર થઈ છે.

આવી અસાધારણ ને બહુમુખી પ્રતિભા ધરાવનાર પ્રખર વિદ્વાન ને પ્રકાંડ પંડિતને આપણે કદાચ પૂરા ન પિછાની શક્યા. સ્વભાવે એ આનંદી અને નિખાલસ હતા; એમની વિશ્લેષણશક્તિ અજબ હતી; બુદ્ધિ કુશાગ્ર અને સ્મરણશક્તિ ગજબ હતી. એમની આવી શક્તિઓ ને ક્ષમતાને કારણે તેઓ જે કોઈ ક્ષેત્રમાં પ્રવેશતા તેમાં ઉચ્ચ કોટિના નિષ્ણાત બની જતા અને સંપૂર્ણ આગવું આધિપત્ય પ્રાપ્ત કરી શકતા.

ઈ. ૧૯૪૯માં તેઓ અમેરિકા ગયા ત્યારે અણુબૉંબ પર પ્રતિબંધ મૂકવાની આલ્બર્ટ આઈન્સ્ટાઇન જેવા મહાવિજ્ઞાનીની આગેવાની હેઠળ જે ઝુંબેશ વિજ્ઞાનીઓએ ઉપાડેલી તેમાં એમણે પણ સાથ પુરાવેલો. શાંતિ માટેની એ ઝંખના જ એમને સામ્યવાદી પ્રેરિત 'શાંતિ-પરિષદ'ના ક્ષેત્રમાં ખેંચી ગઈ હશે. પણ વસ્તુતઃ એમને માનવતાવાદી રાજકારણમાં રસ હતો. એમાં માર્ક્સવાદની ગંધ સૂંઘીને એમની ઉપેક્ષા કરી એમની અન્ય પ્રતિભાને વિસારી દેવામાં અન્યાય ગણાશે. પોતાની માન્યતાઓ માટે એમને પણ ઘણું સહન કરવું પડ્યું હતું છતાં પોતાની બૌદ્ધિક પ્રામાણિકતાને છોડી નહોતી.

છેલ્લેછેલ્લે સંધિવાને કારણે નાદુરસ્ત બનેલી તબિયત સુધરે ત્યારે પછીનાં વર્ષો ગણિતશાસ્ત્ર અને ઇતિહાસનાં સંશોધનો પાછળ જ ગાળવાની એમની મનીષા હતી. પણ એ બીમારીમાંથી એ ઊઠી જ ન શક્યા અને પૂનામાં એમના નિવાસસ્થાને ઊંઘમાં જ એમનું અવસાન થયું.

## પૂર સામે તોપો




હવાઈ હુમલા કે દુશ્મનના લશ્કર સામે ગોઠવાતી તોપો તો સૌ જાણે છે. પણ પશ્ચિમ જર્મનીના હામ્બર્ગ બંદરે તો ગામને પૂર સામે રક્ષણ આપવા ત્રણ તોતીંગ તોપો ગોઠવાઇ રહી છે. દારૂગોળો ફેંકવાને બદલે એ પાણીનો જથ્થો ફેંકશે. હામ્બર્ગ દરિયાકાંઠાથી ૧૨૦ કીલોમીટર જેટલું દૂર હોવા છતાં ઉત્તર સમુદ્રમાં તોફાની ભરતી ચડતાં અવારનવાર ત્યાં પૂરનો ખતરો ઊભો થાય છે. શહેરને દરિયા સાથે જોડતી એલ્બ નદીનો પટ ઘણો પહોળો છે તેથી ૧૯૬૨માં જ્યારે તોફાને ચઢેલા દરિયાની સપાટી ઊંચી ચડી ત્યારે તોફાન, વરસાદ, ભરતી અને નદીનાં પૂર એ તમામની સંયુક્ત અસરને કારણે ૪૦૦ લોકો મૃત્યુ પામ્યા હતા અને હજારો લોકો ઘરબાર વિનાના થઈ ગયા હતા. એલ્બ નદીમાં પૂરનાં પાણી ચઢતાં શહેરની વચ્ચેથી વહેતી એલ્બની ઉપનદી એલ્સ્ટરમાં પાણી ભરાઈ જાય છે અને શહેરની વચ્ચોવચ જ તળાવ બની જાય છે. આ નવી ગોઠવણ હેઠળ પૂરનાં પાણી ચઢતાં જ બધી ઉપનદીઓનાં એલ્બ નદી સાથેનાં જોડાણોને બંધ કરી દઈ, આ ત્રણે 'તોપો'માં ગોઠવેલા પંપોથી શહેરનું અંદરનું પાણી એલ્બ નદીમાં ફેંકવાની સગવડ કરવામાં આવી છે. આ તોપો દર સેકંડે ૧૨ ઘન મીટર જેટલું પાણી ઉલેચી શકે છે.

## ગુજરાતની મસ્જિદની વિશેષતાઓ

ઇસુની ૧૪મી સદીના પૂર્વાર્ધથી ૧૬મી સદીના ઉત્તરાર્ધના પ્રારંભ સુધીના લગભગ ૨૫૦ વર્ષના ગાળામાં ગુજરાતના મસ્જિદ-સ્થાપત્યે જે વિકાસ સાધ્યો તેમાં સ્થાપત્યની કેટલીક વિશેષતાઓ અનોખી છે. તેમાં, મસ્જિદમાં પ્રકાશ લાવવાની અપૂર્વ યોજના અને ગવાક્ષ ઝરૂખા તથા જાળીઓનું લાલિત્યભર્યું કોતરકામ નોંધપાત્ર છે.

હિંદુ મંદિરના ગર્ભગૃહ કરતાં મસ્જિદની અંદરનો ભાગ વિશાળ અને ઊંડો હોવાથી તેમાં હવાઉજાસ લાવવાની યોજના જરૂરી બને છે.

ગુજરાતના કારીગરો પાસે હિંદુ મંદિરના સ્તંભ અને તે પરના ઉચ્છાલક (નાના કદના સ્તંભો)વાળી 'ગૂઢ મંડપ'ની યોજના હતી. એ ગૂઢ મંડપના મધ્ય ભાગને બેવડા સ્તંભો પર ટેકવી, ઊંચાઇ સાથે હવા અને ઉજાસ લાવવાની રીત આ કારીગરોને સહજ સાધ્ય હતી. એ જ રીત મસ્જિદમાં પ્રાર્થના મંડપના મધ્ય ગોખની સન્મુખે આવેલા લીવાનની રચનામાં તેમણે અજમાવી. પરિણામે, લીવાનના મધ્ય ભાગના સ્તંભો પર બીજા નાના કદના સ્તંભોના એક બે થર ચડાવી, મધ્ય ભાગના લીવાનની ચારે બાજુએથી ઊંચાઇ સાધી, આસપાસની ચોકીઓવાળો ભાગ નીચો રાખી હવા અને પ્રકાશ માટેનો પ્રશ્ન તેમણે હલ કર્યો. (જુઓ આકૃતિ) આથી લીવાનનો વચલો ઘૂમટ બીજા ઘૂમટો કરતાં ઊંચો બન્યો. અગાસીમાંથી હવા અને પ્રકાશ મસ્જિદને મળવા લાગ્યાં.



વળી, ભારત જેવા ગરમ ને સૂકી આબોહવાવાળા દેશમાં મસ્જિદમાં શીતળતા રહે તે માટે એ ઊંચા લીધેલા ઘૂમટની અગાસી તરફની ખુલ્લી બાજુઓને પથ્થરની જાળીઓ વડે આવરી લીધી આ જાળીઓ સૂર્યનાં કિરણોને સીધાં મસ્જિદમાં દાખલ થવા દેતી નહિ. આજની પરિભાષામાં 'સન-બ્રેકર્સ'નું કામ તે આપવા લાગી. બહારનું તેજ જાળીઓમાંથી આવતું તે સાથે મંદમંદ હવા ગળાઇને આવતી. સૂર્યનો તડકો અંદર પ્રવેશતો નહિ પણ બેહું અજવાળું આવ્યા કરતું. પ્રકાશ-હવા માટેની આ આગવી સૂઝ અમદાવાદની ઘણી મસ્જિદોમાં જણાશે. આપણા વિદ્વાન ઇતિહાસજ્ઞ સ્વ. રત્નમણિરાવ જોટેએ લખ્યું છે: 'મસ્જિદોમાં માળની ઉત્પત્તિ બે (હિંદુ અને મુસ્લિમ) સ્થાપત્યોનું ઐક્ય કરી સૌન્દર્યને જાળવી રાખવાના નવા અપૂર્વ પ્રયત્નથી થઈ હશે. એ થયા પછી આસપાસથી બેહું અજવાળું ને મંદ હવા આવે અને સૌન્દર્ય સંપૂર્ણ બને એ ખાતર જાળીઓ, ઝરૂખા વગેરે મૂકી આ રચનાને સંપૂર્ણ બનાવી હશે.' અમદાવાદ અને ચાંપાનેરની જુમ્મા મસ્જિદો આ યોજનાનાં અપૂર્વ ઉદાહરણો છે. —ડૉ. કાન્તિલાલ સોમપુરા



### કોલનવૉટર

મધ્યમ વર્ગમાં મુખ્યત્વે માંદગી પ્રસંગે જ વપરાતું, શીળી સુગંધવાળું આ પ્રવાહી અઢારમી સદીના પ્રારંભમાં સૌપ્રથમ ફારિના નામે એક ઇટાલિયને જર્મનીના 'કોલોન' શહેરમાં બનાવ્યું હતું, તે પરથી તે 'ઑ-દ-કોલોં' Eau-De-Cologne (Eau=પાણી), 'કોલોન શહેરનું પાણી' કહેવાયું. અંગ્રેજીમાં એ 'કોલનવૉટર' કહેવાયું ને આપણે ત્યાં પણ વ્યાપક રીતે એ જ નામ પ્રચલિત થયું છે. આ ખુશબોદાર, પાતળું પ્રવાહી કહેવાયું તો 'પાણી', પણ છે ઉડ્યનશીલ હળવો આલકૉહૉલ, સ્પિરિટ. ધીમે ધીમે અન્ય સ્થળોએ પણ તેનું ઉત્પાદન થવા માંડ્યું ને વખત જતાં એની બનાવટમાં એમાં વપરાતા પદાર્થોમાં ને એની સુગંધમાં પણ ફેરફાર થયા. હવે તો એ બધું નિશ્ચિત ધોરણનું થઈ ગયું છે. એની આ સુગંધ દુનિયાભરમાં 'કોલોન' નામે જ જાણીતી થઈ છે. સેંટની જેમ વાપરવા માટે કંઈક ઘેરી ને પ્રસન્નકર સુગંધવાળું 'ઑ-દ-કોલોન' હવે પ્રવાસદરમ્યાન કે રોજિંદા વ્યવહારમાં સાથે રાખવાનું સગવડભર્યું થઈ પડે તે માટે કંઈક પોચા ઘન સ્વરૂપમાં પણ મળી શકે છે. આ 'ઘન' સ્વરૂપમાં પણ એ ઓળખાય છે તો 'ઑ-દ-કોલોન' (કોલોનના પાણી) ને નામે જ!

(જન્મભૂમિ-પ્રવાસી) —'સુદર્શન'

# આ માસ(ઑગસ્ટ)ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

## વ્યક્તિવિશેષ: ગિડુગુ રામમૂર્તિ પંતુલુ

દક્ષિણ ભારતની એક અગ્રગણ્ય ભાષા તેલુગુનું સ્વરૂપ સદીઓથી એકસરખું જ રહેતું આવ્યું હતું ને હજી યે એમાં વિશેષ ફેર પડ્યો નથી. છતાં એમાં જે કંઇ નવાં ખેડાણ થયાં છે તેમાં ગિડુગુ રામમૂર્તિ પંતુલુનો ફાળો સવિશેષ છે. જીવનભર તેઓ તેલુગુ ભાષાના ઉદ્ધારને માટે ઝૂઝ્યા હતા. તેલુગુના એ સમુદ્ધારક પ્રયત્નશીલ સાહિત્યસેવકનો જન્મ ઇ. ૧૮૬૩ના ઑગસ્ટની ૧૨મી તારીખે દક્ષિણમાં ઇંદુપલ્લી નામક ગામે થયો હતો. મૅટ્રિક સુધી એમણે અભ્યાસ કર્યો ત્યાં પિતાનું અવસાન થયું એટલે એમણે પર્લાકિમિડી મુકામે એક શાળામાં શિક્ષકની નોકરી સ્વીકારી. સાથોસાથ અભ્યાસ પણ જારી રાખ્યો અને બી.એ.માં આખા પ્રાંતમાં બીજા આવ્યા.



એ પછી ઇ. ૧૮૯૮ થી ૧૯૧૧ સુધી તેઓ પર્લાકિમિડીની મહારાજા કૉલેજમાં ઇતિહાસના પ્રોફેસર રહ્યા. પણ એમના જીવનકાર્યનો ખરો આરંભ તો એ નોકરી છોડ્યા પછી થયો. અને છેક અવસાન પર્યંત એમણે તેલુગુ ભાષા અને ઇતિહાસના સંશોધનો પાછળ જ જીવન ખરચી નાખ્યું. એમનું નૈતિક જીવન ઘણું કઠોર હતું. પોતાના આદર્શો ખાતર તેઓ જીવનની કોઈ પણ તકને હોમી દેવાને સદા તૈયાર રહેતા. ભારતના સામાજિક જીવનમાં જે ક્રાન્તિ રામમોહનરાય અને વિદ્યાસાગરે મચાવી હતી એવી જ ક્રાન્તિ એમણે તેલુગુ ભાષાના નવનિર્માણ અર્થે મચાવેલી. તેલુગુ ભાષાના સાહિત્યના તેઓ 'જૉનસન' ગણાતા હતા.

ઈ. ૧૯૩૬ના એપ્રિલની પહેલી તારીખે આંધ્રના ગંજામ, પર્લાકિમિડી અને બહેરામપુર જિલ્લા ઓરિસ્સામાં મેળવી દેવામાં આવ્યા. પંતુલુને એનો ભારે આઘાત લાગ્યો. એમણે એની વિરુદ્ધમાં લોકમત કેળવવા માંડ્યો અને આ ત્રણે જિલ્લાઓ આંધ્રમાં પાછા મેળવવામાં ન આવે ત્યાં સુધી પર્લાકિમિડીમાં પગ નહિ મૂકવાની પ્રતિજ્ઞા લીધી. રાજમહેન્દ્રી ચાલ્યા ગયા ને ત્યાંથી પુરાણા શિલાલેખો સહિત અનેક પુરાવાઓ એકઠા કરી એ જિલ્લાઓ આંધ્રના જ હોવાનો પોતાનો દાવો રજૂ કરવા લાગ્યા.

તેલુગુ ભાષા છેક અગિયારમી-બારમી સદીમાં હતી એવી જ ત્યારે યે રહી હતી. બહુ કૃત્રિમ અને પરિશ્રમસાધ્ય એ ભાષામાં કોઇ પ્રવાહ જોવા મળતો નહિ. માત્ર સંસ્કૃતાભ્યાસીઓ જ સમજી શકે એવું એનું સાહિત્ય સીમિત રહ્યું હતું. પંતુલુએ આ સીમાબદ્ધતા સામે માથું ઊંચક્યું. બોલચાલની સજીવ ભાષાને યથેષ્ટ સ્થાન અપાવવા આંદોલન ચલાવ્યું અને સરકાર તથા વિદ્વાનોના વિરોધ છતાં પોતાના પ્રયત્નને તેઓ ચુસ્તપણે વળગી રહ્યા. પંતુલુ પોતે અનેક ભાષાઓના જ્ઞાતા હતા. પોતાના સમર્થનમાં એવી એવી દલીલો મૂકતા કે એમના ઐતિહાસિક જ્ઞાન સામે વિરોધીને પણ નમવું પડતું. એમનો ત્યાગ જેટલો જબ્બર હતો એટલો જ એમનો સંકલ્પ પ્રબળ હતો.

સાહિત્ય, ઇતિહાસ અને રાજનીતિ ઉપરાંત પુરાતત્ત્વ ને જાતિવિજ્ઞાન (એથ્નોલૉજી)નો એમને ખૂબ શોખ હતો. શિલાલેખો ઉકેલીને એમણે ઇતિહાસના જ્ઞાનમાં ઉમેરો કર્યો. પર્લાકિમિડી નજીકના 'સવર' નામની આદિવાસીઓની ભાષા ને જાતિતત્ત્વનો એમણે અભ્યાસ કર્યો. આ સેવાના ઉપલક્ષમાં સરકારે એમને 'રાવસાહેબ'નો ખિતાબ તથા 'કૈસરે હિંદ' પદકથી સમ્માન્યા હતા.

એમની સિત્તેરમી વર્ષગાંઠે એમના બધા જ ગ્રંથો પ્રકાશિત કરીને આંધ્રે પણ એમને માન આપ્યું. આંધ્ર વિશ્વવિદ્યાલયે એમને 'કલા-પ્રપૂર્ણ' તથા સરકારે 'મહામહોપાધ્યાય'ની ઉપાધિ આપી. ઈ. સ ૧૯૪૧ની ૨૨ જાન્યુઆરીએ એમનું અવસાન થયું.

## દિનવિશેષ

તા. ૫ લાખો માણસોનો ભોગ લેનારું પ્રથમ વિશ્વયુદ્ધ શરૂ થયું, ૧૯૧૪.

તા. ૬ બીજા વિશ્વયુદ્ધમાં અમેરિકાએ પહેલા અણુબૉંબનો હિરોશીમા પર ઉપયોગ કર્યો, ૧૯૪૫.

તા. ૧૦ મ્હૈસૂર, કોલ્હાપુર, તથા દખ્ખણ રાજ્યોનું જૂથ હિંદી સંઘમાં જોડાયું. ૧૯૪૭.

તા. ૧૨ વાર્ષિક ૨૬ લાખ રૂપિયામાં અંગ્રેજોએ બંગાળ, બિહાર ને ઓરિસ્સા મેળવ્યાં, ૧૭૬૫.

તા. ૧૬ ભુલાતા આધ્યાત્મવાદને સજીવન કરનાર રામકૃષ્ણ પરમહંસનું અવસાન, ૧૮૮૬.

તા. ૨૪ વિસુવિયસ જ્વાળામુખી ફાટવાથી પૉમ્પીઆઈ નગરનો મહાવિનાશ, ૭૯.

તા. ૨૮ ગુજરાતના સુધારક વીર કરસનદાસ મૂળજીનું અવસાન, ૧૮૭૧.

તા. ૩૧ બાળશિક્ષણમાં ક્રાંતિ લાવનાર કેળવણીકાર મૅરીઆ મૉન્ટેસરીનો જન્મ, ૧૮૭૭.

## પ્રસંગવિશેષ: ક્રકતાવનો જ્વાળામુખી ફાટ્યો, ૨૭ ઑગસ્ટ, ૧૮૮૩

મહાયુદ્ધોમાં સળગી ઊઠતા દારૂગોળાના ભંડારો કે આજના અણુધડાકાઓ માઇલો દૂર સંભળાયાની નોંધ મળે છે. પણ જાવા-સુમાત્રા વચ્ચે સુન્દાની સામુદ્રધુનીમાં આવેલા ક્રકતાવ ટાપુ પરનો જ્વાળામુખી ફાટવાના ધડાકા જેટલો ભયંકર એકે પણ ધડાકો હજુ સુધી માનવઇતિહાસમાં નોંધાયો નથી. બહુ કાળ પહેલાં અહીં એક મોટો જ્વાળામુખી હશે. જે કોઈ વેળા ફાટી એનું આખું શિખર ઊડી જઇને એના અવશેષરૂપ બેત્રણ ટાપુ જ માત્ર રહેલા. એમાંનો મુખ્ય ટાપુ તે ક્રકતાવ. એના પરનું મુખ્ય શિખર ૨૬૨૩ ફૂટ ઊંચું હતું. ઈ. ૧૬૮૦માં જ્વાળામુખી ફાટતાં એ ઊડી ગયું. એ પછી બસો વર્ષ શાંતિ રહી. ઈ. ૧૮૮૩માં ત્યાં ફરી ધરતીકંપો થવા ને વધવા લાગ્યા અને આખરે ૨૭મી ઑગસ્ટની સવારે જગતે હજી સુધી કદી પણ નહિ સાંભળેલા એવા અતિ ભયાનક ધડાકા સાથે એ અઢાર ચોરસ માઈલના ટાપુના બે તૃતીયાંશ જેટલા ભાગના ફુરચા ઊડી જઇ એની જગ્યાએ હજાર ફૂટ ઉપરાંતનાં ઊંડાં સાગરજળ ફરી વળ્યાં. જ્વાળામુખીનો એ ધડાકો ૩૦૦૦ માઈલ દૂર સુધી સંભળાયો. ૯૪ માઈલ દૂર બટેવિયામાં એ અવાજના ધક્કાથી બારીઓના કાચ ફૂટી ગયા. અવાજનાં મોજાં આટલે લાંબે સુધી પ્રસર્યાનો આ સિવાય બીજો એક પણ દાખલો નથી. વીસ માઈલ જેટલે ઊંચે તો એની વરાળ ને ધૂળરાખ ઊડેલી ને વાતાવરણમાં એ ફેલાતાં ૧૮૦ માઈલ જેટલા ઘેરાવામાં અંધારું વ્યાપી ગયું હતું. જ્વાળામુખી ફાટવાથી સમુદ્રમાં ખળભળાટ મચી પચાસપચાસ ફૂટથી એ ઊંચાં મોજાં ઉત્પન્ન થઈ જે જુવાળ આવ્યો એથી જાવા સુમાત્રાના કાંઠે ઘણે ઊંડે સુધી દરિયાનું પાણી ધસી જઈ ૩૦૦ જેટલાં ગામડાં ધોવાઇ ગયાં ને એમાં ૩૫૦૦૦થી યે વધુ માણસો માર્યા ગયા હતા. ઈ. ૧૯૨૯માં ફરી એક વાર ક્રકતાવ ભભૂકી ઊઠેલો. અને તે પછી યે અવારનવાર એ આગ ઓકતો રહ્યો છે. આજે તો ક્રકતાવના મુખમાં પાણી ભરાઈ સરોવર જેવું બની રહ્યું છે. પણ હજી યે એ શાંત દેખાતું જ્વાળામુખ ક્યારેક થોડોઘણો ધૂંધવાટ બતાવી દે છે.

—દોહરો—

**પેખી ચલગત પારકી, અમથો અંતર બાળ;**
**કરશે તે ફળ પામશે, તું તારું સંભાળ.**

—દલપતરામ—

અંગ્રેજ અમલ દરમ્યાન વડી ધારાસભાની ચૂંટણીમાં એક વાર વિઠ્ઠલભાઈ પટેલ અને ચમનલાલ સેતલવડ હરીફો હતા, ત્યારે કેટલાક કૉંગ્રેસ-કાર્યકરોએ સેતલવડને મત આપવા જતા ઘણા મતદારોને ગેરરીતિઓથી અટકાવેલા. પરિણામે સેતલવડ હાર્યા એ જોઈ એમના હિતેચ્છુઓએ જ્યારે કહ્યું કે આ ચૂંટણી રદ કરાવી શકાય એવા સચોટ પુરાવા અમારી પાસે છે ત્યારે સેતલવડે દૃઢતાથી કહ્યું: 'ના, એમ ન થાય. ગેરરીતિ ભલે થઈ હશે, પણ ચૂંટણી પવિત્ર વસ્તુ છે. એને કોર્ટમાં લઈ જઈ લોકશાહી માટેનું લોકોનું માન ઘટી જાય એ રીતે હું એની સામે લડીશ નહિ.'

કહેવતોના અર્થ: 'ગાંડી માથે બેડું'–કોઇ પણ વસ્તુ કે સ્થિતિના અસ્તિત્વ વિષે શંકા હોય, બલ્કે તેના નાશ વિષે ખાતરી હોય તે દર્શાવવા માટે ઘણું ઉપયુક્ત રૂપક વાપરતી આ કહેવત ધરાવતા મૂળ દોહરાનાં બીજાં ચરણોમાં પણ એવાં જ સચોટ રૂપકો છે:

ગાંડી માથે બેડલું, (ને) મરકટ કોટે હાર,
જુગારી ગાંઠે લક્ષ્મી, (તે) ટકે કેટલી વાર?

બહામા નજીક આટલાંટિક મહાસાગર ત્રીસ જ ફૂટ ઊંડો છે અને તેનું પાણી એટલું સ્વચ્છ છે કે તળિયું દેખાઇ આવે છે!



પૃથ્વી, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ વગેરે ગ્રહોના પરિવાર સાથે આપણો સૂર્ય જે આકાશગંગામાં વિહરે છે તેનો આકાર ઉપરના ચિત્રમાં દર્શાવ્યો તેવો છે. એમાં તીરથી દર્શાવેલા સ્થાને આપણો સૌર પરિવાર છે. અવકાશમાં તો આવી અસંખ્ય આકાશગંગાઓ છે.

**આવક કરતાં ખરચ ઓછું હોય એ માણસ તવંગર છે ને આવક કરતાં ખરચ વધારે તે ગરીબ.**

એકાક્ષરી પણ અનેકાર્થી શબ્દ

**બો**=કઠોળ વગેરેના પાકનાઉતારનોઆંક; ગંધ (ફારસી–બૂ, બો); સ્વભાવ; અભિમાન મમત્વ; નિશાની કે પત્તો; કટકો ટુકડો; પવિત્ર બોધિવૃક્ષ; દોરી; અંગ્રેજી ઉપરથી કેશ બાંધવાની ફીત તથા તેની ગાંઠ; કૉલરમાં ભરાવવાની તૈયાર નૅકટાઇ; કરડિયો.

ગણિતગમ્મત

$(૧ + ૨)^{૨} - (૧^{૨} + ૨^{૨}) = ૨ \times ૨$

$(૨ + ૩)^{૨} - (૨^{૨} + ૩^{૨}) = ૩ \times ૪$

$(૩ + ૪)^{૨} - (૩^{૨} + ૪^{૨}) = ૪ \times ૬$

$(૪ + ૫)^{૨} - (૪^{૨} + ૫^{૨}) = ૫ \times ૮$

$(૫ + ૬)^{૨} - (૫^{૨} + ૬^{૨}) = ૬ \times ૧૦$

$(૬ + ૭)^{૨} - (૬^{૨} + ૭^{૨}) = ૭ \times ૧૨$

$(૭ + ૮)^{૨} - (૭^{૨} + ૮^{૨}) = ૮ \times ૧૪$

$(૮ + ૯)^{૨} - (૮^{૨} + ૯^{૨}) = ૯ \times ૧૬$

$(૯ + ૧૦)^{૨} - (૯^{૨} + ૧૦^{૨}) = ૧૦ + ૧૮$

$(૧૦ + ૧૧)^{૨} - (૧૦^{૨} + ૧૧^{૨}) = ૧૧ \times ૨૦$

અને એમ આગળ (કા. મ. જોષી)





કલાકણિકા: જર્મણી બાજુ કોપનાહાગન (ડેન્માર્ક)ની લ્મી સદીની કેટલીક સુશોભિત છરીઓ; ને ત્યાંની એક લોકકથામાંના, ઑટર પ્રાણીનું ચામડું ભરીને સોનું આપવાના પ્રસંગને લાગતું સુશોભન.








પકડાંએલાં પ્રેમી (સુગીમારા જીહેઈ · ઈ. ૧૬૯૦)

ડાબીબાજુ
કૂવાકાંઠે (ઇસોડા કોરયુસાઈ · ઈ. ૧૭૭૨ લગભગ)
પાણીમાં ચંદ્રનું પ્રતિબિંબ જોતી સ્ત્રી (સુઝુકી હારૂનોબુ · ૧૭૬૮)

**આ** અંકની કલાવાર્તામાં રજૂ થએલા **શ્રી** અભય ખટાઉના જાપાનની કળા વિષેના લખાણની પૂર્તિ રૂપે ચાર વધુ ચિત્રો. જાપાની ચિત્રકળાની પરિપાટીથી અજાણ અને એથી એને પૂરેપૂરી સમજી નહિ શકનારને પણ ગમી જાય એવી એની સાદગી અને મધુર રેખાઓ એમાં જોવા મળે છે. આમાં યે જાપાની ચિત્રકળાના પ્રવાહોમાં ‘ઉકિયો યે’ કાળનાં ચિત્રો મોટે ભાગે કાવ્યની એકાદ સુંદર પંક્તિ જેવાં લાગે છે. ઉકિયો-યેનો અર્થ ‘પ્રસન્ન જીવનનાં ચિત્રો’ એમ કહી શકાય. રોજિંદા જીવનની કોઈ મધુર ક્ષણને ચિત્રકાર એમાં ઝડપી લે છે. આ ચિત્રો એનો થોડો ખયાલ આપી રહેશે. અહીં સાથે કૌંસમાં ચિત્રકારનું નામ અને એ આલેખાયાની સાલ આપી છે.

આઝુમા અને યોગોરાઓ જાપાનનું એક વિખ્યાત પ્રેમીયુગલ.
(કાકોના નામે હોકુસાઇએ કરેલું ચિત્ર · ઈ. ૧૭૯૮)

